सूरिरामनी
वाणी :
ज्ञानरत्नोनी
खाणी
प्रत-उज्जी
•
तीर्थ-
यात्रानो
वास्तविक
हेतु

।। णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

✽ पदार्थ दर्शन ग्रंथमाळा प्रकाशन नं-२६ ✽

## सूरिरामनी वाणी : ज्ञानरत्नोनी खाणी

प्रत-उज्जी

# तीर्थयात्रानो वास्तविक हेत

भाग-२

संपादक

प.पू. आचार्य वि. नरवाहनसूरि म.

प्रकाशक

पदार्थ-दर्शन ट्रस्ट ❖ आश्रमरोड - अमदावाद.

સૂરિરામની
વાણી :
જ્ઞાનરત્નોની
ખાણી
પ્રત-૩જી

●

**તીર્થ-**
**યાત્રાનો**
**વાસ્તવિક**
**હેતુ**


પુસ્તક-૨૬ મું
સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી
પ્રત-૩જી : **તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ**
**ભાગ-૨**

✩

વીર સંવત-૨૫૨૪ ❋ સને ૧૯૯૭

✩

સંવત-૨૦૫૪ ❋ મૌન એકાદશી

✩



**સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન**



✩

ટાઈપ સેટીંગ : **કોમલ ગ્રાફીક્સ**
૩૦૧, બીઝનેસ સૈન્ટર, રીલીફ રોડ, અમદાવાદ.
ફોન : ૫૫૦૮૧૧૪

✩

મુદ્રક : **વેલનોન પ્રિન્ટર્સ**
તાવડીપુરા, દુધેશ્વર, અમદાવાદ.
ફોન નં.-૫૬૨૩૧૦૪


## સંપાદક

કર્મ સાહિત્ય નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક, પરમ તારક, સૂરિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાના પરમ વિનેય શિષ્યરત્ન કર્મ સાહિત્યજ્ઞાતા પરમપૂજ્ય આચાર્ય વિ. નરવાહનસૂરિશ્વરજી મહારાજ સાહેબ.

# પ્રકાશકીય



**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

તીર્થસ્થાનની વાત જ્યારે વિચારીએ છીએ ત્યારે અચૂક પેલી કડવી તુંબડી યાદ આવે છે. અનેક તીર્થસ્થાનોમાં સ્નાન કરીને આવી હોવા છતાં તેની કડવાશમાં લેશ માત્ર પણ ફરક પડયો નહિ ત્યારે સહેજે એમ કહેવાનું મન થાય છે કે 'જો જો આપણી તીર્થયાત્રામાં પણ આવું જ કાંઈ બનતું નથીને ?' દર બેસતે મહિને - દર પૂનમે - વદ દશમે કે નિશ્ચિત કરેલી તીથીએ સેંકડોની સંખ્યામાં અને કયારેક તો હજારોની સંખ્યામાં ભાવિક ભકતો ઉમટી પડે છે. અનેક લકઝરી બસો અને બીજા વાહનો દ્વારા સવારથી ઉભરાવો શરૂ થયેલો માનવ મહેરામણ સંધ્યા ઢળતાં સુધીમાં તો વિખરાઈ જાય છે. ત્યારે એમ થાય છે કે 'લે દેવ ચોખા ને કર મારો છૂટકો' આ કહેવતને ચરિતાર્થ કરવા જેવી આ યાત્રાથી આપણે કયો લાભ મેળવવાની આશા રાખીએ છીએ ?

મહાજ્ઞાની-મહાપુરૂષોએ ધર્મ-અધર્મની વાતોને ખૂબ વિસ્તારપૂર્વક શાસ્ત્રોમાં વર્ણવી છે. અને આપણે અનેક સાધુ ભગવંતો પાસેથી આ વાતો સાંભળી પણ હશે. તો તેને નજર સમક્ષ રાખીને આપણી તીર્થયાત્રાનો વિચાર કરવામાં આવે તો આપણને સમજાઈ જશે કે આપણી યાત્રા અર્થ-કામની પૂર્તિ માટે જ છે. ફકત કહેવા માટે જ કહીએ છીએ કે અમે ધર્મ કરવા માટે તીર્થયાત્રાએ જઈએ છીએ.

સૂરિરામની
વાણી :
જ્ઞાનરત્નોની
ખાણી
પ્રત-૩જી

●

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

કલિકાળ કલ્પતરૂ - વ્યાખ્યાન વાચસ્પતિ સ્વ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબે આ પુસ્તકમાં સ્પષ્ટ પણે જણાવેલ છે કે તીર્થસ્થાનમા જાવ છો ત્યાં તમને શું ગમે છે - કેવું ગમે છે એ ઉપરથી તમારી તીર્થયાત્રાને તમે સફળ બનાવી છે કે નિષ્ફળ બનાવી છે તે તમે પોતેજ નક્કી કરી શકશો. તીર્થયાત્રાની વાત સાથે આ અવસર્પિણી કાળના પ્રથમ તીર્થપતિ ભગવાન શ્રી આદિનાથના પહેલા ભવની વાત-ધર્મ જેના જીવનમાં રોમેરોમ વણાઈ ગયેલ છે એવા મહામંત્રી શ્રી પેથડશાની વાત તથા મહાતપસ્વી શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિની વાત ખૂબ સુંદર રીતે રજુ કરેલ છે. જે ચોક્કસ પણે વાચકના જીવનમાં કોઈને કોઈ પરિવર્તન લાવવામાં સહાયક અચૂક બનશે.

'તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ ભાગ-૧'નો સંપૂર્ણ ખર્ચ આપનાર ભાગ્યશાળી પરિવાર શ્રી પનાલાલ ઝુમખરામ કોઠારી પરિવારે જ આ ભાગ-૨ના પ્રકાશનનો પણ સંપૂર્ણ ખર્ચ આપી ખૂબ ઉદારતા દાખવી છે તે બદલ ધન્યવાદ. અમારા કાર્યમાં આવી ઉદારતાપૂર્ણ સહાયતા તેઓ તરફથી મળતી રહેશે એ આશા સાથે......

**પદાર્થ દર્શન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

# આર્થિક સહયોગકારની વાત

ઉપકારી મહાપુરૂષોએ જીવોને માટે દુઃખ રૂપ, દુઃખ ફલક અને દુઃખાનુબંધી એવા આ અપાર સંસાર સમુદ્રમાંથી બહાર નીકળી સ્વ સ્થાને પહોંચવાને માટેના અનેક માર્ગોનું પ્રતિપાદન કર્યુ છે. પોતાના જીવનના અંત સુધી પોતાની તમામ શકિતઓને એ જ કાર્યમાં જોડી દઈને જે મહાન ઉપકાર આ જગત ઉપર કરેલ છે તે કદીપણ વિસરી શકાય નહિ એવો છે. આવા જ એ મહાપુરૂષ કલિકાળ કલ્પતરૂ સ્વ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાએ પણ પોતાનું સમગ્ર જીવન જીવોને સન્માર્ગે યોજવામાં જ ખરચીને, સમકિતનો પ્રઘોષ ચારે તરફ ફેલાવીને, લોકોને મિથ્યાત્વની ઘેરી નિદ્રામાંથી જગાડવાનું ભગીરથ કાર્ય અવિરત પણે કર્યા જ કર્યુ છે. એમની વાણીનો જાદુ, પ્રત્યક્ષપણે તેમના વ્યાખ્યાનો સાંભળનાર ઉપર તો થયો જ છે. પરંતુ એમની ગેરહાજરીમાં પણ એ જાદુઈ વાણી અનેક જીવોને તેમના જીવનના પરિવર્તનમાં ખૂબ જ ઉપયોગી થઈ જાય એ હેતુએ જે સાહિત્ય પ્રચાર - પ્રસાર પામે છે. તેમાંનો જ એક નાનકડો અંશ તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ એ શીર્ષક હેઠળ તૈયાર કરવામાં આવેલ જેના પહેલા ભાગના પ્રકાશનનો લાભ અમોને મળેલ પરંતુ આવું મનનીય સાહિત્ય

પુસ્તક રૂપે સંગ્રહીત થાય એ ખૂબ જ જરૂરી લાગતાં પહેલા ભાગનો લાભ અમોને મળેલ હોવા છતાં એટલેથી જ સંતોષ ન પામતાં આ બીજા ભાગના પ્રકાશનનો લાભ પણ અમોને મળે એ માટેની વિનંતી કરતા પ.પૂ. આચાર્ય વિ. નરવાહન સૂરિ મહારાજાએ અમારી વાતનો સ્વીકાર કરી અમારા ઉપર જે કૃપા વરસાવી છે તે બદલ અમો તેઓનો ખૂબ ખૂબ ઉપકાર માનીએ છીએ.

આવા અણમોલ સાહિત્યના વાંચન મનન દ્વારા સૌ કોઈ પોતાના જીવનને સન્માર્ગ તરફ વાળો એવી આશા સાથે વિરમીએ છીએ.

**પનાલાલ ઝુમખરામ કોઠારી**
**પરિવાર**
**ચોપાટી-મુંબઈ**

॥ णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

# તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ

**મુક્તિના ધ્યેયને પમાડવાની લાયકાત, એ શ્રી જૈન શાસનની અનુપમ વિશિષ્ટતા છે :**

જેવાં જેવાં કર્મોના યોગ મળે છે, તેવો તેવો આત્મા થાય છે. વર્તમાનમાં આપણો આત્મા બદ્ધ છે કે મુક્ત છે ? શ્રી જૈન શાસન આપણા આત્માની મુક્તિને માટે છે કે સંસારને માટે છે ?

સ૦ બન્ને માટે.

શ્રી જૈન શાસન કહે છે કે-જે ધર્મ સંસાર માટે હોય, તે ધર્મ વાસ્તવિક ધર્મ જ નથી આજે એ વાત કેટલાકોના દિલમાં ઠસી ગઈ છે કે-'સંસારમાં રહેવું એય ધર્મ છે અને સંસારથી છૂટવું એમાંય

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

ધર્મ છે : કારણ કે- ભગવાને બંને પ્રકારના ધર્મ બતાવ્યા છે.' પણ એ એમનો ભ્રમ છે. શ્રી જૈનધર્મ એ મુક્તિનું સાધન છે, પણ સંસારનું સાધન નથી અને એજ એની મહત્તા છે. શ્રી જૈન શાસનની સ્થાપના ભગવાન શ્રી અરિહંતદેવોએ મુક્તિને માટે જ કરી છે... આમ તો શ્રી જૈન શાસન અનાદિકાળથી જ છે, પરંતુ જુદે જુદે કાળે થતા શ્રી અરિહંતદેવો સ્વતંત્રપણે શ્રી જૈન શાસનને પ્રકાશિત કરે છે અને એથી તે તે તારકોની અપેક્ષાએ શાસનની સ્થાપનાની આદિ પણ મનાય છે. જુદે જુદે કાળે થનારા પણ અર્થ રૂપે એકજ સરખો ઉપદેશ આપનારા શ્રી અરિહંતદેવોએ કેવળ મુક્તિમાર્ગનો જ ઉપદેશ આપ્યો છે : સંસારને છેદવાનો અને મુક્તિને સાધવાનો જ ઉપદેશ આપ્યો છે. આથી સ્પષ્ટ થાય છે કે -મુક્તિ એ જેનું ધ્યેય નથી, એ સાચો જૈન પણ નથી જ. મુક્તિ એ ધ્યેય અને એ ધ્યેયને પમાડવાની લાયકાત, એ શ્રી જૈન ધર્મની અનુપમ કોટિની વિશિષ્ટતા છે.

સ૦ બીજાં દર્શનો પણ મુક્તિનું ધ્યેય રાખે છે.

કેવળ મુક્તિ માટેનો ઉપદેશ શ્રી જૈન ધર્મ સિવાય બીજે નથી તેમજ મુક્તિનો-મુક્તિના વાસ્તવિક સ્વરૂપે ઉપદેશ પણ બીજા દર્શનોમાં સંભવિત જ નથી : એટલે અવસરે તેઓ તેવું ધ્યેય રાખવાનું કહેતાં હોય, તો પણ તે વાતો માત્ર છે. મુક્તિ બોલી જવા માત્રથી મુક્તિ મળતી નથી. વાત મુક્તિની કરવી અને સંસારપોષક વસ્તુઓનો પણ ઉપદેશ કરવો એ ચાલે નહિ. મુક્તિની પ્રધાનતા એક સરખી

રીતિએ શ્રી જૈન ધર્મ સિવાય અન્યત્ર નથી. સંસારની પુષ્ટિ થાય, એવું શ્રી જૈન ધર્મમાં કોઈ વિધાન જ નથી.

## શ્રી જૈન દર્શન અને સંસાર :

શ્રી જૈન ધર્મે સંસારનું વિધાન કર્યું જ નથી અને તેમ છતાં પણ સંસારમાં સુંદર રીતિએ જીવી શકાય એવો માર્ગ શ્રી જૈન ધર્મના અનુયાયિઓને મુક્તિમાર્ગના વર્ણનમાંથી જ મળી રહે છે. સંસારમાં રહેવા માટે કેમ રહેવું અને શું કરવું-એવું સીધું વિધાન શ્રી જૈન શાસન કદી પણ કરતું નથી : પણ સંસારમાં રહેવું જ પડે, સંસારને છોડી શકાય તેમ ન હોય, તો સંસારમાં રહીને પણ સંસારને કાપવાનો વધુમાં વધુ શકય પ્રયત્ન કયી કયી રીતિએ થઈ શકે, એનાં વિધાનો શ્રી જૈન દર્શને દર્શાવ્યા છે અને એ પણ શ્રી જૈન ધર્મની એક વિશિષ્ટતા જ છે.

## શ્રી જૈન ધર્મની ઉપદેશ પદ્ધતિનો ખ્યાલ આપતું એક દૃષ્ટાંત અને તેનો ઉપનય :

પ્રશ્ન૦ એ વિષયમાં મને જરા શંકા છે. શ્રાવકાચારનો ઉપદેશ તો જૈન શાસ્ત્રમાં પણ છે.

શ્રાવકાચારનો ઉપદેશ શ્રી જૈન શાસ્ત્રોમાં જરૂર છે, પણ તે કયી પદ્ધતિએ અપાયો છે અને અમારે પણ તે ઉપદેશ કયી પદ્ધતિએ આપવાનો છે, એ વસ્તુ ખાસ સમજી લેવી જોઈએ.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

શાસ્ત્રમાં આવતું એક દ્રષ્ટાન્ત આ વસ્તુને સમજવામાં ઉપયોગી થઈ જાય તેમ છે, એટલે અત્રે તેનો ભાવ કહેવામાં આવે છે.

એક રાજાએ કૌમુદી મહોત્સવ ઉજવવાને માટે સૂર્યાસ્ત પહેલાં સર્વ પુરૂષોએ શહેર બહાર નીકળી જવું-એવો હુકમ બહાર પાડયો. એક રાત માટે કેવળ સ્ત્રીઓ જ શહેરમાં રહે, કોઈ પણ પુરૂષ શહેરમાં ન રહે, એવો રાજા તરફથી હુકમ કરવામાં આવ્યો તેનો ભંગ કરનારાઓને પકડી પાડવા વગેરેનો પ્રબંધ પણ તે રાજાએ કર્યો.

એમાં બન્યું એવું કે એક શેઠના છ દીકરાઓ વ્યવસાયની વ્યગ્રતાથી સૂર્યાસ્ત અગાઉ શહેર બહાર નીકળી શકયા નહિ અને પકડાઈ ગયા. રાજાએ તેમને દેહાંતદંડની શિક્ષા ફરમાવી.

તે છોકરાઓનો બાપ રાજા પાસે આવે છે અને જોઈએ તેટલી ઋદ્ધિ લઈને પણ પુત્રોના ગુન્હાને માફ કરવાની રાજાની પાસે યાચના કરે છે. રાજા માનતો નથી.

શેઠ જુએ છે કે-છ એ છ દીકરાઓને જીવતા છોડવાની મારી યાચના રાજા કોઈ પણ રીતિએ સ્વીકારે તેમ લાગતું નથી. આથી તે પોતાની યાચનાને ઢીલી બનાવતો જાય છે. એ આગ્રહપૂર્વક યાચે છે કે 'આપ મારા છએ પુત્રોને જીવનદાન ન દઈ શકતા હો, તો પાંચને જીવનદાન દો !' રાજા એ

યાચનાને પણ સ્વીકારતો નથી. રાજા જેમ જેમ મક્કમતા બતાવે છે, તેમ તેમ શેઠ ઢીલો થતો જાય છે. શેઠ એ જ નક્કી કરે છે કે-બને તેટલા વધારે છોકરાઓને મારે બચાવી લેવા. આમ વાત પાંચના ચાર ઉપર, ચારના ત્રણ ઉપર, ત્રણના બે ઉપર અને છેવટ બેના એક ઉપર આવી રહે છે. શેઠની અત્યંત આજીજીના યોગે રાજા કાંઈક પીગળે છે અને એથી રાજા પૂછે છે કે- 'છમાંથી કયા પાંચને મારૂં અને કયા એકને બચાવું ?'

એ વખતે બાપે શો ઉત્તર આપવો ? છની રક્ષા કરો, તેમ નહિ તો પાંચની રક્ષા કરો, યાવત્ એકની રક્ષા કરો, એમ શેઠે જરૂર કહ્યું હતું, પણ રાજા પૂછે છે કે -'કોની હિંસા કરૂં અને કોની નહિ ?' એ પ્રશ્નનો ઉત્તર બાપ શી રીતિએ આપે ? એ તો એમ જ કહે ને કે- 'હું તો રક્ષા કરવાની પ્રાર્થના કરૂં છું કોને મારવો, એ કહેવાને માટે મારી પાસે જીભ નથી. એવું નક્કી કરવાને માટે મારી પાસે હૃદય નથી. એવું બોલવાની મારામાં તાકાત નથી.'

છના જુદા જુદા બાપ હોત, તો તો સૌ એમ કહી દેત કે- 'મારા પુત્રની રક્ષા કરો.' પણ આ તો છ નો એક જ બાપ હતો એ શું કહે ?

હવે વિચારો કે-ભગવાન શ્રી જિનશ્વરદેવ એ છએ કાયના બાપ છે કે એક.કાયના બાપ છે ?



**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એટલે હાલતા-ચાલતા, એ છ એ જીવના જ ભેદો છે 'એ છમાંથી કોને મારૂં ?' -એમ તમે પૂછો, તો સાચો દયાળુ કોને મારવાનું કહે ? બધાની અને તેમ નહિ તો બને તેટલા વધારેની રક્ષા કરવાનું કહે કે અમુકને મારવાનું કહે ? મારવાનું કદી જ ન કહે !

શ્રી જિનેશ્વરદેવ અને એ તારકની આજ્ઞામાં રહેવાવાળા સુસાધુ પણ, એ છએ કાયના બાપ છે અને તમે સંસારના રાજા છો. તમારી જેલમાં એ છએ પડ્યા છે. હવે ખ્યાલ કરો કે- એ છએના બાપ કોને મારવાનું કહે ?

આથી સમજો કે-છએની રક્ષા અધિક કેમ થાય, એ જ ઉપદેશ શ્રી જૈન શાસ્ત્રમાંથી મળવાનો. કોઈનો પણ નાશ કરવાનો ઉપદેશ, શ્રી જૈન શાસ્ત્રમાંથી મળવાનો નથી. મારવાની વાતમાં શ્રી જૈન શાસ્ત્ર રક્ષાનો ઉપદેશ આપીને મૌન જ રહે છે. રક્ષાના વિષયમાં જ એ બોલી શકે છે.

શ્રી જૈન ધર્મમાં વિધાન રક્ષણનું છે, પણ ભક્ષણનું નથી. **'सर्वनाशे समुपस्थिते स्वल्पमपि रक्षणीयम्'** -એ ન્યાય શ્રી જૈન ધર્મને સ્વીકાર્ય છે, પણ એનો અર્થ એવો નથી કે -શ્રી જૈન ધર્મ બાકીનાઓને મારવાની છૂટ આપે છે. શ્રી જૈન ધર્મ તો રક્ષણનું જ પ્રતિપાદન કરે છે. એકાંતે રક્ષક ન બની શકે તે અલ્પપણે પણ રક્ષક બને-એમ શ્રી જૈન ધર્મ કહે છે, પણ તેમાંય શ્રી જૈન ધર્મનો સંબંધ

તો અલ્પ પણ રક્ષાની સાથે જ છે. શ્રી જૈન ધર્મનો શ્રાવકાચારનો જે ઉપદેશ છે, તે આ રીતિનો છે..

**સાધુનો ઉપદેશ :**

સંસાર દુઃખમય છે, દુઃખ ફલક છે અને દુઃખપરંપરક છે. મુક્તિ જ એક એવું સ્થાન છે, કે જ્યાં દુઃખનો લેશ પણ નથી. સંયમ વિના એ મુક્તિ પ્રાપ્ત થાય તેમ નથી. સર્વત્યાગ વિના સંપૂર્ણ કોટિનું સંયમ નથી. સર્વત્યાગ પણ સંપૂર્ણ હિંસાવિરમણ અને સંપૂર્ણ મૃષાવાદવિરમણ આદિ વિરામવાળો હોવો જોઈએ. આવી રીતિએ અનન્તજ્ઞાનિઓની આજ્ઞા મુજબ સર્વત્યાગી બનવું, એ આત્માનું કલ્યાણ સાધવાનો ઉંચામાં ઉંચો માર્ગ છે. સુસાધુ આ માર્ગ મોક્ષાર્થી જીવને પ્રથમ બતાવે : આ માર્ગનો સ્વીકાર કરવાને માટે જે આત્માઓ તૈયાર થઈ શકે નહિ, તેઓને પાંચ અણુવ્રતાદિ કહે : જેમનામાં એટલા પણ ત્યાગી બનવાની શક્તિ ન હોય, તેમને સમ્યક્ત્વને અંગેનો ઉપદેશ આપે : અને એય સ્થિતિમાં આવવા જોગી સ્થિતિ ન દેખાય, તો માર્ગાનુસારિતા દેખાડે. એ સિવાય બીજો ઉપદેશ આપવાનો જૈન મુનિને અધિકાર જ નથી. આ બધામાં સાધુનો સંબંધ જેટલા જેટલા પ્રમાણમાં હિંસાવિરમણ આદિ થાય, તેની સાથે જ છે, પણ શેષ હિંસાદિની સાથે સાધુને કશો જ સંબંધ નથી.

**શ્રાવકનો ધર્માચાર અને પાપાચાર-એ બેમાં સાધુનો સંબંધ માત્ર ધર્મની સાથે છે :**

મહાવ્રતો એ સાધ્વાચાર છે અને અણુવ્રતાદિ એ શ્રાવકાચાર છે. સર્વતઃ પ્રાણાતિપાતાદિથી વિરામ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એ સાધ્વાચાર છે અને સ્થૂલપણે પ્રાણાતિપાતથી વિરામ એ વગેરે શ્રાવકાચાર છે : પણ જેટલી રક્ષા એ શ્રાવકાચાર અને જેટલી હિંસા એ પાપાચાર, એ ભુલવું જોઈએ નહિ. સ્થૂલ હિંસાનો ત્યાગ, એ ધર્માચાર. અસ્થૂલ હિંસાનો અત્યાગ, એ પાપાચાર તમારે એ પાપાચાર કરવો પડે તેમ હોય તો પણ, એ પાપાચારનો સાધુ તરફથી ઉપદેશ તો હોય જ નહિ : અને તમારા હૃદયમાં પણ એ પાપાચાર પ્રત્યે ઉપાદેયપણાની બુદ્ધિ નહિ જ હોવી જોઈએ. એ જ રીતિએ, બીજા અણુવ્રતમાં, ત્રીજા અણુવ્રતમાં અને ચોથા અણુવ્રતમાં પણ સમજવું જોઈએ. બીજામાં, ત્રીજામાં અને ચોથામાં પણ બાકી રહેતા પાપનો ઉપદેશ શ્રી જૈન ધર્મમાં નથી. ચોથામાં પણ મુનિઓ તરફથી ઉપદેશ તો પરસ્ત્રીના ત્યાગનો અને સ્વસ્ત્રીમાં પણ સંતોષનો જ હોય છે. સાધુનો સંબંધ સંતોષ સાથે ખરો, પણ દારા રાખવા સાથે કે તેના ભોગવટા સાથે સાધુનો કશો જ સંબંધ નહિ. એ દૃષ્ટિએ પરસ્ત્રીના ત્યાગના તથા સ્વસ્ત્રીમાં સંતોષના માલિક સાધુ અને દારાના માલિક તમે. અમારી તો વાત જ એ કે બને તો સર્વથા બ્રહ્મચારી બનો : એ ન બને તો પરસ્ત્રીના ત્યાગી બનવા સાથે પોતાની પત્નીને વિષે પણ અતિ આસક્ત ન બનતાં બને તેટલા વધુ સંતોષી બનો ! 'સ્વદારા સંતોષ,'નો ઉપદેશ આપતાં પણ, સાધુઓ તમે દારા રાખી છે તેને કે તેના ભોગને ઠીક માને છે એમ નથી એને ઠીક માનનારો સાધુ તો તમારા પાપનો ભાગીદાર બને : અર્થાત્-એ કારણે તેને પણ પાપ લાગે. સુસાધુઓ એવું પણ પાપ લાગે નહિ અને

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

તમને બને તેટલા વધુ સદાચારી બનાવી શકાય એવી જ રીતિએ ઉપદેશ આપે. જેમ કે-શાસ્ત્રમાં કહ્યું છે કે- લોકાશ્રય વિના સંયમનું પાલન નથી. આહાર-પાણી આદિ સંયમના સાધનો લોકાશ્રય વિના પ્રાપ્ત થઈ શકે નહિ, પરંતુ સંયમના સાધન માટે લોકાશ્રય રાખવાવાળા સાધુએ લોકથી કમલની માફક ન્યારા રહેવું જોઈએ. સ્થૂલ હિંસા કરવી નહિ તેમજ સ્થૂલ અસત્ય, સ્થૂલચોરી, પરદારાગમન, ઘણી મમતા આદિ કરવાં નહી, ઈત્યાદિ શ્રાવકાચારનું પાલન કરનારો શ્રાવક સંસારમાં પણ કદી દુઃખી નહિ થાય, એ માટે શાસ્ત્ર ખાતરી આપે છે : પણ તે સિવાયની જે પ્રવૃત્તિ ગૃહસ્થ કરે છે, એમાં શ્રી જૈન ધર્મની અને એની સર્વવિરતિધર બનીને ઉપાસના કરનારા સાધુઓની લેશ પણ ભાગીદારી હોય નહિ, એવું શ્રી જૈનધર્મનાં શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે.

### વિધાન વિશેષણમાં :

એવો એક નિયમ છે કે- 'જે વાકય વિશેષણવાળું હોય, એમાં વિધાન કે નિષેધ વિશેષણમાં થાય છે, પણ વિશેષ્યમાં નહિ 'જેમ કે - **न्यायसंपन्नविभवः**''ન્યાયથી મેળવેલા વિભવવાળો' આ વાકય વિશેષણવાળું છે. આમાં વિધાન, વિભવ એ વિશેષ્યમાં નથી, પણ ન્યાય સંપન્ન એ વિશેષણમાં છે. તે વિભવ મેળવે તોય તે ન્યાયથી જ મેળવે, એવો આમાં ધ્વનિ છે.

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## ઉત્તમ-અધમની વ્યાખ્યા :

સંસારમાં રહેવાવાળો પણ જો શ્રાવક જ હોય, તો તે કયી વૃત્તિવાળો હોય ? સાચો શ્રાવક તો સાધુ થવાની વૃત્તિવાળો જ હોય : કારણ કે- સર્વત્યાગ સાધુપણા વિના શકય નથી. અર્થ-કામ ઉપાદેય તો નહિ જ પણ હેય લાગશે, તો જ આ વૃત્તિ આવશે ! કોઈપણ દર્શનકારે અર્થ-કામને સર્વ પ્રકારે હેય કોટિના દર્શાવેલ હોય, તો તે એક શ્રી જૈન દર્શનકારે જ દર્શાવેલ છે અને એ પણ શ્રી જૈન દર્શનની એક વિશિષ્ટતા જ ગણી શકાય. વિશ્વમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એમ પુરૂષાર્થો ચાર ગણાય છે : કારણ કે-ચારેયમાં પુરૂષપ્રયત્નની અમુક અમુક અંશે આવશ્યકતા રહેલી છે : પરંતુ તે ચાર પુરૂષાર્થોમાં અર્થ અને કામ-એ બે પુરૂષાર્થો અધમ આત્માઓને માટે છે તથા ધર્મ અને મોક્ષ-એ બે પુરૂષાર્થો ઉત્તમ આત્માઓને માટે છે. અધમ આત્મા અને ઉત્તમ આત્માની વ્યાખ્યા એ છે કે-અર્થ અને કામ પ્રત્યે જેનામાં ઉપાદેયપણાનો પ્રેમ હોય, એ અધમ આત્મા તથા ધર્મ અને મોક્ષ પ્રત્યે જેનામાં મોક્ષ જ સાધ્ય અને ધર્મ જ તેનું સાધન એવો પ્રેમ હોય એ ઉત્તમ આત્મા. અર્થ-કામનો પ્રેમ અનાદિકાળના અભ્યાસથી થઈ જાય એ કોઈ તેવડો મોટો ગુન્હો નથી, પણ 'અર્થ-કામનો પ્રેમ ખોટો છે.' - એમ પણ નહિ માનવું. એ તો મોટો ગુન્હો બની જાય છે. અર્થ-કામ સારા છે, મેળવવા લાયક છે, એવું વાણીથી ઉચ્ચારણ થાય, એ તો મહા પાપ છે.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

**અર્થ-કામની સામગ્રી હોય કે ન હોય તો પણ માણસ ધારે તો ધર્મી બની શકે છે :**

પ્રશ્ન૦ અર્થ વિના ધર્મ કરવાનું સૂઝે શી રીતે ?

'અર્થ-કામની આબાદીમાં ધર્મની આબાદી છે'- એવો આ ભાઈના કહેવાનો આશય છે.

આજના ઘણા ખરાઓમાં આ જાતિની વિપરીત માન્યતાપણ જડ ઘાલીને ઘુસી ગઈ છે. એ જ કારણે, ધર્મનો ઉપયોગ પણ અર્થ-કામ માટે વધારે પ્રમાણમાં થવા માંડેલો જણાય છે. આ અનર્થ જેવો તેવો નથી થયો. આ ઘણું ભયંકર કામ થયું છે. સિદ્ધાંત ઉપર ઘાત થયો છે, એમ કહીએ તો પણ ચાલે. 'અર્થ-કામની આબાદી ઉપર ધર્મની આબાદી નિર્ભર છે.' -એ વિચારમાંથી એવો કારમો સિદ્ધાંત જન્મ્યો છે, પણ એવા સિદ્ધાંતને વિશ્વાસે ચાલતાં પહેલાં વિચારવું જોઈએ કે -જેની પાસે અર્થ-કામની સામગ્રી ઘણા પ્રમાણમાં હોય છે, એવા પણ ઘણાઓ ધર્મી નથી હોતા. આપણી આંખે આ સ્થિતિ જેમ સ્પષ્ટપણે દેખી શકાય તેમ છે, તેમ એ સ્થિતિ પણ સ્પષ્ટપણે દેખી શકાય તેમ છે કે-અર્થ-કામની સામગ્રી જેમની પાસે થોડા પ્રમાણમાં પણ નથી, એવા સાધુઓ પરમ ધર્મી છે. ગૃહસ્થોમાં પણ અર્થ-કામની સામગ્રી જેમની પાસે થોડા પ્રમાણમાં કે નહિવત્ પ્રમાણમાં હોય છે, તેવા પણ કેટલાક આત્માઓ ધર્મી જીવન ઘણે કે થોડે અંશે જીવનારા હોય છે. આથી સમજવાનું તો એ છે કે-અર્થ-કામ હોય કે ન હોય, પણ જે એની હેયતાને સમજે છે અને મોક્ષનું ધ્યેય રાખે છે, તે સર્વ અવસ્થામાં ધર્મ કરી શકે છે અને ધર્મી રહી શકે છે. શ્રી સિદ્ધિપદનું ધ્યેય અને તેના સાધન રૂપ ધર્મની ઉપાદેયતા તથા અર્થ-કામની હેયતા જેના હૈયામાં વસી નથી, તેનાથી વસ્તુતઃ ધર્મ થઈ શકતો જ નથી.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## અનુભવ વિના પણ વસ્તુની હેયતા સમજી શકાય છે :

સ૦ પાસે વસ્તુ હોયા વિના એ હેય છે, એમ શી રીતે સમજાય ?

એવી કેટલીય ચીજો છે, કે જેને વિના અનુભવે પણે તમે હેય માનો છો ? અને એ પણ સામાન્ય મનુષ્યોના કહેવા માત્રથી ! જ્યારે અહીં અનંતજ્ઞાનીઓ અર્થ-કામને હેય કહે છે, એ છતાં કહો છો કે- 'અર્થ-કામ ન હોય તો એની હેયતા કેવી રીતે લાગે ?' આ કયી દશા ? આત્માના વાસ્તવિક સ્વરૂપનો ખ્યાલ આવી ગયા બાદ, આવી શંકા ઉત્પન્ન થવાને અવકાશ જ રહેતો નથી. દુનિયામાં સામાન્ય રીતિએ ઘણી માન્યતાઓ બીજાના કહેવાથી જ ઘડાયેલી હોય છે. 'વિષ એ મારનાર છે.' -એ કોઈ સજ્જનના કહેવાથી માનો છો કે અનુભવ કર્યા પછી ?' 'કાંટો પગમાં રહી જાય તો પગ સડી જાય.' -એમ માત્ર સાંભળ્યું છે એટલા માત્રથી એ વાગે એની સાથે જ એને કાઢી નાંખવાનો જ પ્રયત્ન થાય છે, હાથથી ન નીકળે તો સોય ઘોંચીને પણ તેને બહાર કાઢવાનો પ્રયત્ન થાય છે, પણ એને રાખીને કોઈ પગને સડાવવાનો અનુભવ કરવા સુધી થોભતું નથી. નુકસાનકારક ચીજની નુકસાનકારકતા જાણવાને માટે કદી અખતરો કરવાનો હોય જ નહિ. આ વાતનો વ્યવહારમાં તમે પૂરેપૂરો અમલ કરો છો, તો પછી 'બૂરી વસ્તુ પાસે હોય તો જ બૂરી લાગે, નહિ તો ન જ લાગે.' - એ સિદ્ધાંત લાવ્યા કયાંથી ? અર્થ-કામની સામગ્રી પાસે ન હોય તો પણ, એ ત્યાગ કરવા લાયક છે એવા અનન્તજ્ઞાનિઓના કથનને સ્વીકારીને, એના ત્યાગી બનવામાં શી હરકત છે ?

### દુન્યવી સાધના માટે ધર્મનો ઉપયોગ એ મૂર્ખતા છે :

સ૦ આ હિસાબે તો એ ઘણું સારૂં

સંસારમાં રહેવું પડે તો પણ સંસારને સારો નહિ માનવો, એમ કોઈએ પણ કહ્યું છે તો તે શ્રી જૈન શાસ્ત્રોએ જ કહ્યું છે. મદારી સર્પથી જીવે છે. પણ સર્પનો તે વિશ્વાસ રાખતો નથી. સરકસવાળા સિંહાદિથી જીવે છે, પણ સિંહાદિ ઉપર વિશ્વાસ કદી રાખતા નથી. એ રીતિએ સાચો જૈન સંસારમાં રહેવું પડતું હોય અને એથી રહેતો હોય તે છતાં પણ, સંસારના પદાર્થોનો ઉપયોગ કરવા છતાં પણ, એના ઉપર વિશ્વાસ કદી જ મૂકતો નથી. સઘળી બુદ્ધિ આ વસ્તુને સમજવાને માટે અજમાવવા જેવી છે. એના ઉપર જ જીવન સુખી બનવાનો આધાર છે. શ્રી જૈન ધર્મી મન રૂપી સિંહ ઉપર કાબૂ મેળવે છે. મન રૂપી સિંહને એ સંસારનો પ્રેમી મટાડી દે છે અને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો પ્રેમી બનાવી દે છે. આ રીતિએ લોકદૃષ્ટિ અને શ્રી જૈન ધર્મની દૃષ્ટિ વચ્ચે, કદી પણ દૂર ન થઈ શકે એવો, ભેદ રહેલો છે. શ્રી જૈન ધર્મ લોકાનુયાયી બનવાને સર્જાયો નથી, પણ લોકને પોતાના અનુયાયી બનાવવાને સર્જાયો છે. દુન્યવી સાધના માટે શ્રી જૈન ધર્મનો ઉપયોગ કરવો, એ મૂર્ખતા છે. દુન્યવી વસ્તુ માટે કરાતી ધર્મક્રિયાને વિષક્રિયા અને ગરલક્રિયા તરીકે ઓળખાવીને, ઉપકારિઓએ એવી પ્રવૃત્તિઓને અનર્થકારક તરીકે વર્ણવી છે.

### આજ્ઞાપાલનમાં વ્યવસ્થિતતા

સ૦ તો પછી દુનિયા ચાલશે કેમ ?

દુનિયા તો ચાલવાની જ છે, પણ એમ કહો કે- દુનિયા વ્યવસ્થિત કેમ ચાલશે ? તેનો ઉત્તર એ છે કે -શ્રી જૈન ધર્મની આજ્ઞાનું જેમ જેમ વધારે પ્રમાણમાં પાલન કરવામાં આવે, તેમ તેમ દુનિયામાંથી અવ્યવસ્થિતતા દૂર થવા માંડે અને વ્યવસ્થિતતા આવવા માંડે. એથી વિપરીત પણે વર્તનારની દુનિયા જેટલી અવ્યવસ્થિત ચાલે છે, તેટલી બીજા કોઈની પણ ચાલતી નથી. દુનિયાને વશવર્તી બને એ ધર્મી જ નહિ અને દુનિયાને વશવર્તી બનવાનો જે ઉપદેશ કરે એ ધર્મ જ નહિ.

### લોકના હિતચિન્તક નહિ પણ લોકના હિતશત્રુ :

આ દષ્ટિએ શ્રી જૈન ધર્મ એટલે સંસારનો શત્રુ. મુંઝાતા નહિ સંસાર એટલે લોક નહિ, પણ લોકને ગળે વળગેલી વિષય અને કષાયની આધીનતા. જે એ આધીનતાનો શત્રુ હોય નહિ, એ ધર્મ ધર્મ તરીકે રહી શકતો જ નથી. એની શત્રુતા વિનાનો ધર્મ, ધર્મના નામે ઓળખાવવાને માટે પણ લાયક રહેતો નથી. ધર્મ તો વિષય-કષાય રૂપ સંસારનો શત્રુ જ હોય : કારણ કે-વિષય-કષાયની આધીનતાએ આ જગતમાં કારમી અવ્યવસ્થિતતા ઉત્પન્ન કરી દીધી છે. વિષય-કષાયની આધીનતાને સ્થાને, સાચો ધર્મ તો વિષયવિરાગ અને કષાયત્યાગ આદિનો જ ઉપદેશ આપવાનો ! આવો ધર્મ

રાજઋદ્ધિને કે મોજ મજાહનાં સાધનોને કદી પણ વખાણે નહિ. આ ધર્મ તો એના ત્યાગને જ ઉપદેશે. આનાજ યોગે, આ ધર્મને પામેલા આત્માઓ રાજ્યાદિને મેળવવાને માટેના ઝઘડાઓને ધર્મ રૂપ માનતા જ નથી અને એને જેઓ ધર્મ રૂપ ઓળખાવીને જનતાને ભ્રમમાં નાંખે છે, તેઓને સાચા ધર્માત્માઓ લોકના હિતચિન્તક નહિ પણ લોકના હિતશત્રુ જ માને છે.

**દુન્યવી વસ્તુઓને મેળવવાનો ઉપદેશ એ ઉપકાર નથી પણ અપકાર છે :**

સ૦ આત્માની ઋદ્ધિ તો જૈન ધર્મ અપાવે કે નહિ ?

આત્માની કર્મથી આવરાયેલી ઋદ્ધિને કર્મક્ષય દ્વારા પ્રગટાવવાને માટે તો શ્રી જૈન ધર્મ છે, એમ આપણે લંબાણથી વર્ણવી ગયા છીએ : એટલે અહીં આ પ્રશ્નને સ્થાન જ નથી. અહીં અત્યારે જે વાત ચાલે છે, તેમાં મુખ્ય મુદ્દો એ છે કે-રાજ્યાદી પદાર્થોને મેળવવાની પ્રવૃત્તિઓમાં ઉપાદેયબુદ્ધિ જૈન ધર્મિને કદી જ નહિ થાય. દુન્યવી પદાર્થોને છોડવાને માટે કજીયા કરવા પડે તો એ કજીયા કરવા એ એને માન્ય છે. પણ એને મેળવવાના કજીયા કરવાની એ કદી જ સલાહ આપે નહિ. એને મન તો-'દુનિયાની વસ્તુ મળી તો પણ શું અને ન મળી તો પણ શું ?' -એમ થઈ જાય છે. જો સૌમાં આવી ઉમદાવૃત્તિ આવી જાય, તો અનાડીમાં અનાડી રાજ્ય પણ સ્તબ્ધ બની જાય. શ્રી જૈન શાસન તો કહે છે કે-દુનિયાના પદાર્થોની ઈચ્છા જેમને થઈ અને એને મેળવવાને માટે જેમણે સંગ્રામ કર્યો, તે આજે

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

ભલે ત્યાગી પણ દેખાતાં હોય પણ કાલે રાગી અવશ્ય બની જવાના : કારણ કે-દુનિયાના પદાર્થો તરફની ઉપાદેયપણાની બુદ્ધિમાં સારા પણ ગણાતા આત્માઓને, મદોન્મત્ત બનાવવાનો ગુણ છે. જે દુનિયાની સાહ્યબી આજે બીજાને પાગલ બનાવે છે, તે કાલે આપણી પાસે આવશે તો આપણને પણ પાગલ કેમ નહિ બનાવે ?- એ વાતેય ખાસ વિચારવા જેવી છે. એટલા માટે, દુન્યવી વસ્તુઓને ઉપાદેય તરીકે સમજાવીને તે તે વસ્તુઓને મેળવવાનો ઉપદેશ આપવો, એ ઉપકાર નથી પણ અપકાર જ છે.

### શ્રી ઋષભદેવ ભગવાને કરેલી અનુકંપા :

હવે શ્રી આદિનાથ ભગવાનવાળા પ્રશ્નનો ઉત્તર અધુરો છે, તે પૂરો કરી લઈએ. જો કે-સમય ધારવા કરતાં અધિક થઈ ગયો છે, પણ આ વિષયની અપેક્ષાએ હજુ કાંઈ જ કહેવાયું નથી એમ કહીએ તો ચાલે. આજે તો ટૂંકમાં અને તમે પચાવી શકો એવી રીતિએ કહેવાનું હોઈને, તાત્ત્વિક બાબતોમાં વધુ ઊંડા ઉતરાય તેમ હતું જ નહિ. આમ છતાં પણ, આજનું સાંભળવાના યોગે તાત્ત્વિક જિજ્ઞાસા પ્રગટશે તોય ઘણું છે. શ્રી આદિનાથ ભગવાન જે કાળમાં થયા, એ કાળ યુગલિક કાળ હોવાથી અજ્ઞાનનો કાળ હતો. સારો સલાહકાર ન મળે, તો તે વખતે મનુષ્યો બૂરી હાલતથી મરી જાય તેમ હતું. એ વખતે ભગવાન સાધુ થયા નહોતા; ગૃહસ્થ અવસ્થામાં હતા. ત્રણ જ્ઞાનના ધણી હતા.

ગૃહસ્થાવાસમાં પણ એ અમુક પ્રકારના ત્યાગી, જ્ઞાની અને વિષયથી ઉદાસીન હતા. એ તારકો ગૃહસ્થપણે દેશવિરત ગણાય એવો ત્યાગ કરનારા હોતા નથી; આમ છતાં પણ એ તારકોનો ગૃહસ્થાવાસ પણ ત્યાગમય હોય છે. એવા કાળમાં, શાસ્ત્રોએ જે અનુકંપાધર્મ દર્શાવ્યો છે તે ધર્મનું પાલન અનિવાર્ય હતું. કસાઈનો છોકરો જે વખતે પાણી વિના મરતો હોય, તેવા વખતે- 'કસાઈના છોકરાને પાણી કેમ પવાય ?' -એવો વિચાર કરવાને થોભવું, એ પણ બેવકૂફી છે. માલૂમ પડે કે-કયી જાતીનો છે એ વગેરે વિચાર કરવાનો હોતો નથી. એવા વખતે જો ગૃહસ્થ અનુકંપા ન કરે, તો એનું હૈયું કઠોર બની જાય છે અને એથી ધર્મને માટે નાલાયક બની જાય છે. એવી જ રીતિએ સારી દુનિયા અણસમજને કારણે મરી ન જાય એ માટે ભગવાને અનુકંપા કરી, તેથી શ્રી આદિનાથ ભગવાનને સંસારના ચલાવનાર કહેવા; એ તો અજ્ઞાનતાની જ અવધિ છે.

## ઉપસંહાર :

આ શ્રી જૈનધર્મની વિશેષતા સર્વ બાબતોમાં છે. આત્માથી લઈ સર્વ તત્ત્વોમાં એની વિશિષ્ટતા છે. આજે માત્ર એક આત્મતત્ત્વ વિષે જ આપણે જોયું. અજીવતત્ત્વની પણ જે વિશિષ્ટતાઓ શ્રી જૈન દર્શને બતાવી છે, તે વિશિષ્ટતાઓ અન્ય કોઈ જ દર્શન બતાવી શકયું નથી. એ પણ સમજવાનું છે કે-શ્રી જૈન શાસને અજીવતત્ત્વનું નિરૂપણ કર્યું, પણ એનો સ્વચ્છન્દપણે ઉપયોગ કરવાનો નિષેધ કર્યો.

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

એ જ રીતિએ પુણ્ય-પાપાદિનાં વર્ણન અને આશ્રવસંવરાદિનાં વર્ણન, શ્રી જૈન ધર્મે જે રીતિએ કર્યાં છે તે પણ અજોડ છે : એટલું જ નહિ, પણ અન્યત્ર એમાંનાં અમુક અમુક તત્ત્વોનું તો નામનિશાન પણ દેખાતું નથી. શ્રી જૈન ધર્મનો સાચો વિદ્વાન્ કોઈ પણ સ્થાને એની અજોડતા આદિ સાબિત કરવાને માટે તૈયાર હોઈ શકે છે. જેના તત્ત્વવાદમાં ઠેકાણું ન હોય, તેના જ્ઞાનવાદમાં કે કર્મવાદમાં પણ ઠેકાણું હોતું નથી. આ બધી વાતોને સમજે અને શક્તિ મુજબ આનો અમલ કરે, તો જગતની વચ્ચે જવાહીરની માફક જૈન ઝળકે. જવાહીર એટલે હીરા-માણેક આદિ ચળકતી વસ્તુઓ. એની માફક જૈન જગતમાં ઝળહળે. મનુષ્યજન્મમાં આવેલા જૈનને કદી રોવાનું હોય જ નહિ. એ કહી શકે કે-મારી આગળ જગતનો શહેનશાહ પણ રદ છે. શહેનશાહ કંગાલ અને હું શ્રીમંતઃ કારણ કે-શહેનશાહ અધિક મેળવવાની આશાવાળો છે, જ્યારે હું તો મળેલાનેય છોડવાને ઈચ્છું છું. જૈન એટલે કેવળ વાણિયા જ નહિ. જૈન એટલે ગુણસંપન્ન વ્યક્તિ. એવા જૈન સર્વ રીતિએ શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાનું પાલન કરવાને માટે જ ઉત્સુક હોય છે. આમ વિવેકપૂર્વક વિચારશો તો માલૂમ પડશે કે-સર્વ તત્ત્વો કે સિદ્ધાંતોને વિષે શ્રી જૈન ધર્મની મહત્તા સદાય જીવંત છે. શ્રી જૈન ધર્મ તાપશુદ્ધ છે : કારણ કે-એનો તત્ત્વવાદ ઉચ્ચ કોટિનો છે : અને એ ઉચ્ચ હોવાથી એની સઘળી વાતો સર્વ કરતાં વિશિષ્ટ કોટિની જ છે, એ સુનિશ્ચિત છે. આ બધું સમજવાને માટે માધ્યસ્થ્યભરી શુદ્ધ બુદ્ધિ જોઈએ, જેઓ એવી શુદ્ધ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

બુદ્ધિને પ્રાપ્ત કરીને એનો સદુપયોગ કરશે, તેઓ શ્રી જૈન ધર્મના સાચા ઉપાસક જરૂર બનશે અને એથી તેઓ પોતાના અને પરના સંસારને પણ સુંદર એટલે નિર્દોષ બનાવીને, ઘણા જ અલ્પ કાળ માં અનંત સુખના સ્થાનભૂત શ્રી સિદ્ધિપદના સ્વામી બનશે.

(૧૪)

**આ વ્યાખ્યાનનું કારણ :**

આજે સવારના જે લોકો વ્યાખ્યાનમાં આવ્યા હતા, તેઓને સારી રીતિએ માલૂમ હશે કે-અત્યારનું આ વ્યાખ્યાન કયા કારણે અને કયા વિષયનું વિવેચન કરવાને માટે રાખવામાં આવ્યું છે. ઘણાઓની સંમતિ અને સૂચનાથી, આજે સવારમાં એક દિગંબર આગેવાન ગૃહસ્થે એવી વિનંતી કરી હતી કે-'શ્વેતામ્બર અને દિગમ્બર એવો ભેદ કયારે અને શાથી પડયો તેમ જ એ બેની વચ્ચે માન્યતાભેદ કયો છે એ સમજાવો, કે જેથી સત્ય શું છે એનોં અમે વિચાર કરી શકીએ.' પોતાની આ વિનંતિનો અમલ પણ આજે જ કરવાનો તેઓનો આગ્રહ હતો. આ જ કારણે, અત્યારે આ વ્યાખ્યાન રાખવામાં આવ્યું છે અને શ્વેતામ્બર-દિગમ્બર એવો મતભેદ કયારે અને શાથી ઉપસ્થિત થયો, તે જણાવીને બન્ને વચ્ચે રહેલા મતભેદોમાંથી મુખ્ય મુખ્ય મતભેદોના સંબંધમાં સ્પષ્ટીકરણ કરવાનો વિચાર રાખવામાં આવ્યો છે.

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

## આ વિષય વર્ણવવાનો હેતુ :

શ્રી જૈન ધર્મના જ અનુયાયી તરીકે ગણાતા વર્ગમાં આવા ભેદો હોવાના કારણે, ભેદોનું કારણ અને તેનું રહસ્ય જાણવાની ઈચ્છા થવી, એ સહજ વસ્તુ છે. આમ છતાં પણ, જ્યાં સુધી આત્મામાં નિર્મળ કલ્યાણકામના પ્રગટતી નથી અને કોઈ પણ પ્રકારનો ખોટો આગ્રહ રાખ્યા વિના સત્ય વસ્તુને કોઈ પણ ભોગે સ્વીકારવાની વૃત્તિ પ્રાદુર્ભૂત થતી નથી, ત્યાં સુધી મતભેદો, મતભેદોનું કારણ અને તેનું રહસ્ય યથાસ્થિત સ્વરૂપે સાંભળવાનો પ્રસંગ પ્રાપ્ત થઈ જાય, તોય તે પ્રસંગનો જેવો જોઈએ તેવો લાભ તેવા આત્માઓ ઉઠાવી શકતા નથી. કેટલીક વાર તો, અજ્ઞાનતાભર્યો દુરાગ્રહ તેવા આત્માઓને આવા પ્રસંગોએ અનર્થોના માર્ગે પણ ઘસડી જાય છે આવાં વિવેચનો એકદમ સૌને સત્યમાર્ગે દોરનારાં નીવડે, એ સંયોગો જોતાં અસંભવિત લાગે છે. આમ છતાં પણ જ્યારે, અમે જે માન્યતાઓને સર્વથા વ્યાજબી માનીએ છીએ, તેનાથી વિપરીત પ્રકારની અનેક માન્યતાઓને ધરાવનાર સંપ્રદાયની વ્યક્તિઓ દ્વારા જ આવી માગણી કરવામાં આવી છે, ત્યારે જિજ્ઞાસુ અને સત્યગવેષક જે કોઈ હોય, તે આત્માઓ યોગ્ય વિચાર કરી શકે, એ રીતિએ મતભેદોનો વિષય સ્પષ્ટ કરવાની આનાકાની નહિ કરવી જોઈએ, એમ ધારીને જ અત્યારે આ વિષય ઉપર વિવેચન કરવાનું યોગ્ય ધાર્યું છે.

## જિજ્ઞાસુવૃત્તિ અને કલ્યાણકામના :

દુનિયામાં શ્રી જૈન ધર્મના અનુયાયી તરીકે પોતાને ઓળખાવનારા વર્ગમાં, માત્ર શ્વેતામ્બર અને દિગમ્બર-એમ બે જ વિભાગો છે એમ નથી. તેમાં પેટા વિભાગો તરીકે ગણાતા સ્થાનકવાસી આદિ વિભાગો પણ છે. અત્રે એ બધા જ વિભાગોને અનુલક્ષીને વર્ણન કરવાનું નથી : પરંતુ શ્વેતામ્બર અને દિગમ્બર-એ બે વિભાગોને અવલંબીને જ વિવેચન કરવાનું છે. આત્મકલ્યાણના અર્થી આત્માઓ જો જિજ્ઞાસુવૃત્તિથી આ વસ્તુને સાંભળશે, વિચારશે, સમજવાનો પ્રયત્ન કરશે અને કોઈ પણ અનર્થકારી વિચારને અવકાશ નહિ આપે, તો તેવા આત્માઓ આત્મહિતકારક સત્યને પામી શકશે અને એથી પરિણામે સ્વપરના હિતસાધક બનીને શાશ્વત અને અનંત સુખના ભોક્તા પણ બની શકે.

## ખટકે એવી પણ પરિસ્થિતિ દુરાગ્રહવશ ઉત્પન્ન થાય :

એમ કહેવાય છે કે -"શ્રી વીતરાગ અરિહંત પરમાત્માને 'દેવ' તરીકે અને નિર્ગ્રન્થ મહાત્માઓને 'ગુરૂ' તરીકે માનનારાઓ વચ્ચે માન્યતાભેદ સંભવે કેમ ?" ખરેખર, પોતાને જૈન તરીકે ઓળખાવનાર સૌ કોઈ, પછી તે શ્વેતામ્બર હોય કે દિગંબર હોય, એમ જ કહે છે કે- 'અમે શ્રી વીતરાગ અરિહંત પરમાત્માને દેવ તરીકે અને નિર્ગ્રન્થ મહાત્માઓને ગુરૂ તરીકે સ્વીકારીએ છીએ.' આમ છતાં પણ પરસ્પરની માન્યતાઓમાં મતભેદો હોય, ત્યારે ઘણાઓને એ ખટકે તે

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

સ્વાભાવિક છે : પરન્તુ દુરાગ્રહ આદિ દોષોના કારણે, સજ્જનોને ખટકે એવી પણ પરિસ્થિતિ ઉભી થયા જ કરે છે અને એથી ધર્મ સંબંધી વાસ્તવિક ખ્યાલને પામેલા આત્માઓને આશ્ચર્ય થતું નથી. મતભેદ ઉત્પન્ન થવામાં, મોટા ભાગે એકાદ વ્યક્તિમાં કારમા મિથ્યાત્વના ઉદયથી ઉત્પન્ન થવા પામેલી કારમી દુરાગ્રહ શીલતા જ કારણ રૂપ હોય છે. દિગમ્બરોનો ભેદ ઉત્પન્ન થવામાં આવું જ બન્યું છે, એવી શ્વેતામ્બર વર્ગની માન્યતા છે.

## દિગમ્બરમત ક્યારે ઉત્પન્ન થયો ?

આ અવસર્પિણી કાળમાં થયેલા ચોવીસ તીર્થપતિઓમાંના ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ બાદ ૬૦૯ વર્ષે શ્વેતામ્બર વિરૂદ્ધ દિગમ્બર મત ઉત્પન્ન થયો છે. શ્વેતામ્બરો કહે છે કે- 'દિગમ્બર મત ઉત્પન્ન થયો.' અને એની સામે દિગમ્બરોનું કહેવું એમ છે કે- 'શ્વેતામ્બર મત ઉત્પન્ન થયો.' દિગમ્બર મત ઉત્પન્ન થયો' -એમ માનનારા અને જાહેર કરનારા શ્વેતામ્બરો, પોતાની તે હકીકતને એવી રીતિએ યથાસ્થિતપણે વર્ણવે છે, કે જે જોતાં કોઈ પણ સાચો વિચારક, એની વાસ્તવિકતાને સ્વીકાર્યા વિના રહી શકે નહિ.

## મતભેદ ઉત્પન્ન થવાનું કારણ :

દિગમ્બરો કહે છે કે -'જેઓ વસ્ત્ર વગર ન રહી શક્યા અને શિથિલ બન્યા તેઓએ શ્વેતામ્બર

મત ઉભો કર્યો.' શ્વેતામ્બરો કહે છે કે- 'શિવભૂતિ નામની એક વ્યક્તિ કષાયાધીન બની અને એથી એક વાર પ્રસંગ પામીને તે વ્યક્તિએ દુરાગ્રહવશ દિગમ્બર મત ઉત્પન્ન કર્યો. શ્વેતામ્બરોના આ કથનને સમજવાને માટે તે પ્રસંગ જાણવો જરૂરી છે અને એથી અત્રે તે પ્રસંગ વર્ણવાય છે.

**શિવભૂતિએ દીક્ષિત બનવાનું કારણ :**

ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીરદેવના અવિચ્છિન્નપણે ચાલ્યા આવતા શાસનમાં, એક વ્યક્તિ એવી ઉત્પન્ન થવા પામી, કે જે વ્યક્તિના મનોભેદના કારણે જ દિગમ્બરમત ઉભો થયો, એમ જાણનારા અને માનનારા શ્વેતામ્બર મતાનુયાયી તરીકે ઓળખાતા પરમ ઉપકારી મહાપુરૂષોએ, તે વ્યક્તિના મનોભેદ આદિના સંબંધમાં જે યથાસ્થિત વર્ણન કર્યુ છે, તેમાનું સાર રૂપે જરૂરી વર્ણન અત્રે કરાય છે.

જે વ્યક્તિનો મનોભેદ થયો, તેનું નામ શિવભૂતિ હતું ! પોતાના સામર્થ્યના યોગે તે શિવભૂતિ સંસારિપણામાં રાજમાન્ય બનેલો હતો.

રાજમાન્ય બનેલ હોવાના કારણે, નગરમાં રાત્રિ અને દિવસ યથેચ્છપણે ફરવાની છૂટ લેવી, એ તેને માટે અસંભવિત વસ્તુ નહિ હતી. આ છૂટનો તે નિરંતર ઉપયોગ કરતો અને એથી તે, રાત્રિના ગમે ત્યારે-મધ્યરાત્રિએ કે તેથી વહેલો-મોડો પણ, ઘેર આવતો ! રાતના શિવભૂતિ ઘેર પાછો ફરે ત્યાં

સુધી તેની પત્ની જાગતી-બેસી રહેતી અને પતિની રાહ જોયા કરતી : પણ હંમેશાં-આવું બનતું હોવાથી, તે ઉદ્વિગ્ન બની. અને એક વાર તેણીએ પોતાની સાસુ પ્રત્યે કહ્યું કે- 'આપના પુત્ર ઘણા મોડા ઘેર આવે છે, એથી મારે રોજ દુઃખપૂર્વક જાગવું પડે છે.'

આથી શિવભૂતિની માતાએ વિચાર્યું કે - રાજા તુષ્ટમાન થયો હોય તો પણ મારા પુત્ર માટે આવું ઉચ્છ્રંખલપણું સારૂ નહિ, માટે જરૂર હું એને શિક્ષા આપીશ.' આ પ્રમાણે વિચાર કરીને માતાએ પોતાની પુત્રવધૂને કહ્યું કે -'આજે તું સૂઈ જા અને હું જ જાગીશ.'

આ રીતિએ પોતાની પુત્રવધૂને સુવાડીને, શિવભૂતિની માતા પોતે પણ ઘરનાં દ્વારોને બંધ કરીને જાગતી સૂતી. મધ્યરાત્રિનો સમય થતાં શિવભૂતિ ઘેર આવ્યો અને બારણું ઉઘાડવાને માટે રોજની માફક બૂમ પાડી. આથી રોષાયમાન થયેલી તેની માતાએ કહ્યું કે-'અહીં તારી પાછળ લાગીને કોઈ મરનાર નથી, માટે આટલા મોડા સમયે જ્યાં દ્વારો ઉઘાડાં હોય ત્યાં તું ચાલ્યોજા !'

માતાના આવાં વચનોથી કોપ પામીને અહંકારથી પ્રેરાયેલો શિવભૂતિ ત્યાંથી ચાલી નીકળ્યો. રાત્રિના ફરતો ફરતો તે સાધુઓના ઉપાશ્રય નજદિક આવી પહોંચ્યો. ઉપાશ્રયનાં દ્વારો ઉઘાડાં છે, એમ તેણે જોયું. આથી તે ઉપાશ્રયમાં પેઠો, તે ઉપાશ્રયમાં રહેલા સાધુઓ તે સમયે પણ પોતાની ક્રિયાઓમા રક્ત હતા.

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

ઉપાશ્રયમાં જઈને સાધુઓને વંદન કરવાપૂર્વક તે શિવભૂતિએ વ્રતની માગણી કરી.

સાધુઓએ તેની સર્વ હકીકતને સાંભળી લીધા બાદ, 'રાજવલ્લભ છે અને માતા આદિથી મુક્ત કરાયેલો નથી.' -એમ જાણીને, તેને દીક્ષા આપવાની ના પડી.

સાધુઓએ દીક્ષા આપવાની ના પાડવાથી, સહસ્ત્રમલ્લ તરીકે પણ ઓળખાતા' તે શિવભૂતિએ, સ્વયમેવ લોચ કરી નાંખ્યો. આથી -'નગુરા બનવાની પરમ્પરા ન ચાલે.' -એ હેતુથી, એ સાધુઓએ તેને વેશ આપીને ગ્રહણ કર્યો અને બીજે જ દિવસે સૌએ ત્યાંથી વિહાર કર્યો.

### પતનને માર્ગે :

કાલાન્તરે મહાત્માઓ તે 'શિવભૂતિ' સાધુને પણ સાથે લઈને પુનઃ તે જ નગરમાં પધાર્યા. રાજાને માલૂમ પડ્યું કે -'દીક્ષિત થયેલ શિવભૂતિ આવેલ છે.' તેથી રાજાએ તેનું સન્માન કર્યુ અને તેને એક બહુમૂલ્ય રત્નકમ્બલ આપ્યું. એવું કિંમતી રત્નકમ્બલ, સાધુઓએ નહિ લેવા લાયક હોવા છતાં પણ, તેને મુનિવેષમાં રહેલા તે શિવભૂતિએ ગ્રહણ કર્યું.

સમુદાયના માલિક શ્રી આર્યકૃષ્ણ નામના આચાર્ય ભગવાને શિવભૂતિને કહ્યું કે- 'આવું મૂલ્યવાન વસ્ત્ર સાધુઓને કલ્પે નહિ : વળી આવું રત્નકમ્બલ જેવું કિંમતી વસ્ત્ર તો માર્ગાદિમાં પણ અનેક અનર્થોનું કારણ બને છે, માટે તે રાખવું એ સાધુઓને માટે યોગ્ય નથી.'

આના ઉત્તરમાં શિવભૂતિએ માત્ર એટલું જ કહ્યું કે- 'રાજાની દાક્ષિણ્યતાથી લીધું છે.

'આ વાત ગુરૂને પસંદ નથી પડી.' -એમ જાણવા છતાં પણ, શિવભૂતિએ તે રાખ્યું. પછી તે રત્નકમ્બલ ઉપર મોહ થઈ જવાથી, શિવભૂતિ તે રત્નકમ્બલને વાપરતો નહોતો પણ સાચવીને રાખતો હતો અને રોજ તેની સારસંભાળ કરતો હતો.

## શિવભૂતિએ કષાયાધીન બનવું :

પરમ તારક આચાર્ય મહારાજાએ જાણ્યું કે- 'શિવભૂતિ આના પર મૂર્ચ્છિત થયો છે.' આથી એકવાર અવસર પામીને, શિવભૂતિની મૂર્ચ્છાના સાધન રૂપ બનેલ તે રત્નકમ્બલના તે ઉપકારી આચાર્ય મહારાજાએ ટુકડા કરી નાંખ્યા અને સામાન્ય ઉપયોગમાં લઈ લેવાને માટે તે ટુકડાઓ તેઓએ સાધુઓને આપી દીધા. આ વાત બહારથી આવ્યા પછી શિવભૂતિએ જાણી તો ખરી, પણ તે વખતે તો તે કાંઈજ બોલી શકયો નહિ. નહિ બોલવા છતાં પણ, હૃદયથી તે ખૂબ જ કષાયયુક્ત બન્યો અને તેના હૈયામાં ડંખ રહી ગયો.

## કોપને વ્યકત કરવાનો પ્રસંગ :

આવી કષાયયુકત અવસ્થામાં તે જીવનને પસાર કરી રહ્યો હતો. એવામાં એક પ્રસંગ એવો બન્યો, કે જે પ્રસંગને શિવભૂતિએ પોતાના કોપને વ્યકત કરવાને માટે અનુકૂળ બનાવી લીધો. બન્યું

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એવું કે-એકવાર પરમ તારક શ્રી આચાર્ય મહારાજાએ પ્રસંગ પામીને ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ કલ્યાણકામી આત્માઓને માટે પ્રરૂપેલા પાંચ કલ્પો પૈકીના શ્રી જિનકલ્પનું વર્ણન કરવા માંડયું.

આ શ્રી જિનકલ્પનો સ્વીકાર, આજ્ઞા મુજબ સ્થવિરકલ્પના સેવનદ્વારા જ થઈ શકે છે. શ્રી જિનકલ્પમાં શ્રી જિનેશ્વરદેવોના જેવું, પણ શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબનું જ ઉત્કટ અને નિરપવાદ સંયમજીવન જીવવાનું હોય છે. સ્થવિરકલ્પમાં ગુરૂકુળમાં વસી, સૂત્ર-અર્થના અમુક હદ સુધીના જ્ઞાતા બન્યા વિના અને સંયમજીવનના ઉત્તમ અભ્યાસથી અમુક તાકાતને મેળવ્યા વિના, શ્રી જિનકલ્પને અનુસારે જીવવાની લાયકાત આવતી નથી.

સાધુઓ સમક્ષ શ્રી જિનકલ્પનું વર્ણન કરતાં, ઉપકારી આચાર્ય ભગવાને એ વાતનું પણ વર્ણન કર્યું કે-'એ મહાત્માઓમાં કોઈ એવા પણ મહાત્માઓ હોય છે. કે જેઓ માત્ર રજોહરણ અને મુખવસ્ત્રિકા સિવાયની બીજી કોઈ પણ વસ્તુ પોતાની પાસે રાખતા નથી.'

આ વિષયને અંગે, એ વાત પણ ધ્યાનમાં રાખી લેવાની ખાસ જરૂર છે કે-માત્ર રજોહરણ અને મુખવસ્ત્રિકા-એ બે જ વસ્તુઓને રાખીને વિચરવા માટેની આજ્ઞા તો તેઓને જ છે, કે જેઓ લબ્ધિસંપન્ન અને અતિશયસંપન્ન હોય. હાથમાં ગમે તેટલું સમાવી લેવાની લબ્ધિ વિનાનાઓને માટે પાત્રત્યાગની અને અતિશયહીનોને માટે વસ્ત્રત્યાગની આજ્ઞા નથી.' સામાન્ય રીતિએ સઘાળાય

શ્રી જિનકલ્પને સ્વીકારનારાઓમાં અમુક અમુક તાકાત તો હોવી જ જોઈએ છે. છ માસ સુધી ભિક્ષા ન મળે તો પણ તેઓ ગ્લાનિ વિના બધું સહન કરી શકે, એવાં હોવા જોઈએ. સર્વથા દોષ વિનાનું જીવન જીવનારા એ મહાત્માઓને માટે એવા પ્રસંગો પણ આવવાનો સંભવ રહે છે. શ્રી જિનકલ્પનો સ્વીકાર કરનારા આત્માઓમાં, હંમેશને માટે, અહોરાત્રિના આઠ પ્રહરમાંથી સાત પ્રહર જેટલો સમય, માત્ર ધ્યાનમાં જ ઉભા રહેવાનું સામર્થ્ય હોવું જોઈએ છે. આહાર, નિહાર અને વિહાર આદિની ક્રિયા તેઓને માત્ર ત્રીજા એક પ્રહરમાં જ પતાવી લેવાની હોય છે. આહારની જરૂર હોય તો ધ્યાન છોડીને ત્રીજા પ્રહરે નીકળે અને એ જ પ્રહરમાં તે મહાત્માઓને આહાર, નિહાર અને વિહારની સઘળીય ક્રિયા પતાવી દેવાની હોય છે. જ્યાં ચોથો પ્રહર લાગે ત્યાં જ ધ્યાનમગ્ન બનીને એ મહાત્માઓને ધ્યાનસ્થપણે ઉભા રહેવાનું હોય છે. આ કલ્પને સ્વીકારનારા મહર્ષિઓ ઓછામાં ઓછા નવમા પૂર્વની ત્રીજી વસ્તુ સુધીના જ્ઞાતા તો હોવા જ જોઈએ. નવમા પૂર્વની 'આચાર' નામની ત્રીજી વસ્તુથી માંડીને દશ પૂર્વની અંદરનું જ્ઞાન ધરાવનાર મહર્ષિઓ જ આ કલ્પનો સ્વીકાર કરી શકે છે. નવમા પૂર્વની ત્રીજી વસ્તુથી ઓછું જ્ઞાન ધરાવનારાઓને માટે અગર તો સંપૂર્ણ દશ પૂર્વનું કે તેથી અધિક જ્ઞાન ધરાવનારાઓને માટે પણ, શ્રી જિનકલ્પને સ્વીકારવાની આજ્ઞા નથી. આ આજ્ઞાની અવગણના કરીને જેઓ શ્રી જિનકલ્પના સ્વીકારનો ડોળ કરે છે, તેઓ આરાધક બની શકતા નથી પણ વિરાધક જ બની જાય છે અને એથી તેઓ ઘોર સંસારમાં રૂલે છે.

## શ્રી જિનકલ્પ સ્વીકારવાનો વર્તમાનકાળે નિષેધ કેમ ?

આ પંચમ કાળમાં, અહીંથી સીધા મુક્તિએ પહોંચી જવાય એવી અનુપમ પ્રકારની સાધના કરવા જોગી સામગ્રી નથી, એ વાત તો શ્વેતામ્બર અને દિગંબર સૌને મંજુર છે. શક્તિ અને સંઘયણ આદિ સામગ્રીના અભાવે જેમ અત્યારે આ ક્ષેત્રમાંથી સીધું મુક્તિગમન નથી, એ જ રીતિએ શ્રી જિનકલ્પને માટે જે જાતિની સામગ્રી જોઈએ. તે જાતિની સામગ્રી પણ આજે આ ક્ષેત્રમાં વિદ્યમાન નથી. વસ્ત્રરહિત બનવા માટે જરૂરી અતિશય અને પાત્રરહિત બનવા માટે જોઈતી લબ્ધિ વિના, તેવા બનવાનો આગ્રહ ધરવો, એ સાધક નથી પણ એકાંતે બાધક છે. આ શ્રી જિનકલ્પમાં કઠિન કર્મોને પણ ખપાવવાને માટે અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબનું શ્રી જિનના જેવું પ્રવર્તન કરાય છે, પણ તે માટેની સામગ્રી આદિનો વર્તમાનકાળે આ ક્ષેત્રમાં અભાવ છે અને એથી આ ક્ષેત્રમાં વર્તમાનકાળે કોઈ પણ આરાધક આત્માને શ્રી જિનકલ્પનો સ્વીકાર કરવાની આજ્ઞા નથી.

### શ્વેતામ્બર-દિગંબર ભેદ પડવાનું કારણ :

શ્રી જિનકલ્પને અંગે આવા પ્રકારનું વિધાન હોવા છતાં પણ, કમ્બલરત્નના નાશના નિમિત્તે કષાયયુક્ત બનેલા તે શિવભૂતિએ, શ્રી જિનકલ્પના નિરૂપણના તે પ્રસંગને, પોતાના કષાયને સફળ કરવાના સાધન રૂપ બનાવી દીધો !

ખરેખર, કષાયની આધીનતા એ બહુ જ કારમી વસ્તુ છે. ભલભલાને પણ તે અધોગતિમાં ઘસડી જાય છે.

કષાયની આધીનતાના યોગે હૃદયમાં પ્રગટેલી દુર્વૃત્તીથી તે શિવભૂતિએ પરમ ઉપકારી આચાર્ય મહારાજને પૂછ્યું કે- 'આજે કલ્પને કેમ આચરવામાં આવતો નથી ?

શિવભૂતિના આ પ્રશ્નની સામે, પરમોપકારી આચાર્યભગવાને ફરમાવ્યું કે- 'ભગવાન શ્રી જમ્બૂસ્વામિજી, કે જે છેલ્લા કેવલજ્ઞાની થયા છે, તેઓ મોક્ષે પધાર્યા ત્યારથી જ, જેમ આ કાળ માં કેવલજ્ઞાન આદિ વસ્તુઓનો વિચ્છેદ થયો છે, તેમ આ શ્રી જિનકલ્પનો પણ વિચ્છેદ થયો છે : અને સંઘયણ આદિનો અભાવ હોવાથી વર્તમાનમાં શ્રી જિનકલ્પને આચરવો એ શકય પણ નથી.'

પરમ ઉપકારી શ્રી આચાર્ય મહારાજાએ આ પ્રમાણે સ્પષ્ટપણે કહેવા છતાં પણ શિવભૂતિએ તો કષાયના યોગે આગ્રહમાં આવી જઈને કહી દીધું કે- 'શ્રી જિનેશ્વરદેવના શિષ્યોએ સઘળુંય શ્રી જિનેશ્વરદેવની માફક જ કરવું જોઈએ.'

પરમ તારક શ્રી આચાર્યમહારાજાએ ઘણું ઘણું સમજાવવા છતાં પણ, શિવભૂતિએ તેઓની તદ્દન યથાર્થ પણ વાત માન્ય રાખી નહિ અને નગ્ન થઈને તે ચાલી નીકળ્યો એના પરિણામે દિગમ્બર મત ઉત્પન્ન થયો અને ત્યારથી શ્રી જૈન સંઘ તરીકે ઓળખાતા વર્ગમાં શ્વેતામ્બર-દિગમ્બર એવો ભેદ પડયો.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## અનુકરણ અને આજ્ઞાપાલન :

આ પ્રસંગે તમારે એ પણ જાણી લેવું જરૂરી છે કે-'શ્રી જિનેશ્વરદેવનું અનુકરણ જ કહી શકાય એવી રીતિએ સંપૂર્ણપણે વર્તવું, એ શ્રી જિનેશ્વરદેવના આત્માઓ સિવાયના આત્માઓને માટે શકય જ નથી.' દીક્ષા, લોચ અને દાન, શીલ, તપ તથા ભાવ આદિ ધર્મોનું એ તારકોએ પાલન કરેલું અને આપણે પણ શક્તિ મુજબ તે તે ધર્મોનું પાલન કરીએ છીએ, પણ આપણે જે ધર્મપાલન કરીએ છીએ તે અગર આપણે જે ધર્મપાલન કરવાનું છે તે, તે તારકોની આજ્ઞા મુજબનું જ હોવાથી, તે આજ્ઞાપાલનના વિધાનમાં જ આવી જાય છે. આમ છતાં પણ, એ આજ્ઞા મુજબના ધર્મપાલનને એ તારકના આંશિક અનુકરણ તરીકે માની લેવું એ જુદી વાત છે : પણ આજ્ઞાની પરવા કર્યા વિના એ તારકના અનુકરણની લતમાં પડવું એ તો પરમ તારક શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાના વિરાધક બનીને આપણા હાથે જ આપણો ઈરાદાપૂર્વક નાશ નોંતરવા જેવું છે.

## શ્રી અરિહન્તદેવો :

અનન્ત ઉપકારી શ્રી જિનેશ્વરદેવો, એ આ જગતના અજોડ આત્માઓ છે, એમ કહેવું તે સર્વથા યથાર્થ જ છે. શ્રી અરિહંતપણાને પામીને મોક્ષમાં જવાની લાયકાત અને એના યોગે બીજી પણ અનેક પ્રકારની ઉત્તમતાઓ, એ આત્માઓની અજોડ જ હોય છે.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એ પરમ તારકના આત્માઓ, જે ભવમાં શ્રી ભાવતીર્થંકર થાય છે, તેના ત્રીજા ભવમાં તે પુણ્યાત્માઓ ભાવદયામાં એટલા બધા મગ્ન થઈ જાય છે કે-એના યોગે, શ્રી જિનેશ્વરદેવનું શાસન મોજૂદ હોવા છતાં પણ જગતના જીવો વિષયની પરવશતાથી સંસારમાં ભટકે છે, એ તે પુણ્યાત્માઓને બહુ જ ખટકે છે : અને એથી- 'બધાને પ્રભુશાસનના રસિક બનાવીને સંસાર ભ્રમણામાંથી છોડાવી દઉં.'-આવી ઉત્કટ ભાવદયાથી ઉભરાતી ભાવનામાં તે પુણ્યાત્માઓ એકતાન બની જાય છે. એ ભાવનાના પ્રતાપે - 'શ્રી તીર્થંકરનામકર્મ'-નામની મહા પુણ્યપ્રકૃતિનો નિકાચિત બંધ થાય છે.

એ સર્વોત્તમ કોટિના પુણ્યના ખીલતા જતા ઉદય વખતે એ પુણ્યાત્માઓ મહાશક્તિસંપન્ન બની જાય છે. એ પુણ્યાત્માઓનો, શ્રી અરિહંત થવાના ભવમાં, રાજકુટુંબમાં જ જન્મ થાય છે. એ પુણ્યાત્માઓની પુર્વકાલની આરાધના એટલી તીવ્ર હોય છે કે-એ પુણ્યાત્માઓ નિર્મળ મતિજ્ઞાન, નિર્મળ શ્રુતજ્ઞાન અને અતીદ્રિંય રૂપી પદાર્થોને પણ મર્યાદામાં પ્રકાશિત કરતું નિર્મળ અવધિજ્ઞાન-એમ ત્રણ જ્ઞાન સાથે લઈને જ અન્તિમ ભવમાં આવે છે. જન્મતાં પણ ચાર અતિશયો એ પુણ્યાત્માઓના અજોડ હોય છે. શ્રી તીર્થંકરદેવના આત્માઓની આ જાતીની અતિશયસંપન્નતા આદિમાં તો દિગમ્બરોનો પણ વિવાદ નથી.

આવી અનેક ઉત્તમતાઓના પ્રતાપે, એ તારકોને જગદ્ગુરૂ મનાય છે. 'શ્રી તીર્થંકરદેવના ભવમાં

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એ પુણ્યાત્માઓ ભોગ ભોગવે અને રાજ્ય પણ કરે, તોય તે કેવળ પોતાના પૂર્વકર્મને ખપાવવાને માટે જ કરે.' એથી એ વાત પણ સ્પષ્ટ થઈ જાય છે કે- 'એ તારકો જાગૃત હોઈને સંસારની પ્રત્યેક પ્રવૃત્તિમાં અંતરથી નિર્લેપ જ હોય છે.' આ વાતમાં પણ વસ્તુતઃ કોઈનો મતભેદ હોઈ શકે જ નહિ. તે તારકોની સાંસારિક પ્રવૃત્તિઓ પણ વિવેકશૂન્ય હોઈ શકતી જ નથી : આથી તે તારકોના અન્તિમ ભવમાં એવી એક પણ કરણી હોતી નથી, કે જે કરણીને કોઈ પણ સમજુ માણસ અનુચિત કરણી તરીકે ઓળખી કે ઓળખાવી શકે.

આ રીતિએ જ્ઞાનપ્રધાન જીવનને જીવતા એ પુણ્યાત્માઓના જીવનને અંગે, મોહોદયની આધીનતાની કે અનુચિતતા આદિની કલ્પના કરવી, એ પણ શ્રી જિનશાસનમાં મહાપાપ મનાય છે. એ તારકો જેવું જ બધું કરવાની તાકાત તો એ તારકો સિવાયના અન્ય કોઈમાં પણ હોતી જ નથી.

એ તારકોના આત્માઓને માટે સંયમનો અવસર આવવાનો જાણીને લોકાંતિક દેવો-'હે નાથ ! જગતનો ઉધ્ધાર કરવા ધર્મતીર્થને પ્રવર્તાવો !' -એવી પ્રાર્થના કરે છે. ત્યાર બાદ સૂર્યોદયથી ભોજનનો સમય થાય ત્યાં સુધી, 'જેને જે જોઈએ તે માગો !' -એવી ઉદ્‌ઘોષણા પૂર્વક દાન દેવાની એ તારકો શરૂઆત કરે છે. આ પ્રકારે એક વર્ષ સુધી દાન દઈને, એ તારકો દીક્ષિત થવા માટે તૈયાર થાય છે. તે વખતે પણ ઈન્દ્રાદિ તે તારકની દીક્ષાનો મહોત્સવ કરે છે. એ કરવામાં આવતા મહોત્સવપૂર્વક

ઉદ્યાનમાં જઈને તે તારકો સ્વયં દીક્ષા અંગીકાર કરે છે. ઈન્દ્ર એ તારકના સ્કન્ધ ઉપર દેવદુષ્ય સ્થાપે છે.

દીક્ષિત થતાંની સાથે જ એ તારકોને ચોથું 'મનઃપર્યવ' નામનું જ્ઞાન પ્રગટ થાય છે. એ તારકોના શરીરમાંથી એવો તેજઃપુંજ પ્રગટયા કરતો હોય છે અગર પ્રગટેલો હોય છે, કે જેથી એ તારકો વસ્તુતઃ વસ્ત્રહીન હોવા છતાં પણ- 'તેઓ વસ્ત્રરહિત છે.' -એમ ચર્મચક્ષુવાળાઓને જોતાં જ લાગતું નથી.

દીક્ષા બાદ અને કેવળજ્ઞાન થયા પહેલાં, તે તારકો પ્રાયઃ નથી તો કોઈને ઉપદેશ દેતા, નથી તો ખાસ બોલતા કે નથી તો જમીન પર બેસતા ! મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન-એ ચાર જ્ઞાન હોવા છતાં પણ જ્ઞાનની એ પરિપૂર્ણ દશા નથી. સર્વ જીવો અને સર્વ અજીવોનું ત્રણે કાળનું સંપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ દર્શન સમયે સમયે કરાવનાર કેવળજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી ઉપયોગથી ચ્યુત થવાનો પૂરો સંભવ છે. એટલા માટે તેઓ પ્રાયઃ મૌન સ્વીકારી, નથી તો ધર્મોપદેશ આપતા કે નથી તો કોઈને દીક્ષિત કરતા. એ વખતે તો એ તારકો એક જ કાર્ય વિશિષ્ટપણે કરે છે અને તે આત્મસાધનાનું ! એટલા જ માટે તે તારકો કેવળજ્ઞાન ન પ્રગટે ત્યાં સુધી જમીન ઉપર બેસતા પણ નથી. એ તારકોનું સંયમ પણ અજોડ સંયમ કહેવાય છે.

ભગવાન શ્રી ઋષભદેવસ્વામિજીને દીક્ષા અંગીકાર કર્યા પછી ૧૦૦૦ વર્ષે અને ભગવાન

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી
પ્રત-૩જી

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

શ્રી મહાવીરદેવને દીક્ષા અંગીકાર કર્યા પછી ૧૨ાા વર્ષ અને પંદર દિવસે કેવળજ્ઞાન થયું છે. એટલા કાળ સુધી ચાહે તેટલા ઉપસર્ગો આવે, ચાહે તેટલા પરીષહો આવે અને ચાહે તેટલી તકલીફો આવે, તે સર્વને તે તારકો ઉત્તમ ધૈર્ય આદિથી સહન કરે છે ભગવાન શ્રી ઋષભદેવ તો જગતના પિતામહ હતા. એ તારક ભિક્ષાએ જતા, પણ ભિક્ષા દેવાના વિધિને નહિ જાણનારા લોકો, એ તારકોને હાથી, ઘોડા, કન્યા, હીરા, માણેક, પન્ના આદિ આપવાને તૈયાર થતા. ભગવાન તો એને લીધા વિના જ ચાલ્યા જતા એટલે લોકો દુઃખી થઈ જતા, પણ ભગવાન બોલતા નહોતા. એ હાલતમાં એક દિનં નહિ પણ ૧૩-૧૩ મહિનાથી પણ અધિક જેટલા દીર્ઘકાળ પર્યન્ત પ્રસન્નતાપૂર્વક આહાર કે પાણી વિના સંયમનિર્વાહ કરવાની તાકાત તે તારક ધરાવતા હતાં આ રીતિએ છદ્મસ્થકાળમાં અનેક પ્રકારનાં કષ્ટોને સહન કરીને પણ એ તારકોના આત્માઓ કેવળજ્ઞાનને પ્રગટાવે છે.

એટલા સમય સુધીમાં એ પરમ તારકની નિદ્રાનો કાળ પણ શાસ્ત્રકારોએ ગણાવ્યો છે. ૧૦૦૦ વર્ષોમાં ભગવાન શ્રી ઋષભદેવની નિદ્રા છૂટક છૂટક આવી ગયેલી એકઠી કરવામાં આવે, તો તેનો કાળ એક અહોરાત્રિથી અધિક નહિ, એટલી જાગૃત અવસ્થા એ મહાપુરૂષો કેવળજ્ઞાન ન પ્રગટે ત્યાં સુધી ભોગવે છે. કેવળજ્ઞાન પામ્યા બાદ તો ઘાતી કર્મોનો ક્ષય થવાથી નિદ્રા હોતી જ નથી. ભગવાન શ્રી મહાવીરદેવનો ૧૨ાા વર્ષ અને પંદર દિવસનો છદ્મસ્થ દીક્ષાપર્યાય, પણ તેમાં નિદ્રાકાળ એક

મુહૂર્ત ! એ રીતિએ શરીરને બિલકુલ આરામ નહિ આપતા એ મહાપુરૂષો, સર્વ ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાનને પ્રગટ કરે છે.

### આજ્ઞા એ જ ધર્મ :

આવું ઉત્કટ સંયમપાલન શરૂથી કેવલજ્ઞાન પ્રગટ કરવા સુધી બીજાઓ માટે શકય નથી. એટલા માટે એ તારકની આજ્ઞા એ જ ધર્મ છે, એમ સમજીને વર્તવાનું જ ઉપકારી મહાપુરૂષો ફરમાવે છે. 'એ તારકે શું કર્યુ ?' -એ વસ્તુ, આજ્ઞાહીનપણે અનુકરણ કરવાને માટે જોવાની હોય જ નહિ, આથી સ્પષ્ટ છે કે- 'માત્ર એ તારકે જે માર્ગ બતાવ્યો તેનો અમલ કરવામાં સઘળીય શક્તિ અને સામગ્રી ખર્ચવામાં અપ્રમત્ત બનવાનો પ્રયત્ન કર્યા કરવો, એ જ કલ્યાણનો વાસ્તવિક માર્ગ છે.'

### દુરાગ્રહથી થતી દુર્દશા :

વસ્તુસ્થિતિ આવી હોવા છતાં પણ એક કમ્બલરત્નના નાશના નિમિત્તથી કષાયયુક્ત બનેલા શિવભૂતિએ-શ્રી જિનેશ્વરદેવના શિષ્યોએ શ્રી જિનેશ્વરદેવે કર્યુ એજ કરવું જોઈએ.' -એવા દુરાગ્રહમાં પડી જઈને, વસ્ત્રપાત્રરહિતપણું સ્વીકારવા દ્વારા દિગમ્બર મત ઉભો કર્યો. ખરેખર, દુરાગ્રહે ચઢનારા આત્માઓ, ગમે તેવા જ્ઞાની કે સમર્થ ગણાતા હોય તો પણ, અનંત ઉપકારિઓની આજ્ઞાને ધ્યાનમાં નહિ લેવાના કારણે, ઘણી જ વિપરીત સ્થિતિ પોતાને માટે તેમ જ તેવાઓના વિશ્વાસમાં રહેનારાઓને

માટે ઉભી કરી દે છે. 'વસ્ત્ર-પાત્રથી રહિત બનવું જોઈએ.' -એ વાતને પકડનારે વસ્ત્રરહિત બનવા માટે કેવો અતિશય જોઈએ અને પાત્રરહિત બનવા માટે કેવી લબ્ધિ જોઈએ, એનો વિચાર કર્યો હોત, તો આજે જે વિષમ પરિસ્થિતિ ઉભી થઈ છે તે ઉભી થવા પામત નહિ, પણ થાય શું ? વસ્ત્રરહિત નિર્ગ્રંથ થવા ઈચ્છનારાએ વસ્ત્રરહિત નહિ દેખાવા જોગો અતિશય પ્રાપ્ત કરવો જોઈએ અને પાત્રરહિત નિર્ગ્રંથ થવા ઈચ્છનારે અંજલિમાં સાગરના સાગર સમાવવા જેવી લબ્ધિ મેળવવી જોઈએ. એ સિવાય વસ્ત્ર-પાત્રરહિતપણાને સ્વીકારનારાઓ તો વિરાધક જ બને.

સ૦ આ વાત અક્કલમાં આવે એવી નથી.

અક્કલમાં આવે એ અતિશય નહિ. અતિશય એનું જ નામ કે-સામાન્ય માણસને અજાયબી પેદા કરનાર ગુણ. લોકાલોકને પ્રકાશિત કરનાર કેવળજ્ઞાન માનનારને મન આ કોઈ મોટો ગુણ નથી.

## વિવેકી બની કલ્યાણ સાધો :

અસ્તુ ! પણ આ બધી વસ્તુઓનો વિચાર કષાયની આધીનતાએ શિવભૂતિને ન કરવા દીધો અને એના પરિણામે- 'શ્રી જિનેશ્વરદેવોએ કર્યું એ જ કરવું.' -એવા આગ્રહના યોગે, એ પરમ તારકની આજ્ઞાને દૂર રાખીને, તેણે એવો જ મત જાહેર કર્યો કે- જિનેશ્વરદેવના સાધુઓ વસ્ત્ર-પાત્રથી રહિત જ હોવા જોઈએ.' આટલાથી તમે સૌ સમજી શક્યા હશો કે-શ્રી શ્વેતામ્બર અને દિગમ્બર એવો ભેદ

કેમ પડયો ?' વિચાર કરનારને આ જ વાત યુક્તિસંગત લાગે તેમ છે, પણ આજે નિષ્પક્ષપાતપણે વિચાર કરનારો વર્ગ ઘણો ઓછો છે અને આગ્રહમાં પડયા પછી વિચાર કરીને સાચા-ખોટાનો નિર્ણય કરવાની વૃત્તિ કોઈ વિરલ જ ધરાવી શકે છે. જે માનવી વિવેકના યોગે મુકિત પામી શકે છે, તે જ માનવી અવિવેકી થવાથી સંસારમાં ભટકે છે. આ વિષયમાં પણ સૌ અવિવેકથી મુક્ત થાઓ, સુવિવેકી બનો અને આત્માનું કલ્યાણ સાધનારા બનો, આવી આશા રાખવા સિવાય કશું જ શકય જણાતું નથી.

## એક ખોટું બધાને ખોટું બનાવે છે

'શ્વેતામ્બર-દિગમ્બર એવો ભેદ કેમ ઉત્પન્ન થયો' - આ વિચાર્યા પછી, હવે આપણે- 'એ બેની વચ્ચે મહત્ત્વના મતભેદો કયા કયા છે ?' - આ પ્રશ્ન વિચારીએ. 'એક ખોટી માન્યતા લગભગ બધુંજ ખોટું બનાવી દે છે. -એ સમજાવવાની જરૂર હું જોતો નથી : કારણ કે- સામાન્ય અક્કલવાળાને પણ તે વિચારક બને તો એ વાત સમજાયા વિના રહે તેમ નથી. આટલા કથન ઉપરથી તમે સમજી શકશો કે- શ્વેતામ્બર અને દિગમ્બર વચ્ચે થોડા મતભેદો છે એમ નથી. છતાંય માત્ર અમુક જ મતભેદો અહીં આપણે રજૂ કરીશું.

## પ્રભુશાસનનું નિર્ગ્રન્થપણું મોજૂદ હોવાનું કારણ :

દિગમ્બરોએ સંસારનો પરિત્યાગ કરવા સાથે વસ્ત્ર-પાત્રના પણ ત્યાગી બનીને નગ્ન બનવામાં

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

જ સાધુપણું માન્યું. આમ માનવાથી, તેઓમાં નિર્ગ્રંથપણાની માત્ર વાત રહી ગઈ, પણ નિર્ગ્રન્થો રહેવા ન પામ્યા. મહામોહના સાધન શરીરને સાથે રાખનાર અને તે માટે આહાર, પાણી અને વસતિ આદિનો સ્વીકાર કરનારાઓએ સંયમસાધક ધર્મોપકરણોનો નિષેધ કરવાનો જ આગ્રહ ધર્યો, એના પરિણામે સાચી નિર્ગ્રન્થ સંસ્થા તેમને માટે નષ્ટ થઈ. શ્રી શ્વેતામ્બરોની માન્યતા કોઈ નવીન નથી, પણ અવિચ્છિન્નપણે ચાલ્યા આવતા પ્રભુ શ્રી મહાવીરદેવના શાસનની માન્યતા એ શ્રી શ્વેતામ્બરોની માન્યતા છે. આથી એમ કહેવાય કે-પ્રભુ શ્રી મહાવીરદેવના શાસનની કહો કે શ્રી શ્વેતામ્બરોની કહો, એવી માન્યતા છે કે- ‘સંયમની સાધના માટે અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ વિહિત કરેલ વસ્ત્ર-પાત્ર આદિ રૂપ ધર્મોપકરણો સાથે નિર્ગ્રન્થપણાને કશો જ વિરોધ નથી.’ એ ધર્મોપકરણો ઉપર પણ મૂર્ચ્છા હોય તો એ પણ પરિગ્રહ છે. બાકી શરીરને સદાય સાથે રાખવા છતાં અને એની રક્ષા માટે આહાર પાણી આદિ અનેક વસ્તુઓ મેળવવા આદિનો પ્રયત્ન કરવાં છતાં, તે બધું આજ્ઞાવર્તી નિર્ગ્રન્થોને માટે જેમ પરિગ્રહ રૂપ બની નિર્ગ્રન્થપણામાં બાધક નથી બનતું, તે જ રીતિએ કેવલ સંયમસાધનાના જ હેતુથી આજ્ઞા મુજબનાં રાખવામાં આવતાં ધર્મોપકરણો પણ નિર્ગ્રન્થપણાને બાધક નથી બનતા ! એટલું જ નહિ પણ સાધક જ બને છે ! આવી આજ્ઞા મુજબની માન્યતાને પ્રતાપે જ, પ્રભુશાસનનું નિર્ગ્રન્થપણું શ્રી શ્વેતામ્બર સંઘમાં આજ પણ અવિચ્છિન્નપણે વહન થઈ રહ્યું છે.

**એક મતભેદના યોગે ઉત્પન્ન થયેલા અનેક મતભેદો :**

આવો એક નિર્ગ્રંથપણાનો નાશક મતભેદ ઉભો કરવાથી, દિગમ્બર સમ્પ્રદાયને શ્રી જિનાગમોનો પણ સર્વથા વિચ્છેદ માનવો પડયો. એટલે તેમને પોતાનું શાસન પોતાના કેટલાંક આચાર્યોના ગ્રંથોને આધારે ચલાવવું પડે છે. આથી તમે સમજી શકશો કે-

૧ પહેલો મતભેદ તો એજ છે કે-પ્રબળ મોહના સાધનભૂત શરીરને સદાય માટે રાખવા છતાં અને તે શરીરની રક્ષા માટે આહાર-પાણી આદિનો યથેચ્છ ઉપયોગ કરવો એમાં પરિગ્રહપણું ન માનવું, પણ અનંતજ્ઞાનિઓની આજ્ઞા મુજબનાં ધર્મોપકરણો રાખી સઘળુંય આજ્ઞા મુજબ કરવું એમાં પરિગ્રહ માનવો.

૨ અને બીજો મતભેદ એ છે કે-ચાલ્યાં આવતાં શ્રી જિનાગમોને નહિ માનતાં, પોતાના આચાર્યોના ગ્રંથોથી શાસન ચલાવી લેવાનું માની લેવું.

દુરાગ્રહના યોગે વિહિત વસ્ત્ર-પાત્ર આદિ રાખવાનો નિષેધ કરવાની વૃત્તિથી, વિદ્યમાન શ્રી જિનાગમોનો નિષેધ કરવાની હદે દિગંબરોને જવું પડયું. આ કારણે, શ્રી શ્વેતાંબરો જ્યારે વિદ્યમાન શ્રી જિનાગમોના આધારે ચાલવાનો પ્રયત્ન કરે છે, ત્યારે દિગંબરોને પોતાના કેટલાક આચાર્યગ્રન્થોના આધારે જ ચાલવાનું રાખવું પડયું છે. 'જેનો ધર્મ માનીએ છીએ એમ કહીએ, તેનાં

જ આગમોને નહિ માનવાં અને તે વિનાના ધર્મને પણ તે ધર્મ તરીકે માનવો.' -એ ઘણી જ અસંગત વાત હોવા છતાં પણ, 'જ્યાં વસ્ત્રપાત્ર ત્યાં નિર્ગંથપણું હોય જ નહિ.' એ માન્યતાના યોગે, દિગંબર સંપ્રદાયને વિદ્યમાન શ્રી જિનાગમોની હયાતિનો ઈન્કાર કરવો પડયો.

સંયમની સાધના માટે અનંતજ્ઞાનિઓએ વિહિત કરેલ વસ્ત્ર-પાત્ર આદિ સાથે નિર્ગ્રંથપણાનો વિરોધ ઉભો કરવાથી, માત્ર એક શ્રી જિનાગમોનો જ પરિત્યાગ કરવો પડયો છે એમ પણ નથી. સ્ત્રીમુક્તિનો પણ તેઓને નિષેધ કરવો પડયો છે.

આ ઉપરથી તમે સમજી શકશો કે-મુખ્ય મતભેદ 'વિહિત વસ્ત્રપાત્ર આદિ રાખવાથી પણ નિર્ગ્રંથપણું નષ્ટ થાય છે.' -એવી ખોટી માન્યતા છે અને એ મતભેદના પ્રતાપે એ મતભેદ ઉભો કરનારને અનેક વિચિત્ર માન્યતાઓ સ્વીકારવી પડી છે. મતભેદને અંગે ચોરાશી વાતો તો એક મહાપુરૂષે લખી છે, પણ આપણે અહીં બધી વાતોની ચર્ચા કરી શકીએ એટલો સમય અત્યારે નથી: એટલે કહેલી ત્રણ વાતોની ટૂંકી ચર્ચા અને ચોથી વાતની માત્ર સૂચના કરીને આપણે અત્યારનું વ્યાખ્યાન પૂર્ણ કરીશું.

**કેવળ વસ્ત્રાદિસહિતતા કે વસ્ત્રાદિરહિતતા ઉપર જ સાધુતા નિર્ભર નથી :**

'સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા.' -આ ચાર પ્રકારનો શ્રી સંઘ ભગવાને સ્થાપ્યો છે. એમાં

સાધુતા સર્વ સંગનો ત્યાગ થાય તો જ આવે છે. 'સાધુ થવા માટે ઘર, કુટુંબ, પરિવાર, રાજઋદ્ધિ વગેરેનો ત્યાગ કરાય, તેમ વસ્ત્ર આદિનો પણ ત્યાગ કરાય તો જ સાધુપણું આવી શકે છે. -એવી દિગમ્બર સંપ્રદાયની દ્રઢ માન્યતા છે. વસ્ત્ર આદિ એ રાગનું કારણ છે તેથી વસ્ત્ર આદિના યોગમાં સાધુતા હોઈ શકતી નથી, એમ દિગમ્બરોનું કહેવું છે. આની સામે, વિદ્યમાન શ્રી જિનગમોની આજ્ઞાને અનુસરીને જ ચાલવાનો પ્રયત્ન કરતા શ્રી શ્વેતામ્બર સંપ્રદાયની માન્યતા એવી છે કે-કેવળ વસ્ત્ર આદિના સહિતપણા-રહિતપણા ઉપર જ સાધુતા નિર્ભર છે એમ નથી. વસ્ત્ર આદિ હોય કે ન હોય, તો પણ શ્રી જિનાજ્ઞાનુસાર સંસારનો ત્યાગ કરીને મહાવ્રતોનું પાલન કરવામાં તત્પર બનેલા આત્માઓમાં સાધુતા હોઈ શકે છે.

**વસ્ત્ર-પાત્ર આદિ જો રાગનાં કારણ હોઈને ન રખાય, તો શરીર એ રાગનું સૌથી મોટું કારણ છે :**

સાધુતા માટે સર્વ સંગનો ત્યાગ કરવો જોઈએ.' -એવો ઉપદેશ કરનારા ઉપકારીઓ, શરૂમાં સંયમને બાધક હોય તે તે વસ્તુઓના સંગનો જ પરિત્યાગ કરવાની આવશ્યકતા ફરમાવે છે : પરંતુ સંયમસાધક પણ વસ્તુઓનો ત્યાગ જ કરી દેવો જોઈએ, એમ ફરમાવતા નથી. જે જે વસ્તુઓ રાગના કે મૂર્ચ્છાના કારણ રૂપ બનવી એ સંભવિત હોય, તે સર્વ વસ્તુઓનો ત્યાગ થાય તો સાધુતા આવે.' -એમ જ કહેવામાં આવે, તો સૌથી વધુ રાગ તો શરીર માટે જ સંભવિત છે : પણ એની રક્ષા માટે

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

જરૂરી આહારાદિનો નિરપવાદ ત્યાગ સૌથી છેલ્લો ઉપદેશ્યો છે. વળી આ કાળને માટે તો યાવજ્જીવ આહારના ત્યાગ રૂપ અનશનની પણ મના કરી દીધી છે. આયુષ્યનું જ્ઞાન હોય અને જેટલું આયુષ્ય બાકી હોય એટલા દિવસ અન્ન-પાણી વિના જ રહેવા છતાં પણ જરાય અસમાધિ ન થાય એવી રીતિએ જીવનની અન્તિમ ક્ષણ સુધી જીવવાની તાકાત હોય, એવાઓને માટે જ એ વિધાન છે. વર્તમાનમાં તે શકય નહિ હોવાથી જ, તેનો પણ નિષેધ કરાયો છે. શરીરનો સંગ એ પણ નહિ ઈચ્છવાજોગ વસ્તુ હોવા છતાં અને શરીર પણ આત્માથી પર હોવાના કારણે એનો ત્યાગ પણ આવશ્યક હોવા છતાં, એકદમ એનો' ત્યાગ થઈ શકતો નથી. મનુષ્ય શરીર એ સંયમની સાધનાને માટે આવશ્યક વસ્તુ છે અને એથી એની રક્ષા પણ જરૂરી છે. એની રક્ષા માટે જરૂરી એવા આહાર-પાણી આદિનો ત્યાગ એ કાંઈ સર્વ અવસ્થાઓમાં શકય વસ્તુ નથી. જે કાંઈ મોહનું સાધન બની શકે, તે સર્વનો વિવેકહીનપણે સર્વથા ત્યાગ જ કરી દેવો, એવો એકાંત સિદ્ધાંત શ્રી જૈન શાસનમાં નથી. સંયમસાધના માટે શરીર જેમ જરૂરી છે, તેમ એને માટે વસ્ત્ર અને પાત્ર આદિ પણ આવશ્યક હોય, તો એને ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને અનુસરતી રીતિએ રાખવામાં, સાધુતાને કોઈ બાધ આવતો નથી. એ જ રીતિએ, વસ્ત્ર-પાત્ર વિના જ સંયમનિર્વાહની શક્તિ આવવાના યોગે, યોગ્ય આત્માઓ ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને અનુસરતી રીતિએ તેનો ત્યાગ કરી દે, તો તેથી પણ

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

● તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ

સાધુપણું ચાલ્યું જતું નથી. તાત્પર્ય એ છે કે-વસ્ત્ર અને પાત્ર આદિ ધર્મોપકરણો રાખવા માત્રથી જેમ સાધુપણાનો અભાવ હોઈ શકતો નથી. તેમ વસ્ત્ર અને પાત્ર આદિ નહિ રાખવા માત્રથી પણ સાધુપણાનો અભાવ હોઈ શકતો નથી. વાત એ છે કે-શ્રી જિનાજ્ઞાને અનુસરતી રીતિએ વસ્ત્ર-પાત્રાદિનો સ્વીકાર કરવામાં જેમ સાધુતાને બાધ પહોંચતો નથી, તેમ શ્રી જિનાજ્ઞાને અનુસરતી રીતિએ વસ્ત્ર-પાત્રાદિનો ત્યાગ કરવામાં પણ સાધુતાને બાધ પહોંચતો નથી.

**શ્રી જિનકલ્પને સ્વીકારનારા :**

જે કાળમાં પૂર્વનું જ્ઞાન હતું અને શરીરની સુંદર શક્તિ હતી, તે કાળમાં વસ્ત્ર વિના પણ સંયમનો સુંદર પ્રકારે નિર્વાહ કરી શકનારા હતા : પણ તે કાળમાં બધા જ તેવા હતા એમ નહિ ! એ કાળમાં પણ હજારો એવા હતા, કે જેઓ સ્થવિરકલ્પમાં રહીને સંયમનું પાલન કરતા હતા. શ્રી જિનકલ્પ અને શ્રી સ્થવિરકલ્પમાં બીજો ભેદ એ છે કે- શ્રી જિનકલ્પને ધારણ કરવાવાળા મહાત્માઓ ગચ્છમાં રહી શકતા નથી અને સ્થવિરકલ્પમાં રહેવાવાળા સાધુઓ ગચ્છમાં રહે છે. સ્થવિરકલ્પમાં વર્ષો સુધી રહીને આત્માને કસવા દ્વારા બહુ સામર્થ્યશીલ બનેલા શ્રી આચાર્યાદિ ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને અનુસરતી રીતિએ અને તે પણ પોતાની જગ્યાએ શાસનની રક્ષા કરનાર શિષ્યને બનાવીને પછી જ જઈ શકે છે. દશ પૂર્વનું જ્ઞાન થઈ જાય તો તે મહાત્મા પણ

શ્રી જિનકલ્પને સ્વીકારી શકતા નથી : કારણ કે-દશ પૂર્વધરની દેશના અમોઘ હોય છે : તેથી તે મહાપુરૂષો જે ઉપકાર સ્થવિરકલ્પમાં રહીને કરી શકે, તે તેઓ શ્રી જિનકલ્પનો સ્વીકાર કરીને ન કરી શકે. શ્રી જિનકલ્પને સ્વીકારનારા શક્તિસંપન્ન આચાર્યાદિ શ્રી જિનકલ્પને સ્વીકારતી વખતે સઘળા સમુદાયને એકત્ર કરીને બધાની સાથે ક્ષમાપના કરે છે. એ વાત સાંભળતાં જ બધા એ ઉપકારિના પગમાં પડી જાય છે. આંખમાં અશ્રુવાળા બની જાય છે. તે વખતે પણ તેઓ બધાને હિતશિક્ષા આપીને વિદાય લે છે. પોતાના સ્થાને પ્રતિષ્ઠિત કરેલા આચાર્યને તેઓ શિક્ષા આપે છે-કે 'સર્વની યોગ્ય સંભાળ લેવી.' અને શિષ્યોને પણ તેઓ કહે છે કે 'આ નવા આચાર્યની આજ્ઞાનો ભંગ નહિ કરવો.' એ રીતિએ સર્વ સમુદાયને છોડીને તેઓ એકલા ચાલ્યા જાય છે. શ્રી જિનકલ્પમાં આવ્યા પછી કોઈ પરિચિત મળે તો પણ એની સાથે તેઓ વાત સરખીય કરતા નથી.

**વસ્ત્ર-પાત્ર રાખવાની આજ્ઞા યથાવત્ માનવાથી ચતુર્વિધ સંઘની હયાતિ :**

એટલો સંયમ આજે કોણ રાખી શકે ? શ્રી શ્વેતામ્બરોની એ માન્યતા છે કે-સંયમના સાધન રૂપ વસ્ત્ર-પાત્રઆદિ રાખેલાં હોવા છતાં પણ, શ્રી વીતરાગે કહેલા છઠ્ઠા ગુણસ્થાનક આદિ રૂપ ચારિત્ર હોઈ શકવામાં કોઈ બાધ નથી. સંયમના સાધન તરીકે જ તેનો ઉપયોગ કરવાનો છે. જેટલા પ્રમાણમાં વસ્ત્ર-પાત્ર ઉપર મૂર્ચ્છા, આસક્તિ કે પ્રેમ રહેશે, તેટલો દોષ જરૂર લાગશે. માત્ર સંયમ ચાલ્યું ન

જાય અગર તો સુંદર પ્રકારે સંયમનું પાલન થઈ શકે એ માટે જેટલી જરૂર હોય તેટલાં જ એ રાખવાનાં કહ્યાં છે : અને તે વિષે પણ ઉપકારીઓએ સ્પષ્ટીકરણ કરવામાં કમીના રાખી નથી. આ વસ્તુને યથાવત્ માન્ય રાખવાના યોગે, સાધુ અને સાધ્વી-એ બંને સંઘો પણ શ્રી શ્વેતામ્બર સંપ્રદાયમાં અવિચ્છિન્ન છે. ભગવાન શ્રી મહાવીરદેવે ચતુર્વિધ શ્રી સંઘની હયાતિ ૨૧ હજાર વર્ષ સુધી રહેવાની કહી છે. ભગવાનની હયાતીમાં પણ વસ્ત્ર-પાત્રને રાખવાવાળા અને નહિ રાખવાવાળા બંને હતા : પરંતુ શ્રી જિનકલ્પનો વિચ્છેદ થયા બાદ તો વસ્ત્ર-પાત્ર રાખવાવાળા જ મુનિઓ હતા અને હોય છે.

### શ્રી જિનાગમો બનાવટી નથી જ :

પૂર્વના મુનિઓ દ્વાદશાંગી કંઠસ્થ રાખતા હતા. દુકાળ આદિના કારણે શકિત ઘટતી ગઈ, તેથી છેલ્લું એક અંગ તો સર્વથા નષ્ટ થઈ ગયું. એનું નામ દ્રષ્ટિવાદ છે, કે જેમાં સર્વ વિદ્યાઓનો સમાવેશ હતો. બાકી રહ્યાં ૧૧ અંગ. તેનું પ્રમાણ ઓછું થવા છતાં, શ્વેતામ્બરો એને જે છે તે તે જ છે એમ માને છે. દિગમ્બર સંપ્રદાયની માન્યતાવાળાઓ એ સંબંધી એમ માને છે કે-આજે અગિયાર અંગો મોજાુદ નથી, પણ એ તો વસ્ત્ર-પાત્ર રાખવાને માટે બનાવટી બનાવી દીધા છે.' ખરેખર, એક વસ્તુનો ઊંધો નિર્ણય કરી લીધા બાદ, જ્યારે તેને વળગી રહેવાની વૃત્તિમાં દૃઢ બની જવાય છે, ત્યારે તેવા આત્માઓને બીજા પણ અનેક પ્રકારના અનાચારોને આચરવા પડે છે. અન્યથા, શ્રી જિનાગમોને

બનાવટી માનવાનો વિચાર સરખો પણ કેમ આવે ? ખેર, આ રીતિએ શ્વેતામ્બર અને દિગમ્બર-એ બે સંપ્રદાયો વચ્ચે એક વસ્ત્રાદિવિષયક અને બીજો શાસ્ત્રવિષયક-એમ બે મોટા મતભેદો છે શ્રી શ્વેતામ્બરોની એ માન્યતા છે કે-વસ્ત્ર-પાત્રની હયાતી વિના જ સંયમ હોય એમ માનીએ તો પંચમ કાલમાં સંયમ નષ્ટ થઈ જાય, જ્યારે સંયમની હયાતિ પંચમ કાલના અંત સુધી રહેવાની છે : તેમજ શ્રી જિનાગમો બનાવટી નથી જ !

## દિગંબરોને સ્ત્રીમુકિતનો નિષેધ કેમ કરવો પડયો ?

ત્રીજો મતભેદ 'સ્ત્રીમુકિત' સંબંધી છે. શ્રી જિનાગમોને અનુસરતી માન્યતા ધરાવનારા શ્વેતામ્બરોની આ વિષયમાં પણ એવી માન્યતા છે કે-સ્ત્રી, પુરૂષ કે નપુંસક કોઈ પણ આત્મા, અનન્તજ્ઞાનિની આજ્ઞા મુજબ આરાધના કરવામાં લીન બની જાય અને ચઢતે ચઢતે ગુણસ્થાનકને ચઢીને જો અખંડિત એવી ક્ષપશ્રેણિકને માંડનારો બને, તો નિયમા કેવલજ્ઞાનને પામી શકે છે. આ વિષયમાં દિગમ્બરોનું કહેવું એમ છે કે-'સ્ત્રીને વસ્ત્રહીન થવું એ શકિતના અભાવે મુશ્કેલ છે : એ માટે છઠ્ઠું ગુણસ્થાનક પામી શકવાને એ લાયક નથી.' અને આ દ્વારાએ તેમનું કહેવું એમ છે કે-'સ્ત્રી ગમે તેવી સમર્થ હોય તો પણ, ક્ષપકશ્રેણી માંડીને કેવલજ્ઞાનને ઉપાર્જી મુકિતને પામી શકે એ શકય નથી.

સ૦ ગુણસ્થાનક એટલે શું ?

આત્મામાં પ્રગટેલા અમુક અમુક પ્રકારના ગુણોને અંગે સ્વરૂપદર્શન કરાવવાની અપેક્ષાએ નિયત કરવામાં આવેલ સ્થાનવિશેષ. આત્માની યોગ્યતા સાથે તેનો સંબંધ છે. 'અમુક આત્મા અમુક ગુણસ્થાનકે વર્તે છે એમ કહેવાથી તે આત્મામાં તે વખતે કેવી ગુણદશા વર્તે છે તે જાણી શકાય છે. ગુણસ્થાનક ગુણાવલંબી મર્યાદાને જણાવનારૂં છે, આથી તેને આત્માની એક દશાવિશેષ એમ કહી શકાય.

છઠ્ઠા ગુણસ્થાનકે વર્તતો આત્મા તે કહેવાય છે, કે જે સર્વવિરતિના પરિણામોમાં વર્તતો હોય. સાધુવેષ ન હોય તો પણ આત્મા તેવી દશાને ભાવથી પામી શકે છે. વસ્ત્રનો સંગ જેમ છઠ્ઠું ગુણસ્થાનક પામવામાં બાધક નીવડતો નથી, તેમ તેથી ઉંચા ગુણસ્થાનકો પામવામાં પણ બાધક નીવડતો નથી : કારણ કે-ગુણસ્થાનકનો મૂળ સંબંધ તો આત્માની દશા સાથે છે. વસ્ત્રના કારણે દિગંબરોને સ્ત્રીમુક્તિનો નિષેધ જેમ માનવો પડયો છે, તેમ ગૃહિલિંગે કેવળજ્ઞાનની અને મુક્તિની પ્રાપ્તિનો નિષેધ પણ માનવો પડયો છે. આમ એક ઊંધી માન્યતાએ તેમને અનેક વિપરીત માન્યતાઓવાળા બનાવી દીધા છે. સામર્થ્યશાલી આત્મા જો તેવી ઉત્તમ આત્મદશાને પામી જાય, તો તે સ્ત્રી કે પુરૂષ ગમે તે હોય, વસ્ત્રસહિત હોય કે વસ્ત્રરહિત હોય, પણ ક્ષપકશ્રેણિ માંડવા દ્વારા કેવલજ્ઞાનને અને

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

અન્તે મુકિતને પણ પામી શકે છે. એમ શ્રી જિનાગમ કહે છે : અને એથી જ શ્વેતામ્બરોની માન્યતા એવી છે કે-ગૃહલિંગમાં પણ કેવળજ્ઞાનનું પ્રગટીકરણ એ અસંભવિત વસ્તુ નથી. માત્ર વેષને અંગે જ સ્ત્રીને માટે સાધુપણું ન માને તોય, 'તેનામાં યોગ્યતા હોવા છતાં, ઉંચા પરિણામો ન જ આવી શકે' -એમ કેમ મનાય ? શ્રી ભરત મહારાજા ષટ્ખંડના માલિક હતા. રોજ અરીસાભવનમાં પોતાનું રૂપ જોઈને પછી સિંહાસન ઉપર બેસવા જતા હતા. એક દિવસ અરીસાભવનમાં રૂપ જોતાં હાથમાંથી એક મુદ્રિકા પડી ગઈ, તેથી એ અંગુલી શોભાહીન લાગી. એમને વિચાર આવ્યો કે-'એ શોભા કેવી પરકીયા હતી ? આજ દિન સુધી શું હું પરકીયા શોભામાં રકત હતો ?' એમ વિચાર કરતાં કરતાં-'આ સર્વ અન્ય છે અને હું અન્ય છું.'-એ ભાવનામાં તેઓ ચઢયા અને ત્યાં ને ત્યાં જ કેવળજ્ઞાન પામ્યા. આ રીતિએ સમર્થ પુરૂષ અને સમર્થ સ્ત્રી-બંને એ જાતિના પરિણામોને પામી શકે છે, એમ શ્રી જિનાગમ કહે છે. સતી સીતાનું દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે. શીલપાલનની જે દ્રઢતા કેટલીક સમર્થ સ્ત્રીઓમાં હોઈ શકે છે, તેટલી કેટલાક પુરૂષોમાં પણ નથી હોતી. એથી પણ સિદ્ધ થાય છે કે-સામર્થ્યશાલી સ્ત્રી અગર સામર્થ્યશાલી પુરૂષ-બંને ઉચ્ચ પરિણામોને પામી શકે છે : અને તેવા ઉચ્ચ પરિણામો આવી જાય તો કેવલજ્ઞાન અને મુકિત પણ તે પુરૂષ, અને તે સ્ત્રી પામી શકે છે. આથી સ્પષ્ટ છે કે-'જ્યાં વસ્ત્રનો સંગ ત્યાં સંયમ હોય જ નહિ.' એવી અણસમજભરી માન્યતાને વળગી પડીને, દિગમ્બર

શાસ્ત્રોએ કોઈ પણ સ્ત્રીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે જ નહિ-એમ પણ કહી દીધું છે, પરંતુ એ માન્યતા પણ અયથાર્થ જ છે.

**'કેવલીભુક્તિ' સંબંધી મતભેદનું સૂચન અને ઉપસંહાર :**

દિગંબરોની સાથે શ્વેતામ્બરોનો 'કેવલીભુક્તિ' વિષયક ચોથો મતભેદ પણ છે. 'કેવલજ્ઞાની ભોજન કરતા નથી.'-એમ દિગંબરો કહે છે અને 'કેવલજ્ઞાનિઓનું શરીર પણ ભોજન કર્યા વિના ટકી શકે નહિ'-એમ શ્વેતામ્બરો કહે છે. આ સંબંધમાં પણ ઘણું કહેવા જેવું છે, પણ તે માટે અત્યારે સમય નહિ હોવાના કારણે જ માત્ર સૂચન કરીને અટકી જવું પડે છે. બાકી શરીર ગમે તેનું હોય, પણ તેના ટકાવને માટે અમુક અમુક રીતિએ અને અમુક અમુક સમયે, જેને કવલાહાર કહેવાય છે તે આહારની પણ અપેક્ષા તો રહે છે જ !

આ રીતિએ વસ્ત્રવિષયક, શાસ્ત્રવિષયક, સ્ત્રીમુક્તિવિષયક અને કેવલજ્ઞાનીના કવલાહાર વિષયક,-એ ચાર મોટા મતભેદો અહીં રજૂ કરવામાં આવ્યા છે. આટલું જાણ્યા પછીથી, હવે તમે જેને મહાપુરૂષ તરીકે માનતા હો એની પાસે જઈને યોગ્ય રીતિએ એની ચર્ચા કરી શકો છો અને સત્ય શું છે તેનો નિર્ણય કરીને સન્માર્ગમાં સુસ્થિત બની શકો છે. સત્યની ગવેષણાને માટે યથોચિત પ્રયત્ન કરવામાં કમીના રાખવી નહિ અને પરિણામે જે યોગ્ય લાગે તેને ગ્રહણ કરવું અને અયોગ્ય લાગે તેને

છોડી દેવું, પણ લેશ માત્ર કાયરતા દાખવવી નહિ. આ રીતિએ તમે સત્યની ગવેષણા કરવાને ઉજમાળ બનશો, તો મારી ખાતરી છે. કે-શ્વેતાંબરોની માન્યતા જ યથાર્થ છે, એમ યોગ્ય આત્માઓને ભાસ્યા વિના નહિ રહે.

(સમય થઈ ગયેલો હોવાથી અત્રે પૂ. આચાર્યદેવ વિરામ પામ્યા હતા : પરંતુ તે જ વખતે એક દિગંબર ભાઈએ કેટલાક પ્રશ્નો રજૂ કરતાં, પૂ. આચાર્યદેવે તે પ્રશ્નોના ઘણી જ ત્વરાથી ટૂંકમાં પણ સમજાય તેવી રીતિએ ઉત્તરો આપ્યા હતા. એ સઘળા પ્રશ્નોત્તરોનું અવતરણ થઈ શક્યું તે આ નીચે આપ્યું છે. પોતે પૂછેલા પ્રશ્નોનાં સંતોષકારક સમાધાનો મળવાથી તે પ્રશ્નકાર દિગંબર ભાઈએ પોતાનો સંતોષ વ્યક્ત કરીને ઉપકારની લાગણી પ્રદર્શિત કરી હતી.)

પ્રશ્ન૦ ભરત ચક્રવર્તી ગૃહવાસમાં પણ કેવલજ્ઞાન પામવાની તાકાત ધરાવતા હતા, તો તે તાકાત શું તીર્થકરોમાં નહોતી ?

ઉત્તર૦ શ્રી તીર્થકરદેવોને માટે જેટલા નિયમો હોય છે, એટલા બધા નિયમો બીજા કેવલજ્ઞાન પામનારાઓને માટે હોતા નથી. શ્રી તીર્થકરદેવો તો મૂળપુરૂષો છે. એ તારકોને પ્રાણિગણ માટે તરવાના માર્ગની સ્થાપના કરવાની હોય છે. એવો એક ન્યાય છે કે-મૂળ પ્રણેતા જે ઉપદેશ આપે તે એ તારકના આત્મા માટે અનુભૂત હોવો જોઈએ : અને તો જ તે અસરકારક નીવડે. કેવળજ્ઞાન

પામનાર બીજાને, દીક્ષીત થતાં પહેલાં બાર મહિના સુધી દાન દેવાની વિધાન રૂપે આવશ્યકતા છે એવું નથી : જ્યારે આજ સુધીમાં કોઈ પણ તીર્થંકર એવા થયા નથી, થતા નથી કે થવાના નથી, કે જે ૧૨ માસ દાન આપ્યા વિના સંયમી થયા હોય, થતા હોય કે થનારા હોય.

'શ્રી ભરત મહારાજામાં જેટલી તાકાત હતી તેટલી તાકાત શ્રી તીર્થંકરદેવોમાં નહિ હતી.'-એમ કહેવાય જ નહિ : છતાં-શ્રી તીર્થંકરદેવ તો વગર સંયમી થયે કદી કેવલજ્ઞાન પામતા જ નથી.' -એ નિયમ છે. એ જ રીતિએ જ્ઞાનાદિમાં સરખાપણું હોવા છતાં પણ, શ્રી તીર્થંકરદેવ જે ઉપકાર કરી શકે છે, તે એમના સમાન જ્ઞાનવાળા અન્ય શ્રી કેવલજ્ઞાની મહારાજા પણ નથી કરી શકતા : કારણ કે-ઉપદેશની શકિત જેટલી શ્રી તીર્થંકરદેવને હોય છે, તેટલી શ્રી સામાન્ય કેવલી મહારાજાને હોતી નથી. જ્ઞાનાદિની અપેક્ષાએ સમાનતા હોવા છતાં પણ, આ ભેદ પડવાનું કારણ શ્રી તીર્થંકરનામકર્મ છે.

પ્રશ્ન૦ દિગંબર સંપ્રદાયની 'સ્ત્રીમુકિત' સંબંધી માન્યતા આપે સંક્ષિપ્ત રૂપમાં કહી તે સમજી શકાણી નથી, તેથી ફરી વાર જણાવો.

ઉત્તર૦ કેવલજ્ઞાન પામવાને માટે જે શરીરબળની આવશ્યકતા છે, તે બળ સ્ત્રીઓમાં હોતું નથી એવી માન્યતા છે : પણ દિગંબરોના મતે કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં વસ્ત્ર જેટલું આડે આવે છે, એટલું

સંઘયણ આડે આવતું નથી : કારણ કે-પ્રથમ સંઘયણ હોવા છતાં ગૃહિલિંગમાં કેવળજ્ઞાન તેઓ માનતા નથી : કારણ કે-ગૃહસ્થોને વસ્ત્રનો યોગ હોય છે. એટલે-'સ્ત્રીઓને પ્રથમ સંઘયણ નથી માટે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી.'-એમ તેઓ માને છે-એવું કહેવા કરતાં, 'સ્ત્રીઓ પ્રથમ સંઘયણથી યુકત હોવા છતાં પણ વસ્ત્ર વિના રહી શકતી નથી-એ જ કારણે સ્ત્રીઓની મુકિતનો એમને નિષેધ કરવો પડયો છે.'-એમ કહેવું યોગ્ય થઈ પડે છે.

પ્રશ્ન૦ સાતમી નરકે જેમ સ્ત્રી ન જાય એ રીતે મુકિતમાં પણ એ ન જાય એમ માનવામાં શું હરકત છે ?

ઉત્તર૦ એનો નિર્ણય કરવા માટે સર્વ જીવોની ગતિ-આગતિ જે ઉભયને માન્ય શાસ્ત્રોમાં વર્ણવેલી છે, તે વિચારવી જોઈએ.'હાથી, ઘોડા, સર્પ, પક્ષી વગેરે નીચી ગતિમાં કયાં સુધી જાય અને ઉંચી ગતિમાં કયાં સુધી જાય ?'-એ વિચાર બંને સંપ્રદાયમાં વિસ્તૃત રીતિએ આપેલો છે. એ જોવાથી માલૂમ પડી જશે કે-'અધોગતિમાં જવાની શકિત જેમની કમ હોય છે, તેમની ઉર્ધ્વગતિમાં જવાની શકિત પણ કમ જ હોવી જોઈએ.'-એવો નિયમ નથી. અમુક પ્રકારના પ્રાણિઓ અધોગતિમાં અમુક નરક સુધી જઈ શકે છે. અને ઉર્ધ્વગતિમાં એથી અધિક ઉંચા દેવલોકમાં પણ જાય છે. કેવળજ્ઞાનિની દ્રષ્ટિનો આ વિષય છે, તેથી એ વિષયનો નિર્ણય પણ સર્વજ્ઞશાસ્ત્ર જે પ્રમાણે કહે તે પ્રમાણે કરવો જોઈએ ! કેવળ મતિકલ્પનામાં રાચવાથી ફાયદો નથી.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

(૧૫)

## તીર્થે પહોંચતાં પહેલાંય સદ્ભાવનાશીલ આત્મા કર્મનિર્જરા સાધે છે :

અત્યાર સુધીમાં આપણે તીર્થનું સ્વરૂપ, તેના ભેદો અને તેની યાત્રા તથા સેવા આદિનો હેતુ-એ વગેરેનો વિચાર કર્યો છે.અનન્તઉપકારી અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલ તીર્થનું સ્વરૂપ આદિ જેના હૃદયમાં જચી જાય છે, તે પુણ્યાત્માને તીર્થયાત્રા નું મહત્વ સ્હેજે સમજાઈ જાય છે. આ પ્રકારની પ્રતીતિપૂર્વક, સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ કિંવા પ્રાપ્ત થયેલા તે આત્મગુણોની નિર્મલતાના હેતુથી જ્ઞાનિઓએ ફરમાવેલા વિધિપૂર્વક જે પુણ્યાત્માઓ તીર્થયાત્રા કરે છે, તે પુણ્યાત્માઓને માટે દુઃખનો સર્વથા નાશ તથા અનન્ત અને અક્ષય સુખની પ્રાપ્તિ બહુ દૂર નથી, એ શંકા વિનાની વાત છે. આપણે સૌ કુમ્ભોજગિરિ પર વિરાજમાન શ્રી પાર્શ્વનાથસ્વામીજીની યાત્રાએ નીકળ્યા છીએ. અને હવે ત્યાં પહોંચવાની તૈયારીમાં જ છીએ. તીર્થને ભેટવા નીકળેલો આત્મા, તીર્થયાત્રાની વાસ્તવિક ભાવનાના યોગે તીર્થે પહોંચતાં સુધીમાં પણ અનેકવિધ કર્મોની નિર્જરા કરનારો બને છે. તીર્થયાત્રાની સાચી ભાવના પણ કર્મનિર્જરાનું પ્રબલ કારણ છે, તો તીર્થયાત્રા નિમિત્તે પ્રયાણ થાય અને તીર્થના માર્ગે આગળ વધાય, એ તો વળી વિશેષ કર્મનિર્જરાનું જ કારણ ગણાય. તીર્થના માર્ગે જેમ જેમ આગળ વધાય, તેમ તેમ આત્મા પણ નિર્મલતા સાધવામાં આગળ વધ્યે જ જાય, એ સ્વાભાવિક છે.

## બદ્ધાત્મા અને મુકતાત્મા :

આત્મા અનાદિકાળથી આ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. આત્માને કરવા પડતા ભવભ્રમણનું કારણ આત્માની સાથેનો કર્મનો યોગ છે. આત્મા અનાદિકાળથી ભવભ્રમણ કરે છે, એટલે આત્મા સાથેનો કર્મનો યોગ, કે જે લોહ-અગ્નિવત્ છે, તે યોગ પણ અનાદિકાળથી જ છે એમ માનવું પડે. અનન્તજ્ઞાનિઓ ફરમાવે છે કે-આત્મા સાથેનો એ યોગ જ્યાં સુધી મૂળમાંથી નાશ ન પામે, ત્યાં સુધી આત્મા પોતાના વાસ્તવિક એવા સંપૂર્ણ સ્વરૂપને પામી શકે એ શકય જ નથી. કર્મથી બદ્ધ આત્મા સંસારી છે, અને કર્મથી મુકત આત્મા સિદ્ધ છે. સિદ્ધાત્મા એટલે કર્મના સકલ આવરણોથી રહિત બનીને નિજ સ્વરૂપને પામેલો આત્મા. આપણો આત્મા જ્યારે એવી સિદ્ધાત્મદશાને પામે, ત્યારે જ આપણે દુઃખરહિત, સંપૂર્ણ અને શાશ્વત સુખના ભોકતા બની શકીએ.

## મોક્ષમાર્ગની પ્રરૂપણા કેમ ?

જગતના જીવો વસ્તુતઃ આવા જ ઉચ્ચ કોટિના સુખને ઈચ્છે છે, પણ કેવળ ઈચ્છાથી કાર્યસિદ્ધિ થતી નથી. ઈચ્છા પણ જોઈએ અને ઈચ્છાને અનુકૂળ પ્રવૃત્તિ પણ જોઈએ. ઈચ્છાને સફળ કરનારી વાસ્તવિક પ્રવૃત્તિ વધ્યા પછી તો ઈચ્છા પણ રહેતી નથી, પણ એ દશા દૂર છે. કર્મોના ભારે આવરણો દૂર થઈ જાય, એના યોગે રાગ, દ્વેષ, અને મોહ નાંશ પામી જાય, એટલે ઈચ્છા રહેતી નથી; પણ

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી
પ્રત-૩જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એ દશા પછી મોક્ષની પ્રાપ્તિય દૂર હોતી નથી. જગતના જીવોને વસ્તુતઃ જે સુખ જોઈએ છે, તે સિદ્ધાત્મદશા પામ્યા વિના મળે તેમ નથી અને સિદ્ધાત્મદશા આત્મા સાથેનો કર્મનો યોગ નાશ પામ્યા વિના પ્રાપ્ત થતી નથી : આથી સારાયે વિશ્વના જીવોને સુખી બનાવવાની ભાવનાવાળા પરમ દયાળુ પરમપુરૂષોએ બીજા કોઈ પણ માર્ગને નહિ પ્રરૂપતાં, માત્ર મોક્ષમાર્ગને જ પ્રરૂપ્યો છે.

## તીર્થયાત્રાની મહત્તા ક્યારે સમજાય ?

જ્ઞાનિઓએ પ્રરૂપેલા મોક્ષમાર્ગની આત્માને પ્રતીતિ થઈ જાય અને એથી આત્મા નક્કી કરે કે-'મારે તો શકય એટલો શ્રમ માત્ર મોક્ષમાર્ગે જ કરવો છે, પણ ઈતર કોઈ જ માર્ગે કરવો નથી.' -તો આત્મા ઘણી જ ત્વરાએ મોક્ષને પામી શકે છે. તીર્થયાત્રા આ હેતુને સિદ્ધ કરવાને માટે છે. તીર્થયાત્રા કેવળ આડંબર માટે નથી, મોજશોખ માટે નથી કે નવાં નવાં સ્થાનોને જોવા વગેરેને માટે નથી, પણ આત્માના ઉદ્ધારને માટે છે. આત્માને સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ થાય તથા તે તે ગુણોની પ્રાપ્તિ થઈ હોય તો નિર્મલતા સધાય, એ માટે તીર્થયાત્રા છે. તીર્થયાત્રાની મહત્તાને સમજવાને માટે, તીર્થયાત્રાથી આત્માને થતા વિશિષ્ટ લાભોનો ખ્યાલ આવવો જોઈએ. તીર્થયાત્રાના યોગે થતો લાભ અનુપમ છે-એમ લાગે, એ લાભ પામ્યા વિના કલ્યાણ છે જ નહિ-એમ લાગે અને એ લાભ પામવાની ઉત્કટ અભિલાષા પ્રગટે, તો તીર્થયાત્રાની મહત્તા સમજાયા વિના રહે જ નહિ.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## સામુદાયિક યાત્રાની આવશ્યકતા :

તીર્થયાત્રાના મહત્ત્વથી પરિચિત થયા પછીથી, સામુદાયિક તીર્થયાત્રા કેટલી બધી આવશ્યક અને ઉપકારક છે, એ પણ સમજાઈ જ જાય. તીર્થની મહત્તાને જાણનારો, બીજાઓ પણ તીર્થના સેવક બને એ માટેય શકય પ્રયત્ન ન કરે એ શકય નથી. 'કલ્યાણનો આવો અનુપમ અને અજોડ માર્ગ સૌ કોઈ પામો.'-એવી વૃત્તિ ધર્મી આત્મામાં સ્વાભાવિક રીતિએ જ પ્રગટે છે અને એથી શકિત સંપન્ન આત્માઓ બીજા પણ આત્માઓને તીર્થયાત્રા આદિ કરાવવામાં પોતાની શકિત-સામગ્રીનો વ્યય કરવાને ચૂકતા નથી. સંઘ કાઢવો, એ રમત વાત નથી. સામગ્રી પણ જોઈએ અને ભાવના પણ જોઈએ. સંઘ કાઢનારો પણ સ્વપરના તરણ-તારણનું કારણ બની શકે છે, પણ સંઘ કાઢનારો સ્વ-પરના તરણ તારણનું કારણ કયારે બની શકે, એ વિચારણીય છે. તીર્થ પ્રત્યે એનામાં અનન્ય ભકિતભાવ જોઈએ અને ઔદાર્ય, ગાંભીર્ય, ધૈર્ય આદિ ગુણોનો પણ એ પરમ ઉપાસક હોવો જોઈએ.

## આત્મહિતની ઉપેક્ષા :

સમ્યક્ત્વગુણ પામ્યા પહેલાં, નીતિ-દયા-પરોપકાર આદિ સામાન્ય ગુણોની પણ વાસ્તવિક પ્રાપ્તિ જે આત્માઓને થઈ હોય છે, તેવા આત્માઓમાં પણ બીજા આત્માઓને માટે કેવી વૃત્તિ રહે છે, એ વગેરે આપણે શ્રી ધના સાર્થવાહના પ્રસંગ ઉપરથી જોવું છે. 'શ્રી ધના સાર્થવાહ કોણ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

હતા ?'-એ તમારામાંના કેટલાક જાણતા હશે ? થોડા જ કારણ ? કારણ એ જ કે-આત્માના હિતને માટે જે શ્રમ સેવાવો જોઈએ, તે શ્રમને સેવવાની દરકાર રખાઈ નથી. આત્મહિતની ઉપેક્ષા, એ વસ્તુતઃ કલ્યાણની જ ઉપેક્ષા છે. આત્માને નહિ સંભારનાર અને આત્માના સ્વરૂપ આદિને જાણવાની વાતોને હસી કાઢનારા, ખરેખર, તેમની દશા ઉપર દુર્દર હાસ્ય કરી રહ્યું છે, એ વાતને જાણી શકતા નથી.

### શ્રી ધના સાર્થવાહ :

આ અવસર્પિણીમાં આ ક્ષેત્રમાં જે ચોવીસ શ્રી તીર્થંકરદેવો થઈ ગયા, તેમાં પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવાન થયા. એ તારકનો જીવ એક કાળે ધના સાર્થવાહ તરીકે જન્મ્યો હતો. પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવાનનો જીવ, ધના સાર્થવાહના ભવમાં સમ્યક્ત્વ પામ્યો હોવાથી, એ તારકનો એ પ્રથમ ભવ ગણાય છે. પૂર્વે એ તારકના આત્માએ અનન્તા ભવો કર્યા, પણ એની ગણના થઈ નહિ. ધના સાર્થવાહના ભવમાં એ તારકનો આત્મા સમ્યક્ત્વ પામ્યો અને તે પણ બીજા જીવોના બોધિ કરતાં ઉત્તમ કોટિના બોધિને પામ્યો. શ્રી તીર્થંકરદેવના આત્માઓ જે સમ્યક્ત્વને પામે છે, તે તારક તીર્થના બીજભૂત હોય છે અને એથી બીજા જીવોનાં સમ્યક્ત્વોના કરતાં શ્રી તીર્થંકરદેવના આત્માઓનું સમ્યક્ત્વ શ્રેષ્ઠ કોટિનું ગણાય છે.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## મિથ્યાદ્રષ્ટિપણામાં પણ ઉત્તમતા :

શ્રી ધના સાર્થવાહ જે વખતે સમ્યક્ત્વ ગુણને પામ્યા પણ નહોતા, તે વખતે પણ તેમનામાં ઘણા ઉત્તમ ગુણો હતા અને એથી જ તેમને અધર્મી તરીકે સંબોધી શકાય તેમ નથી. સમ્યક્ત્વાદિ ગુણોની ગેરહાજરીને અંગે જેમ તેમને ધર્મી કહેવાય તેમ નથી, તેમ બીજા કેટલાક ગુણોના યોગે એમને અધર્મી પણ કહી શકાય તેમ નથી. ચૌદ ગુણસ્થાનકોમાંના પ્રથમ ગુણસ્થાનકે મિથ્યાદ્રષ્ટિ આત્માઓ હોય છે પણ તે આત્માઓમાં મિથ્યાત્વનો ઉદય છતાં ગુણસ્થાનકપણું ભદ્રિકપણા આદિની અપેક્ષાએ કહેવાય છે. મિથ્યાદર્શનનો ઉદય હોવા છતાં પણ ગુણસ્થાનક શબ્દનો પ્રયોગ કરાય છે, તે શ્રી ધના સાર્થવાહ જેવા આત્માઓને માટે ઘટિત જ છે શ્રી ધના સાર્થવાહ સંપત્તિના સાગર હતા, પણ એમની સંપત્તિ એમને ઉન્માર્ગે લઈ જનારી નહોતી. અનેક પ્રકારના સદાચારોથી શ્રી ધના સાર્થવાહ મહીતલને પાવન કરનારા હતા. ઔદાર્ય, ગાંભીર્ય અને ધૈર્ય વગેરે ગુણો તો તેમનામાં અમોઘ બીજ જેવા હતા. શ્રી ધના સાર્થવાહ ધનિક હતા, ગુણી હતા અને કીર્તિશાલી પણ હતા.

## ગુણની પ્રશંસામાં પણ વિવેક જોઈએ :

સમ્યક્ત્વગુણની પ્રાપ્તિ પૂર્વેની આ વાત છે. એ મિથ્યાદ્રષ્ટિ જરૂર હતા, પણ મિથ્યાત્વની મંદતા અને સમ્યક્ત્વની સન્મુખતા-એ દશા એ પુણ્યાત્માની હતી. મિથ્યાત્વની મંદતા થયા વિના શ્રી ધના

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

સાર્થવાહની જે દશા હતી, તેવી દશા પ્રાપ્ત થતી નથી. કોઈનો પણ ગુણ જોતાંની સાથે જ આનંદ થવો જોઈએ. મિથ્યાદ્રષ્ટિ આત્મામાં પણ ગુણ જોઈને આનંદ થવો જોઈએ, પણ વિવેક નહિ ભૂલાવો જોઈએ. કોઈનો પણ ગુણ જોઈને આનંદ થવો, એ ઉત્તમ આત્માનું લક્ષણ છે : પણ ગુણની પ્રશંસા કરવામાં વિવેક બરાબર જળવાવો જોઈએ. ગુણની પ્રશંસા કરતાં ન આવડે, તો લાભને બદલે હાનિ પણ થઈ જાય. ગુણી બે પ્રકારના હોય છે. એક એવા ગુણી, કે જેના ગુણની પ્રશંસાથી ફાયદો જરૂર થાય અને ગેરલાભ બિલકુલ ન થાય. કેટલાક ગુણી એવા કે-પ્રશંસા કરનાર ભૂલે તો કદાચ લાભ રહી જાય અને નુકસાન જરૂર થઈ જાય. મિથ્યાદ્રષ્ટિના ગુણોનું વર્ણન કરતી વેળાએ આ સાવધગીરી ખાસ રાખવાની. ગુણો બોલતાં પણ એ મિથ્યાદ્રષ્ટિ છે અને આ ગુણોની સાચી સાર્થકતા તો સમ્યક્ત્વ ગુણ પામ્યા પછીથી જ છે, એ વાત બરાબર ખ્યાલમાં આવી જાય તેમ બોલવું જોઈએ. મિથ્યાદ્રષ્ટિની પ્રશંસા કદી કરવી પડે, તો પણ એવી સાવધાનીથી કરવી કે-એના દોષનો ચેપ કોઈને લાગવા પામે નહિ, આટલો વિવેક નહિ ધરાવનારને માટે મૌન રહેવું એ જ શ્રેયસ્કર છે. વિવેકીનો માર્ગ ન્યારો છે. વિવેક ન પ્રગટયો હોય તો વિવેકી બનવાનો પ્રયત્ન કરવો, પણ વિવેક વિના ડહાપણ ડોળવા નીકળવું નહિ. શ્રી ધના સાર્થવાહ અનેક ઉત્તમ ગુણોના ધામ રૂપ હતા, પણ સાથે મિથ્યાદ્રષ્ટિ પણ હતા-એ વાતનો ખ્યાલ બરાબર રહે, એ માટે આપણે આટલી વાત કરી.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી

પ્રત-૩જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

**વસન્તપુર જવાની ઈચ્છા થતાં શ્રી ધના સાર્થવાહને થયેલો વિચાર :**

શ્રી ધના સાર્થવાહને એક વાર વ્યાપારાદિ નિમિત્તે વસન્તપુર નામના નગરે જવાની ઈચ્છા થઈ. શ્રીમંત એટલા મોટા હતા કે-વ્યાપાર ન કરે તો પણ ચાલે, પરંતુ 'વ્યાપારાદિ પણ આવશ્યક છે.' -એમ મિથ્યાત્વના યોગે લાગવું તે સ્વાભાવિક છે. વ્યાપારી આલમમાં નામાંકિત થવાની ઈચ્છા હોવી, એ પણ એવાઓને માટે શકય છે. આપણે તો એ જોવું છે કે-જ્યાં પોતાને વસન્તપુર જવાની ઈચ્છા થઈ, એટલે એમણે વિચાર શો કર્યો ? સામગ્રીસંપન્ન ધર્મી આત્મા પણ તીર્થયાત્રાદિએ જવાની ઈચ્છા થતાં એવી જ ઈચ્છા કરે, પણ તીર્થ હૈયે વસ્યું હોય તો ! વસન્તપુર જવા માટે મોટી અટવીનું ઉલ્લંઘન કરવું પડતું હતું. અટવી પણ ભયંકર હતી. બધા સ્વતંત્રપણે આવી અટવીને ઉલ્લંઘીને વસન્તપુર જઈ શકે, એ શકય ન નહોતું. શ્રી ધના સાર્થવાહ તો હરેક રીતિએ સમર્થ હતા, પણ એમને થાય છે કે-'સામાન્ય માણસો જે રીતિએ મુસાફરીએ નીકળે છે. એ રીતિએ હું પણ જો નીકળું તો મારામાં અને બીજામાં ફેર શો ? હું એકલો જાઉં એમાં મારી શોભા નહિ. હું જાઉં છું તો મારે જેને જેને આવવાની ઈચ્છા હોય, તે દરેકને મારી સાથે લઈ જવા જોઈએ.' વાત વ્યવહારિક છે, પણ જૂઓ કે-વિચાર કેવો છે ? આવો આત્મા ધર્મ પામે તો શું બાકી રાખે ? ધર્મી પણ તીર્થયાત્રા આદિએ જતાં વિચાર કરે કે-'યાત્રા કરવાની જેને ઈચ્છા હોય તેને હું જરૂર સામગ્રી પૂરી પાડીને યાત્રા કરાવું !' સામગ્રીસંપન્ન ધર્મિને પણ જો આવી ઈચ્છા જ ન થાય, તો એ ધર્મી જ શાનો ?

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

**શ્રી ધના સાર્થવાહે પોતાનાં માણસો પાસે કરાવેલી ઉદ્‌ઘોષણા વિચારણીય છે. :**

શ્રી ધના સાર્થવાહની એ ઈચ્છા વાંઝણી નહોતી તેમજ આડંબર બતાવવા પૂરતી જ તેમની પ્રવૃત્તિ નહોતી. શ્રી ધના સર્થવાહે પોતાના માણસો પાસે સમસ્ત નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે-'ધના સાર્થવાહ વસન્તપુર જાય છે, તો જે કોઈને વસન્તપુર આવવાની ઈચ્છા હોય તે ધના સાર્થવાહની સાથે ચાલો ! જેની પાસે વાસણો નહિ હોય તેને ધના સાર્થવાહ વાસણો આપશે, જેની પાસે વાહન નહિ હોય તેને ધના સાર્થવાહ વાહન આપશે, જેને સહાયની જરૂર હશે તેને ધના સાર્થવાહ સહાય આપશે અને જેની પાસે ભાતું નહિ હોય તેને ધના સાર્થવાહ ભાતું આપશે. માર્ગમાં ચોરોના ત્રાસથી અને હિંસક પશુઓના ઉપદ્રવથી ધના સાર્થવાહ સૌનું રક્ષણ કરશે અને સાથે આવેલા સૌનું પોતાના ભાઈઓની જેમ પાલન કરશે.' આ ઉદ્‌ઘોષણા વિચારવા જેવી નથી ? મનન કરવા લાયક નથી ? માણસમાં ઉદારતા હોય, તો તે જેને ઈષ્ટ માને છે તેને માટે કેટલો ઉદાર બને છે ? શ્રી ધના સાર્થવાહ વ્યાપારે જાય છે, એટલે આપણે તેમની તે ક્રિયાની અનુમોદના કરતા નથી અને તેવી અર્થોપાર્જન આદિની સાંસારિક ક્રિયાઓની અનુમોદના કરવાની હોય પણ નહિ, પણ તેમના અન્તરની દશા જોવાની છે અને એ દશા આપણે ધર્મકાર્યમાં લાવીએ એવું વિચારવાનું છે.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

### સામગ્રીસંપન્ન ધર્મી શું કરે ?

સંઘપતિ બનનારમાં આના કરતાં પણ વિશેષ ઉદારતા જોઈએ. પોતાની શકિત અને સામગ્રી હોય તો એ જ જાહેર કરે કે-'સૌ કોઈ તીર્થની યાત્રાએ મારી સાથે આવજો રસ્તામાં દરેક પ્રકારની સગવડ હું કરીશ. બીજાની તકલીફ એ મારી તકલીફ બનશે. તીર્થયાત્રામાં આવશ્યક દરેક સાધન હું પૂરૂં પાડીશ !' આવી જાહેરાત કરે એટલું જ નહિ, પણ એ જાહેરાતને સફલ કરવાનો પૂરેપૂરો પ્રયત્ન પણ કરે અને તેમ છતાં પણ સાથે આવનારાઓ ઉપર મેં ઉપકાર કર્યો છે એમ ન માને. એ તો એમ જ માને કે -આ પુણ્યાત્માઓની ભકિતમાં તથા ધર્મની સેવામાં મારી જે કાંઈ સામગ્રી વપરાય છે, તે જ વાસ્તવિક રીતિએ સાર્થક છે અને એથી આ પુણ્યાત્માઓ પણ એક રીતિએ મારા ઉપકારી છે. શ્રી ધના સાર્થવાહની જાહેરાત આપણને ધર્મકાર્યમાં આવી આવી રીતિએ પ્રેરણાદાયી નીવડવી જોઈએ.

### નામનાનો મોહ તજો :

સંઘપતિ તરીકેની નામના મેળવવાને માટે ગમે તેટલો ખર્ચ કરો, એનો કાંઈ અર્થ નથી. નામના, એ તો તુચ્છ વસ્તુ છે. એની સામે તો નજર પણ નહિ નાંખવી. નામના મળે તો જ કાર્ય સફળ થયું એમ માનનાર અજ્ઞાન છે. નામના તો સત્કાર્યોની ગુલામ છે. સત્કાર્યો કરનારને એ મળે જ છે : છતાં

માનો કે-કદાચ તેવા કોઈ કારણે નામના ન પણ મળી, તોય જેણે સાચા ભાવથી જ્ઞાનિઓની આજ્ઞાને આધીન બનીને સત્ક્રિયા કરી છે, એને એકાન્તે લાભ જ છે બાહ્ય લાભો તરફ જોવાનું છોડો અને આત્માના લાભોને જોતાં શીખો, તો જ આ વસ્તુ સમજાય અને અન્તરમાં જચે.

### મહાત્માનું સન્માન :

શ્રી ધના સાર્થવાહની ઉદ્‌ઘોષણા સાંભળીને સામાન્ય સ્થિતિવાળા, સામગ્રીહીન અને દીન એવા ઘણા લોકો એમની સાથે જવાને તૈયાર થયા. શ્રી ધના સાર્થવાહે જાહેર કર્યા મુજબ જેને જે સગવડની જરૂર હતી તે પૂરી પાડી. આ પછીથી, શુભ મુહૂર્તે રથમાં બેસીને શ્રી ધના સાર્થવાહે નગરની બહાર પ્રયાણ કર્યુ. કુલસ્ત્રીઓએ એ વખતે મંગલ કર્યુ. પ્રસ્થાન સમયે પણ શ્રી ધના સાર્થવાહે ભેરી વગડાવી અને એથી વસંતપુર આવવાની ઈચ્છાવાળા સઘળાય લોકો આવી પહોંચ્યા. શ્રી ધના સાર્થવાહે નગરની બહાર જઈને પડાવ નાંખ્યો. આ વખતે શ્રી ધર્મઘોષ નામના જૈનાચાર્ય, કે જેઓ ધર્મના યોગે પૃથ્વીને પાવન કરી રહ્યા હતા, તેઓ શ્રી ધના સાર્થવાહની પાસે આવ્યા. આ મહાત્માને પોતાની તરફ આવતા જોતાંની સાથે જ, શ્રી ધના સાર્થવાહ એકદમ ઉભા થઈ ગયા. ઉભા થઈ ગયા એટલું જ નહિ, પણ અંજલિ કરવા પૂર્વક શ્રી ધના સાર્થવાહે મહાત્માને વંદન કર્યુ. પછી વિનયપૂર્વક પૂછયું કે-'આપ કેમ પધાર્યા છો ? આપના પધારવાનું જે કારણ હોય તે ફરમાવો !'

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## મિથ્યાત્વ છતાં દેવ-ગુરૂ પ્રત્યેના બહુમાનવાળી દશા :

મિથ્યાદ્રષ્ટિ પણ આત્માની આ દશા વિચારો ! અત્યારે શ્રી ધના સાર્થવાહ પૂરા વૈભવ સાથે બહાર નીકળ્યા છે. સંખ્યાબંધ સેવકોથી એ વીટળાયેલા છે. બીજાપણ સંખ્યાબંધ માણસો ઉપર એમનું સ્વાભાવિક સ્વામિપણું છે. વળી વ્યાપાર નિમિત્તે જાય છે એ વખતે મહાત્માના આવાગમનથી કોના હૈયામાં ઉલ્લાસ પ્રગટે ? આ શ્રી તીર્થંકરદેવનો જીવ છે. જ્ઞાનીઓ ફરમાવે છે કે -'મિથ્યાત્વવાળી દશામાં પણ શ્રી તીર્થંકરદેવોના આત્માઓ દેવ-ગુરૂનું બહુમાન ધરનારા હોય છે. સામગ્રી સંપન્ન દશામાં એ તારકોના આત્માઓમાં રહેલી ઉત્તમતા કાર્ય રૂપે પણ દેખા દીધા વિના રહે જ નહિ.' મિથ્યાત્વ જેનું મન્દ પડયું છે અને સમ્યક્‌ત્વગુણની પ્રાપ્તિ જેને નિકટમાં થવાની હોય છે, એવા બીજા આત્માઓમાં પણ સામાન્ય પ્રકારની ઉત્તમતા તો હોય જ છે. શ્રી ધના સાર્થવાહ મિથ્યાદ્રષ્ટિ હતા તે છતાં પણ મહાત્માના દર્શનથી ખૂબ પ્રમોદ પામે છે : જ્યારે આજે જૈન ગણાતા પણ એવા કેટલાક છે, કે જેમનામાં મહાત્માને દેખતાં જ દુર્બુદ્ધિ પેદા થાય છે. મહાત્માઓનો વિનય કરવો તો દૂર રહ્યો પણ એવાઓ મહાત્માની અવગણના ન કરે તોય એમનું એટલું ભાગ્ય ગણાય.

## પૂ. આચાર્ય મહારાજ સાથે પધારશે જાણી વિશેષ આનંદ :

શ્રી ધના સાર્થવાહ આવાગમનનું કારણ પૂછે છે. એટલે આચાર્ય ભગવાન શ્રીમદ્ ધર્મઘોષસૂરીશ્વરજી

મહારાજા કહે છે કે-'તારા સાર્થની સાથે અમે વસન્તપુર આવવા ઈચ્છીએ છીએ.'

આચાર્ય ભગવાનના મુખેથી આવી વાત સાંભળીને તો, શ્રી ધના સાર્થવાહનો આનંદ ઓર વધી જાય છે. એમને એમ થઈ જાય છે કે-'આવા મહાત્મા મારા સાર્થની સાથે કયાંથી હોય ? ભાગ્યવાન આત્માઓને જ આવા મહાત્માઓનો યોગ પ્રાપ્ત થાય.'

આજે તો વ્યાપાર માટે જનારા ઘણાને એમ જ થાય કે-'આ લપ વળી કયાંથી વળગી ? મહાત્માનું દર્શનેય એવા કેટલાકોને અપશુકન રૂપ લાગે છે ખરેખર, મહાત્માઓનું દર્શન જેને અપશુકન રૂપ લાગે છે, તે હીણકર્મી આત્માઓ છે અને એવા આત્માઓની અધમવૃત્તિ જ એવાઓને માટે અશુભકારી નીવડે છે.

શ્રી ધના સાર્થવાહ મિથ્યાત્વથી સહિત હતા. છતાંય આચાર્ય મહારાજે સાથે આવવાની વાત કરી, એટલે એમને પરમ આનંદ થયો. શ્રી ધના સાર્થવાહ કહે છે કે-'હે ભગવન્ ! આજે હું ધન્ય છું, કે જેથી આપના જેવા મહાત્મા મારા સાર્થની સાથે આવવાને માટે અત્રે પધાર્યા છે.'

**પૂ. આચાર્ય મહારાજને માટે જોગવાઈ કરવાની આજ્ઞા અને પૂ. આચાર્ય મહારાજનો ખુલાસો :**

આચાર્ય ભગવાન શ્રીમદ્ ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજાને આટલું કહીને, એજ વખતે શ્રી ધના સાર્થવાહ પોતાના રસોઈયાઓને હુકમ ફરમાવે છે કે-'આ મહાત્માઓને માટે તમારે રોજ અન્ન-પાનાદિની જોગવાઈ કરવી.'

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

આવા ઉદ્‌ગાર કયારે નીકળે ? આત્મામાં કેટલી બધી યોગ્યતા અને ઉદારતા હોવી જોઈએ ? વિનંતિ કેવળ મૌખિક નહોતી. પણ સર્વ જરૂરિયાતો પૂર્ણ કરવાની એમની તૈયારી હતી. મિથ્યાત્વની હાજરીમાં આટલું ઔદાર્ય અને આટલું ઔચિત્ય, એ કાંઈ કમ વાત નથી.

આચાર્ય મહારાજ આ સાંભળે છે, એટલે તેઓ કહે છે. કે-'હે સાર્થનાથ ! શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં સાધુઓને તે જ નિર્દોષ અશનાદિ કલ્પે છે, કે જે અશનાદિ તેઓએ સ્વયં કરેલું ન હોય, બીજાઓની પાસે તેઓએ કરાવેલું ન હોય તેમજ બીજાઓએ વિના સૂચનાદિએ કરેલું પણ જે તેઓ માટેના સંકલ્પથી રહિત હોય ! અર્થાત્-અમારે માટેના સંકલ્પથી બનેલ અશનાદિ પણ અમને ખપે નહિ ! વળી, અમારે વાવ, કુવા કે તળાવનું જલ અથવા તો અપ્રાસુક જલ પણ કલ્પે નહિ !'

આચાર્ય ભગવાન શ્રીમદ્ ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજાને વસન્તપુર જવાની ઈચ્છા જરૂર છે, પણ પોતાના સંયમને નિષ્કલંક રાખીને જવાની ઈચ્છા છે ! સંયમને વેચીને વિહાર ખાતર વિહાર કરનારાઓ, શ્રી જૈન શાસનના સાચા સાધુઓ તરીકે રહી શકતા નથી.

જો કે-શ્રી ધના સાર્થવાહને આચાર્ય મહારાજના આવા ખુલાસાથી દુઃખ થતું નથી, પણ દુઃખ થાય તો એમને ખૂશ કરવાને માટે સાધુ સંયમ ધર્મને ચૂકે એ ન બને ! સંયમ વેચીને પરોપકાર કરવા આદિની વાહિયાત વાતો કરનારાઓએ આ વસ્તુ ખાસ સમજવા જેવી છે.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## અનુગ્રહ કરવાની વિનંતી :

આચાર્ય મહારાજના મુખેથી શ્રી જૈન શાસનના સાધુઓના આવા અનુપમ આચારની વાત સાંભળવાના યોગે, શ્રી ધના સાર્થવાહની ભક્તિ વધી જાય છે. એમ થઈ જાય છે કે-'આ કોઈ અજબ કોટિના મહાત્મા છે. આવા મહાત્મા મેં મારા જીવનમાં આજે જ જોયા.' એ જ વખતે ત્યાં શ્રી ધના સાર્થવાહની પાસે પાકી મનોહર કેરીઓથી ભરેલો થાળ કોઈ ભેટ લાવીને મૂકે છે. શ્રી ધના સાર્થવાહને એમ થઈ જાય છે કે-'આ કેરીઓ નથી આ મહાત્માએ પકવી, નથી આ મહાત્માએ પકાવરાવી કે નથી તો એમના સંકલ્પથી આવી, માટે આ મહાત્માને જરૂર ખપશે. આવા અવસરે જ આવી વસ્તુ આવી લાગી એ ઘણું જ ઠીક થયું.' આવેલી કેરીઓ મહાત્માને દઈ શકાશે, એમ માનીને શ્રી ધના સાર્થવાહને ઘણો જ આનંદ થયો.

એ આનંદના યોગે શ્રી ધના સાર્થવાહ કહે છે કે-'મહાત્મન્ ! આ ફળોને આપ ગ્રહણ કરો અને એ રીતિએ મારા ઉપર અનુગ્રહ કરો !'

કેવા સુન્દર શબ્દો છે ? સાચી ભક્તિ વિનયશીલતાને પણ સ્વાભાવિક રીતિએ જ પેદા કરી દે છે. મહાત્મા લે તેને પોતા ઉપરનો અનુગ્રહ માનવાની બુદ્ધિ, મિથ્યાદૃષ્ટિ પણ આત્મામાં ક્યારે પ્રગટે ? આવી બુદ્ધિ આત્મામાં ઉત્તમતા પ્રગટ્યા વિના આવતી જ નથી.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી
પ્રત-૩જી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## ફળોને તો અડાય પણ નહિ :

શ્રી ધના સાર્થવાહની આ ઉત્તમ મનોદશાને આચાર્યમહારાજ સમજે છે, પણ પોતાના ધર્મનોય એ મહાત્માને બરાબર ખ્યાલ છે. અત્યારે ના પાડીશ તો આને શું લાગશે, એમ વિચારીને એ મહાત્મા પોતાના આચારને મૂકવા કે છૂપાવવાને તૈયાર થતા નથી. મહાત્મા કહે છે કે-'હે શ્રાદ્ધ ! આ ફળોને તો સ્પર્શ કરવો એ પણ અમને કલ્પે નહિ, તો પછી ખાવાની વાત જ કયાં રહી ?

આવા ઉત્તરથી શ્રી ધના સાર્થવાહને અપમાન લાગતું નથી. એમ નથી થતું કે-'આવવું છે મારી સાથે અને હું જે કાંઈ લેવાનું કહું છું તેની ના જ ભણ્યે જાય છે !' આજે તો કેટલાક જૈન કહેવાતાઓનેય, સાધુઓ જો પોતાના ધર્મમાં મક્કમ રહેવાને માટે તેમની વિનંતિને ન માને તો પણ તેમાં અપમાન કર્યા જેવું લાગે છે, જ્યારે આ તો હજુ મિથ્યાદ્રષ્ટિ છે. !

## મિથ્યાત્વવાળી દશામાં પણ ઉત્તમતા :

શ્રી ધના સાર્થવાહ તો આચાર્યમહારાજનો ઉત્તર સાંભળીને ખૂબ પ્રસન્ન થાય છે. એમનું હૃદય ભકિત ભાવથી એકદમ ખીલી ઉઠે છે. એ કહે છે કે-'આ રીતિએ વર્તવું એ કેટલું બધું દુષ્કર છે ? અમારા જેવા પ્રમાદિઓ માટે તો આ રીતિએ એક દિવસ પણ રહી શકાવું શકય નથી !'

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

**શ્રી** ધના સાર્થવાહ, વસ્તુતઃ આ રીતિએ મહાત્માના સંયમની અનુમોદના કરે છે. અને પોતાને પ્રમાદી તરીકે જાહેર કરીને, પોતે એક દિવસ માટે પણ આવો ત્યાગ કરી શકે તેમ નથી એ વાતને નિર્દંભપણે કબૂલ કરી દે છે. વિચારો કે-આ જાતિનો ઉત્કટ ત્યાગ અને સંયમ જોઈને, મિથ્યાત્વવાળી દશામાં રહેલાં પણ શ્રી ધના સાર્થવાહ આવું જીવન જીવવાની પોતાનામાં તાકાત નથી એવો વિચાર કરે છે, પણ એમને એવો વિચાર નથી આવતો કે-'આય ખપે નહિ અને તેય ખપે નહિ, તો જન્મ્યા શું કામ અને જીવે છે શું કરવાને ?' આજે તો મોટા ભાગે વિપરીત વિચાર જ આવે. કારણ કે-ગુણ જોઈને હૃદયમાં પ્રેમ પ્રગટાવવાની લાયકાતથી પણ હજુ એવાઓ દૂર છે : પણ આવી લાયકાત ઘણી જ જરૂરી છે, કારણ કે આ જાતિની લાયકાત મિથ્યાત્વને ભગાડીને સમ્યક્ત્વને પ્રગટ કરવામાં ઘણી રીતિએ કાર્યગત નીવડે છે.

સુસાધુને દૂરથી જોઈને આનંદ પામનાર આજે વધારે છે કે સાધુને જોઈને મશ્કરી કરનારા વધારે છે ? ગાડીમાં ન બેસે અને પગે ચાલે, એની આજના કેટલાક લોકો ટીકા કરે છે. મોટરમાં બેસે તે અક્કલમંદ અને ન બેસે તે અક્કલહીન, એવું માનનારાઓ પણ નથી એમ નહિ ! આ કેવું કારમું મિથ્યાત્વ છે ? ખરેખર, ગુણો પ્રત્યે અનુરાગ, એ પણ સામાન્ય વસ્તુ નથી. એટલે હીણકર્મી આત્માઓને આત્માના હિતનો તો ખ્યાલ જ હોતો નથી. જો આત્માના હિતનો થોડો પણ ખ્યાલ હોય, તો ગુણવાનની થેકડી કરવા જેવી વિષમ હાલત તો ન જ હોય.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

શ્રી ધના સાર્થવાહની હાલત એવી સુન્દર છે કે-થોડા જ વખતમાં મિથ્યાત્વનો નાશ કરી દે અને સમ્યક્ત્વને પમાડી દે ! એ શું કમ શ્રીમંત હતા ? મોટી નગરીમાં એમણે જે ઉદ્‌ઘોષણા કરાવી, તે ઉપરથી પણ તેમની સંપત્તિશાલિતા કેવી હશે તે સમજી શકાય તેમ છે. આમ છતાં પણ એમને સાધુઓની મશ્કરી કરવાનું મન થતું નથી. જેમ જેમ ઉત્કટ ત્યાગ અને સંયમ જૂએ છે, તેમ તેમ તેમની ભકિત ઘટતી નથી પણ વધે છે.

શ્રી ધના સાર્થવાહ છેલ્લે છેલ્લે આચાર્ય મહારાજને એમ પણ કહે છે કે-'હે ભગવન્ ! આપને આ ન કલ્પે તો ય ભલે. આપને જે કાંઈ અન્નપાનાદિ કલ્પશે તે હું આપીશ, પણ કૃપા કરીને આજે મારા સાર્થની સાથે પધારો !'

આ પ્રમાણે વિનંતિ કર્યા પછીથી નમસ્કાર કરીને શ્રી ધના સાર્થવાહે આચાર્યમહારાજ આદિ મુનિવરોને વિદાય કર્યા.

### વિચારવા જેવી વસ્તુ :

ખરેખર, એ વિચારવા જેવું છે કે ત્યાગની વાત સાંભળતા જ પોતાની પામરતાનો શ્રી ધના સાર્થવાહને ખ્યાલ આવે છે, પણ મહાત્માની મશ્કરી કરવાનું તેમને મન થતું નથી. પોતાને માટે ભોજન બનાવવું એ ય કલ્પે નહિ, પોતાને માટે બીજાઓ પાસે ભોજનસામગ્રી કરાવવી એ ય કલ્પે

નહિ, આ ફલો પણ કલ્પે નહિ અને અપ્રાસુક પાણી પણ કલ્પે નહિ, એ જાણીને જેને મશ્કરી કરવાનું મન થાય, એ આત્માઓ કેવા ? ગાઢ મિથ્યાત્વથી ઘેરાયેલા ! પરંતુ જેને આનંદ થાય એવા આત્માઓમાં મિથ્યાત્વ કયાં સુધી ટકે ? પ્રાય એક જ ઝપાટામાં નીકળી જાય. ત્યાગ કરવાની વૃત્તિ તો દૂર રહી, પણ ત્યાગ કરવાવાળા તરફ પ્રેમની દ્રષ્ટિથી જોવા જેટલી પણ લાયકાત જેઓમાં રહી નથી, તે આત્માઓમાં કેટલી બધી કંગાલીયત છે, એ કહેવાની જરૂર નથી. ગુણી આત્માઓના દર્શનાદિથી આનંદ પામવા જોગું અન્તઃકરણ પણ ભાગ્યવાન આત્માઓને જ પ્રાપ્ત થાય છે. શ્રી ધના સાર્થવાહને મહાત્માના આચાર અને ત્યાગને સાંભળીને હાંસી કરવાની ઈચ્છા ન થઈ કે અરૂચિ પણ ન થઈ, પણ મહાત્મા પ્રત્યે બહુમાન થયું અને પોતાના આત્માની પામરતાનો ખ્યાલ આવ્યો, એ કેટલી બધી ઉત્તમતા છે એ ખાસ વિચારો !

### સાર્થરક્ષાની યોજના :

હવે સાર્થ ત્યાંથી નીકળ્યો. કેટલાય માણસો, કેટલાય વાહનો, કેટલીય સામગ્રી એ સર્વની જવાબદારી લઈને એ નીકળ્યો. એ સઘળાની રક્ષા માટેની એમની યોજના પણ ધ્યાનમાં લેવા જેવી છે. શ્રી ધના સાર્થવાહે યોજના કરી છે કે-સાર્થ રક્ષકોના ઘેરાની વચ્ચે જ રહે. અટવી સાર્થ વિના લંઘાવી અશકય હતી, માટે સાર્થની યોજના હતી. સાર્થની આગળ પોતે, પાછળ પોતાનો એક

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

વિશ્વાસપાત્ર મિત્ર, આસપાસ રક્ષકો અને વચમાં સાર્થ-એવી ગોઠવણ હતી. જૂઓ કે-ઉદ્‌ઘોષણાને સફળ કરવાનો કેટલો બધો ખ્યાલ છે ?

**સાર્થ ને માથે આફત :**

એ રીતિએ અટવીનું લંઘન કરે છે. એવામાં એકદમ ગરમીની મોસમ આવી. જલાશયો સૂકા ઈ ગયાં તાપ એટલો ને એવો પડવા માંડયો કે-જાણે અગ્નિ જ વરસી રહ્યો હોય. જેટલી શકિત હતી તે ખર્ચીને વ્યવસ્થા કરવા છતાં પણ પાણી પહોંચતું નથી. કુદરતના કોપ આગળ ચાલે પણ શું ? સાર્થવાહને ગભરામણનો પાર ન રહ્યો. ખાડા-ખાબોચિયાં વગેરે વડે બૂરી હાલતથી ઉષ્ણઋતુ સાર્થના માણસોએ પસાર કરી. ત્યાર બાદ વર્ષાઋતુ આવી, પણ એકદમ વરસાદ વરસવા લાગ્યો. વરસાદના પાણીથી ઊંચી-નીચી પણ ભૂમિ સમાન દેખાવા લાગી. સાર્થે આગળ ચાલવાં માંડયું, પણ વાહનો કાદવમાં ખૂંચી જવા લાગ્યાં. આગળ વધવું મુશ્કેલ થઈ પડવાથી, શ્રી ધના સાર્થવાહે થોડો વખત અટવીમાં વધુ રોકાવાનો નિર્ણય કર્યો. ઘાસની બાંધેલી કુટિરોમાં સાર્થના માણસો રહેવા લાગ્યા. એક જીવરહિત ભૂમિ પર બંધાએલી ઘાસની ઝૂપડીમાં આચાર્ય મહારાજ પણ પોતાના મુનિરાજોની સાથે રહ્યા. આ રીતિએ ઘણો સમય થઈ જવાથી અને ઘણું બગડી જવાથી ખાવાનું પણ ખૂટયું અને એથી સાર્થના માણસો કંદ આદિ જે કાંઈ મળી આવે તે ખાઈને જીવવા લાગ્યા.

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

## શ્રી ધના સાર્થવાહની ચિન્તા :

સાર્થની આટલી ખરાબ હાલત થઈ, ત્યારે સાધુઓની હાલત શી થઈ હશે ? આમ છતાં પણ એકેય દિવસ સાધુઓએ ફરિયાદ કરી નથી, કારણ કે-એ સાધુઓ હતા બીજી તરફ શ્રી ધના સાર્થવાહ સાર્થની આ દશાના દુઃખે રીબાઈ રહ્યા છે. તેમને સાધુઓનો ખ્યાલ નથી રહ્યો. એક વાર ચિંતાના યોગે એમને ક્ષણ માત્રમાં ઉંઘ આવી જાય છે. એ રાત્રિએ ચોથા પહોરે એક નિમિત્તના યોગે શ્રી ધના સાર્થવાહને મુનિઓ યાદ આવે છે અને મુનિઓ યાદ આવતાંની સાથે જ તેમના હૃદયમાં સખ્ત આઘાત થાય છે. 'જે મહાત્માઓ કરેલું, કરાવેલું કે અપ્રાસુક અન્ન વાપરવાથી દૂર રહે છે, કંદમૂલ તથા ફળ વગેરેને અડતા પણ નથી, તે મહાત્માઓની આવી વિકટ પરિસ્થિતિમાં કયી હાલત થઈ હશે ?'-એવી શ્રી ધના સર્થવાહને ચિન્તા થાય છે. એ વિચારે છે કે-'મેં મૂઢે આ શું કર્યુ ? મેં તો વાણી માત્રથી પણ તેમની ખબર નથી પૂછી. હવે હું તેમને મારૂં મોઢું પણ કેમ બતાવી શકીશ ? નહિ, નહિ, આજે જ તેમનું દર્શન કરીને હું મારા પાપને ધોઈ નાંખીશ !' વિચારી જુઓ કે-આ કેટલો બધો ઉત્તમ વિચાર છે ? અધમ આત્માઓને તો આવા પ્રસંગે આ જાતિનો વિચાર આવવાને બદલે કોઈક જુદી જ જાતિનો વિચાર આવે.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## મુનિઓની ફરજ :

આવો વિચાર કરીને, શ્રી ધના સાર્થવાહ સવારના પહોરમાં જ આચાર્ય મહારાજની પાસે આવ્યા. આચાર્ય મહારાજની મુખમુદ્રા પૂર્વવત્ પ્રસન્ન જ હતી અને સર્વ સાધુઓ પોતપોતાની સાધનામાં નિમગ્ન બનેલા હતા. શ્રી ધના સાર્થવાહે આવીને આચાર્ય મહારાજને અને મુનિઓને પણ યથાક્રમે વંદન કર્યું. સૌએ ધર્મલાભ દીધો. કોઈ કશી પણ ફરિયાદ કરતું નથી. મુનિઓ આ હાલતમાં પણ પોતાની સાધનામાંથી ચલિત ન થાય, એજ મુનિઓને માટે યોગ્ય ગણાય. મુનિઓ જો અનુકૂળતાના અર્થી અને પ્રતિકૂળતાના વૈરી હોય, તો આવા પ્રસંગે અનેક આત્માઓને ધર્મથી વિમુખ બનાવી દીધા વિના રહે નહિ. 'મોટા ઉપાડે સાથે લાવ્યા અને ખબર તો રાખી નહિ,'-એવો કોઈ જ જાતિનો ઉપાલમ્ભ સાચા મુનિઓ દે નહિ. ફરજનો ખ્યાલ આપવાનો હોય, તો પણ તે યોગ્ય અવસરે જ બને. પોતાને તકલીફ પડી તેથી મુનિઓ રોષે ભરાયા એવું સામાને લાગે, એ પ્રકારનું વર્તન તો સ્વપર-કલ્યાણના અર્થી મુનિઓ કરે જ નહિ.

## શ્રી ધના સાર્થવાહનાં પશ્ચાત્તાપપૂર્ણ વચનો :

આચાર્ય મહારાજને અને મુનિઓને વંદન કર્યા બાદ, શ્રી ધના સાર્થવાહ આચાર્ય મહારાજની સન્મુખ આવીને બેસે છે પછી ખેદપૂર્વક કહે છે કે-'હે ભગવન્ ! મેં મારી સાથે આવવાનું આમંત્રણ

કર્યું, એ કેવળ દેખાવ જ કર્યો : કારણ કે-તે દિવસથી આરંભીને આજ સુધીમાં મેં ન તો આપની ખબર પૂછી છે, ન તો આપને વાંદ્યા છે અને ન તો આપને અન્ન, પાન, વસ્ત્ર આદિથી સત્કાર્યા છે. જાગવા છતાં ઊંઘી ગયો હોઉં તેમ મેં મૂઢે આટલો લાંબો કાળ આપની અવજ્ઞાજ કરી છે. આ છતાં પણ, હે ભગવન્ ! મારા આ પ્રમાદકાર્યને આપ સહો. આપ તો મહાત્મા છો, એટલે સર્વના દોષોને સહો તે સ્વાભાવિક છે.'

શ્રી ધના સાર્થવાહ આવા ભાવનું બોલે છે, એ ઉપરથી ખ્યાલ કરવો જોઈએ કે-એમનું હૃદય કેવું હશે ? ભૂલ તો થઈ, પણ ભૂલનો ખ્યાલ આવતાં પશ્ચાતાપ કેટલો બધો થયો, એ જ ખાસ જોવા જેવું છે. ભૂલ થઈ જવી એ તો બનવા જોગ વસ્તુ છે. ઉત્તમ આત્માઓથી પણ કોઈ અવસરે ભૂલ થઈ જાય, પણ ભૂલનો ખ્યાલ આવતાંની સાથે જ હૈયામાં પશ્ચાતાપનો ભાવ પ્રગટે, તો એ આત્મા ઉત્તમ જ છે. એ સાચું કે-ભૂલનો પશ્ચાતાપ દંભી નહિ હોવો જોઈએ. દંભિનો તો ઉદ્ધાર જ નથી. શ્રી ધના સાર્થવાહમાં દંભ જેવું કાંઈ છે જ નહિ. એમને તો ખૂબ દુઃખ થયું છે અને એ જ એમણે આચાર્ય મહારાજ સમક્ષ પ્રગટ કર્યું છે.

## યાત્રિકોની ફરજ :

આની સામે આચાર્ય મહારાજે જે જવાબ આપ્યો છે, તે પણ ધ્યાનમાં રાખી લેવા જેવો છે.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

આચાર્ય ભગવાન શ્રીમદ્ ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-'હે મહામતિ ! અમને તેવી કશી જ તકલીફ પડી નથી, માટે તું ખેદ ન કર ! માર્ગે દુષ્ટ હિંસક પશુઓથી અને ચોરોથી તેં અમારૂં રક્ષણ કર્યું છે, એટલે તેં કયો સત્કાર નથી કર્યો ? વળી, તારા જ સાર્થિકો અમને ઉચિત અન્નપાનાદિ આપે છે.'

આચાર્ય મહારાજાએ તકલીફને તકલીફ રૂપે નહિ માની હોય, એમ લાગે છે ને ? પણ માર્ગમાં એમને અને એમની સાથેના સાધુઓને તકલીફ જ નહિ પડી હોય એમ તો નહિ જ ને ? છતાં આચાર્ય મહારાજાએ કેટલો ઔદાર્યપૂર્ણ ઉત્તર આપ્યો છે ? સાચો વિવેક જેમ મનને નિર્મલ બનાવી દે છે, તેમ વચનને પણ હિતકારી મધુરતાથી ભરપૂર બનાવી દે છે.

આચાર્ય મહારાજે આપેલા ઉત્તરને અંગે, સંઘમાં સાથે આવનારાઓની કેવી વૃત્તિ હોવી જોઈએ, એ પણ વિચારી શકાય તેમ છે. સંઘમાં આવનાર એક પણ યાત્રિકને કોઈ પણ પ્રકારની અગવડ ન નડે એ જોવાનું કામ જેમ સંઘપતિનું છે, તેમ સંઘમાં પડતી હરેક પ્રકારની તકલીફો સમતાથી સહી લેવી અને તે છતાં પણ જેટલી સગવડ મળે તે માટે સંઘપતિનો ઉપકાર જ માન્ય કરવો, એ ફરજ યાત્રિકોની છે. આજે તો વૃત્તિ જ ફરી ગઈ છે. ૯૯ ચીજો સારી હોય તેની અનુમોદના કરવાની વૃત્તિ નથી થતી અને એકાદ ચીજમાં ખામી હોય તો એમાં મીઠું-મરચું ભભરાવીને નિન્દા કરવાની વૃત્તિ સહેજે થઈ જાય છે.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એ ઘણી જ અધમ વૃત્તિ છે, પરંતુ આજે એવી અધમ વૃત્તિવાળાની સંખ્યા વધારે છે એમ કહીએ તો પણ ચાલી શકે. ઉત્તમ વૃત્તિવાળા યાત્રિકોએ તો પોતાને મળતી સગવડો તરફ જ ધ્યાન આપવું જોઈએ અને બીજાઓની અગવડોને દૂર કરવાનું જો પોતાનાથી શકય હોય તો તેમ કરવાને પણ નહિ જ ચૂકવું જોઈએ. આચાર્ય મહારાજે તકલીફ પડયાનું કહ્યું નહિ, પણ ઉપકાર કહ્યો. એ મહાત્મા હતા તો તમે મહાત્માના ઉપાસક તો છો ને ? ઉપાસક નહિ તો એવા મહાત્માના ઉપાસક બનવાના વિચારવાળા તો છો ને ? જો હા, તો તમારે પણ આ પ્રકારનો ઉમદા ભાવ તમારા આત્મામાં પ્રગટે, એવો પ્રયત્ન કરવો જોઈએ. ઉત્તમ આત્માઓ બીજાના ઉપકારને જ જૂએ છે; અપકારને જોતા નથી.

### શ્રી ધના સાર્થવાહની વિનંતિ :

ઘણી તકલીફો પડવાં છતાં પણ આચાર્ય મહારાજે એક પણ તકલીફ કહી નહિ અને જે કાંઈ સારૂં હતું તે જ જણાવ્યું, એથી શ્રી ધના સાર્થવાહના હૃદયમાં મુનિઓ પ્રત્યે જે માન હતું, તે કંઈ ગણું વધી ગયું. ખરેખર, માણસ જો સમતાશીલ બને, તો સામાનું પત્થર જેવું કઠોર પણ હૈયું પ્રાયઃ પીગળીજ જાય તમે તમને પડતી તકલીફોની રાડ પાડવાનું બંધ કરો, તો સામા ઉપર એની અસર ન થાય, એમ માનો છો ? તકલીફ દેનારાના પણ જે ગુણ હોય તે ગુણને ગાવાથી, તકલીફ દેનારો આપોઆપ લજવાઈ જાય છે. ઉત્તમ આત્માઓ આવી રીતિએ પણ સામાને ગુણ પમાડી શકે છે.

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

હવે આચાર્ય મહારાજને શ્રી ધના સાર્થવાહ કહે છે કે-'ખરેખર, સંતપુરૂષો ગુણોને જ જોનારા હોય છે અને એથી જ આપ મારા જેવા દોષિતને માટે પણ આમ બોલો છો. હું મારા પ્રમાદથી એકદમ શરમાઉં છું. આપ કૃપા કરો અને સાધુઓને આહાર માટે મોકલો, કે જેથી હું મારી ઈચ્છા મુજબ આપી શકું !'

શ્રી ધના સાર્થવાહ કહે છે કે-'જે ખપતું હશે તે આપીશ, પણ મુનિઓને મોકલો.'

## સમ્યક્ત્વની પ્રાપ્તિ :

આ પ્રમાણેની વિનંતિ કરીને શ્રી ધના સાર્થવાહ પુનઃપણ વંદન કરીને પોતાના આવાસે ગયા. આચાર્ય મહારાજે વહોરવાને માટે બે સાધુઓને મોકલ્યા. હવે એ વખતે સાધુઓને ખપે એવું અન્નપાનાદિ તૈયાર નથી. શ્રી ધના સાર્થવાહ જાતે જ સાધુઓને વહોરાવી શકાય એવી વસ્તુ શોધે છે. એટલામાં એમની દૃષ્ટિ નવા આવેલા તાજા ઘી ઉપર પડે છે. શ્રી ધના સાર્થવાહ એ વહોરાવવાને તૈયાર થાય છે અને અવસરના જાણ મુનિવર પણ પાત્ર ધરે છે. **'धन्योऽहं, कृतकृत्योऽहं, पुण्योऽहं'** એવા વિચારથી શ્રી ધના સાર્થવાહની રોમરાજી વિકસ્વર થઈ જાય છે અને એવી ભાવનામાં ચઢતે પરિણામે શ્રી ધના સાર્થવાહ સાધુઓને જાતે જ ઘી વહોરાવે છે. એ વખતે શ્રી ધના સાર્થવાહની આંખો પણ આનંદનાં અશ્રુઓથી ભીંજાઈ જાય છે. એ વખતે શ્રી ધના સાર્થવાહનું મિથ્યાત્વ રૂપી ઝેર નીકળી ગયું. ઘી

ખાવાથી ઝેર ચાલ્યું જાય છે એમ કહેવાય છે. અહીં પણ શ્રી ધના સાર્થવાહ વસ્તુતઃ ઘીનું દાન નહોતા દેતા, પણ મિથ્યાત્વ વિષનો નાશ કરવા માટે જ જાણે ઘી ખાતા હતા ! દાન દેવું, એ જ વસ્તુતઃ ખાવું છે. 'ખાધું, પીધું અને ભોગવ્યું તથા તિજોરીમાં રાખ્યું તે આપણું, બાકી પારકું એવું માનનારામાં ઉદારતા ક્યાંથી આવે ? શ્રી ધના સાર્થવાહે તો એ વખતે મોક્ષતરૂના બીજ સમાન સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યું. 'આપણને આ વર્ણન સાંભળતાં સાંભળતાં પણ ઉત્તમ ભાવના આવી જાય તો કામ થઈ જાય.' એવી પણ વૃત્તિ જન્મવા જોગી જે આત્માઓમાં લાયકાત હોય, તેમને માટે તો આ દૃષ્ટાંત ઘણુંજ ઉત્તમ છે.

## (૧૬)

## પોતાને સારી લાગતી વસ્તુ સૌ કોઈ પામો-એવી ભાવના ઉત્તમની હોય :

ગઈ કાલે આપણે શ્રી ધના સાર્થવાહને યાદ કર્યા હતા, શ્રી ધના સાર્થવાહ વ્યાપારને માટે નીકળેલા, છતાં પણ સમ્યક્ત્વને પામ્યા-એનું કારણ શું, એ કલ્યાણના અર્થિઓએ ખાસ વિચારવું જોઈએ અને પોતાનો આત્મા સમ્યક્ત્વાદિ ગુણોની પ્રાપ્તિ તથા નિર્મલતા માટે આવશ્યક ક્રિયાઓમાં પ્રવૃત્ત બને, એવો પ્રયત્ન કરવો જોઈએ.શ્રી ધના સાર્થવાહ જ્યારે સમ્યક્ત્વ નહોતા પામ્યા, ત્યારે સદાચારાદિના યોગે જગતમાંએ મહા સજ્જન કોટિના ગણાતા હતા. દુન્વયી સામગ્રીની અપેક્ષાએ એ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

સુખી હતા, પણ-'એ સુખ હું એકલો ભોગવું.' એ વાત એમના દિલમાં બિલકુલ રૂચિકર હતી નહિ. આથી જ-'હું વસન્તપુર જાઉં છું, તો જેઓને આવવું હોય તે સર્વને સાથે લઈ જાઉં,'-એ વિચાર એમને થયો અને એ વિચારને અનુસરતી ઉદ્‌ઘોષણા પણ એમણે કરાવી. એ પછી એમને કયી રીતિએ મહાપુરૂષનો યોગ મળ્યો અને પરિણામે કયી રીતિએ મહાત્માને દાન દેતાં દેતાં એમને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ ગઈ. એ વગેરે આપણે જોઈ ગયા છીએ. જ્યારે મિથ્યાત્વવાળા પણ મિથ્યાત્વની મંદતાના યોગે અમુક ઉત્તમતાને પામેલા ઉત્તમ આત્માઓને પણ ઉપકાર કરવાની વૃત્તિ હોય છે, તેને પણ હું એકલો સુખી થાઉં એમ હોતું નથી, ત્યારે સમ્યક્ત્વાદિ ગુણોને પામેલા ઉત્તમ આત્માઓને, પોતાને સારી લાગે એ વસ્તુ બીજાઓને પણ મળો, એ પ્રકારની ઈચ્છા થાય તે સ્વાભાવિક છે, એમ સમજવું જોઈએ. પોતાને સારી લાગે એ વસ્તુ બીજાઓને ન મળો, એ અધમ આત્માઓની ભાવના છે. ઉત્તમ આત્માઓ તો પોતાને સારી લાગતી વસ્તુ સૌ પામો એવી જ ભાવનાવાળા હોય. એ રીતિએ સાધનહીન આદિને પણ તીર્થયાત્રા કરાવવાની ઈચ્છા, સમ્યગ્દર્શનાદિ ગુણોને પામેલા સાધન સંપન્નને થયા વિના રહે નહિ. જ્ઞાનિઓએ તો સ્વપરનું કલ્યાણ માનીને સામુદાયિક યાત્રાનું વિધાન કર્યું છે, પણ એ વાત સાંભળવાવાળાને આવશ્યક અને ઉપકારક લાગે તો જ તે કરવાને માટે યથોચિત પ્રકારની પ્રવૃત્તિ થાય છે.

### ઈચ્છા, સામગ્રી, નિમિત્ત અને પ્રેરક જોઈએ :

તીર્થનું સ્વરૂપ, યાત્રાનો હેતુ તથા વ્યકિતગત યાત્રા અને સામુદાયિક યાત્રા વગેરેનાં જ્ઞાનિઓએ કરેલાં વિધાનો-એ વગેરે આપણને રૂચી જાય, તો જ વાસ્તવિક ફાયદો થાય. તીર્થની સેવા આત્માના ઉધ્ધારને માટે આવશ્યક છે. એમ માનનારાને, 'મારી સહાયથી બીજા આત્માઓ પણ તીર્થની સેવા દ્વારા આત્માનો ઉધ્ધાર સાધો'-એવી ઈચ્છા થવી એ સંભવિત છે કે અસંભવિત ? કહો કે-અસંભવિત નહિ પણ સુસંભવિત જ છે. યાત્રા કરાવવાની ઈચ્છા થાય છતાં જેટલી ઈચ્છા થાય, એને પાર પમાડવાની સામગ્રી બધાની પાસે હોય છે એવું બનતું નથી. સામગ્રી હોવા છતાં એને સફળ કરવાની શકિત પણ બધાની હોતી નથી. શકિત હોવા છતાં પ્રેરકની પણ જરૂર રહે છે. સમજદાર આત્માને પણ સદ્‌ભાવ પેદા કરવા માટે ઉત્તમ નિમિત્ત અને પ્રેરકની આવશ્યકતા હોય છે. એ રીતિએ ધર્મ કરવામાં એકલી ઈચ્છા જ કારગત થાય છે એમ નથી. ઈચ્છા પણ થવી જોઈએ, સામગ્રી પણ હોવી જોઈએ અને નિમિત્ત તથા પ્રેરક પણ જોઈએ.

### અનુકંપાશીલને યાચક પણ ઉપકારી લાગે.

દાન ધર્મની ઈચ્છા થઈ અને દાન દેવા લાયક કોઈ વસ્તુ પાસે ન હોય તો ? દાનની ઈચ્છા અને દાનને યોગ્ય સામગ્રી -એ બંને હોય, પણ પાત્ર ન હોય તો ? દાન કરવા લાયક વસ્તુ, દાન કરવાની ભાવના અને દાન દેવાનું પાત્ર, એ ત્રણ હોય ત્યારે જ દાનધર્મનો અમલ થઈ શકે. એ રીતિએ દરેક

વસ્તુને માટે સમજી લેવું જોઈએ. ભૂખ્યા આદમીને ભોજન કરાવીને ભોજન કરવાની ઈચ્છા થઈ, પણ તે વખતે કોઈ ભૂખ્યા જ ન મળે તો ? એટલા માટે અનુકમ્પા જેના હૃદયમાં ઉત્પન્ન થાય છે, તેને યાચક પણ ઉપકારી લાગે છે. અનુકમ્પાની ભાવનાને સફળ કરવામાં નિમિત્તભૂત યાચકને પણ એ ઉપકારી માને છે. એ માટે એ રોજ યાચકની રાહ જૂએ છે, દેખે તો આનંદ પામે છે અને કહે છે કે-'તું મારો ઉપકારી છે. તું ન હોત તો હું મારી વસ્તુનો સદુપયોગ શી રીતિએ કરી શકત ?' આજ તો મોટાભાગે દશા એ છે કે-વાસ્તવિક કોઈ ગુણ જ આત્માને સ્પર્શતો નથી. કોઈપણ ગુણ તેનાં વાસ્તવિક રૂપમાં જીવનમાં આવ્યો જ નથી, એવી ઘણાઓની દશા છે આત્મામાં એક પણ વાસ્તવિક ગુણ આવી જાય અને દિન પ્રતિદિન ઉજ્જવલ ભાવના આવે નહિ, એ બને નહિ, એ ગુણનું સેવન કર્યા વિના એને કદી પણ ચેન પડે નહિ. શાસ્ત્રે કહ્યું છે કે -ઉદરંભરિપણું એ દુર્ગુણ છે. આર્ય દેશનો વાસી અને આસ્તિક સંપ્રદાયનો અનુયાયી, ભોજન કરતી વખતે પોતાના ભોજનમાંથી થોડી પણ વસ્તુ જુદી કાઢયા વિના જમે નહિ. 'કોઈને આપ્યા વિના ભોજન કરવું, એ આર્ય ગૃહસ્થ માટે કલંકરૂપ છે.' -એવી લગભગ સૌ કોઈની માન્યતા હતી : એટલે ભોજન આપવા લાયકની રોજ શોધ થતી હતી. કદી એવી વ્યકિત ન મળે તો ખાતા હતા પણ તે દુઃખ પૂર્વક અને થોડી વસ્તુ ભોજનમાંથી બાજુ પર રાખીને જ ! કોઈને આપ્યા વિના ખાવું એ ઠીક નથી, એવી ભાવનાને જવલંત રાખવાને માટે એ રિવાજનું પાલન કરવામાં આવતું હતું

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## ગુણવાનની વાતો :

નાનામાં નાનો પણ ગુણ ગુણરૂપે આત્મામાં આવે, તો એક ગુણ પણ અવ્યા પછી આત્મામાં કેટલી ઉત્તમતા આવતી જાય છે, એનો ખ્યાલ આવે. શ્રી ધના સાર્થવાહની પાસે દુનીયાનું સુખ હતું. એ સુખનો એમને અનુભવ અને સ્વાદ હતો, તેથી એ સુખ બીજાઓને પણ મળે એવી એમની ભાવના હતી. આજે મોટાભાગે કોઈપણ ગુણવાન આત્માની વાત ગુણ પ્રાપ્ત કરવાની બુદ્ધિએ સાંભળવામાં આવતી નથી કે યાદ કરવામાં આવતી નથી. યાદ રાખે છે તે પણ બીજે વાત કરવા કે હું જાણું છું એમ ડહાપણ કરવા માટે, પણ જેટલું ફરજનું ભાન શ્રી ધના સાર્થવાહને હતું એનો એક અંશ પણ અમારામાં નથી, એનો શોચ કરવા માટે એ દૃષ્ટાંતને કેટલાએ યાદ રાખ્યું છે ? તમારા માન-સન્માનની, તમારી પૂજા-ભક્તિની કે તમારી પ્રશંસાની તમારા દેવ-ગુરૂને પરવા હોતી નથી. ભક્તિથી તુષ્ટમાન કે નિન્દાથી રૂષ્ટમાન થાય, એવો દેવ આપણે ત્યાં છે જ નહિ. ગુરૂ પણ ભક્તિના ગરજાળ હોય તેવા આપણે ત્યાં રાખ્યા નથી એમની ભક્તિ કે સેવા કેવળ આપણા આત્માના ગુણો પ્રગટે એ માટે જ કરવાની જરૂર છે. એ રીતિએ ગુણવાન પુરૂષોની વાતો પણ ગુણની પ્રાપ્તિને માટે જ કરવાની હોય છે.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## તીર્થનો વાસ્તવિક ખ્યાલ હોય તો બીજાને સહવાસી બનાવવાની ભાવના પ્રગટે જ :

ધર્મની ભાવનાવાળા જેટલા હોય, તે બધાં સ્વતઃ ધર્મ કરવાની તાકાતવાળા જ હોય છે એવો નિયમ નથી : અથવા ઈચ્છા થવા માત્રથી એ તાકાત આવી જાય છે એમ પણ નથી. ઈચ્છા અને તાકાત હોવા છતાં પણ, ઘણાને સાથ વિના કરવાનું મન થતું નથી. કેટલાક એવા પણ હોય છે કે-તાકાત અને સાથ હોવા છતાં ઈચ્છા થતી નથી. એવાને પ્રેરકની પણ જરૂર હોય છે. તીર્થના સ્વરૂપને અને તીર્થયાત્રાના હેતુને જાણનારને એવી ઈચ્છા થાય કે નહિ કે-'મારી પાસે સાધન હોય તો હું એકલો નહિ પણ પાંચ-પચીસને સાથે લઈને જાઉં ?' તીર્થની યાત્રા અવશ્ય કરવી જોઈએ-એટલું ભાન થયા પછી પણ બાર મહિનામાં એક વખત તીર્થયાત્રા બીજાઓને અને છેવટે કુટુંબને સાથે લઈ જઈને કરવી એવી ઈચ્છા થાય છે ? જીવનમાં બીજા કેટલાને તીર્થયાત્રા કરાવી છે ? એવી ઈચ્છા પણ કદી અન્તરમાં પ્રગટી છે કે નહિ ? જવાબ બોલશો નહિ પણ આત્મા સાથે જરૂર વિચારી લેજો. 'તીર્થયાત્રા કરનારનું સમ્યક્ત્વ નિર્મળ થાય છે, નાસ્તિક પણ યોગ્ય હોય તો આસ્તિક થઈ જાય છે, અધર્મી પણ યોગ્યતા હોય તો ધર્મી બની જાય છે.'-એવું વર્ણન કરતા કેટલાકો સંભળાય છે. પણ એવા ગૃહસ્થોનેય પૂછીએ કે-'હું બીજાને પણ તીર્થયાત્રાએ લઈ જાઉં. એવી ઈચ્છા કદી થઈ છે ?'-તો પ્રાયઃ નિરાશ થવું પડે. પોતાના જેટલા આશ્રિત હોય, તેટલા તો એ લાભથી વંચિત નહિ જ રહેવા જોઈએ, એવી ઈચ્છા પણ

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

● તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ

કદી થઈ પણ છે ખરી ? સ્થાવર તીર્થની વાત દૂર રાખો; જંગમ તીર્થ એવા સાધુ કદાચ તમારા ગામમાં આવી જાય, તો તમારા જેટલા આશ્રિતો હોય તેટલામાંથી એક પણ એમના સુપરિચયથી બાકાત ન રહી જાય એવો પ્રબંધ કરવાની પણ તૈયારી છે ? તીર્થના સ્વરૂપનો ખ્યાલ આવી ગયો હોય, તો-'હું તીર્થનો સહવાસી બનું, મારા આશ્રિતને પણ તીર્થના સહવાસી બનાવું અને શકિત હોય તો સર્વ જગતને તીર્થનું અનુરાગી બનાવી દઉં'-એ ભાવના પ્રાદુર્ભૂત થયા વિના રહે જ નહિ. તમે બધા શ્રી તીર્થંકરદેવના ભકત છો, એમ તો તમે જાતે જ કહો છો. શ્રી તીર્થંકરદેવનો આત્મા કયી ભાવનાના બળે શ્રી તીર્થંકર-નામકર્મની નિકાચના કરે છે, એ જાણો છો ? 'દુનિયાના સર્વ જીવોને શ્રી વીતરાગના શાસન રૂપ તીર્થના ભકત બનાવી દઉં'-એ ભાવનાની ઉંચામાં ઉંચી હદે પહોંચીને જ, એ તારકોના આત્માઓ શ્રી તીર્થંકર-નામકર્મની નિકાચના કરે છે, શ્રી વીતરાગ દેવના અનુયાયીઓની પણ એ જ ભાવના હોય કે બીજી ? આપણી એ ભાવનામાં એ તારકોના જેટલી ઉત્કટતા ભલે ન હોય, પણ આપણી ભાવના એને અનુસરનારી તો હોવી જોઈએને ? હવે એવી ભાવના જે રાખતો હોય, એટલે કે-'જે તીર્થનો હું ભકત છું, તે તીર્થના ભકત બધા બની જાય તો સારૂં.' -એવી ભાવના જેની હોય, તે પોતાની શકિત અને સામગ્રીના પ્રમાણમાં બીજાઓને પણ તીર્થના ભકત બનાવવાનો પ્રયત્ન કરવાથી બેદરકાર રહે ખરો ? નહિ જ, પણ એ ભાવના આત્માની સ્વાભાવિક ગુણમયતાના યોગે પ્રગટેલી હોવી જોઈએ; કુત્રિમ નહિ હોવી જોઈએ.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## દેવગિરિમાં શ્રી જિનમન્દિર બંધાવ્યાનો એક પ્રસંગ :

મંત્રી પેથડશા માનતા હતા કે-શ્રી વીતરાગદેવનું મંદિર, એ પણ સંસારસાગરને તરવા માટેની એક બડી ભારી સ્ટીમર છે ! અથવા તો, આત્માના ભાવરોગનો નાશ કરવાને માટે એક મોટું ઔષધાલય છે ! અથવા તો, ત્રિવિધ તાપથી તપી રહેલા આત્માઓને શાંતિ પમાડવાને માટેનું એક સુંદરમાં સુંદર ધામ છે. આવી માન્યતાના યોગે, એક વખત જિનનામ પ્રત્યે પણ સૂગ ધરાવનારાઓના સ્થાન પર-જિન, વીતરાગ કે દેવાધિદેવને નહિ માનનારાઓનું જ્યાં ભારે જોર હતું તેવા સ્થાન પર શ્રી જિનેશ્વરદેવનું મંદિર બનાવીને, તે લોકોના હૃદયમાં પણ જિન નામનો પ્રવેશ કરાવી દેવો, એવી ભાવના એમને થાય છે.

એ રાજધાનીનો રાજા, મંત્રી અને મોટા ભાગનો નગરલોક સઘળા મિથ્યાદ્રષ્ટિ હતા. બ્રાહ્મણોનું ત્યાં એક છત્રી સામ્રાજ્ય હતું. અને જિનચૈત્ય કરાવવાનો કોઈ પ્રયત્ન કરે તો તેને તેઓ બલપૂર્વક વારતા હતા. અર્થાત્ તે નગરમાં એક પણ જિનચૈત્ય તેઓ બનાવવા દેતા નહિ.

મંત્રી પેથડશાએ આ વાત સાંભળીને વિચાર કર્યો કે-'ખરેખર, એ દેવગિરિ નામની નગરી મિથ્યાત્વના અંધકારથી છવાયેલી છે. એમાં હું શ્રી જિનચૈત્ય રૂપી દિપક પ્રગટાવું. અહીં જો શ્રી જિનમંદિર બંધાવાય, તો મોટો લાભ થાય અને શ્રી જિનશાસનની અનુપમ પ્રભાવના થાય.

પણ મંદિર બંધાવવું શી રીતિએ ? રાજા ગમે તેટલી લક્ષ્મી આપ્યે માને તેમ નહિ હતું, કારણ કે બ્રાહ્મણોને નાખૂશ કરવાને તે તૈયાર નહિ હતો. મંત્રી પેથડશાને લાગ્યું કે-અહીં શ્રી જિનમંદિર બંધાવવું હોય તો પહેલાં મંત્રીને વશ કરવો જોઈએ. મંત્રી ઘણો કૃપણ હતો અને મંત્રીને વશ કર્યા વિના રાજા પાસેથી કામ કઢાવવું, એ અશકય હતું, આથી મંત્રીને વશ કરવા માટે પોતાની થેલીઓ પેથડશા મંત્રીએ ખૂલ્લી મૂકી દીધી.

એની રાજધાનીના સારામાં સારા સ્થળ ઉપર હેમડ નામના તે મંત્રીના નામથી પેથડશાએ ધર્મશાળા ખોલી દીધી. નામ હેમડનું અને પૈસા ખરચનાર પેથડ ! એમાં જિનભકિત સિવાય બીજી એક પણ ઈચ્છા નહિ હતી. પરકાર્ય કરતાં દુન્યવી સ્વાર્થની સિધ્ધીની ઈચ્છા ન હોય, એનુ જ નામ ઉદારતા છે.

કહેવાય છે કે-એ ધર્મશાળામાં રોજ એક હજાર સોનૈયાનો ખર્ચ થતો હતો. ત્યાં નાવા-ધોવાની-જમવા અને આરામ કરવાની ઉત્તમમાં ઉત્તમ સગવડો રાખવામાં આવી હતી. અને એથી ત્યાં આવનારા ઘરને તથા માતા-પત્નિના ભોજનને પણ ભૂલી જતા.

આ રીતિએ મહિનાઓ વીતી ગયા અને વર્ષો વીતવા લાગ્યાં. મંત્રી હેમડની નામના ખૂબ વધી ગઈ. જે-તે એના નામના યશોગીત ગાવા લાગ્યા. આખા દેશમાં મંત્રી હેમડની પ્રશંસા થવા લાગી.

એ પ્રશંસા વધતી વધતી મંત્રી હેમડના કાન સુધી પહોંચી. 'શું હેમડ મંત્રીની ઉદારતા ? કેટલું એનું દાન ? શું એનો સત્કાર ? આવું કોઈપણ સ્થાને અમે જોયું નથી ! -એ રીતિના પ્રશંસાના ઉદ્‌ગારો જ્યાં-ત્યાંથી નીકળતા મંત્રી હેમડે સાંભળ્યા.

આ રીતિએ મહાન દાતાર તરીકેની પોતાની નામના ગવાતી સાંભળીને, મંત્રી હેમડ વિચાર કરે છે કે -'મેં કયુ દાન આપ્યું છે ? ત્યારે શું આ બધા લોકો ગપ મારતાં હશે ? પણ બધા ગપ મારે એ બને કેમ ?' આથી તેણે પોતાના વિશ્વાસુ નોકરોને તપાસ કરવાને માટે મોકલ્યા. નોકરો ત્યાંની સર્વ વ્યવસ્થા જોઈને આવ્યા બાદ કહે છે કે-'આપ સાંભળો છો, તેથી કેઈ ગુણી સુંદર ધર્મશાળા આપના નામે ચાલી રહી છે.'

હવે મંત્રી હેમડથી ન રહેવાયું. પોતે જાતે ત્યાં ગયો. બધાને પૂછે છે કે-'આ કોની ધર્મશાળા છે ?' બધા કહે છે કે-'હેમડ મંત્રીની !' મોટા વ્યવસ્થાપકને બાજુમાં લઈ જઈને પૂછે છે. તપાસ કરતાં મંત્રી હેમડને ખબર પડે છે કે-'માલવ દેશના પેથડશા મંત્રીએ મારા (મંત્રી હેમડના) નામથી આ ધર્મશાળા ખોલી છે.'

એના મનમાં આવ્યું કે-'આ કેટલો ઉદાર માણસ ? હું એનો કેટલો ઉપકાર માનું ? સગો ભાઈ પણ આવું કામ ન કરે ! તેની માતાને ધન્ય છે, કે જેણે આવા પુત્રને જન્મ આપ્યો. પારકા દ્રવ્યથી

પોતાની નામના કરનારા તો આ જગતમાં ઘણા છે, પણ પોતાના દ્રવ્યથી પારકી નામના કરનાર તો આ એક પેથડશા જ જોયો.'

પછી તે સ્વયં માલવદેશમાં જાય છે. પેથડશા તેનું ઉત્તમ પ્રકારે સન્માન કરે છે. 'આ ખર્ચ કરવાનો હેતુ શો છે ?'-એમ હેમડ મંત્રી પૂછે છે અને સાથે સાથે કહે છે કે-'કોઈપણ રીતિએ તમારા આ ઉપકારનો બદલો તો હું વાળી શકું એમ છું જ નહિ, પણ મારે લાયક જે કાર્ય હોય તે જરૂર કહો.' ત્યારે પેથડશા કહે છે કે-'હેતુ છે જરૂર, પણ એ સફળ ન થાય તો પણ જ્યારથી આ ધર્મશાળા શરૂ થઈ છે, ત્યારથી મારા આત્માને તો અનુપમ લાભ થઈ જ રહ્યો છે. મારો હેતુ બહુ મોટો છે અને તે આપનાથી જલ્દી સિધ્ધ થઈ શકે એમ હોય તો જ કહેવો સાર્થક છે.

હેમડ કહે છે કે-'એ હેતુને સફળ ન કરૂં તો હું હેમડ નહિ. મારા જેવા કૃપણને પણ દાતાર તરીકે જગતમાં નામાંકિત કરનારનો હેતુ સફળ ન કરૂં, તો હું આદમી કેવી રીતે ? મારા બલ અને શરીરના ભોગે પણ હું તમારૂં કાર્ય કરીશ.'

પેથડશા મંત્રી કહે છે કે-'સારા જગતના ઉદ્ધારક દેવાધિદેવના મંદિર માટે તમારી રાજધાનીમાં એક મોટું સ્થાન જોઈએ છે. એ સિવાય બીજું કાંઈ જોઈતું નથી.'

કેવળ સ્થાન મેળવવાને માટે કેટલી બધી ઉદારતા ? હજારની જમીનના આવા પ્રસંગે લાખ માંગે તો તમે આપો ? અવસરે લાખ નહિ પણ સવા લાખ કે તેથી વધુ પણ આપવા જોઈએ ભાવ ન કરે એ વાણિયો નહિ, એ કહેવત અહીં લાગુ કરવાની નથી..

સ૦ અત્યારનો જમાનો જુદો છે.

બિચારા એક જમાનાને એવો રાખ્યો છે કે-એના ઉપર સઘળું કલંક દઈ દેવું. પણ અમે આવા છીએ એમ ન કહેવું !

અવસર જોયા વિના કંજુસાઈથી ભાવતાલ કરવાવાળાઓ ધર્મની પ્રભાવના કરી શકતા નથી, પણ અવસરે લઘુતા જરૂર કરાવે છે .પેથડશા મંત્રી જાતના બનિયા હતા, પણ ગુણથી બનિયા નહિ હતા.

હેમડનું શિર ડોલી જાય છે કહે છે કે-તું કહે છે એ જરૂર કરીશ, પણ મુશ્કેલ ઘણું છે.'

હેમડ મંત્રી પેથડશાને પોતાની રાજધાનીમાં આવવાનું આમંત્રણ કરે છે બન્ને ત્યાં જાય છે. હેમડ મંત્રીએ કહ્યું કે-હું જાતે જ રાજાને વિજ્ઞપ્તિ કરીશ, પણ તે અવસરે !' પેથડશા મંત્રી ત્યાં જ રોકાય છે. એમની ઉદારતાતો ચાલુ જ છે પોતે જે કાર્ય કરવા ધાર્યુ છે તે સારી રીતિએ સફળ કરવું છે, માટે જેનું ને તેનું મોં ભરી દેવું, એ એમણે નીતિ રાખી છે.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એકવાર રાજા પ્રસંગ પામીને હેમડ મંત્રી ઉપર ખૂશ થઈ જાય છે અને વચન માગવાનું કહે છે. એનો લાભ લઈને મંત્રી હેમડ કહે છે કે-'મારો ભાઈ આપણી નગરીમાં એક જિનવિહાર બંધાવવાને ઈચ્છે છે, તો આપ તેને મનગમતી ભૂમિ આપવાની કૃપા કરો.' રાજાના પૂછવાથી મંત્રી હેમડ પેથડશા મંત્રિની ઓળખાણ કરાવે છે.

એક વાર પેથડશા મંત્રિને તે રાજસભામાં પોતાની સાથે લઈ જાય છે. રાજા એકદમ ઉઠીને પેથડશા મંત્રિનું સન્માન કરે છે અને તેમને ભેટી પડે છે. પછી શ્રી જિનચૈત્યને યોગ્ય ભૂમિ આપવાને માંટે રાજા જાતેજ સાથે નીકળે છે. એક મુખ્ય સ્થાનેં પેથડશા મંત્રિએ જગ્યા પસંદ કરી. રાજાએ તે આપી અને તે જ વખતે પેથડશા મંત્રીએ સુવર્ણદામોનું વિપુલ દાન કરીને નગરલોકોને ખૂશ કર્યા.

જગ્યા મળી તેની સાથે પાયો ખોદવાનો શરૂ કરી દીધો. પાણી મીઠું નીકળ્યું. બ્રાહ્મણ લોકોને એમ થઈ ગયું કે આવી મોકાની જગ્યા અને તે પણ મીઠા પાણીવાળી, રાજાએ દઈ દીધી ?'રાતે ને રાતે ફરિયાદ લઈ ગયા. 'મીઠું પાણી આપણા દેશમાં નથી અને આ જગ્યાએ નીકળ્યું છે, તો અહી આપ એક સુન્દર વાવ બંધાવો' એમ કહીને વાવ બંધાવવામાં ઘણું પુણ્ય છે, એમ રાજાને સમજાવ્યું તથા કહ્યું કે-'આપવી હોય તો પણ બીજી જગ્યા તેમને આપો.'

તે વખતે રાજાનો હજામ પગચંપી કરતો હતો તેને એમ થયું કે-'કયારે રાજા સૂઈ જાય અને કયારે હું પેથડશા મંત્રિના આવાસે જઈને તેમને આ વાતની ખબર આપું !'

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

હજામને કોઈ વખત પેથડશાએ કહ્યું નથી કે-'રાજાની ખાનગી બાતમી લાવજે.' પણ જ્યારે જ્યારે ગયેલો ત્યારે મુઠી ભરી ભરીને આપ્યું હતું એટલે એ પેથડશા પાસે એકદમ જઈ પહોચ્યોં અને રાજાની પાસે થયેલી સઘળી જ વાત પેથડશાને કહી સંભળાવી.

પેથડશા કહે છે કે-કંઈ હરકત નહિ. રાત્રે જ પોતે ઉઠયા. જાતે જાય છે. પણ બીજાને સોંપતા નથી. ગામ બહાર જઈને બીજા ગામથી મીઠા-નીમકનાં પાંચ-પચાસ ગાડાં ભરાવી લાવ્યા અને પાણીમાં મીઠું ઠલવાવ્યું. મીઠું જલ ખારૂં થઈ ગયું રાજાને મીઠું નીકળ્યું છે માટે ત્યાં વાવ બંધાવો, એમ કહેવા આવનારાઓને રાજાએ કહ્યું હતું કે-'હું જાતેજ કાલે આવીને તપાસ કરીશ અને મને જો પાણી મીઠું લાગશે, તો હું ત્યાં વાવ બંધાવીશ.' એ મુજબ બીજે દિવસે રાજા જાતે તપાસ કરવા આવે છે, પણ ચાખતાં પાણી ખારૂં લાગ્યું ! કેટલું મીઠું નાંખ્યું હશે ? પાણી ખારૂં થાય ત્યાં સુધી મીઠું નાંખે ત્યારે જ એ બને. એ કાર્ય સ્વયં કર્યુ પણ બીજાને સોપ્યું નહિ. રાજાએ પાણી ખારૂં લાગ્યું એટલે વિચાર કર્યો કે-'મત્સરના કારણે જ વિપ્રોએ મને ખોટી વાત કહી' પછી રાજાએ મીઠા પાણીની વાત લાવનારાંઓને ઠપકો આપ્યો અને પેથડશા મંત્રિનું સન્માન કર્યુ.

આ પછી પણ પેથડશા મંત્રિએ ઉદારતા વાપરવામાં કમીના રાખી નથી. શ્રી જિનમંદિર બાંધવાને માટે ઉત્તમમાં ઉત્તમ શિલ્પી જોઈએ, તો તે માટે પણ તેઓ ઘણું રખડયા છે અને રૂદ્ર મહાલય બાંધનાર

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

કારીગરના વંશજને તેઓ લઈ આવ્યા છે. આ પછી પ્રસંગે પ્રસંગે તેમને સૌનૈયાનું દાન તો ચાલુ જ રાખ્યું છે તેઓને મન લક્ષ્મીની કિંમત નહિ હતી, પણ ધર્મની પ્રભાવના કેમ થાય એ જ તેમની દૃષ્ટિ હતી.

ધર્મનાં કામોમાં અનુકમ્પા-દાન પણ એક અગત્યનું સ્થાન ભોગવે છે. અનુકમ્પા-દાન પણ અવસરે શાસનપ્રભાવનાનું મોટુંકારણ બની જાય છે. અનુકમ્પાદાનની તૈયારી ન હોય તો મોટા મહોત્સવો કરવા, એ લાભ કરતાં કેટલીક વાર નુકસાન પણ કરી દે છે, હજારની નોકારશી કરનારને ત્યાં બસો ભિખારી આવે તો રોતા ન જાય, એ સ્થિતિ હોવી જોઈએ. જમણ કરવાવાળો ભિખારી હોય કે શેઠ ? શેઠ હોય તો ભિખારીને શું આપે ? ભિખારી પણ ખુશ થઈને જવો જોઈએ. તેમ, સામુદાયિક યાત્રાનો વિધિ પણ સામાન્ય નથી. હજારો આત્માઓના દિલમાં ધર્મની વાસના ઉદારતા હોય તો સ્થાપિત થાય.

પેથડશા મંત્રી એ રીતિએ પ્રસંગે પ્રસંગે સોનૈયાનો વરસાદ ચાલુ જ રાખતા. દેવાધિદેવ, જગતનો ઉદ્ધાર કરવાવાળા વીતરાગદેવના મંદિર રૂપ તીર્થને એ રીતિએ એમણે કટ્ટર-વિરોધિઓના સ્થળમાં પણ સર્વની સમ્મતિપૂર્વક બનાવી દીધું બીજા પ્રપંચથી નહિ, પણ પોતાની લક્ષ્મીની મૂર્ચ્છા છોડીને !

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

આજ તો એમ થાય કે-એક મંદિર માટે આટલું બધું ખર્ચ ? એને આપણે પૂછીએ કે-પાપ રૂપ લગ્ન એક દિવસનું અને ખર્ચ કેટલો ? પાપ રૂપ લગ્નમાં એક દિવસ પણ અધૂરો ? એક કલાક પણ ખરો કે નહિ ? છતાં એ પાપ માટે ખર્ચ કેટલો ? હેતુની સિદ્ધિ માટે ચાહે એટલો ખર્ચ આવે, તેનો હિસાબ નહિ ને ? તો પછી તારક તીર્થનો મહિમા વધારવાની વાત જેને કિંમતી લાગે, એને લક્ષ્મીની કિંમત કેટલી લાગે ? લક્ષ્મીની કિંમત અધિક કે તીર્થની ? મારા યોગથી અને મારી સામગ્રીના સદુપયોગથી હજારો અને લાખ્ખોને લાભ ન થાય, તો મારી સામગ્રીની સફળતા શી રીતિએ થાય એમ એ માનતા. શકિત છતાં અવસરે ભકિતમાં કમીના રાખે, તે ભકત શાનો ? આવી ભાવના હતી, એના યોગે પેથડશા મંત્રિએ ત્યાં એવું મંદિર બંધાવ્યું કે-દુશ્મનનેપણ એ વીતરાગના મંદિરની ધ્વજાથી ગામની ઓળખાણ કરાવવાનું મન થાય : કારણ કે-એમાં જ એમણે પોતાની લક્ષ્મીની સફળતા માની હતી. તમે કયારે સફળતા માનો ? ખર્ચ કરો તેની ચાર જણ સારી વાત કરે તો, ન કરે તો નહિ, એમ જ ને ? પણ એ માન્યતા તદ્દન ખોટી છે.

### 'શકિત હોય તો બધાને તીર્થે લઈ જાઉં.'-એવી ભાવના હોવી જોઈએ :

લક્ષ્મીને તુચ્છ અને તીર્થને મહાન માનનારને લક્ષ્મીના ભોગે તીર્થ કાયમ રહે તે ઠીક લાગે કે તીર્થના ભોગે લક્ષ્મી કાયમ રહે એ ઠીક લાગે ? ગમે તેટલી લક્ષ્મીના ભોગે પણ તીર્થ કાયમ રહે એ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

જ સારૂં છે એમ એ માને, કારણ કે-તીર્થ એ જગતનું તારક છે. એ તારક સ્થાન પર એકલા જવાનું હોય કે શકિત હોય તેટલાને સાથે લઈને જવાનું હોય ? પ્રાણિગણના તારક તીર્થની યાત્રાએ મારી શકિત હોય તો બધા પ્રાણિગણને લઈને હું જાઉં' -એ ઈચ્છા તીર્થના ભકતમાં સ્વાભાવિક હોય કે લાવવી પડે ? તીર્થના સાચા ભકતમાં એ ભાવનાનું બીજ ન હોય, એ બને જ નહિ. 'તીર્થને માનીએ છીએ.'-એમ કહો છો, પણ કહેવાના કાકા અને મામાની જેમ તો નહિને ? કહેવાના, કેમ કે-અમારા ઘરનું ખાઈ જાય છે પણ ખવડાવતા કાંઈ નથી : તેમ તમે તીર્થના સેવકકહેવડાવવાવાળા છો કે તીર્થના સેવક તરીકે કામમાં આવવાવાળા પણ છો ? તીર્થ એ શું ચીજ છે અને એનો મહિમા આટલો કેમ છે, એનો જૈન કુળમાં જન્મેલા પણ ઘણાઓને ખ્યાલ ન હોય, એ ઓછું શોચનીય છે ? આત્માનો નિસ્તાર કરનાર તીર્થ છે. તીર્થ ઉપાડીને મોક્ષે લઈ જનાર નથી, પણ એના યોગથી આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણોનું પ્રગટીકરણ થાય છે. અને એ ગુણોની આરાધનાના યોગે મુકિત થાય છે. જો આટલો ખ્યાલ પણ વાસ્તવિક રૂપમાં આવી જાય તો તીર્થ પ્રત્યે ભકિત જાગ્યા વિના રહે નહિ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયી એ તીર્થ છે. એટલા માટે સમ્યગ્દર્શનાદિ ગુણોનું પ્રગટીકરણ થાય છે. અને એ ગુણોની આરાધનાના યોગે મુકિત થાય છે, જો આટલો ખ્યાલ પણ વાસ્તવિક રૂપમાં આવી જાય તો તીર્થ પ્રત્યે ભકિત જાગ્યા વિના રહે નહિ. સમ્યગ્દર્શન,

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયી એ તીર્થ છે. એટલા માટે સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિનાં જેટલા સાધનો છે, તેને પણ તીર્થ રૂપ માનવાનાં છે.

### વર્ષમાં એક વખત પણ યાત્રા કરો છો ?

વર્ષમાં એક વખત તો તીર્થયાત્રા અવશ્ય કરવી જોઈએ. શ્રાવકનાં વાર્ષિક ૧૧ કર્ત્તવ્યોમાંનું એ પણ એક કર્તવ્ય છે. શકિત હોય તેટલાને સાથે લઈને જવા દ્વારા એ કર્તવ્યનો અમલ કરવો જોઈએ એ કર્તવ્ય દર સાલ બજાવો છો ? શકિત હોય તેટલા પ્રમાણના સમુદાયની સાથે બાર મહિનામાં એક વખત તીર્થયાત્રા કર્યા વિનાની કેટલી સાલો આજ સુધીમાં ગઈ ? જેને નહિ લઈ જવાથી ઝઘડો થાય, એવાને સાથે લઈને ગયા હો તો એની વિશેષતા ન ગણાય. શકિતને અનુસાર સર્વ.કુટુંબને સાથે અગર વારા કરીને પણ લઈ જવું જોઈએ ! જ્યારે જ્યારે ભાવોલ્લાસ થઈ જાય, ત્યારે ત્યારે તીર્થમાં અવશ્ય વાપરવું. વાપરશો તે સાથે આવશે. બીજું સઘળું અહીં રહીં જશે પણ આજ તો કહે છે કે-'રોઈને રહીશું પણ હસીને છોડીશું નહિ.' હું ન છોડું ત્યાં સુધી આ લક્ષ્મી જાય નહિ-એવી માન્યતા હોય, તો તે ખોટી છે. એવી મૂર્ચ્છાવાળાને તીર્થનો મહિમા અને યાત્રાનો ખ્યાલ આવવો બહુ મુશ્કેલ છે 'સારાય જગતનો ઉદ્ધાર કરાવાવાળા સ્થાને હું એકલો કેમ જાઉં, હજારોને લઈને જાઉં, સૌને સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત કરાવું, કે જેથી બધાનો ઉદ્ધાર થાય.'-આવી ભાવના વિના કદી યાત્રા કરવા

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

કે કરાવવાનો પ્રસંગ પ્રાપ્ત થઈ પણ જાય, તો પણ તે પ્રસંગ જેવો જોઈએ તેવો દીપતો નથી. 'ક્યારે અવસર આવે અને એક નહિ પણ એક હજાર માણસોને બાદશાહી પૂર્વક હું લઈ જાઉં'-એ ભાવના કેળવવા જેવી છે. બાદશાહી સહિત એટલે આરાધનાની સર્વ સામગ્રી સહિત ! મને તકલીફ થાય તો ભલે, પણ બીજાને ન થાય એવા ખ્યાલપૂર્વક !! આ રીતિએ ઉચ્ચ ભાવના પૂર્વક તીર્થ યાત્રા કરાવો તો બીજાને પણ એમ થઈ જાય કે-જે તીર્થનો સેવક આટલો ઉત્તમ છે, એ તીર્થ કેટલું ઉત્તમ હશે ? કેટલીક વાર સેવકના યોગે પણ સ્વામિની સુખ્યાતિ કે અપખ્યાતિ થાય છે અને એથી-તીર્થના સેવકોએ પોતાના કારણે તીર્થ સંબંધી કોઈનામાં પણ ખોટા વિચારો ઉત્પન્ન ન થઈ જાય, તેની તો ખાસ કાળજી રાખવી જોઈએ.

### સામુદાયિક યાત્રા :

તીર્થનો સેવક તીર્થની આગળ સારી દુનિયાની રિદ્ધિસિદ્ધિને તુચ્છ માનનાર હોય. શકિત ન હોય અને ન કરે, પણ આવી ભાવનાવાળો પણ ન હોય તે તીર્થનો સેવક કેમ બની શકે ? સામુદાયિક યાત્રા સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ તથા નિર્મળતા માટે ઉત્તમ નિમિત્ત હોવાથી પરમ આવશ્યક છે. સામાન્ય રીતિએ એમ કહી શકાય કે-તીર્થયાત્રાના પ્રભાવથી હિંસક અહિંસક બની જાય છે, મૃષાવાદી સત્યવાદી બની જાય છે, ચોટ્ટા શાહુકાર બની જાય છે, બદમાશ સદાચારી બની જાય છે, લોભી સંતોષી બની

જાય છે, ક્રોધી ક્ષમાવાન બની જાય છે, માની નમ્ર બની જાય છે, રાગી વિરાગી બની જાય છે, દ્વેષી શાંત બની જાય છે અને પાપીપણ પુણ્યવાન બની જાય છે. એ યાત્રા શકિત હોય તો એકલા કરવાની કે જેટલા અધિક લઈ જવાય તેટલાને સાથે લઈ જઈને કરવાની ? તીર્થે પહોંચવાના રસ્તે ચાલતાં મિથ્યાત્વનો, અજ્ઞાનનો, અનાચારનો સંહાર થઈ જાય એ યોગ્ય આત્માઓને માટે ઘણું જ શકય છે : એ કારણે એકાકી યાત્રા કરતાં સામુદાયિક યાત્રાનો મહિમા અનન્તગુણો છે, એમ લાગ્યા સિવાય રહેશે નહિ. એ ભાવનાવાળો શકિત નહિ હોય અને એકાકી પણ કરશે, તો પણ સાચો લાભ ઉઠાવી શકશે : પણ સામુદાયિક યાત્રાનો તિરસ્કાર કરનારો તો યાત્રાનો સાચો લાભ કદી પણ પ્રાપ્ત કરી શકનાર નથી.

## (૧૭)

## દુર્લભ અને ઉત્તમ ભવ :

અનન્ત ઉપકારી, અનન્તજ્ઞાની ભગવાન શ્રી જિનેશ્વરદેવો ફરમાવે છે કે-આર્યદેશ આદિ સામગ્રીએ સહિત મનુષ્યભવ પ્રાપ્ત થવો, એ અતિ દુર્લભ છે. મનુષ્યભવની દુર્લભતાનો ખ્યાલ આપનારા જ્ઞાની પુણ્યપુરૂષોએ એમ પણ ફરમાવ્યું છે કે-બીજા ભવો કરતાં મનુષ્યભવ એ ઉત્તમ ભવ છે : કારણ કે-આ મનુષ્યભવને પામીને આત્મા જો પોતાને પ્રાપ્ત થયેલી શકિત અને સામગ્રીનો સદ્વ્યય કરે, તો તે

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

પોતાના આત્માનું તેમજ બીજા પણ અનેક આત્માઓનું ઉંચામાં ઉંચી કોટિનું હિત સાધી શકે છે. બીજા ભવોમાં આત્મા ધારે તો પણ જે ઉંચી કોટિનું સ્વપર-હિત તે સાધી શકતો નથી, તે ઉંચી કોટિનું સ્વપર-હિત આત્મા ધારે અને લઘુકર્મિતા આદિનો યોગ મળે તો આ મનુષ્યભવમાં સાધી શકે છે. અનન્ત ઉપકારી જ્ઞાનિઓએ આ વસ્તુ જે રીતિએ વર્ણવી છે, તે રીતિએ જો ધ્યાનમાં આવી જાય, તો મનુષ્યો પોતાને પ્રાપ્ત થયેલા દુર્લભ અને સર્વશ્રેષ્ઠ એવા આ ભવને નિરર્થક ગુમાવતાં અગર તો નુકસાનકારક બનાવતાં અટકી જાય.

**ઉત્તમતા અને સાર્થકતા બેયનો ખ્યાલ જોઈએ :**

સારી વસ્તુ મળી જવી એ ભાગ્યશાલિતા જરૂર છે અને એ દૃષ્ટિએ તમે મનુષ્યભવ આદિ જે ઉત્તમ સામગ્રીને પામ્યા છો તેની અપેક્ષાએ તમે ભાગ્યશાલી જરૂર છો; પણ ભાગ્યશાલિતાની વાસ્તવિક સફળતાનો આધાર તો પ્રાપ્ત થયેલી સામગ્રીના સદ્વ્યયને અવલંબે છે. ઉત્તમ સામગ્રીનો ઉપયોગ પણ ઉત્તમ પ્રકારે થવો જોઈએ : અને તેમ થાય તો જ ઉત્તમ સામગ્રીની પ્રાપ્તિ સાર્થક કહેવાય. આથી સ્પષ્ટ છે કે-સામગ્રીની ઉત્તમતા જેમ ધ્યાનમાં આવવી જોઈએ, તેમ તે સામગ્રીની સાર્થકતા કેમ સધાય તે વાત પણ ધ્યાનમાં આવી જવી જોઈએ.

**ભાગ્યશાલિતા પણ જો દયાપાત્રતાને વધારનારી નીવડે, તો એ બીના ઓછી શોચનીય નથી :**

આજે આ બાબતો મોટા ભાગે ધ્યાન ઉપર લેવાતી નથી અને એથી જ મહા પુણ્યના યોગે મળી શકે એવી ઉત્તમ સામગ્રીને પામીને પણ લોકો, ઉત્તમ સામગ્રીનો સદ્વ્યય કરવાને બદલે દુર્વ્યય કરી રહ્યા છે. સ્વપર-હિત સાધવાના ઉત્તમ સાધનને પામીને પણ આજે થોડાક અપવાદ સિવાય બધા સ્વપરનું અહિત સાધી રહ્યા છે. આ બીના ઓછી ખેદકારક નથી અને એથી જ મહાપુરૂષો આવા જીવો તરફ પરમ કરૂણાની નજરે જુએ છે ! જે જીવોને સ્વપર-હિત સાધવાનું ઉંચું સાધન પ્રાપ્ત થયું નથી, તે બિચારોઓ દુર્ભાગી હોઈને દયાપાત્ર છે : પરન્તુ જે જીવોને સ્વપર-હિત સાધવાનું ઉંચું સાધન પ્રાપ્ત થયું છે, તે જીવો તેટલા ભાગ્યશાલી હોવા છતાં પણ, જો પ્રાપ્ત થયેલા સાધનનો સદુપયોગ કરવાને બદલે દુરૂપયોગ કરવામાં રાચતા હોય, તો તેઓ એથી પણ વિશેષ દયાપાત્ર ઠરે છે ! આવા જીવોની ભાગ્યશાલિતા પણ પ્રમોદને પમાડનારી નીવડવાને બદલે તેમની દયાપાત્રતાને વધારનારી નીવડે. એ બીના ઓછી શોચનીય નથી ! પણ આ જાતીના વિચારો જ આજે કેટલાઓ કરે છે ?

**સામગ્રી મળવી કે ન મળવી અગર ઈષ્ટ મળવી કે અનિષ્ટ મળવી-એ પોતાની કરણીનું જ ફળ છે :**

આ જગતમાં અનન્તા જીવો છે, પણ મનુષ્યભવને પામેલા જીવો તો થોડા જ છે. તમે આટલા મોટા થયા, આટલાં વર્ષો સુધી ભણ્યા-ગણ્યા, પણ કોઈ દિવસ એ વિચાર કર્યો છે કે-'બીજા જીવોને

મનુષ્યપણું ન મળ્યું અને અમને મનુષ્યપણું મળ્યું, તેનું કારણ શું ? મનુષ્યપણું પણ જે જીવોને મળ્યું છે, તેમાંય, બીજા જીવોને અનાર્ય દેશ મળ્યો અને અમને આર્ય દેશ મળ્યો, તેનું કારણ શું ? આર્ય દેશમાં મનુષ્યપણાને પામેલા પણ બીજા જીવોને ઉત્તમ કુળ અને ઉત્તમ જાતિ મળેલ નથી અને અમને ઉત્તમ કુળ તથા ઉત્તમ જાતિ પ્રાપ્ત થયેલ છે, તો તેનું કારણ શું ? આવા આવા વિચારો જીન્દગીમાં કદી પણ કર્યા છે ? તમને આર્ય દેશાદિ જે સામગ્રી પ્રાપ્ત થઈ છે, તે કોઈની મહેરબાનીથી અગર તો કોઈની ઈચ્છાથી પ્રાપ્ત થઈ ગઈ છે, એવું નથી જ. તમને જે કાંઈ સારી કે નરસી સામગ્રી મળી છે, તે તમારી પોતાની કરણીના પ્રતાપે જ મળેલી છે. જીવને સામગ્રી મળે એય તેની કરણીનો પ્રતાપ છે અને જીવને સામગ્રી ન મળે એય તેની કરણીનો પ્રતાપ છે. ઈષ્ટ સામગ્રીની પ્રાપ્તિ એય પોતાની કરણીનું ફળ છે અને અનિષ્ટ સામગ્રીની પ્રાપ્તિ એય પોતાની કરણીનું ફળ છે. અર્થાત્-સારી કે નરસી સામગ્રીની પ્રાપ્તિ એય પોતાની કરણીનું ફળ છે અને અપ્રાપ્તિ એય પોતાની કરણીનું ફળ છે. સારી કરણીના યોગે ઈષ્ટ સામગ્રીની પ્રાપ્તિ થાય છે અને ખરાબ કરણીના યોગે અનિષ્ટ સામગ્રીની પ્રાપ્તિ થાય છે. આથી તમે સમજી શકયા હશો કે-તમે તમારા પૂર્વભવોમાં તેવી કોઈ સારી કરણી કરી હશે, એના જ ફળ રૂપે તમને આ ભવમાં આર્ય દેશાદિ સામગ્રીએ સહિત મનુષ્યપણું પ્રાપ્ત થયું છે.



**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

### ભવિષ્યકાળ સુન્દર બને એવો પ્રયત્ન કરવો-એમાં જ જીવનની સાર્થકતા છે :

હવે પૂર્વની સારી કરણીના પ્રતાપે પ્રાપ્ત થયેલા આર્ય દેશાદિ સામગ્રીવાળા મનુષ્યભવમાં કેમ વર્તવું જોઈએ, એ જ વિચારવાનું છે. ભૂતકાળની કરણીઓના યોગે વર્તમાન સ્થિતિ સર્જાઈ છે અને વર્તમાન કરણીઓના યોગે ભવિષ્યની સ્થિતિ સર્જાઈ રહી છે. વર્તમાન સ્થિતિમાં મારે કેમ વર્તવું જોઈએ, એ જ ખાસ વિચારવા જેવું છે. વિચાર કેવળ ભવિષ્યને સુધારવાને માટે જ કરવા જેવો છે. ભૂતકાળનો વિચાર પણ ભવિષ્યકાળને સુધારવાના હેતુથી જ કરવો જોઈએ. અને ભવિષ્યકાળને સુધારવાને માટે વર્તમાનકાળના વર્તનનો નિર્ણય કરી લેવો જોઈએ. આ જીવનમાં ભવિષ્યકાળને સુધારવાનો યથેષ્ટ પ્રયત્ન થઈ જાય, તો જ આ જીવન આપણા અનન્તા કાળના જીવનમાં નવી રોનક લાવનારૂં બને. આ જીવનનો ઉંચામાં ઉંચી કોટીનો વ્યય તેને જ કહેવાય, કે જે જીવન વ્યય આપણા ભવિષ્યકાળને ઉત્તરોત્તર સુંદર બનાવનારો હોય. ભવિષ્યકાળને બગાડનારૂં જીવન જીવવું, એ તો આ જીવનનો કેવળ અપવ્યય જ છે, એ શંકા વિનાની વાત છે.

### જેને ભવિષ્યનો વિચાર નથી-એના જેવો આ જગતમાં કોઈ મૂર્ખો નથી :

પોતાના ભવિષ્યકાળને સુધારવાને માટે, આર્ય દેશાદિ સામગ્રીએ સહિત મનુષ્યભવ, એ પણ ઉત્તમ સાધનોમાંનું એક સાધન છે, એ સમજવાની જરૂર છે. મનુષ્યભવમાં આત્મા સ્વપર-હિતના

માર્ગનો ઉત્તમમાં ઉત્તમ પ્રકારે અમલ પણ કરી શકે છે. ભવિષ્યકાળને સુધારવાનું ભવની અપેક્ષાએ આ ભવ એ સર્વશ્રેષ્ઠ સાધન છે, માટે જ આ ભવને વખાણવામાં આવ્યો છે : પણ મનુષ્યભવની ઉત્તમતાના આ વાસ્તવિક હેતુનો ખ્યાલ આજે કેટલાને છે ? અને, જ્યાં મનુષ્યભવની ઉત્તમતાના વાસ્તવિક હેતુનો ખ્યાલ જ ન હોય, ત્યાં તેનો અમલ તો હોય જ શાનો ? તમને શું એમ લાગે છે કે-આ ભવનો અન્ત જ આવવાનો નથી ?

સ૦ એમ તો નથી લાગતું.

ત્યારે, મારા ભવનો અન્ત આવે તે પહેલાં આ ભવના યોગે સાધવાજોગું હિત હું સાધી લઉં, એવી ભાવના કેમ દેખાતી નથી ?

સ૦ ભવ સંબંધી વિચાર જ થતો નથી ને ?

મરણ નિશ્ચિત છે અને મરીને કયાંક પણ જવું તો પડશે જ, એવું જાણવા છતાં પણ કયાં જવું છે એનો વિચાર જ નહિ, એ કયી દશા ? દુનિયામાં કહેવાય છે કે-'જેને ભવિષ્યનો વિચાર નથી, એના જેવો આ જગતમાં કોઈ મૂર્ખો નથી. ડાહ્યો તે કહેવાય, કે જે ભવિષ્યનો વિચાર કરે અને ભવિષ્ય સુધરે એ રીતિએ વર્તે !' આવું દુનિયાદારીની અપેક્ષાએ કહેવાય છે એટલા પૂરતું જ એ ઠીક નથી, બાકી વાત'ખોટી નથી. જે જીવોમાં વિચારો કરવાની શકિત નથી અગર તો જે જીવો કોઈ પણ

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

પ્રકારના વિચારો જ કરતા નથી તે જીવો ભવિષ્યનો વિચાર ન કરે એ વાત જુદી છે, પણ જે જીવો વિચારો કરી શકે છે અને કરે પણ છે, તે જીવો જો ભવિષ્યનો વિચાર જ ન કરે, તો મૂર્ખા ગણાય એમાં આશ્ચર્ય જેવું કાંઈ છે જ નહિ.

**ભવિષ્યના વિચારમાં પરભવના વિચારનો પણ સમાવેશ થઈ જાય છે :**

'જેને ભવિષ્યનો વિચાર નથી એના જેવો મૂર્ખો કોઈ નથી અને ડાહ્યો તે કહેવાય કે જે ભવિષ્યનો વિચાર કરીને ભવિષ્ય સુધરે એવી રીતિએ વર્તે ! -આવું બોલનારા આજે ઘણા છે : પણ એ વાત પોતાનેય લાગુ પડી જાય છે, એનો વિચાર કરનારા કેટલા ? ભવિષ્યનો વિચાર એટલે આ જીવન પૂરતો જ વિચાર, એમ તો કેવળ નાસ્તિક હોય તે જ કહે. આત્મા, પુણ્ય, પાપ, પરલોક આદિને માનનારો તો એમ ન જ કહે કે-'ભવિષ્યનો વિચાર એટલે આ જીવન પૂરતો વિચાર.' ભવિષ્યના વિચારમાં પરલોકના વિચારનો સમાવેશ પણ થઈ જ જાય છે. હવે વિચાર કરો કે-પોતાનું પરભવમાં શું થશે એનો વિચાર કરનારા કેટલા અને પરભવનો વિચાર કરીને પણ પરભવ સુધરે એ રીતિએ વર્તવામાં પ્રમાદ નહિ કરનારા કેટલા ?

સ૦ પરભવનો વિચાર કરનારા થોડા અને પરભવ સુધરે એવી રીતિએ વર્તનારા તો બહુ જ થોડા !

પરભવનો વિચાર જેઓ કરતા નથી, તેઓ વસ્તુતઃ ભવિષ્યનો વિચાર કરતા નથી, એ વાત તો જચે છે ને ?

સ૦ હાજી.

બોલતાં વિચાર કરજો. હૈયે હોય તો જ બોલજો. જે ન જચે તેની હા નહિ પાડવી, પણ ફેર સમજાવવાનું ખુશીથી કહેવું. હા પાડયા પછી જોખમદારી વધે છે. તમે જ કહો કે-પરલોકનો વિચાર ન કરે, એ મૂર્ખા કહેવાય કે નહિ ?

સ૦ કહેવાય.

તો તમારો નંબર એમાં આવે છે કે નહિ, તે તમારે વિચારી લેવાનું રહ્યું.

**આત્માનું ભવિષ્ય વિચારવું જોઈએ :**

ખરેખર, વસ્તુતઃ ડાહ્યો તે જ છે, કે જે આત્માના ભવિષ્યનો વિચાર કરે છે અને આત્માના ભવિષ્યનો વિચાર કરીને આત્માનું ભવિષ્ય સુધરે એ રીતિએ વર્તે છે ! તમારે પણ મૂર્ખાઓની કોટિમાંથી નીકળવું હોય અને ડાહ્યાઓની કોટિમાં ગણાવું હોય, તો તમારા આત્માનું વાસ્તવિક હિત શામાં છે, એનો વિચાર કરતા થઈ જવું જોઈએ અને આત્માનું હિત સધાય એવી પ્રવૃત્તિ કરવામાં પ્રમાદી નહિ બનવું જોઈએ. આત્માના ભવિષ્યનો વિચાર કરવાને ઈચ્છનારે આત્માના સ્વરૂપનો

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

ખ્યાલ મેળવી લેવો જોઈએ તેમજ આત્માને એક ભવમાંથી બીજા ભવમાં અને બીજા ભવમાંથી ત્રીજા ભવમાં-એમ અનન્તકાલથી ભ્રમણ કરવું પડે છે. તેનાં કારણને પણ જાણી લેવું જોઈએ. એ સાથે ભવિષ્યમાં વહેલામાં વહેલી તકે એ કારણ જે ઉપાયથી દૂર થઈ શકે તેમ હોય તે ઉપાયને જાણવાનો અને આચરવાનો પ્રયત્ન પણ કરવો જોઈએ.

**સૌને અક્ષય અને સંપૂર્ણ સુખ જોઈએ છેં, પણ તે મુકતદશામાં જ છે :**

આ સંસારમાં ચેતન અને જડ એ બે મુખ્ય પદાર્થો છે. ચેતન અને જડ કર્મોનો યોગ એનું નામ સંસાર છે અને એ યોગ જ આત્માના ભવભ્રમણનું કારણ છે. જ્યાં સુધી જડ કર્મોના યોગથી ચેતન સર્વથા મુકત ન બને, ત્યાં સુધી ચેતનને જે સુખ જોઈએ છે તે પ્રાપ્ત થવાનું નથી. કોઈને લેશ માત્ર પણ દુ:ખ જોઈતું નથી. સૌને અક્ષય અને સંપૂર્ણ સુખ જોઈએ છે. આવું સુખ, નાશવંત પદાર્થોના યોગે પ્રાપ્ત થાય, એ શકય નથી. નાશવંત પદાર્થોના યોગે પ્રાપ્ત થતું સુખ નાશવન્ત જ હોય, એ તો સામાન્ય અક્કલવાળો પણ સમજી શકે એવી વાત છે. અક્ષય સુખ તો, અનન્તકાળ સુધી એક સરખી રીતિએ ટકી રહેનારી સ્થિતિ પ્રાપ્ત થાય તો જ મળે. આવી સ્થિતિને જ્ઞાનિઓ મુકતદશા કહે છે. મુકતદશા એટલે આત્માની કર્મના યોગથી રહિત દશા. વર્તમાનમાં આત્મા કર્મોના યોગવાળો છે. લોઢું તપાવેલું હોય ત્યારે તે જેમ અગ્નિ સાથે એકમેક બનેલું હોય છે, તેમ કર્મોનો યોગ આત્માની

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

સાથે એકમેક રૂપ બનેલો છે. આ યોગમાં ભંગાણ પડે અને આત્મા એનાથી સર્વથા મુકત બને, એટલે આત્માનો મૂળ સ્વભાવ સંપૂર્ણપણે પ્રગટે. આત્માનો મૂળ સ્વભાવ સંપૂર્ણપણે પ્રગટયા પછીથી કોઈ કાળે તે સ્વભાવ કર્મથી આવરાતો નથી અને એથી આત્મા એ દશામાં જ સંપૂર્ણ અને અક્ષય સુખને ભોગવી શકે છે. આથી સ્પષ્ટ છે કે-આત્માના ભવિષ્યનો વાસ્તવિક કોટિનો વિચાર તે જ કહેવાય, કે જે વિચાર આત્માની મુકિત માટેનો જ હોય.

## રત્નત્રયી અને તેનાં સાધનો તીર્થ રૂપ છે :

આત્માની મુકિત, એ જ આપણા ભવિષ્યની વાસ્તવિક અને સંપૂર્ણ કોટિની સુધારણા છે. મનુષ્યજીવનની સાર્થકતા મુકિત માટેનો યથોચિત પ્રયત્ન કરવામાં જ સમાએલી છે. મોક્ષની સાધનામાં જે આત્માઓ પોતાની શકિત અને સામગ્રીનો સારી રીતિએ ઉપયોગ કરે છે, તે જ આત્માઓ ઉત્તમ પ્રકારે સ્વપર-હિતને સાધનારા બને છે. મોક્ષની સાધના માટે તીર્થની સેવા આવશ્યક છે. આર્ય દેશમાં તીર્થ શબ્દનો મહિમા ઘણો છે, અને એથી જ જે તે પોતપોતાના સ્થાનને તીર્થ તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કરે છે : પણ વસ્તુતઃ તો તે જ વ્યકિત અને તે જ વસ્તુ તીર્થ રૂપ છે, કે જે વ્યકિત અગર વસ્તુ તારકગુણસંપન્ન હોય. તારકગુણથી રહિત એવી મહાનમાં મહાન ગણાતી વ્યકિત કે વસ્તુ તીર્થ રૂપ નથી જ, માટે ગમે તેને તીર્થ માની શકાય નહિ. આપણે વિચારી ગયા છીએ કે-સમ્યગ્દર્શન,

સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ રૂપ જે રત્નત્રયી, તે જ વાસ્તવિક તીર્થ છે. રત્નત્રયી તીર્થ રૂપ હોવાથી, એની પ્રાપ્તિનાં જે સાધનો તે પણ તીર્થ રૂપ છે.

**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર-એ આત્માના ગુણો છે :**

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર-એ કોઈ બાહ્ય વસ્તુઓ નથી, પણ આત્માના ગુણો છે. આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણો સત્તાગત રીતિએ તો આત્મામાં રહેલા જ છે, પણ તે ગુણો કર્મોથી આવરાએલા છે. એ ગુણો આપણે પ્રગટાવવાના છે. એ ગુણો પ્રગટયા હોય તો તેને વધુ ખીલવવાના છે અને શેષ ગુણોને પ્રગટાવવાના છે. સમ્યગ્દર્શન એટલે શું ? વસ્તુ માત્રની વસ્તુગતે માન્યતા, એ સમ્યગ્દર્શન છે. ચેતન અને જડ-બન્નેને તેના યથાર્થ સ્વરૂપે માનવા એ સમ્યગ્દર્શન છે. અનન્ત ઉપકારી અનન્તજ્ઞાનિ શ્રી જિનેશ્વરદેવોએ ચેતન અને જડનું જેવું છે તે તેવું સ્વરૂપ દર્શાવ્યું છે. બીજા મહાપુરૂષોએ પણ એ તારકોએ કહ્યા મુજબ ચેતન અને જડનું સ્વરૂપ વર્ણવ્યું છે. જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ-એ સાત અગર તો જીવ, અજીવ પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ-એ નવ તત્ત્વો કહેવાય છે. એ સાત અગર તો નવ તત્ત્વો વિષેની યથાસ્થિત માન્યતા, એનું નામ સમ્યગ્દર્શન છે. એ તત્ત્વો અનન્ત ઉપકારી અનન્તજ્ઞાનિ શ્રી જિનશ્વરદેવોએ ફરમાવેલાં હોવાથી, એ તારકોએ જે ફરમાવ્યું છે, તે જ સાચું અને શંકા વિનાનું છે-એવી જે માન્યતા

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એય સમ્યગ્દર્શન છે. શ્રી જિનેશ્વરદેવો જ તત્ત્વોના વાસ્તવિક સ્વરૂપના પ્રકાશકો છે. બીજા જે કોઈ તેના પ્રકાશકો હોય, તે બધા તે તારકોને અનુસરવાના યોગે જ પ્રકાશકો બનેલા છે. સ્વયં અનન્તજ્ઞાનને નહિ પામેલા અને અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને નહિ અનુસરનારા, તત્ત્વના વાસ્તવિક સ્વરૂપને જાણી કે કહી શકતા નથી : વાસ્તવિક તત્ત્વસ્વરૂપ તો અનન્તજ્ઞાની અગર તો એ તારકની આજ્ઞાને અનુસરનારાઓ જ કહી શકે છે : આ વસ્તુને સમજી લઈને 'तमेव सच्चं निस्संकं ज जिणेहिं पवेइयं । તે જ સાચું અને શંકા વિનાનું છે, કે જે શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવ્યું છે.'-આવી બુદ્ધિવાળા બનવું, એ સમ્યગ્દર્શન ગુણનું પોતામાં પ્રકાશન છે. દેવ-ગુરૂ અને ધર્મ વિષેની વાસ્તવિક માન્યતા, એનેય સમ્યગ્દર્શન કહેવાય છે : કારણ કે-તેમાં પણ સઘળાંય તત્ત્વોની વાસ્તવિક માન્યતાનો સમાવેશ થઈ જાય છે. મૂળ વાત એ જ છે કે-તત્ત્વરૂચિ, એ સમ્યગ્દર્શન છે. અનન્તજ્ઞાનિઓએ ફરમાવેલાં તત્ત્વો પ્રત્યે શંકાદિ દોષોથી રહિત રૂચિ પ્રગટે, એટલે જાણવું કે-સમ્યગ્દર્શન ગુણ આવ્યો. તત્ત્વોનો વાસ્તવિક ખ્યાલ એનું નામ સમ્યગ્જ્ઞાન છે અને તત્ત્વોનો ખ્યાલ પામીને હેયનો ત્યાગ કરવા પૂર્વક ઉપાદેયનો સ્વીકાર કરવો, એનું નામ સમ્યક્ચારિત્ર છે. સમ્યક્ચારિત્ર એટલે પાપથી નિવૃત્તિ ને મન-વચન-કાયાના યોગોને આત્મસ્વરૂપ પ્રગટાવવામાં યોજવા રૂપ પ્રવૃત્તિ ! આ ત્રણની-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધના કરતે કરતે આત્મા કર્મોના યોગથી સર્વથા રહિત બની જાય છે અને એનું ભવિષ્ય એકસરખું ઉજ્જવલ બની જાય છે.

## સ્થાવર અને જંગમ તીર્થ :

આમ હોવાથી, જ્ઞાનિઓએ રત્નત્રયીને અને એની પ્રાપ્તિનાં સાધનોને તીર્થ રૂપ કહેલ છે. તીર્થ એટલે શું ! તારે એ તીર્થ ! કોને તારે ? આત્માને ! તરવાનું શાનાથી ? સંસારથી ! આત્માને સંસાર રૂપ સાગરથી તારીને મુકિતના ધામમાં પહોંચાડે, એ તીર્થ છે. તીર્થ સ્થાવર અને જંગમ-એમ બે પ્રકારે છે.એક સ્થાને સ્થિત હોવાં છતાં પણ તરવામાં સહાયક થાય એ સ્થાવર તીર્થ છે અને સ્થાને સ્થાને ફરીને પણ તરવામાં સહાયક થનાર જંગમ તીર્થ છે. દેવ-ગુરૂ વિચરતી અવસ્થામાં જંગમ તીર્થ રૂપ છે અને એ તારકોની મૂર્તિ કે મૂર્તિ આદિવાળાં સ્થાનો એ સ્થાવર તીર્થ રૂપ છે. આપણે અત્યારે સ્થાવર તીર્થની યાત્રાએ જઈ રહ્યા છીએ. આવતી કાલે આપણે જ્યારે પ્રભુનાં દર્શન કરીએ, ત્યારે આપણા આત્મામાં કોઈ નવો જ ઉલ્લાસ પ્રગટે, એવી તૈયારી સૌ કોઈએ છેવટે આજે તો કરી જ લેવી જોઈએ.

## સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ અને નિર્મળતા, એ જ તીર્થ યાત્રાનું ધ્યેય :

દેવ અને ગુરૂ રત્નત્રયીની પ્રેરણા આપનારા હોવાથી તીર્થ રૂપ છે. જે દેવ અને જે ગુરૂ સ્વભાવથી રત્નત્રયીની પ્રેરણા આપનારા ન હોય, તે દેવ અને તે ગુરૂ દુનિયામાં ભલે દેવ કે ગુરૂ તરીકે ઓળખાતા હોય, પણ વસ્તુતઃ તે દેવ-ગુરૂ નથી અને એથી તીર્થ રૂપ પણ નથી. દેવ રત્નત્રયી રૂપ મોક્ષમાર્ગના પ્રકાશક છે. ગુરૂ રત્નત્રયી રૂપ મોક્ષમાર્ગના આરાધક અને પ્રચારક છે. દેવ અગર ગુરૂ

સૂરિરામની
વાણી :
જ્ઞાનરત્નોની
ખાણી
પ્રત-૩જી

●

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

પાસેથી મેળવવાનું શું ? રત્નત્રયી જ ! એ જ ઈરાદે દેવ-ગુરૂની પાસે જવાનું અને દેવ-ગુરૂની ભકિત કે સેવા પણ એ જ ઈરાદે કરવાની ! તમે યાત્રાએ નીકળ્યા છો, તે કયા ઈરાદે નીકળ્યા છો ? ગમે તે ઈરાદે નીકળ્યા હો, પણ હવે એ નિશ્ચિત કરી લેજો કે-'મારે તો મારા આત્માનો નિસ્તાર સાધવાને માટે જ તીર્થની યાત્રા કરવી છે.' સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ અને પ્રાપ્ત થયેલા તે સમ્યગ્દર્શનાદિ આત્મગુણોની નિર્મળતા, એ જ તીર્થયાત્રાનું ધ્યેય હોવું જોઈએ. તીર્થયાત્રાની સફળતાનો આધાર સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિને અને પ્રાપ્ત થયેલા તે આત્મગુણોની નિર્મળતાને આશ્રયીને છે. આ ધ્યેય હૈયામાં અંકિત થઈ ગયા બાદ જે તીર્થ યાત્રા થાય, તે આત્માને અનુપમ લાભની પ્રાપ્તિ કરાવનારી નીવડે.

**સમ્યગ્દૃષ્ટિ આત્મા અર્થ કામને અનર્થકર. મોક્ષને સાધ્ય અને
શ્રી જિનકથિત ધર્મને મોક્ષસાધન માનનારો હોય :**

સમ્યગ્દર્શન, એ ગુણ કોઈ સામાન્ય કોટિનો નથી. જે આત્મામાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટયો હોય છે, તે આત્મા કર્મનાં તેવાં આવરણોના કારણે કદાચ સમ્યક્ચારિત્રનું પરિપાલન ન પણ કરી શકતો હોય, તોય સમ્યક્ચારિત્રનો અભિલાષી તો જરૂર હોય છે. વિષય-કષાય રૂપ સંસારથી મુકત બનવાની તેની ભાવના હોય છે અને એથી વિષયકષાય રૂપ સંસારથી છોડાવનારા દેવ-ગુરૂ ઉપર એને ગાઢ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

રાગ હોય છે. દુનિયામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એમ ચાર પુરૂષાર્થો ગણાય છે : પણ સમ્યગ્દષ્ટિ આત્મા અર્થ અને કામને નામના જ પુરૂષાર્થો માનનારો હોય છે તેમજ અર્થ અને કામની સેવા આત્માના હિતને હણનારી છે એવી પણ એને ખાતરી હોય છે. આથી તે અર્થ અને કામના સંસર્ગમાં પડયો હોય તોય તેનું હૈયું બળ્યા કરે છે. અર્થ અને કામના સંસર્ગથી કયારે છૂટાય-એમ એને થયા જ કરે છે. મોક્ષની પ્રાપ્તિ એ જ સમ્યગ્દષ્ટિ આત્માનો આદર્શ હોય છે અને મોક્ષના સાધન તરીકે શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલ રત્નત્રયી રૂપ ધર્મ જ છે-એમ માનનારો એ હોય છે. મોક્ષના હેતુથી રત્નત્રયીની આરાધના કરવાને માટે શકય એટલો પ્રયત્ન કરવાને માટે સમ્યગ્દષ્ટિ આત્મા તત્પર બને છે. મોક્ષ-માર્ગના આરાધકો પ્રત્યે તેના અન્તરમાં નિઃસીમ ભકિત પ્રગટે છે. મોક્ષમાર્ગની આરાધનામાં બીજા આત્માઓને શકય સહાય કરવાની ઉમદા વૃત્તિ પણ તેનામાં હોય છે તેમજ આરાધકોની આરાધનાની અનુમોદના કર્યા વિના પણ એ રહી શકતો નથી. આ રીતિએ પણ સમ્યગ્દષ્ટિ આત્મા પોતાના આત્માનો ઉદ્ધાર સાધે છે : કારણ કે-આરાધકોની ભકિતની ભાવના, આરાધનામાં બીજાઓને સહાયક બનવાની ભાવના અને આરાધકોની આરાધનાની અનુમોદના-એ વગેરે પણ આત્માને નિર્મળ બનાવવાનાં અનુપમ સાધનો છે.

**સ્વપર-કલ્યાણની ભાવના :**

ખરેખર, જે આત્મામાં તત્ત્વરૂચિ ગુણ વાસ્તવિક રીતિએ પ્રગટે છે, તે આત્માની વૃત્તિમાં અજબ પરિવર્તન આવી જાય છે. મોક્ષનાં બાધક કારણોમાં તેને રસ રહેતો નથી અને મોક્ષનાં સાધક કારણોમાં તેનો રસ વધતો જાય છે. મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્ય આદિ ભાવનાઓ તેનામાં સુન્દરમાં સુન્દર પ્રકારે પ્રગટવા માંડે છે, પોતાના આત્માના કલ્યાણની અભિલાષા તેનામાં પ્રગટે છે એટલું જ નહિ, પણ બીજા આત્માઓના કલ્યાણની ભાવના પણ તેનામાં પ્રગટે જ છે. ધર્મી હૃદય, એ સામાન્ય કોટિનું હૃદય નથી ! પણ આજે આ વસ્તુઓ અનુભવથી પર હોય, એવું જૈન ગણાતા પણ ઘણાઓને માટે બની ગયું છે : કારણ કે-આત્મામાં ગુણ પ્રગટયો નથી.

**શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ વર્તનારો જાતિએ ગમે તે હોય પણ જૈન છે :**

જૈન કહેવડાવવું એ એક વાત છે અને જૈન બનવું એ બીજી વાત છે. જૈન કહેવડાવવા માત્રથી જ શ્રેય નથી. શ્રેય તો જૈન બનવામાં છે. જેના ઉપર જૈનની છાપ હોય તે જ તરે-એવો આ શાસનનો કાનુન નથી. પણ જે જૈનત્વ પામે તે જ તરે-એવો આ શાસનનો કાનુન છેઃ પછી છાપ ભલેને ઈતર જાતિની હોય ! આ શાસનમાં વાસ્તવિક પ્રધાનતા ગુણની છે. તમે જૈન તરીકે ઓળખાતું કુળ પામ્યા એટલા માત્રથી જ તમારો ઉદ્ધાર થઈ જવાનો-એમ જો માનતા હો, તો તે માન્યતા ભૂલભરેલી છે.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

જૈન બનો તો જ કલ્યાણ થાય. જૈન એટલે અનંતઉપકારી અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવનો સેવક, શ્રી જિનેશ્વરદેવોએ જે ફરમાવ્યું છે તે જ સાચું અને શંકા વિનાનું છે, એમ માનીને શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબ વર્તવાની ભાવનાવાળો આદમી, જ્ઞાતિએ કે જાતિએ ગમે તે હોય તો પણ જૈન છે અને એવા આત્માનું કલ્યાણ નિશ્ચિત જ છે. આવા જૈનમાં સ્વકલ્યાણની સાથે પરકલ્યાણની પણ ભાવના ન હોય એ શકય જ નથી : કારણ કે-સાચો જૈન મૈત્રી વગેરે કલ્યાણકારી ભાવનાઓથી વાંઝિયો હોય, એ બનવાજોગ વસ્તુ જ નથી.

## સામુદાયિક યાત્રા, એ કયી ભાવનાનું ફળ છે ?

સામુદાયિક તીર્થયાત્રા, એ ધર્મી આત્મામાં પ્રગટતી ઉત્તમ ભાવનાનું જ એક ફળ છે. ધર્મી આત્માના દિલમાં-'સર્વ કોઈ ધર્મ પામી, પોતાના આત્માને પાપથી બચાવી,સંસારદુઃખથી છૂટી જાઓ અને મુકિતસુખને પામો.'-એવી ભાવના સ્વાભાવિક રીતિ એ જ પ્રગટે છે. એ સમજતો હોય છે કે-શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા ધર્મની પ્રાપ્તિ થયા વિના કોઈનું પણ વાસ્તવિક કોટિનું કલ્યાણ સધાય, એ શકય જ નથી. શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો મોક્ષમાર્ગ રૂચે અને એ તારકની આજ્ઞા મુજબપાપના ત્યાગી બનીને મોક્ષમાર્ગની આરાધના કરાય, તો જ પરિણામે સઘળાંય દુઃખોનો અન્ત આવે અને શાશ્વત એવું સંપૂર્ણ સુખ પ્રાપ્ત થાય,-આવું ધર્મી આત્માના હૃદયમાં બરાબર અંકિત થઈ ગયેલું હોય

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

છે. એના યોગે ધર્મી આત્મા સ્વયં પાપત્યાગ કરવાનો અને ધર્મસેવામાં અપ્રમાદી બનવાનો અભિલાષી બને છે : તેમજ બીજા જીવોના કલ્યાણની પણ તેનામાં ભાવના હોવાના યોગે, બીજા પણ જીવો ધર્મને પામો એવી અભિલાષા પણ એના અન્તરમાં રહ્યા જ કરે છે. 'જગતના સઘળાય પ્રાણિઓ શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા મોક્ષસાધક ધર્મને પામો, ધર્મને પામવાના યોગે પાપની પ્રવૃત્તિઓથી નિવૃત્ત થાઓ તેમજ સમ્યગ્દર્શનાદિ આત્મગુણોને નિર્મળ બનાવનારી પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થાઓ અને એ રીતિએ સંસારદુ:ખથી છૂટીને મુકિતસુખના ભોકતા બનો !'-આ જાતિની ભાવના પ્રગટવા લાયક જેનું હૃદય ન હોય, એ ધર્મી છે એમ કહેવાય જ શી રીતિએ ? શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા, શ્રી વીતરાગ પરમાત્માએ ફરમાવેલો ધર્મ અગર તો તારક તીર્થ જેના અંતરમાં વાસ કરે છે, તેવા આત્માના અન્તરમાં આવી ભાવના હોવી, એ કોઈ નવાઈની વાત નથી. સામુદાયિક યાત્રા-એ પણ આ જ ભાવનાનું ફળ છે, એ બરાબર યાદ રાખી લેવાનું છે.

## સૌ ધર્મ પામો એવી ઈચ્છા કેમ ?

'સૌને ધર્મની પ્રાપ્તિ થાઓ.'-એવી ભાવના, એ જ ઉંચી કોટિની અને વાસ્તવિક કોટિની કલ્યાણભાવના છે. ધર્મની પ્રાપ્તિ થયા વિના પાપનો પરિત્યાગ વાસ્તવિક રૂપથી થતો નથી અને જ્યાં સુધી પાપનો પરિત્યાગ કરવાની વાસ્તવિક વૃત્તિ પ્રગટે નહિ તેમજ પાપનો પરિત્યાગ થાય નહિ, ત્યાં

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

સુધી ઈચ્છા માત્રથી દુઃખ ચાલી જાય અને સુખની પ્રાપ્તિ થઈ જાય, એ શકય નથી. પાપને તજવાની વૃત્તિ કેળવવી નહિ, પાપ રસપૂર્વક કર્યે જવું અને સુખી બનવાની ઈચ્છા સેવવી, એ તો આકાશમાંથી ફુલ મેળવવા જેવી ઈચ્છા છે. આકાશમાં ફુલ થાય ? નહિ જ ! તેમ, પાપના યોગે દુઃખ જાય અને સુખ મળે ? નહિ જ ! આથી સૌને સુખી જોવાને ઈચ્છનારા આત્માઓએ તો 'સૌ કોઈ ધર્મ પામો.' એમ જ ઈચ્છવું જોઈએ. જેના હૈયામાં ધર્મવૃત્તિ પ્રગટે, તેના હૈયામાં પાપત્યાગની વૃત્તિ પ્રગટે જ. અવસરે એ વૃત્તિનો અમલ થયા વિના પણ રહે નહિ. સામુદાયિક તીર્થયાત્રા, અનેક આત્માઓને ધર્મવૃત્તિવાળા બનાવવાનું સાધન છે. સામુદાયિક યાત્રા, અનેક આત્માઓને પાપથી પરાઙ્મુખ બનાવવાનું સાધન છે.

**પરકલ્યાણની સાચી ભાવનામાં સ્વકલ્યાણ થવું એ નિશ્ચિત જ છે :**

શ્રી ધના સાર્થવાહની વૃત્તિ કેવી હતી ? 'હું વસંતપુર જાઉં તે એકલો કેમ જાઉં ? હું શકિતસંપન્ન છું, સામગ્રીસંપન્ન છું, તો જેને જેને વસંતપુર આવવાની ઈચ્છા હોય તે દરેકને મારી સાથે લઈ જવા જોઈએ. ભયંકર અટવીને ઉલ્લંઘીને જવાની બધા પાસે સગવડ ન હોય, માટે મારે જેને જે સગવડની જરૂર હોય તેને તે સગવડ પૂરી પાડીને પણ વસંતપુર લઈ જવા જોઈએ.' એ જ રીતિએ સંસારથી નિસ્તાર પામવાની ભાવનાવાળા જેઓ હોય, તેઓને એની સામગ્રી પ્રાપ્ત થઈ જાય તો ઘણું સારૂં,

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એવી ઈચ્છા સમ્યગ્દર્શનાદિને પામેલામાં હોય એમાં આશ્ચર્ય શું છે ? તીર્થની સેવા કરવાને ઈચ્છતા હોય, પણ શકિત, સામગ્રી કે હિંમતના અભાવે સેવા ન કરી શકતા હોય, એવાઓને મારે સહાયકારક થવું જોઈએ, આવી વૃત્તિ ધર્માત્મામાં ન હોય તો કોનામાં હોય ? સામુદાયિક તીર્થયાત્રાની ઈચ્છા સ્વપર-કલ્યાણની ભાવનામાંથી જ ઉદ્ભવેલી હોવી જોઈએ અને તો જ તે વાસ્તવિક રીતિએ સાર્થક છે. સામુદાયિક તીર્થયાત્રા કરાવનારના દિલમાં એક જ ઈચ્છા હોવી જોઈએ અને તે એ કે-આ નિમિત્તે પણ અનેક આત્માઓ સમ્યગ્દર્શનાદિ ગુણોની સન્મુખ દશાવાળા બનો. સમ્યગ્દર્શનાદિ ગુણોને પામો અને પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનાદિ ગુણોને નિર્મળ બનાવો તેમજ શ્રી જૈનશાસનની પ્રભાવના થાઓ ! આવી પરકલ્યાણની ભાવનામાં સ્વકલ્યાણ પણ સમાએલું જ છે; ધાર્યું પરકલ્યાણ ન પણ થાય, તોય સ્વકલ્યાણ થવું એ તો નિશ્ચિત જ છે.

## ક્ષુદ્રતા અને મિથ્યામતિતા જવી જોઈએ :

સાચી સ્વપર-કલ્યાણની વૃત્તિ આવે તો જ આ જાતિની સ્ફુરણાઓ થવા પામે. ધર્મિમાં આ વૃત્તિ અવશ્ય હોય, ધર્મી કેવળ સ્વાર્થી હોય નહિ. ધર્મી તો પોતાને માટે-'મોક્ષ મળો !' એવું જેમ ઈચ્છે, તેમ 'જગતના જીવોને પણ-મોક્ષ મળો !'-એમ ઈચ્છે ! શિવમસ્તુ સર્વજગતઃ સારાય વિશ્વનું કલ્યાણ

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

થાઓ, એ ધર્મી અન્તઃકરણના જ ઉદ્ગાર હોય. આજે ધર્મવૃત્તિ જેમ જેમ નષ્ટ થતી જાય છે, તેમ તેમ સ્વાર્થવૃત્તિ વધતી જાય છે. પરકલ્યાણની ભાવના દિવસે દિવસે નાબૂદ થતી જાય છે. 'જીવ માત્રનું કલ્યાણ થાઓ.'-આવી ભાવના સામાન્ય રૂપે પણ જેનામાં નથી, એનું હૈયું કેટલું બધું ક્ષુદ્ર ગણાય ? પણ એ ક્ષુદ્રતા જવી એય સહેલું નથી. ધર્મવૃત્તિ પ્રગટયા વિના સંપૂર્ણપણે ક્ષુદ્રતા ટળે એ શકય નથી. ક્ષુદ્રતા જવા સાથે અજ્ઞાનતા, એટલે કે-મિથ્યામતિતા પણ જવી જોઈએ : નહિતર, પરોપકારના નામે પણ સ્વપર-હિતઘાતક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થઈ જતાં વાર નહિ લાગે.

## સ્વાર્થવૃત્તિની પ્રબળતા :

આજના ઘણા ખરા લોકો એવા સ્વાર્થી બન્યા છે કે-'જે સારી ચીજ હોય તે માત્ર મને મળો પણ બીજાને નહિ.'-આવી વૃત્તિને સેવે છે. આજે વ્યવહારમાં પણ પેલો ગુણ રહ્યો નથી. ઘરમાં સારી ચીજ બી હોય તો પહેલાં હું ખાઉં અને પછી બચે તો બીજા ખાય, એ વૃત્તિ વધતી જાય છે એવા સ્વાર્થીઓમાંથી કયો ગુણ લઈને ધર્મનો ઉપદેશ આપવો ? મનુષ્યનો સામાન્ય વ્યવહાર પણ આજે તો ભયંકર બની રહ્યો છે. કોઈ પણ સારી ચીજ પોતાના હાથમાં આવે, ત્યારે 'સર્વને આ કયારે મળે ?'-એ ભાવના ઉત્તમ આત્માની હોય છે. 'જેવી રીતિએ સુખ મને પસંદ છે અને સુખ પ્રાપ્ત થવાથી મને આનંદ થાય છે, તેવી રીતિએ સુખ સૌને પસંદ છે અને સુખ પ્રાપ્ત થવાથી સૌને આનંદ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

થાય છે : એ માટે આ સુખ સર્વને મળો અને એટલા માટે એનાં સાધનો પણ સર્વને મળો !'-એ ભાવના ઉત્તમ આત્માઓના સ્વભાવમાં હોય છે. મનુષ્યમાં સહજ રીતિએ આ ભાવના હોવી જોઈએ-તે પણ આજે મોટા ભાગે દેખાતી નથી. સર્વથી ઘટતી ઘટતી કુટુંબ સુધી પહોંચે, એ વાત પણ આજે ઘણે ભાગે રહી નથી. 'માત્ર મને મળો.'-એ એક જ ભાવના ઘણા ભાગમાં પ્રબળપણે વર્તે છે. આવા આત્માઓને ધર્મની પ્રાપ્તિ કયી રીતિએ થાય ? આવી સામાન્ય પણ લાયકાત નહિ હોવાના કારણે જ, ગુણનું અને ગુણવાન આત્માઓનું વર્ણન જેવું જોઈએ તેવું અસર નિપજાવનારૂં બનતું નથી.

## ચક્રવર્તી કરતાંય અધિક સુખી :

આત્મામાં ધર્મની સાચી રૂચી પ્રગટયા વિના-'સર્વ જીવોને આ ધર્મની પ્રાપ્તિ થઈ જાઓ.'-એ ભાવના અસંભવિત છે. જેમ જેમ ધર્મ પામેલા આત્માઓની સંખ્યા અધિક, તેમ તેમ સામુદાયિક યાત્રાની સંખ્યા પણ અધિક, સંસારના નિસ્તાર માટે તીર્થયાત્રા પણ આવશ્યક મનાય છે. એટલા માટે વર્ષમાં એક વખત તો અવશ્ય યાત્રા કરવી એ ધર્મી આત્માને માટે કર્તવ્ય રૂપ છે; એમ જ્ઞાનિઓએ ફરમાવેલ છે. શ્રી વીતરાગદેવના સંદેશાને ફેલાવવાને માટે, આ સામુદાયિક યાત્રા એ અમારા માટે પણ બજારનો દિવસ છે. એ માટે અમે સાથે આવીએ છીએ. બાકી અમારે માટે તો જ્યાં બેસીએ ત્યાં તીર્થ છે : પરંતુ ગૃહસ્થ માટે તો એ નિશ્ચિત વિધાન છે કે-બાર મહિનામાં એક વખત તો અવશ્ય કોઈ

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

પણ સારા તીર્થનો યોગ મેળવીને એની યાત્રાનો લાભ મેળવવો જોઈએ. અનન્તજ્ઞાનિઓની આ આજ્ઞા છે, એવું જાણવા છતાં પણ એનું પાલન કરવાની લેશ પણ દરકાર રાખ્યા વિના-'અનન્તજ્ઞાનિઓના અમે ઉપાસક છીએ.'-એમ બોલવું એ ફજૂલ છે. જેમ જેમ ઉત્તમ કોટિની ભાવનાવાળા ધર્મિઓની સંખ્યા અધિક, તેમ તેમ સામુદાયિક યાત્રાની સંખ્યા પણ અધિક રહેવાની. હીનશકિતવાળા અને શકિત હોવા છતાં એકલા નહિ જઈ શકનારા અનેક આત્માઓ તીર્થયાત્રનો લાભ લઈ શકે અને એને જોઈને હજારો આત્માઓને ધર્મ પામવાનું નિમિત્ત મળે : સૌને જોઈને એમ થાય છે કે-સુખ તો અહીં જ છે : ચક્રવર્તિને પણ આવું સુખ અસંભવિત છે : કારણ કે-અહીં કયી જાતિની ઉપાધિ છે ? જો તમે તાર-ટપાલ મંગાવતા હો તો જુદી વાત છે, પણ જે કાર્ય કરવાને માટે આવ્યા છો, એનાથી બીજું કાર્ય નહિ કરતા હો તો ચક્રવર્તિને પણ તમારાથી બીજું અધિક કયું સુખ છે ? શું સિંહાસન ઉપર બેસવાથી એને સુખ છે ? સુખ હૃદયમાં શાંતિ હોય તો છે દિલની શાંતિ વિના સોનાનાં સિંહાસનો ઉપર બેસાડી દેવામાં આવે તો પણ શું સુખ મળવાનું છે ? નહિ જ. મુનિને તો ચક્રવર્તી કરતાં અધિક સુખ કહ્યું જ છે. પણ નિવૃત્તિ મેળવીને વિધિપૂર્વક યાત્રાનો લાભ લેનાર ગૃહસ્થો પણ ચક્રવર્તી કરતાંય અધિક સુખ અનુભવી શકે છે, એમ કહેવામાં કોઈ હરકત નથી. વિધિપૂર્વક યાત્રા કરવાવાળા સમુદાયને જોઈને, દુશ્મન પણ જો યોગ્યતાવાળો અને નિકટ મુકિતવાળો હોય છે,

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

તો તેને પણ એમ થઈ જાય છે કે-'આવી યાત્રા અનુપમ છે. મારો પણ કયારે એવો અવસર આવે કે-હું પણ આ રીતિએ ઘણાઓને યાત્રા કરાવું !'

## ધર્મી આત્માનું દિલ :

આ ઉપદેશ ઘણાને આકરો લાગે છે, પણ લક્ષ્મીનો ઉદારતાપૂર્વક સદુપયોગ કરવાનો ઉપદેશ પણ જેને રૂચે નહિ, તેના દિલમાં ધર્મ વસ્યો છે કે કેમ, એ જ સવાલ ઉભો થાય ને ? ધર્મિનું દિલ એટલે શું ? ધર્મિનું દિલ એટલે જગતનાં સર્વ પ્રાણિઓનું કલ્યાણ કરવાની ઈચ્છાનો ભંડાર. 'પ્રાણિગણ ધર્મી બની, પાપથી બચી, સંસારદુ:ખથી છૂટી કયારે સુખી થઈ જાય ?'-એવી ભાવના ધર્મિમાં સ્વાભાવિક રીતિએ હોય છે. શ્રી તીર્થંકરદેવ પણ તીર્થંકર થયા, તે આવી પણ ઘણી જ ઉત્કટ કોટીની ભાવનાથી થયા !' 'હું ખાઉં, હું ભોગવું, હું શેઠ બની જાઉં, બધું મને મળે, હું સૌનું લઉં, મારૂં કોઈ પણ ન લે.'-આ જાતિની ભાવના, એ શ્રી તીર્થંકર પરમાત્માના અનુયાયિની ભાવના નથી. 'સર્વનું કલ્યાણ મારાથી કેમ થાય ? જેટલી મારામાં શકિત હોય એ સર્વ શકિતનો વ્યય કરીને બીજાનું હું કલ્યાણ કરૂં !' એ ભાવના અવસરે ધર્મી આત્માના અન્તઃકરણમાં જન્મ્યા વિના રહે નહિ.

તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ

### માનસિક શાંતિ :

એ યાદ રાખો કે-યાત્રા મોજ માણવા ખાતર કે અનુકૂળતા ભોગવવા ખાતર નથી, પણ આત્મગુણોનું પ્રગટીકરણ તથા તેની નિર્મળતા સાધવા દ્વારા માનસિક શાંતિ પ્રાપ્ત કરવાને માટે છે. આ ધ્યેયવાળા ને શારીરિક તકલીફ તકલીફ રૂપ ન લાગે. કોઈનું કટુ વચન એને જરા પણ અસર ન કરે. આજે માનસિક શાંતિની જેટલી ચિંતા નથી, તેટલી ઈન્દ્રિયોના સંતોષની ચિંતા છે. કોઈએ આપણને 'લૂચ્ચા' કહી દીધા, એથી આપણે લૂચ્ચા બની ગયા ? એ વખત એને કહેવું કે-'અનન્તકાળથી હું સંસારમાં ફસેલો છું. પ્રમાદથી લૂચ્ચાઈ થઈ જવી, એ મારે માટે નવાઈની વસ્તુ નથી. જ્યારે જ્યારે મારાથી લૂચ્ચાઈ થઈ જાય અને તે તમારા ધ્યાનમાં આવી જાય, ત્યારે ત્યારે તમારે તે ખૂશીની સાથે મારા ધ્યાન ઉપર લાવવી, કે જેથી હું જતે દહાડે પણ લૂચ્ચાઈના પાપથી બચી જાઉં.' આ રીતિએ કહો તો માનસિક શાંતિ જાય કે વધે ? કહો કે-લૂચ્ચા કહેનારને પણ તમારી શાંતિ આકર્ષે. ખરેખર, આપણી ઈન્દ્રિયોને, આપણા દિલને અને આપણી રીતિનીતિને જો આપણે અનન્તજ્ઞાનિઓની આજ્ઞાને અનુસરનાર બનાવી દઈએ, તો કોઈની પણ તાકાત નથી કે-આપણને માનસિક અશાંતિ ઉત્પન્ન કરાવી શકે : પણ માનસિક શાંતિની ચિંતા કેટલાને છે ? માનસિક શાન્તિ હોય તો જ આનંદ અનુભવાય છે, એમ બોલનારા પણ કેટલાકોની દૃષ્ટિ બીજે ભમે છે : કારણ કે-પોતે જે બોલે છે તેના

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

ઉપર પોતાને જ જોઈતો વિશ્વાસ નથી. ખરી વાત એ જ છે કે-મોટા ભાગે બહારની સામગ્રીની પરવા છે, પણ માનસિક શાન્તિની પરવા નથી. યાત્રાદિકના પ્રસંગો શારીરિક અનુકૂળતા ભોગવવા વગેરેને માટે નહિ, પણ માનસિક શાન્તિને માટે છે. યાત્રામાં આવેલા યાત્રિકને માટે પણ આ એક વિધિ છે કે-શારીરિક તકલીફોને સહન કરવી, પણ માનસિક અશાંતિ થવા દેવી નહિ.

### સામુદાયિક યાત્રાની ભાવના :

સામુદાયિક યાત્રા, એ પણ ધર્મી આત્માની ભાવનાનું એક પ્રતિબિંબ છે. દુનિયાના બધા પ્રાણિઓને શાસનના રસિયા બનાવી દેવાની ભાવના સેવનાર ત્રણ લોકના નાથના અને હિતચિંતકના અનુયાયિની ભાવના પણ, એટલી ઉત્કૃષ્ટ કોટિની ન હોય તોય, એ જ પ્રકારની તો હોવી જ જોઈએ. જેટલી તાકાત હોય એટલી તાકાતને અનુસાર પુણ્યાત્માઓ સમ્યગ્દર્શનાદિક ગુણોના ધારક બની જાય અને સંસારથી નિસ્તાર પામે, એવી ભાવના ધર્મને પામેલાના હૃદયમાં હોવી જોઈએ. તીર્થયાત્રા કરાવનારની આ ભાવના હોય, તો સામુદાયિક યાત્રા કરાવવાની તેની પ્રવૃત્તિ સફળ છે. એ ભાવના વિના કદાચ નિષ્ફળ પણ થઈ જાય. અનન્તજ્ઞાની શ્રી વીતરાગ પરમાત્માના સેવકની ભાવનાનું પ્રતિબિંબ, એ સામુદાયિક યાત્રા છે. દિલમાં જેવી ભાવના હોય, એવું પ્રતિબિંબ પડે છે. સેંકડો માણસોને યાત્રા કરાવવાનું દિલ થાય, એ પણ ધાર્મિક હૃદયનું જ પ્રતિબિંબ હોવું જોઈએ. એમાં

નામનાનો, કીર્તિનો કે બીજા કોઈ પ્રકારનો લોભ નહિ હોવો જોઈએ. 'શ્રી વીતરાગ પરમાત્માનું સેવકપણું સર્વને પમાડી શકાય એવી મારી તાકાત નથી, પણ થોડાનેય શ્રી વીતરાગ પરમાત્માનું સેવકપણું પમાડી શકું તો પણ, પુણ્યયોગે મળેલી મારી સામગ્રી સફળ થાય.'-આ ઈચ્છાનું પ્રતિબિંબ, એ સામુદાયિક યાત્રા છે. સામુદાયિક યાત્રાનું આ સ્વરૂપ ખ્યાલમાં નહિ આવવાના કારણે જ, અનન્તજ્ઞાનિઓએ ફરમાવેલાં વિધાનો અજ્ઞાનોને માટે પુસ્તકોમાં જ રહી ગયાં અને એથી ક્રિયાઓ કરવા છતાં પણ એનું ફળ જેવું જોઈએ તેવું મળતું નથી. વખતે નુકસાન પણ થઈ જાય છે. સામો આદમી ગમે તેવો હોય, પણ જો પોતને હાથ જોડતો હોય તો એનાં ગુણગાન કરવાં, એની બિરૂદાવલી બોલાવી, એ કામ ભાટનું છે પણ સાધુનું નથી : એટલા માટે સામુદાયિક યાત્રાનું સ્વરૂપ બતાવવું પડે છે. તમારી ટીકા કરવાને માટે કે તમને નિરર્થકનો ઉપાલંભ આપવાને માટે આ કહેવાતું નથી. જે કાંઈ કહેવાય છે, તે ઉત્તમ ક્રિયા તમને ઉત્તમ પ્રકારે ફળે, એ માટે જ કહેવાય છે. 'જીવોના કલ્યાણની સાધનામાં હું નિમિત્ત થાઉં તો સારૂં.'-એ ભાવના શાસનના પ્રત્યેક સેવકની હોવી જોઈએ. જો ધર્મી હો તો દિલમાં આ ભાવના અવસરે પણ ન આવે, એ બને જ કેમ ?

## પ્રાતઃકાલની વિચારણા :

પ્રાતઃકાલમાં ઉઠતાં જ-'હું આ ખાઉં, આ પીઉં, આ મેળવું, આ ભોગવું.'-એવી જ ચિન્તા આજે લગભગ પ્રત્યેકના દિલમાં પ્રધાનપદ ભોગવે છે. ઉઠતાની સાથે જ તારક દેવ-ગુરૂનું સ્મરણ કરવું

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

જોઈએ અને એ વિચાર કરવો જોઈએ કે-'હું શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાનું કેટલું પાલન કરૂં છું ? મારામાં કેટલી ત્રુટિ છે ? અને, એ ત્રુટી કયી રીતિએ પૂરાય ?' પણ-'આજ તો આ ખાવું છે અને આજ તો આ પીવું છે; આજ તો આ મેળવવું છે અને તે મેળવવું છે; અથવા, આજ તો આમ કરવું છે ને તેમ કરવું છે.'-એવી વિચારણાની જ પ્રધાનતા દેખાય છે. 'મારૂં આ અને મારૂં એ.' -એવું પૌદ્ગલિક વસ્તુઓને માટે જો સાધુને પણ થતું હોય, તો એ સાધુ સાધુ નથી પણ ભિખારી છે : અને ગૃહસ્થને થતું હોય તો એ ગૃહસ્થ ગૃહસ્થ નથી પણ ભિખારી છે. ઉઠતાંની સાથે કેવળ શારીરિક કે પૌદ્ગલિક ચિંતા સિવાય બીજી ભાવના જ આજે મોટે ભાગે રહી નથી ! અનિત્યાદિ ભાવનાઓ અને મૈત્ર્યાદિ ભાવનાઓ હૃદયમાં રમતી થઈ જાય, તો-'મારી નામના કેવી અને મારો વર્તાવ કેવો ? લોક મને કહે ઉદાર અને અહીં તો કંઈ છે નહિ; લોક મને કહે કે સાધુ અને મારામાં સાધુતાનું નામ-નિશાન પણ નથી.'-આવી આવી વિચારણાઓ અંતરમાં સ્ફુર્યા વિના રહે જ નહિ. આત્મામાં જો આત્મહિતની સાચી ચિન્તા પ્રગટી જાય, તો સૌ દાતાર બની જાય, શીલવાન બની જાય, ધર્મી બની જાય અને સુખી થઈ જાય. એવી જ ભાવના આવે. સ્વાર્થવૃત્તિ આપોઆપ મટી જાય એટલા જ માટે, સામુદાયિક યાત્રાદિકના પ્રસંગો, શ્રી તીર્થંકરનામકર્મને નિકાચિત કરાવે એવી ક્રિયાઓ તરીકે ગણાય છે. આથી

જગતના નાશક મટીને ઉદ્ધારક બનવાની ઈચ્છાવાળાઓએ ઉત્તમ ભાવનાઓવાળા બનીને, ઉત્તમ ભાવનાઓના પ્રતિબિંબ રૂપ આવા પ્રસંગોનો સુન્દરમાં સુન્દર પ્રકારે લાભ ઉઠાવવાને તત્પર બની જવું જોઈએ.

(૧૮)

## વિશ્વતારકના દર્શને :

આજે શ્રીસંઘ અને બીજા છૂટા છૂટા યાત્રિકો આદિ પણ મોટી સંખ્યામાં ભગવાનની યાત્રાને માટે ઉપસ્થિત થયા છે, એ વાતની તો સહુને માહિતી છે. યાત્રા કોની કરવાની છે, યાત્રા કયા હેતુથી કરવાની છે અને જે તારકની યાત્રા માટે ઉપસ્થિત થયા છીએ, તે તારકની આજ્ઞા શી છે ?-એ વગેરે બાબતોનું વાસ્તવિક ભાન હોય, તો યાત્રા કરનાર યાત્રાના યોગે અનુપમ લાભને પ્રાપ્ત કરી શકે છે : અને એ બાબતોનું કશું ભાન ન હોય તો આટલે સુધી આવ્યા પછી પણ જે લાભની પ્રાપ્તિ થવા યોગ્ય હોય તે ન થાય, તો આશ્ચર્ય પામવા જેવું નથી. યાત્રાએ આવેલા દરેકે નિર્ણય કરી લેવો જોઈએ કે-'હું વિશ્વતારક શ્રી જિનેશ્વરદેવની યાત્રાએ આવ્યો છું, તો મારે મારા આત્માનો નિસ્તાર સધાય એવું કાંઈક અહીંથી પામીને જ જવું જોઈએ.' વિકશ્વતારકના દર્શને આવેલા આત્માનો ફેરો ફોગટ જાય, તો તે ઘણું જ અજાગતું કહેવાય. વિશ્વતારકના શરણે આવેલો આત્મા તો અહીં ને અહીં પોતાના

આત્માનો સંસાર અનિયતકાલીન હોય તો તેને નિયતકાલીન કરતો જાય : અર્થાત્-અલ્પકાળમાં જ સંસારથી છૂટી જવાય એવી આત્મદશાને પામતો જાય.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

**દર્શન અને નમસ્કારથી સિદ્ધિ :**

વિશ્વતારકનું દર્શન પણ આત્માને ભયંકર સંસારસાગરથી ઉદ્ધારનાર છે. વિશ્વતારકને કરેલો એક નમસ્કાર પણ સંસારસાગરથી આત્માને તારવાનું સામર્થ્ય ધરાવે છે : પણ એ દર્શન કેવું અને એ નમસ્કાર કેવો ? દર્શનની અને નમસ્કારની માત્ર બાહ્ય ક્રિયાને જ અપેક્ષીને આ વાત નથી. એની પાછળ રહેલા ભાવોલ્લાસની અપેક્ષાએ આ વાત છે. દર્શન અને નમસ્કાર કરતાં આત્મા એવો સદ્‌ભાવથી ભાવિત મનવાળો બની જવો જોઈએ, કે જેથી કોઈ કાળે ન થઈ હોય એવી કર્મનિર્જરા, દર્શન અને નમસ્કાર કરતી વેળાએ થઈ જાય. એના યોગે સમ્યગ્દર્શનાદિ ગુણો ન પ્રગટયા હોય તો પ્રગટી જાય અને પ્રગટયા હોય તો ખૂબ નિર્મળ કોટિના બની જાય. એ થાય તો સંસાર માપમાં આવી જાય અને થોડા જ કાલમાં આત્મા સંસારદુઃખથી છૂટીને મુકિતસુખનો ભોકતા બની જાય.

**કદમે કદમે અશુભ કર્મને ચૂરે :**

જે તારકના દર્શન અને નમસ્કારમાં પણ આવું અદ્‌ભૂત સામર્થ્ય ભરેલું છે, તે તારકનું દર્શન કરવાને માટે થોડો વખત વધારે ભૂખ કે તરસ વેડવી પડે, તો એ શું બહુ મોટી વાત છે ? દર્શન અને

નમસ્કાર આદિ કરવાનો ઉલ્લાસ પ્રગટે, તો ભૂખ કે તરસ જણાય પણ નહિ : પગમાં સ્ફુર્તિ આવે : અને હૃદયમાં રમતા ઉત્તમ ભાવના યોગે કદમે કદમે આત્માની સાથે વળગેલાં અશુભ કર્મો ચૂરાતાં જાય. વિશ્વતારકના દર્શને આટલે સુધી આવ્યા પછી, પહેલાં ખાવા-પીવાની વાત કેમ જ સૂજે ? અત્યારે તો એમ થવું જોઈએ કે-'કયારે હું ઉપર પહોંચું અને વિશ્વતારકનાં દર્શન કરીને મારા આત્માને પાવન બનાવું !' અત્યારે આત્માને જેમ બને તેમ પરભાવથી દૂર રાખીને સ્વભાવમાં રમતો બનાવી દેવો જોઈએ. વિશ્વતારકની પાસે આપણે શા માટે આવ્યા છીએ ? એ જ માટે કે-આપણો આત્મા પરભાવથી સર્વથા મુકત બને અને સ્વભાવમાં રમતો બને. આ ધ્યેય ખ્યાલમાં હોય, તો આત્મા કદમે કદમે અશુભ કર્મને ચૂરે, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ.

**તેવીસમા તીર્થપતિની યાત્રાએ :**

આ અવસર્પિણીમાં આ ક્ષેત્રમાં જે ચોવીસ તીર્થંકરદેવો થયા છે, તેમાંના તેવીસમા તીર્થપતિ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું આ ગિરિ ઉપર મન્દિર છે. એ તારકના દર્શન, પૂજન, સેવા અને ભકિત માટે અહીં સૌ એકત્રિત થયા છે. આપણે માટે સર્વ શ્રી તીર્થંકરદેવો એકસરખી રીતિએ પૂજ્ય છે. બધા શ્રી તીર્થંકરદેવોના આત્માઓ ઉત્કટ કોટિની ભાવદયાથી તરબોળ બનીને, શ્રી તીર્થંકર-નામકર્મને નિકાચિત કરે છે અને શ્રી તીર્થંકર-નામકર્મને નિકાચિત કર્યા બાદ તેનાથી ત્રીજે ભવે કેવલજ્ઞાન પ્રાપ્ત

**તીર્થ-યાત્રાની વાસ્તવિક હેતુ**

કરીને જગતને તરવાનો માર્ગ સ્થાપે છે. શ્રી તીર્થંકરદેવો તરવાના માર્ગનું દર્શન કરાવે છે, એ જ એ તારકોનો મોટામાં મોટો ઉપકાર છે. માર્ગદર્શકપણું, એ જ શ્રી તીર્થંકરદેવોના આત્માઓની મોટામાં મોટી ઉપકારકતા છે. અનન્ત કાળમાં આવા પરમ ઉપકારિઓ અનન્તા થયા છે, પણ ચાલુ અવસર્પિણી કાળમાં આ શ્રી ભરતક્ષેત્રને વિષે શ્રી ઋષભદેવ આદિ ચોવીસ થયા છે. એમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન છેલ્લાની પહેલા એટલે ત્રેવીસમા છે. એ તારકની મૂર્તિના યોગે તારકગુણને પામેલા આ તીર્થની યાત્રાએ આજે આપણે આવી પહોંચ્યા છીએ. તારકની યાત્રા આપણા આત્માની તારક બની જવી જોઈએ અને એમ થાય તો જ આપણને તીર્થયાત્રા જેવી રીતિએ ફળવી જોઈએ તેવી રીતિએ ફળી, એમ કહી શકાય. આજે આપણને એમ થઈ જવું જોઈએ કે-આટલા દિવસની મહેનતનું ફળ મેળવવાનો આજે અવસર આવી લાગ્યો છે : કારણ કે-દિવસોથી યાત્રાની જે ભાવના હતી, તે આજે સફળ થવાની છે.

**શ્રી કુમારપાલ રાજાની યાચના :**

યાત્રા કરતાં યાત્રાનો હેતુ નહિ વિસરાવો જોઈએ. યાત્રામાં કોઈ પણ પ્રકારનો પૌદ્ગલિક ઈરાદો નહિ હોવો જોઈએ. કેવળ આત્માના નિસ્તારનું ધ્યેય હોવું જોઈએ. શ્રી સિદ્ધિગિરિજી ઉપર સંઘ સાથે પહોંચ્યા પછી, તીર્થાધિપતિની સ્તુતિ કરતાં રાજા કુમારપાલના દિલમાં એક યાચના એવા ભાવની નીકળી હતી કે-

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

હે ભગવન્ ! આપ જો મારા ઉપર તુષ્ટમાન થયા હો, આપની જો કાંઈક પણ કૃપાદ્રષ્ટિ થઈ હોય અને આપની દ્રષ્ટિથી મારામાં આપના સેવકપણાનું પ્રગટીકરણ થયું હોય, તો હું એક જ ચાહના રાખું છું કે-મને આપની કૃપાથી આપના ભિક્ષુકપણાની પ્રાપ્તિ થાઓ !'

શ્રી કુમારપાલ રાજાની આ યાચના ખૂબ જ મનન કરવા જેવી છે. માગી માગીને એ રાજાએ માગ્યું શું, એ જુઓ ! શ્રી કુમારપાલ રાજા હતા, અઢાર દેશના માલિક હતા, પણ તેથી શું ? ઘણી શહેનશાહત મેળવવાની બાકી હતી કે નહિ ? છ ખંડના રાજ્યવિસ્તારની અપેક્ષાએ અઢાર દેશનું રાજ્ય, એ તો એક ઘણી જ મામૂલી વસ્તુ ગણાય : છતાં શ્રી કુમારપાલે ષટ્ખંડનો હું રાજા બનું એવી યાચના ન કરી. ઊલટું, અઢાર દેશનું રાજ્ય પણ છૂટે અને ભગવાનનું ભિક્ષુકપણું પ્રાપ્ત થાય, એવી જ યાચના કરી ! કારણ ? કારણ એ જ કે-શ્રી કુમારપાલ સુશ્રાવક હતા. ભગવાનના એ સાચા ભકત હતા. ભગવાનની આજ્ઞા એમના હૈયામાં વસી હતી. દુનિયાની સાહ્યબીનાં એ લોભી નહોતા, પણ મોક્ષલક્ષ્મીના એ ઉપાસક હતા. એમની ઈચ્છા પોતાના આત્માને કર્મ રૂપ જડના યોગથી મુકત બનાવવાની હતી. એ જાણતા હતા કે-ભગવાનનું ભિક્ષુકપણું, એ જ આત્મનિસ્તારનો અમોઘ ઉપાય છે. જેને ભગવાનનું ભિક્ષુકપણું પ્રાપ્ત થઈ જાય, એનાથી મુકિત છેટી નથી-એવી શ્રી કુમારપાલને ખાતરી હતી. આથી જ એમણે બીજું કાંઈ નહિ માગતાં, માત્ર ભગવાનનું ભિક્ષુકપણું યાચ્યું !

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## અમીર બનાવનારૂં ભિક્ષુકપણું :

આવા આત્માઓને વિશ્વતારકનું દર્શન ઉત્તમમાં ઉત્તમ પ્રકારે ફળે કે ન ફળે ? કહો કે-ફળે જ ! શ્રી કુમારપાલ રાજાની યાચનાના રહસ્યને સમજો. દુનિયામાં ભિખારીપણું કોઈને ગમતું નથી : બધાને સાહ્યબી ગમે છે : પણ વિશ્વતારક શ્રી જિનેશ્વરદેવનો જે સાચો ભકત બને છે, તેને ભગવાનના ભિક્ષુકપણા સિવાય બીજું કાંઈ ગમતું નથી. ભગવાનનું ભિક્ષુકપણું, એ સમ્યક્ચારિત્રશીલતા છે. એ ભિક્ષુકપણામાં પણ આત્મા ચક્રવર્તી કરતાંય વધારે સુખ અનુભવી શકે છે. એ ભિક્ષુકપણું આત્માને અમીર બનાવી દે છે. સમ્યક્ચારિત્રશીલતા રૂપ ભિક્ષુકપણું આત્માને અનન્તી આત્મલક્ષ્મીનો ભોકતા બનાવનારૂં છે. એ ભિક્ષુકપણામાં દીનતાને અવકાશ નથી. એ ભિક્ષુકપણાને તો ધીર અને વીર આત્માઓ જ સેવી તથા વહી શકે છે. રાજા કુમારપાલ એ ભિક્ષુકપણાના યાચક હતા. કોઈ પણ પ્રકારની પૌદ્ગલિક સામગ્રી એમને જોઈતી નહોતી. એમને કેવળ આત્મલક્ષ્મી પ્રગટાવવાની અભિલાષા હતી. અને માટે જ એમણે આવી યાચના કરી હતી.

## ભાગ્યવાન જ આ ભિક્ષુકપણાને પામે :

ભગવાનનું ભિક્ષુકપણું પ્રાપ્ત થવું, એ સામાન્ય વસ્તુ નથી. મહા ભાગ્યવાન આત્માઓ જ ભગવાનના ભિક્ષુકપણાને પામી શકે છે. દુનિયાનું ભિખારીપણું પાપના યોગે પ્રાપ્ત થાય છે, જ્યારે

ભગવાનનું ભિક્ષુકપણું મોક્ષલક્ષ્મીને પામવાની નિકટતાવાળા પરમ ભાગ્યવાન આત્માઓને જ પ્રાપ્ત થાય છે. અશુભના ઉદયે પ્રાપ્ત થતું ભિખારીપણું એ જુદી વસ્તુ છે અને કર્મના ક્ષયોપશમાદિના યોગે પ્રાપ્ત થતું ભિખારીપણું એ જુદી વસ્તુ છે. આત્મા જ્યારે મોક્ષ માર્ગનો રસિયો બને છે, ત્યારે ભગવાનનું ભિક્ષુકપણું પામવાની ભાવના એનામાં સ્વાભાવિક રીતિએ જ પ્રગટે છે.

**આત્મઋદ્ધિને ન ભૂલો :**

શ્રી કુમારપાલ રાજાએ ભગવાનનું ભિક્ષુકપણું યાચ્યું. તમારે શું જોઈએ છે ? તમને સંસારથી છૂટવાની અને મોક્ષને પામવાની ઈચ્છા છે કે નહિ ? સંસાર દુઃખમય છે, દુઃખફલક છે અને દુઃખપરંપરક છે-એમ જ્ઞાનિઓ તો ફરમાવે છે, પણ તમારો અભિપ્રાય શો છે ? તમને જો જ્ઞાનિઓનાં વચનોમાં વિશ્વાસ હોય, તો તમે કયી યાચના કરશો એ સ્પષ્ટ છે. પૌદ્ગલિક ઋદ્ધિ-સિધ્ધિ ગમે તેટલી મળે, પણ તે સાથે આવતી નથી. વધારેમાં વધારે વખત એ ટકે, તોય જીન્દગીના અન્ત સુધી. પછી એ અહીં રહી જાય અને આત્મા પોતાના કર્મને અનુસરીને ચાલતો થાય. વધુમાં એ ઋદ્ધિ-સિધ્ધિમાં આત્મા ભાનભૂલો બને, તો તીવ્ર પાપનો ભાગી બને. ચક્રવર્તી ષટ્ખંડનો માલિક ખરો, પણ ચક્રવર્તી જો પોતાના મૃત્યુ પર્યન્ત ચક્રવર્તી જ બન્યો રહે અને એવી ને એવી જ દશામાં મૃત્યુ પામે. તો નિયમા નરકે જાય. આવી પૌદ્ગલિક ઋદ્ધિ-સિદ્ધિના અર્થી બનીને આત્મઋદ્ધિને ભૂલી જવી, એ તો મોટી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

કમનસીબી ગણાય. એમાંય વળી વિશ્વતારકની પાસે પૌદ્ગલિક ઋદ્ધિસિધ્ધિની યાચના કરવી, એ તો મહાભયંકર છે. તારકના દર્શન-ભકિત આદિમાં તો એક માત્ર મોક્ષની જ કામના હોવી જોઈએ.

## તીર્થયાત્રાથી વાસ્તવિક લાભ કયારે ?

'પાપના કારણ રૂપ સંસારનો ત્યાગ કરીને, કયારે તારકની આજ્ઞાની આરાધનામાં રકત બની જાઉં, કે જેથી આ ભયંકર સંસારસાગરથી મારા આત્માનો નિસ્તાર થાય.'-એવી ભાવના રાજા કુમારપાલની હતી. આપણી મનઃકામના પણ એ જ હોવી જોઈએ. શ્રી જિનેશ્વરદેવો એટલે સંસારસાગરથી તરેલા અને તારનારા. શ્રી જિનેશ્વરદેવના સેવકની ભાવના પણ એ જ હોય. જેનામાં સંસારસાગરથી નિસ્તાર પામવાની ભાવના નથી, તે શ્રી જિનેશ્વરદેવનો સેવક નથી. સેવકમાં સ્વામી જેવા બનવાની ભાવના હોવી જોઈએ. વીતરાગનો સેવક વીતરાગતાનો અર્થી હોવો જોઈએ. એને બદલે તારકની યાત્રાના સમયે પણ સંસારરાગ પોષાય તો ? આજે તો સંસારને કાપનાર સંયમના રાગનો ઉછાળો આવવો જોઈએ. સંસારથી તારે એ તીર્થ કે સંસારમાં રાખે એ તીર્થ ? સંસારના રાગને વધારે એ તીર્થ કે સંસારના રાગને નષ્ટ કરે એ તીર્થ ? તીર્થ સંસારથી તારનાર જ હોય. એ તીર્થની યાત્રાએ આવનારે, તીર્થયાત્રાનો વાસ્તવિક લાભ મેળવવાને માટે, સંસારથી નિસ્તાર પામવાની ભાવનાવાળા જ બની જવું જોઈએ.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## આ કાળમાં અહીંથી મોક્ષે જવાતું નથી, પણ અહીં મોક્ષમાર્ગ તો હયાત જ છે :

જૈનને માટે આ કોઈ નવીન વાત નથી, પણ આજે આ જાતિનું શિક્ષણ કયાં અપાય છે ? સંસારરાગને વધારનારૂં શિક્ષણ ગમે તેટલું મળે, તેથી આત્માને લાભ નથી પણ હાનિ જ છે. એવા શિક્ષણની પ્રાપ્તિમાં ઉન્નતિ કે પ્રગતિ માનવી, એ અજ્ઞાનતા જ છે. પ્રગતિ તે કહેવાય, કે જે આત્માના સંસારને ઘટાડનારી હોય. આત્માની પ્રગતિ, એ જ વાસ્તવિક પ્રગતિ છે. આત્માની પ્રગતિ સાધવાને માટે, આ મનુષ્યભવ, એ ઉંચામાં ઉંચી કોટિનો ભવ છે. આ ભવમાં જો સુંદર પ્રકારે જીવતાં આવડે, તો અનન્તકાળની રિબામણ દૂર થઈ જાય. આ કાળમાં આ ક્ષેત્રમાં મોક્ષમાર્ગની આરાધના તો થઈ શકે છે ને ? આ કાળમાં આ ક્ષેત્રમાંથી મોક્ષ પામી શકાય તેમ નથી, પરન્તુ એનો અર્થ એ નથી જ કે-આ કાળમાં આ ક્ષેત્રમાં મોક્ષમાર્ગની વિદ્યમાનતા નથી ! આ કાળમાં પણ આ ક્ષેત્રમાં મોક્ષમાર્ગ તો વિદ્યમાન જ છે અને મોક્ષમાર્ગની શકય એટલી આરાધના કરવામાં આવે, તો મોક્ષની પ્રાપ્તિને તે નિકટ બનાવનાર છે. આથી, 'આ કાળમાં આ ક્ષેત્રમાંથી મોક્ષ પામી શકાય તેમ નથી.' -એમ કહીને જેઓ મોક્ષમાર્ગની આરાધના કરવાનો નિષેધ કરતા હોય, તેઓને પૂછવું જોઈએ કે-'આ કાળમાં પણ આ ક્ષેત્રમાં મોક્ષમાર્ગ વિદ્યમાન છે કે નહિ ? અને જો મોક્ષમાર્ગ વિદ્યમાન છે, તો મોક્ષમાર્ગની આરાધનાનો નિષેધ કેમ કરો છો ?' મોક્ષમાર્ગની આ ભવમાં શકય એટલી આરાધના

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

કરી લીધી હોય, તો થોડા જ કાળમાં બીજે સ્થળેથી તો મોક્ષ ને પામી શકાય ને ? અહીંથી મર્યા બાદ બે-ચાર ભવોમાં અથવા તો ગણતરીના ભવોમાં મુકિત પમાય, એટલી તૈયારી અહીં કરી લેવી જોઈએ, કે જેથી અહીંથી મરીને જ્યાં જવાય ત્યાં પણ આપણી મોક્ષમાર્ગની આરાધના ચાલુ જ રહે.

**કર્મનિર્જરાના ધ્યેયથી આજ્ઞાંકિતપણે ભગવાનની ભકિત કરનારને શાસ્ત્રનો કૉલ :**

આત્માની પ્રગતિ એ જ સાચી પ્રગતિ છે. પ્રગતિનું માપ કેવળ આ લોકની વિદ્યાથી ન કઢાય. આ લોકની સાહ્યબી ઉપરથી પણ પ્રગતિનું માપ ન કઢાય. જે સાધનો આત્માના ભવિષ્યને સુધારનારાં હોય, એ સાધનોના આધારે પ્રગતિ કે ઉન્નતિ મપાય. આજે આ ખ્યાલ નષ્ટપ્રાયઃ થઈ ગયો છે અને એથી પરસ્પર શરીર આદિની ચિન્તા થાય છે, પણ આત્માની ચિન્તા તો વિરલા જ કરે છે. આત્માનો ખ્યાલ ન હોય ત્યાં સુધી તીર્થયાત્રા પણ પૂરતો લાભ શી રીતિએ કરે ? 'મારા આત્માના ગુણો અનન્તા કાળથી આવરાઈ ગયેલા છે અને જ્યાં સુધી મારા આત્માના ગુણો સંપૂર્ણપણે પ્રગટે નહિ ત્યાં સુધી મને વાસ્તવિક સુખ સાંપડે નહિ, માટે તીર્થની યાત્રા આદિના યોગે મારા આત્મગુણો પ્રગટો અને ખીલો !'-આ ભાવનાને હૃદયમાં બરાબર સ્થાપન કરી લો. આ ભાવનાપૂર્વક તીર્થયાત્રા કરો, કે જેથી આત્માનું ભવિષ્ય સુધર્યા વિના રહે નહિ. કર્મનિર્જરાના ધ્યેયથી, આજ્ઞાંકિતપણે, ભગવાનની સેવા કરનારને શાસ્ત્ર કૉલ આપે છે કે-એ સેવાથી અશુભ કર્મની નિર્જરા થશે : બંધ થશે તો પણ

પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થશે : એ પુણ્યના યોગે આત્માની વિરકિત વધતી જ જશે : પરિણામે સઘળી અશાંતિ હઠી જશે, શાંતિ શાશ્વત બની જશે, નરકાદિ દુર્ગતિનાં દ્વાર સદાને માટે બંધ થઈ જશે, દેવલોક રાહ જોશે અને મુકિત હથેલીમાં આવશે. અર્થાત્ ભગવાનની ભકિત મુકિત પમાડનારી છે અને મુકિત ન મળે ત્યાં સુધી સંસારમાં પણ સારી સામગ્રી પ્રાપ્ત કરાવવા સાથે આત્માની વિરકિતને વધારી મુકિતને નિકટ લાવનારી છે.

### ભોગ સાચા ધ્યેયવાળો જોઈએ :

આ સંસ્કારો જૈનનાં બચ્ચાંને તો ગર્ભથી મળવા જોઈએ. માતા-પિતા પાસેથી પણ આ શિક્ષણ મળવું જોઈએ. એ રીતિએ શિક્ષણ અને સંસ્કાર મળે, તો ધર્મક્રિયા કરવા છતાં પણ એના યોગે જે લાભ થવો જોઈએ તે લાભથી આજે જે કેટલાકો વંચિત રહી જવા પામે છે તે બને નહિ અને ધર્મક્રિયાના યોગે થવો જોઈતો લાભ સહજ રીતિએ મળે. આજે કોઈ ટ્રેઈનના તો કોઈ મોટરના પૈસા ખર્ચીને અત્રે આવેલ છે : વળી કોઈએ પગને તકલીફ પણ આપી છે. બધાએ ઘરનું કામ તો છોડયું જ છે. આટલા ભોગ પછી તીર્થયાત્રા દ્વારા જે લાભ મળવો જોઈએ, તે જો ન મળે તો તેનું મુખ્ય કારણ એ જ ગણાય કે-એ ભોગ સાચા ધ્યેય વિનાનો હતો. એવું ન થાય અને સૌને તીર્થયાત્રાનો વાસ્તવિક લાભ પ્રાપ્ત થાય, એ માટે આપણે ઉપર ચઢતાં પહેલાં આટલી અગત્યની વાત કરી લીધી

છે. કમથી કમ આજે તો સંસારથી છૂટવાની અને આત્માનો નિસ્તાર સાધવાની વૃત્તિ ખૂબ સતેજ બની જવી જોઈએ.

### દિગમ્બર ભાઈના પ્રશ્નો અને તેના ઉત્તરો :

દિગમ્બર ભાઈનો પ્રશ્ન૦ શિક્ષાથી જિનભક્તિ કે મંદકષાયથી ? અમારી એ માન્યતા છે કે-શિક્ષા હો યા ન હો. કષાયમંદતા વિના જિનભક્તિ જાગતી નથી. જિનભક્તિ વિના શિક્ષા સહાયક પણ નથી અને વિઘ્ન કરનારી પણ નથી.

ઉત્તર૦ શિક્ષા બે પ્રકારની હોય છે. સમ્યક્ અને મિથ્યા. સમ્યક્ શિક્ષાથી પણ મંદકષાયતા થાય છે અને મંદકષાયતાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. મિથ્યા શિક્ષા એમાં વિઘ્ન નાંખનારી છે, કારણ કે-એ શિક્ષા કષાયને વધારનારી છે.

પ્રશ્નકાર૦ શિક્ષાથી સમ્યગ્દર્શનના વિષયમાં સારી યા ખોટી કોઈ પણ અસર નીપજતી નથી. કષાયમંદતા જ મુખ્ય છે. કષાયમંદતા વિનાના નવ પૂર્વીને પણ અજ્ઞાની કહ્યા છે અને કષાયમંદતાવાળા અલ્પ જ્ઞાનવાળાને પણ જ્ઞાની કહ્યા છે.

ઉત્તર૦ પ્રશ્નકારનું કહેવું એમ છે કે-અગિયાર અંગના અને નવ પૂર્વના પાઠી પણ મિથ્યાદૃષ્ટિ હોઈ શકે છે અને આત્માના સાચા સ્વરૂપની શ્રદ્ધાપૂર્વકની પ્રતીતિ થઈ જાય તો અલ્પજ્ઞાની પણ

પાપરહિત બની શકે છે : માટે શિક્ષાની સાથે સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો કોઈ પણ કાર્ય-કારણભાવ નથી. આપણું કહેવું એમ છે કે-જેની મિથ્યાત્વમોહનીય નષ્ટ ન થઈ હોય એવા આત્માને મળેલું ઘણું પણ જ્ઞાન જો એની મિથ્યાત્વમોહનીયનો નાશ કરવામાં સહાયક ન થયું હોય, તો એ જ્ઞાની હોવા છતાં પણ વાસ્તવિક રીતિએ તો અજ્ઞાની જ છે ગમે તેટલું ભણેલો હોય, પણ જો જ્ઞાન તેને યથાર્થપણે પરિણમ્યું ન હોય તો એ સમ્યગ્દર્શન ન પ્રાપ્ત કરી શકે અને થોડું પણ જ્ઞાન જો મિથ્યાત્વમોહનીયનો નાશ કરવામાં સહાયક બની જાય તો તેવો આત્મા અલ્પજ્ઞ હોય તે છતાં પણ સમ્યગ્દર્શનને પામી શકે છે. એથી થોડા જ્ઞાનવાળા આત્માની પણ મિથ્યાત્વમોહનીય નાશ પામવા માટે થવી જોઈતી મંદતા થાય એ વાત માનવામાં કોઈ હરકત નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે મિથ્યાત્વની મંદતા થવી કે એનો નાશ થવો, એ જ મુખ્ય સાધન છે : પરંતુ એ મંદતા કે ક્ષય સાધવામાં સાચી શિક્ષા સહાયક બની શકે છે, એમ માનવામાં કોઈ બાધ નથી. શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નિસર્ગ-અધિગમ ઉભય રીતિએ વર્ણવી છે. અધિગમ પરોપદેશ રૂપ પણ છે. ઉપદેશ એ વચન રૂપ છે, તેમ જ્ઞાન રૂપ છે. પરોપદેશના ભાવને સમજવાને માટે પણ જ્ઞાન જરૂરી છે, માટે એ જ્ઞાન એ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં અને મિથ્યાત્વના નાશમાં નિમિત્ત થયું કે નહિ ? થયું જ : અને નિમિત્ત પણ કારણ કહેવાતું હોઈને જ્ઞાનનો પણ કાર્યકારણભાવ સિદ્ધ થઈ જાય છે. પ્રત્યેક કાર્ય માટે પાંચેય

**તીર્થ-ચાત્રાનો વાસ્તવિક હેતુ**

કારણોની જરૂર જ્ઞાનિઓએ સ્વીકારી છે. કાર્ય સાધવાને માટે પાંચેય કારણોનું મળવું એ આવશ્યક હોવા છતાં પણ, એ પાંચમાં પ્રધાનતા કોઈ પણ એકની હોઈ શકે છે. એ રીતિએ સાપેક્ષ કાર્ય-કારણભાવ પ્રત્યેકનો હોવાથી, જ્ઞાન પણ કારણ છે એમ કહી શકાય. આ રીતિએ જ્ઞાન પણ પાપનાશમાં કારણભૂત થઈ શકે છે.

પ્રશ્નકાર૦ સમ્યગ્જ્ઞાન તો કારણ છે જ, પરંતુ પદાર્થ-વિજ્ઞાનને સહાયક માનવાની શી જરૂર ?

ઉત્તર૦ આમનું કહેવું એમ છે કે-'આત્મજ્ઞાનને કારણ માનવામાં હરકત નથી, પણ દુનિયાના પદાર્થોના જ્ઞાનને સમ્યક્ત્વનું કારણ માનવાની જરૂર નથી.' એનો ખુલાસો એ છે કે-મિથ્યાત્વની ગાઢ અવસ્થામાં જે દુન્યવી જ્ઞાન આવે છે તે પણ ભારી અજ્ઞાનનું કારણ બને છે. જ્યાં સુધી સંપૂર્ણ જ્ઞાન ન થાય ત્યાં સુધી અજ્ઞાન તો રહેવાનું જ છે. એ દૃષ્ટિએ તો બધા અજ્ઞાની છે, પણ સમ્યક્ત્વની હાજરીમાં જ્ઞાન મનાય છે અને મિથ્યાત્વની હાજરીમાં અજ્ઞાન મનાય છે. એ રીતિએ અજ્ઞાન પણ બે પ્રકારનું છે. એક સમ્યગ્દૃષ્ટિનું અને એક મિથ્યાદૃષ્ટિનું. સમ્યગ્દૃષ્ટિનું અજ્ઞાન પ્રપંચજનક નથી અને મિથ્યાદૃષ્ટિનું પ્રપંચજનક છે : એટલા માટે સમ્યગ્દૃષ્ટિની પાપપ્રવૃત્તિ ઓઘ થશે પણ સફાઈથી નહિ થાય : જ્યારે મિથ્યાત્વસહચરિત જ્ઞાની સફાઈથી એટલું પાપ કરશે કે એની જોડીમાં પેલો નહિ આવે. એ માટે મિથ્યાત્વની સાથે વધતું દુનિયાદારીનું જ્ઞાન બહુ નુકસાન કરે છે. મિથ્યાત્વવાન તો અજ્ઞાનિઓ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

છે જ, પણ જાણી-જોઈને મિથ્યાત્વના સાથથી ભણવાવાળા મહા અજ્ઞાનિઓ છે, એમ કહેવું વધારે વ્યાજબી છે. આત્માના લક્ષ્યવાળાને તે અલ્પજ્ઞાની હોય તો પણ એને અજ્ઞાની કહેવાની જરૂરત નથી. ભણેલાને માટે પણ અજ્ઞાનિનો પ્રયોગ તેના મિથ્યાત્વને ધ્યાનમાં રાખીને જ થાય છે. અન્યથા, મિથ્યાભાષી થવાય.

**સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને નિર્મળતા થઈ જાય, એ રીતિએ સેવા કરવી જોઈએ :**

યાત્રા માટે આવવાનો હેતુ અંશે પણ સફળ ન થાય, તો આપણો ફેરો નિષ્ફળ થાય. આટલા દિવસના પ્રયાણ બાદે આજે આપણે તીર્થભૂમિએ પહોંચ્યા છીએ, તો આજે તીર્થપતિને ભેટયા વિના અન્ન-પાણી લેવાં જોઈએ નહિ. એથી આત્માને તકલીફ પડશે નહિ, પણ આત્માની તકલીફ તૂટી જશે. આહાર રૂપી જડનો સંગ કર્યા વિના જેટલાં કદમ ભાવથી ભરશો, તેટલો આત્મભાવ અધિક પેદા થશે : કારણ કે અત્યારે આપણે અનંતજ્ઞાનાદિ જેમને પ્રાપ્ત થયાં છે એવા અને સંસારથી નિસ્તાર પમાડનાર ધર્મતીર્થના સ્થાપક તેમજ જે તારકની આજ્ઞાનું પાલન અલ્પ કાળમાં જ દુઃખથી મુકાવનારૂં અને સુખને પમાડનારૂં થાય છે એવા તીર્થાધિપતિના દર્શન માટે જવાનું છે. આવી વિચારણાપૂર્વક કદમો ભરવામાં આવશે અને એ ભાવનાથી ઉલ્લાસભેર ચઢતા રહેશો, તો જેટલાં કદમ અધિક એટલો અધિક કર્મક્ષય થશે અને ભવિતવ્યતા પરિપકવ થઈ ગઈ હશે તો મિથ્યાત્વ આદિનો ક્ષયોપશમ અને

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ દુર્લભ મનાય છે, તે આજે સુલભ થઈ જશે. કેટલાકને પહેલે પગથિયે તો કેટલાકને બીજે પગથિયે, અને કેટલાકને વળી દર્શન કરતાં કરતાં સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ થઈ જાય, એવો આજનો સુંદર યોગ છે, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થશે એટલે સંસાર વિષ બરાબર લાગશે. સંસાર વિષ સમાન લાગી જશે, એટલે મમતા આપોઆપ તૂટી જશે. મમતા તૂટી જવાથી, કાં તો સંસારનો ત્યાગ થઈ જશે અગર સંસાર પ્રત્યે વિરાગ પેદા થઈ જશે. ત્યાગ કે વિરાગ નહિ લઈ શકાય તો પણ છેવટે ઉમદા વસ્તુ મળતી હતી તે ન લઈ શકાણી એ માટે રોવું તો જરૂર આવશે અને એ રૂદનથી એ રૂદનને સાંભળનાર પણ જો યોગ્ય હશે તો સમ્યગ્દષ્ટિ બની જશે, માટે તીર્થયાત્રાને સફળ કરવાને માટે સૌએ ઉદ્યત બની જવું જોઈએ. આટલે સુધી આવ્યા પછી તો એવી જ રીતિએ વર્તવામાં તત્પર બની જવું જોઈએ, કે જેથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને નિર્મલતા થાય. એ માટે તીર્થ રૂપ સાધનની સેવા કરવામાં જરા પણ પાછી પાની કરવી જોઈએ નહિ. ધ્વજારોપણનો ઉત્સવ શરૂ થઈ ગયો છે. શાંતિસ્નાત્ર રૂપ મહાપૂજા પણ અહીં થવાની છે. એ માટે આજે શ્રી જળયાત્રાનો વરઘોડો છે. આ બધાં સમ્યગ્દર્શનની નિર્મળતા અને પ્રાપ્તિનાં પરમ સાધનો અને પરમ નિમિત્તો છે. આ બે દિવસોમાં આ ભૂમિ ઉપર ઘણાં ઉત્તમ કાર્યો થવાવાળાં છે. અમે ઉપદેશ દેનારા અને અનુમોદન કરનારા છીએ. તમે કરનારા, કરાવનારા અને અનુમોદનારા છો. અહીં આવવાવાળા બધા ભકિત પાત્ર બની જાય,

તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ

એવી બધી સામગ્રી અહીં મળવાની છે, તો એનો જેટલો વધુ ઉપયોગ થાય તેટલો વધુ ઉપયોગ કરી લેવાને ચૂકવું જોઈએ નહિ.

(૧૯)

## ધ્યેયની વાત વારંવાર કેમ ?

શ્રી જૈન શાસ્ત્રોમાં તીર્થયાત્રાનું વિધાન આત્માનો સંસારથી નિસ્તાર સાધવાને માટે છે, એ વાત આજે કાંઈ નવી કહેવાની નથી આટલી પણ વાત જો તેના વાસ્તવિક સ્વરૂપમાં સમજવામાં આવી જાય, તો તીર્થયાત્રાએ આવેલો આત્મા પોતાની યાત્રાને સુન્દરમાં સુન્દર પ્રકારે સફળ બનાવવાનો શક્ય પ્રયત્ન કર્યા વિના રહે નહિ : પરંતુ આજે તીર્થયાત્રાએ જનારાઓમાં મોટો વર્ગ એવો છે, કે જે વર્ગને તીર્થયાત્રાના વાસ્તવિક હેતુનો ખ્યાલ નથી. આમ હોવાથી, કેટલાકો પોતાના પ્રયત્નને જેવો જોઈએ તેવો સફળ બનાવી શકતા નથી અને કેટલાકો તો પોતાના હિતને નુકસાન પણ પહોંચાડે છે, એમ કહીએ તોય તેમાં અતિશયોકિત જેવું કાંઈ નથી. અત્રે તીર્થયાત્રાએ આવેલાઓ આ રીતિએ પોતાના પ્રયત્નને નિષ્ફળ કે નુકસાનકારક બનાવતાં અટકે તેમજ પોતાના પ્રયત્નને સારામાં સારી રીતિએ સફળ બનાવી, શકે, એ માટે આ વાત વારંવાર ભારપૂર્વક કહેવાય છે.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## તીર્થયાત્રા આત્મનિસ્તારને માટે જ :

આજે કેટલાકોએ યાત્રાને મુસાફરી, મોજશોખ કે શરીરસુધારણાનું સાધન બનાવી દીધું છે. આજે શરીરસુધારણાની વાત તરત પસંદ આવી જાય છે : કારણ કે-આત્મા કરતાં શરીર ઉપર પ્રેમ વધારે છે. શરીરસુધારણા, એ જ મુખ્ય ધ્યેય બની જવાથી યાત્રાનું સ્વરૂપ ગૌણ બની જાય છે. યાત્રાએ જઈને કેમ વર્તવું જોઈએ-એ વિચાર ઘણા ઓછા માણસો કરે છે. શરીરને તકલીફ ભલે પડે, પણ મારી યાત્રા સુન્દર પ્રકારે આત્મનિસ્તાર સાધનારી બને-એવી મનોવૃત્તિ હોય, તો આજે તીર્થનાં સ્થાનોમાં જઈને પણ શરીરસેવાની પ્રધાનતા થઈ જાય છે તે ન થાય. તીર્થયાત્રામાં પ્રધાનતા આત્મસેવાની જ હોવી જોઈએ. માણસ ઘરે અને દુકાને જુદી જુદી રીતિએ વર્તે છે. ઘરે જેમ આરામ કરે છે. તેમ દુકાને આરામ કરતો નથી : કારણ કે-દુકાને તો તે કમાવા જાય છે. એ જ રીતિએ તીર્થે જનારાઓએ ખ્યાલમાં રાખવું જોઈએ કે-'અહીં તો અમે કેવળ આત્મનિસ્તાર સાધવા માટે જ આવ્યા છીએ અને એથી અહીં તો અમારે બને તેટલા વધુ પ્રમાણમાં આત્મનિસ્તારની સાધક પ્રવૃત્તિઓ કરવામાં જ રત બન્યા રહેવાનું હોય !'

## જીવન આદર્શ બનતું જાય છે :

આજે તો મોટાં મોટાં તીર્થોની યાત્રાએ જનારા કેટલાકોમાં પણ 'ખાવું-પીવું' 'પહેરવું-ઓઢવું'

તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ

'આરામ-વિશ્રાંતિ કરવી' એ વગેરે વસ્તુઓ એટલી બધી વધી જાય છે કે-જેટલી ઘરમાં પણ હોતી નથી : કારણ કે-ઘરમાં તો ઘરનું, પેઢીનું કે વ્યવહાર આદિનું કામ કર્યા બાદ આરામ લેવાય છે : તીર્થમાં તો એવાં કામો પ્રાયઃ હોતાં નથી અને તેથી મોજ મજાહ આદિ બાબતો એટલી બધી વધી જાય છે કે-જેનો સુમાર નહિ, તીર્થયાત્રાનું ધ્યેય ખ્યાલમાં હોય અને એ ધ્યેયને સિદ્ધ કરવાની સાચી અભિલાષા અન્તરમાં પ્રકટી હોય, તો આવું ન બને. તીર્થયાત્રાના ધ્યેયને સમજીને અને એ જ એક ધ્યેયની સિદ્ધિને સાધવાનો ઈરાદો કરીને જો તીર્થયાત્રા કરવામાં આવે, તો બે-ચાર તીર્થયાત્રાઓ થતાં થતાંમાં તો જીવન ઘણે ખરે અંશે પલટાઈ ગયા વિના રહે નહિ. જ્ઞાનિઓની આજ્ઞા મુજબ તીર્થયાત્રા કરનારા આત્માઓનું જીવન તો શ્રદ્ધા અને સંયમ આદિથી ઓપતું બની જાય. પણ, તીર્થયાત્રાના હેતુનો વાસ્તવિક ખ્યાલ આવ્યા વિના, આ વાતો સ્વપ્નવત્ જ લાગવાની !

**ધર્મવૃત્તિ સાથે પરકલ્યાણની ભાવના ન આવે એ પણ બને નહિ :**

તીર્થયાત્રાનું નિર્માણ અને વિધાન એટલા જ માટે છે કે-એના અવલંબનથી આત્મા સંસારસાગરથી નિસ્તાર પામે. એમાં પણ સામુદાયિક યાત્રા એ ધર્મી આત્માની ભાવનાનું પ્રતિબિંબ છે. ધર્મનિષ્ઠની ભાવના એ હોય છે કે-'મારાથી શકય હોય તો હું સર્વ જીવોને તીર્થસ્થાનનું આલંબન પમાડીને મુકિતસુખના ભોકતા બનાવી દઉં.' કેટલાક એમ કહે છે કે-'યાત્રા એ કલા પણ થઈ શકે છે.' એકલા

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એકલા યાત્રા નથી જ થઈ શકતી, એવું તો આપણેય કહેતા નથી, પરંતુ જેના અંતરમાં ધર્મવૃત્તિ પ્રગટે છે, તે આત્મા બીજાઓના કલ્યાણની ચિન્તાથી પર રહી શકતો નથી અને એથી જ તે પોતાની પરકલ્યાણની ચિન્તાનો યથાશક્ય અમલ કરવાને માટે પણ અવસરે ઉત્સુક બની જ જાય છે. શ્રી તીર્થંકરદેવોના આત્માઓ તીર્થંકર થવાના ત્રીજા ભવે શ્રી તીર્થંકર-નામકર્મને નિકાચિત કરે છે. એ વખતે એ તારકો એવો વિચાર કરે છે કે-'શ્રી વીતરાગ પરમાત્માનું શાસન મોજાુદ હોવાં છતાં પણ સંસારમાં અનન્તાનન્ત આત્માઓ રૂલે છે અને અનેક દુઃખોને પ્રાપ્ત કરે છે. મારામાં શકિત પ્રગટ થઈ જાય, તો હું સર્વને શ્રી વીતરાગ પરમાત્માના શાસનના રસિક બનાવી દઈને શાશ્વત સુખના ભોકતા બનાવી દઉં !' શ્રી તીર્થંકરદેવના આત્માઓની આ ભાવના તે તારકના અનુયાયિઓમાં અમુક અંશે પણ ન હોય, એ બને જ કેમ ? છતી સામગ્રીએ પણ એકલા યાત્રા કરવાની ભાવના, એ ધર્મિની ભાવનાને અનુકૂળ નથી. શકિત-સામગ્રી ન હોય એ એકલો યાત્રા કરીને પણ સંતોષ માને-એમાં હરકત નથી, પણ સાધનસંપન્ન હોય એ પણ એમ વિચારે, તો જગતનું કલ્યાણ કરશે કોણ ? એટલા જ માટે દશ પૂર્વનું જ્ઞાન જેને થાય એ જિનકલ્પ ન સ્વીકારે, એવી ભગવાનની આજ્ઞા છે : કારણ કે દશ પૂર્વનું જ્ઞાન થયા પછી વચનલબ્ધિ અમોઘ બને છે. એ મહાપુરૂષની ધર્મદેશના યોગ્ય જીવો માટે સફળ થયા વિના રહેતી નથી. એવી ઉપકાર-સામગ્રીવાળા મહાત્મા પરોપકારને ગૌણ

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

કરીને સ્વોપકારને પ્રધાન બનાવે, તે કેમ ચાલે ? બેશક, પરોપકાર સ્વોપકારનો ઘાતક નહિ જ હોવો જોઈએ, પણ પરોપકાર સ્વોપકારનો સાધક જ હોવો જોઈએ. સર્વ જીવોને ધર્મ પમાડવાની શકિત અને તેવી સાધનસામગ્રીનો યોગ ન હોય તે છતાં પણ ભાવના તો સર્વ જીવોને ધર્મની પ્રાપ્તિ થાઓ એવી જ હોવી જોઈએ. સર્વની શકિત ન હોય તો હજારોને કે છેવટે ઘટતાં ઘટતાં જેટલી શકિત હોય તેટલા પ્રમાણમાં બીજાઓને ધર્મ પમાડવાની ભાવનાનો અવશ્ય અમલ કરવો જોઈએ.

### રૂઢિનો પણ વધ કરવો નથી :

વિના ધર્મભાવના તીર્થયાત્રા એ રૂઢિ માત્ર છે. આપણે એ રૂઢિનો વધ નથી કરવો. તીર્થનું સ્વરૂપ, તીર્થયાત્રાનો હેતુ જેને ખ્યાલમાં ન હોય, તેણે તીર્થયાત્રા કરવી જ નહિ-એમ આપણું કહેવું નથી : કારણ કે-જો આવશે જ નહિ તો કહેવાનું રહેશે કોની આગળ ? એમને સંભળાવશે કોણ ? રૂઢિથી પણ અહીં આવે છે તે બંધ કરાવવા યોગ્ય નથી. માત્ર રૂઢિથી આવનારા સમજી જાય, તેઓને ધર્મની પ્રાપ્તિ થઈ જાય અને તેવાઓ આજ્ઞાનું પાલન કરવાની ઈચ્છાએ આવનારા બની જાય, એ જ આપણો ઈરાદો છે.

### સામગ્રીની સાર્થકતા :

તીર્થયાત્રાનો મહિમા ખ્યાલમાં આવી ગયા પછી-'હું એકલો કેમ આવું ? અનેકને સાથે લઈને

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

આવું !'-એ ભાવના આવ્યા વિના રહેતી નથી. તીર્થની વાત તીર્થમાં બેઠાં બેઠાં સાંભળવાની મળે તે છતાં નિદ્રા કેમ આવે ? મોટા વ્યાપાર વખતે ભાવતાલની વાતમાં નિદ્રા આવે ખરી ? નહિ જ ! તો અહીં કેમ આવે ? તીર્થસેવાનું જેવું જોઈએ તેવું અર્થિપણું નથી માટે ને ? તીર્થે આવ્યા પછી તીર્થયાત્રાના હેતુનું સ્વરૂપ આદિ વસ્તુઓ સાંભળવાને મળી જાય તો આનંદ થવો જોઈએ. પ્રાયઃ ઘેર તો ટાઈમ મળતો નથી, ટાઈમ મળે તો સંભળાવનારનો યોગ મળતો નથી અને તેવો યોગ મળે છે તો પણ જેવો જોઈએ તેવો મળતો નથી,-એ વગેરે વાતો તમે કહી શકો, પણ અહીં તો ભાગ્યના યોગે સઘળું મળી ગયું છે, છતાં ઉંઘ આવે એ બેદરકારી સિવાય બીજું શું છે ? આવતી કાલે ચતુર્દશી પર્વ છે. તીર્થના સ્થાને પર્વની આરાધના પણ શકય હોય એટલા સુન્દર પ્રકારે કરવી જોઈએ. જેનાથી શકય હોય તે ઉપવાસ, આયંબિલ, આદિ તપશ્ચર્યા તથા પૌષધ કરવાને ચૂકે નહિ. અહીં તો એક જ આરાધનાનું ધ્યેય રહેવું જોઈએ. આરાધનાની આટલી સામગ્રી મળવા છતાં તીર્થનું સ્વરૂપ, યાત્રાનો હેતુ, યાત્રા કરવાની રીતભાત અને રૂઢિમાં સુધારાની જે આવશ્યકતા છે તે વગેરે સમજવામાં ન આવે, તો સફળતા થવી બહુ મુશ્કેલ છે. ઉછામણીમાં ચડસ નહિ, પણ હૃદયનો રસ જોઈએ. દેખાદેખીપણું નહિ, પણ હૃદયનો ઉલ્લાસ જોઈએ. હૃદયના ઉલ્લાસપૂર્વક શકિતને ગોપવ્યા વિના ઉછામણીમાં બોલવું જોઈએ. તીર્થની સેવા આદિમાં જે સામગ્રી વપરાય તે જ સાર્થક-આટલો ખ્યાલ રાખશો તો હૈયું કૃપણ બનતું અટકી જશે.

## (૨૦)

**કર્માધીન જીવોને માટે તેમને ગમતું જ મળે અને અણગમતું ન જ મળે એમ બનતું નથી :**

અનન્તઉપકારી અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવો ફરમાવે છે કે-જ્યાં સુધી આત્મા પરભાવથી સર્વથા મુકત બનતો નથી અને કેવળ નિજસ્વભાવમાં રમનારો બનતો નથી, ત્યાં સુધી દુઃખ માત્રથી છૂટવાની અને કેવળ સુખમય દશાને ભોગવવાની તેની ગમે તેટલી ઈચ્છા કાર્યગત નિવડતી નથી. સારાય વિશ્વના જીવોને દુઃખ ગમતું નથી અને સુખ ગમે છે, એ નિઃસંશય બીના છે : પણ જે કાંઈ ન ગમે તે ન જ મળે અને જે કાંઈ ગમે તે જ મળે, એવું કર્મને આધીન જીવોને માટે બનતું જ નથી : અને કર્મથી રહિત જીવોને તો ઈચ્છા જ હોતી નથી. કર્મને આધીન જીવોને સામગ્રી પ્રાપ્ત થાય છે, તે કર્મના ઉદય અનુસાર પ્રાપ્ત થાય છે : પછી તે ઈષ્ટ હોય કે અનિષ્ટ હોય ! મોટા ધનાઢય, મહા સત્તાવાન અગર તો જબ્બર કીર્તિશાલી બનવાની ગમે તેટલી કામના હોય, પણ એ કામના ફળવી એ કાંઈ કામના કરનારની ઈચ્છાને જ આધીન નથી. ઈચ્છા માત્રથી ધનાઢય બની જવાતું હોત, ઈચ્છા માત્રથી સત્તા મળી જતી હોત અને ઈચ્છા માત્રથી કીર્તિ કમાઈ શકાતી હોત, તો આ જગતમાં કોણ એવો છે, કે જે ધનાઢય, સત્તાવાન અને કીર્તિશાલી બનવાને ચૂકયો હોત ? કારણ કે-આ જગતમાં

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

ધન, સત્તા અને કીર્તિની ઈચ્છા ન હોય એવા આત્માઓ તો વિરલ જ છે. ધન, સત્તા અને કીર્તિની લેશ માત્ર પણ જેને ઈચ્છા નથી અને નિજસ્વરૂપના પ્રકાશનના પ્રયત્નમાં જ જે મગ્ન છે, એવા મહાત્માઓ તો આ જગતમાં ગણ્યા-ગાંઠયાં જ છે. એ મહાત્માઓને અને નિજસ્વરૂપ-પ્રકાશનના વાસ્તવિક માર્ગને સાચી શ્રદ્ધાપૂર્વક માનનારાઓ પણ થોડા જ છે. બાકી તો આખુંય જગત ધન, સત્તા, કીર્તિ અને ભોગસુખોનું અર્થી છે. ધન આદિનું અર્થી છે એટલું જ નહિ, પણ ધન આદિની પ્રાપ્તિને માટે પોતાને જે કાંઈ કરવા જોગું ભાસે છે તે કરવાને માટે પણ આખુંય જગત ઉદ્યમશીલ છે.

**પૌદ્ગલિક ઈષ્ટાનિષ્ટ સંયોગ કે વિયોગ મુખ્યત્વે ભાગ્યને આધીન છે :**

તીવ્ર અર્થિપણું અને સતત્ ઉદ્યમશીલતા-આ બન્નેનો યોગ હોવા છતાં પણ, આ દુનિયામાં કોઈ પણ જીવને તમે પૂછો કે- 'ભાઈ ! જન્મથી માંડીને અત્યાર સુધીમાં તેં કેટલી ઈચ્છાઓ કરી ? તથા એ ઈચ્છાઓમાંથી ફળી કેટલી અને નિષ્ફળ કેટલી ગઈ ?' આવા પ્રશ્નનો જો તે સાચો જ જવાબ આપશે, તો તમને માલૂમ પડશે કે-'ઈચ્છાઓ તો એટલી બધી થઈ છે કે-જે ગણી શકાય નહિ અને એમાંથી ફળી છે એટલી થોડી કે-ફળ્યાની ગણનામાં તેની ગણત્રી થાય નહિ !' બીજાઓને પૂછવા કરતાં તમે તમારી જાતને જ પૂછશો, તોય તમને આ વિષયની ખાત્રી થયા વિના નહિ રહે ! આમ થવાનું કારણ એ જ છે કે-જીવ કર્મને આધીન છે. આ જગતમાં પૌદ્ગલિક સામગ્રીનો સંયોગ અને

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

વિયોગ કર્મને આધીન છે. ઈચ્છા ઈષ્ટ સામગ્રી મેળવવાની હોય અને પ્રયત્ન પણ ઈષ્ટ સામગ્રી મેળવવાના જ હેતુથી કર્યો હોય, છતાં પરિણામે એમેય બને કે-પૂર્વે મળેલી ઈષ્ટ સામગ્રી પણ જાય અને અનિષ્ટ સામગ્રી આવી મળે. એ જ રીતિએ અણધારી પણ ઈષ્ટ સામગ્રીની પ્રાપ્તિ થઈ જાય, એય અશકય નથી. આથી સ્પષ્ટ છે કે-ઈષ્ટ સામગ્રીનો સંયોગ અને અનિષ્ટ સામગ્રીનો વિયોગ, તેમજ અનિષ્ટ સામગ્રીનો સંયોગ અને ઈષ્ટ સામગ્રીનો વિયોગ, એ કેવળ આપણી ઈચ્છાને આધીન નથી અને એ કેવળ આપણા પ્રયત્નનેય આધીન નથી, પણ મુખ્યત્વે તે આપણા ભાગ્યને જ આધીન છે.

**દુન્યવી સામગ્રી મળવી, ટકવી અને ભોગવવી-એ માણસની ઈચ્છા કે પ્રયત્નને આધીન નથી :**

દુન્યવી કોઈ પણ વસ્તુ મળવી, મળેલી પણ દુન્યવી વસ્તુ આપણી પાસે ટકી રહેવી અને ટકી રહેલી વસ્તુ પણ આપણાથી ભોગવાવી-એ મુખ્યત્વે સૌ સૌના ભાગ્યને આધીન છે. ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં પણ દુર્ભાગિને ઈચ્છિત પૌદ્ગલિક વસ્તુ ન મળે એ જેમ સહજ છે, તેમ વિના પ્રયત્ને કે અલ્પ પ્રયત્ને ભાગ્યવાનને ઈચ્છિત પૌદ્ગલિક વસ્તુ મળી જાય એ પણ સહજ છે. પૌદ્ગલિક સામગ્રી મળ્યા પછી ટકી રહેવી, એ પણ માણસની ઈચ્છાને કે માણસના પ્રયત્નને આધીન નથી. મળેલી પૌદ્ગલિક સામગ્રી જાય એવી ઈચ્છા કોને હોય છે ? પૌદ્ગલિક સુખના અર્થી કોઈને પણ એવી ઈચ્છા હોવી એ શકય જ નથી. આમ છતાં પણ રાજાઓનાં રાજ્ય ગયાં, શ્રીમન્તોની શ્રીમન્તાઈ ગઈ અને

સત્તાના શિખરે પહોંચેલા પણ કારમાં બન્ધનોમાં પડયા-એવા દાખલા શોધવા જવા પડે તેમ નથી. એ શું તેઓની ઈચ્છાથી જ બન્યું ? નહિ જ. તેઓની ઈચ્છા તો એ જ હતી કે-સઘળું ટકયું રહે અને એમાં વધારો જ થયે જાય : પણ ભાગ્યચક્ર ફર્યું. દુર્ભાગ્યના ઉદયે રાજા રંક બને અને શ્રીમન્ત ભિખારી બને, એ સ્વાભાવિક છે. એ જ રીતિએ મળેલી સામગ્રી ભોગવાવી એ પણ આપણા હાથની વાત નથી. શરીર કમજોર અને રોગી બની જાય, તો છતી સામગ્રીએ પણ કાંઈ ભોગવી શકાય નહિ, દુર્ભાગ્યનો તેવો ઉદય હોય, તો સારામાં સારા અને નામાંકિત પણ વૈદ્ય કે ડૉકટરની દવા લાગુ પડે નહિ અને રીબાઈ રીબાઈને જીન્દગી પૂરી કરવી પડે. આથી સ્પષ્ટ છે કે-દુન્યવી વસ્તુઓ મળ્યા પછી અને તે ટકી રહેવા છતાં પણ, તે ભોગવવાને માટે પણ ભાગ્યની અપેક્ષા રહે છે. આ જેવી તેવી પરાધીનતા છે ? ખરી પરાધીનતા તો આ જ છે. જ્યાં સુધી આ પરાધીનતા છે, ત્યાં સુધી 'અમે સ્વતંત્ર છીએ'-એવી વાતો કરવી એ હંબગ છે અથવા તો મોહના ચાળા રૂપ છે : કારણ કે-આ પરાધીનતા મૂળમાંથી નષ્ટ થાય તે પછી જ આત્મા સાચી સ્વતંત્રતાને પામી શકે એમ છે.

### એક રળે અને બીજો રડે, છતાં કારણનો વિચાર કેમ થતો નથી ?

'દુન્યવી વસ્તુઓની પ્રાપ્તિ આદિ મુખ્યત્વે ભાગ્યાધીન છે'-આટલું સમજાઈ જવું, એ બહુ મોટી વાત નથી : કારણ કે-આ વાત તો પ્રત્યક્ષ અનુભવની છે. માણસ વિવેકપૂર્વક વિચાર કરે, તો આ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

વાત સહજમાં સમજાઈ જાય તેવી છે : પણ આજે આ જાતિના વિચારો જ લગભગ નાશ પામી ગયા છે. સુખની તીવ્ર ઈચ્છા, એ માટેનો શકય એટલો પ્રયત્ન અને તે છતાંય દુઃખની પ્રાપ્તિ-એ વસ્તુ ચોંકાવનારી નથી ? છે જ, પણ આજે આ વિષયમાં એટલી બધી વિચારમૂઢતા થઈ ગઈ છે કે-માણસ ગમે તેટલી નિષ્ફળતાઓ મળ્યા છતાં પણ, એના નિદાનની શોધ કરવાનો વાસ્તવિક વિચાર જ કરતો નથી. વિચાર કરવા થોભે અને જ્ઞાનિઓની સલાહ લે, તો તો તેની ભ્રમણા ટળે : પણ વિચાર કરે છે કોણ ? બે સરખી ઉમરના હોય, સાથે ભણ્યા હોય અને સાથે ધંધો કરતા હોય, છતાં એક રળે અને બીજો રડે, ત્યારે પણ એમ બનવાના કારણનો વિચાર કરવાને ન થોભાય, એ કયી મનોદશા ?

### ભાગ્યને વધુ કાળું બનાવવાની પ્રવૃત્તિ :

સ૦ એનું ભાગ્ય તે એ રળ્યો અને મારૂં ભાગ્ય નહિ તે મારે રડવાનો વખત આવ્યો, એમ તો માને.

જો હૃદયપૂર્વક એમ માનતો હોય, તો પછી તેણે શું કરવું જોઈએ ? દુન્યવી સામગ્રીની ઈચ્છા છે અને ભાગ્ય વિના તે મળે તેમ નથી એવી ખાત્રી છે, તો માણસે કયો પ્રયત્ન કરવો જોઈએ ? પોતાના ભાગ્યને ઉજ્વલ બનાવવાનો કે પોતાના ભાગ્યને વધારે કાળું કરવાનો ? આજે તો પ્રાયઃ પોતાના ભાગ્યને વધુ કાળું કરવાનો પ્રયત્ન થાય છે : કારણ કે-જેમ જેમ નિષ્ફળતા પ્રાપ્ત થાય છે,

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

તેમ તેમ પણ પાપકરણી ઘટવાને બદલે વધે છે. ભાગ્યનો વાસ્તવિક વિશ્વાસ હોય, તો પુણ્યકરણી વધવી જોઈએ કે પાપકરણી વધવી જોઈએ ? દુર્ભાગ્યના યોગે ખોટ આવે ત્યારે અનીતિ, પ્રપંચ, જુઠ વિગેરે સેવવાની બુદ્ધિ વધે કે ઘટે ? 'અમે ભાગ્યને માનીએ છીએ, પુણ્ય-પાપને માનીએ છીએ'-એમ મોંઢેથી બોલવા માત્રથી શું વળે ? જે માનો છો તેનો કાંઈક અમલ તો હોવો જોઈએ ને ? જે માનો છો, તેનાથી વિપરીત પ્રવૃત્તિને તજવાનો પ્રયત્ન તો હોવો જોઈએ ને ? આ છે ? જો નથી તો તેનું કારણ શું ?

### ભાગ્યને માનનારો પાપકરણીનો રસીયો ન હોય :

ખરી વાત તો એ છે કે-પૌદ્ગલિક વસ્તુઓનું અર્થિપણું એ જ દુઃખની જડ છે, પણ તે વાતને અત્યારે આપણે ગૌણ કરી છે : જવું છે તો એ જ વાત ઉપર, પણ તમને ત્યાં લઈ જવા માટે અત્યારે આ વાત કરીએ છીએ. 'પૌદ્ગલિક વસ્તુઓ સદ્ભાગ્યના યોગ વિના મળે નહિ'-એવી જેને ખાત્રી હોય, તે પાપકરણીનો રસીયો કેમ હોય ? અને પુણ્યકરણીને તિરસ્કારનારો પણ કેમ હોય ? વાસ્તવિક રીતિએ તો તે પુણ્યકરણીનો રસિક હોવો જોઈએ અને પાપકરણીને તિરસ્કારનારો હોવો જોઈએ. પાપકરણી કરવાનો વિચાર પણ એને કમ્પારી ઉપજાવે. એને એમ થાય કે-'આ પાપકરણી અત્યારે તો હું કરૂં છું, પણ પરિણામે એના ફળ રૂપ દુઃખ મને પ્રાપ્ત થવાનું જ છે.' આ વિચાર આવે, તો

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

પાપકરણી કરવાના વિચાર માત્રથી પણ ત્રાસ ન ઉપજે ? અને પાપકરણી કરવાનો વિચાર પણ માત્ર જેને ત્રાસ ઉપજાવે, તે કદાચ પાપકરણી કરે તોય તેની તે પાપકરણીમાં કેટલી બધી લુખાશ આવી જાય ? પાપકરણીના ફલ રૂપ દુર્ભાગ્યનો અનુભવ કરનારને આટલો પણ વિચાર જો ન આવે, તો ભાગ્યને તે વાસ્તવિક રીતિએ માનનારો છે, એમ શી રીતિએ કહી શકાય ?

## પુણ્યયોગે ઈષ્ટ સામગ્રી પામનારો પણ ભાગ્યને માનનારો હોય તો કેમ વર્તે ?

એ જ રીતિએ વર્તમાનમાં પૂર્વના પુણ્યયોગે ઈષ્ટ સામગ્રી જેઓને મળી છે, તેઓ પણ જો ભાગ્યને વાસ્તવિક રીતિએ માનનારા હોય તો તેમની દશા કેવી હોવી જોઈએ, એ વિચારી જુઓ ! 'મને જે કાંઈ મળ્યું છે, તે મારી પૂર્વની સારી કરણીનું ફલ છે, જેઓએ પૂર્વે સારી કરણી કરી નથી તેઓને આવી સામગ્રી ઘણા પ્રયત્નો અને ઘણા પ્રપંચો આદિ કરવા છતાં પણ મળતી નથી, જેઓને પૂર્વના પુણ્યના યોગે આવી સામગ્રી મળી હતી તેઓમાં પણ જેમનું પુણ્ય ખતમ થયું અને પાપ ઉદયમાં આવ્યું તેઓ બેહાલ થઈને રખડે છે, મારૂં પુણ્ય પણ વહેલું યા મોડું ખતમ તો થવાનું જ છે અને આ ભવની કરણીયોનું ફળ પણ મળ્યા વિના રહેવાનું નથી : તો હું આ સામગ્રીનો પાપમાર્ગે વ્યય નહિ કરતાં પુણ્યમાર્ગે વ્યય કરૂં !'-આવો વિચાર ભાગ્યને માનનાર ભાગ્યવાનને આવવો જોઈએ કે

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

નહિ ? આવો વિચાર જેને આવે તે પાપનો રસીયો હોય, એ બને ? પુણ્યકરણી તરફ તે અરૂચિવાળો હોય, એ બને ? તે પોતાને મળેલી સામગ્રી કેવળ પાપમાં જ વાપર્યે જાય, એ શકય છે? આજે ઘણાઓ કહે છે કે-'ભાગ્યને કોણ નથી માનતું ?' એવાઓની સામે એ જ પ્રશ્ન છે કે-'ભાગ્યને વાસ્તવિક રીતિએ માનીને વર્તનારા કેટલા ?' દુર્ભાગ્યનો ઉદય વર્તતો હોય ત્યારે લમણે હાથ દઈને ભાગ્યને રડનારા મળી આવશે : પણ તેય વસ્તુતઃ ભાગ્યને માને છે કે નહિ, તે જોવું પડશે ! આ દુનિયા જો ભાગ્યને તેના યથાર્થ સ્વરૂપે માનતી બની જાય, તો પાપકરણીયો આપોઆપ ઘટી જાય અને પુણ્યકરણીયો વધી જાય. એટલું થઈ જાય તોય જગતના ઘણા ખરા કલહો આપોઆપ શમી જાય.

**સાચું સુખ જડ પદાર્થોના યોગમાં નથી :**

આ રીતિએ સુન્દર દેહ, લક્ષ્મી, સત્તા, કીર્તિ, અનુકૂળ સ્વજનવર્ગ આદિ જીવને પુણ્યના યોગે પ્રાપ્ત થાય છે : પણ એનો વિયોગ નિશ્ચિત હોય છે. વધુમાં વધુ વખત તેનો યોગ ટકે તોય આ જીન્દગીના અન્ત સુધી, પણ પછી શું ! અહીં મળેલી એ સામગ્રી સાથે આવે નહિ, જીવને પોતાના કર્મ મુજબ બીજી ગતિ પ્રાપ્ત થાય અને ત્યાં પણ કર્મ મુજબ સામગ્રી મળે. આ રીતિએ જીવ અનન્તા કાળથી પુણ્યોદય અને પાપોદયનો અનુભવ કરી રહ્યો છે. જન્મ, જરા અને મરણનાં દુઃખો જીવ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

અનાદિકાળથી ભોગવી રહ્યો છે. જન્મ અને મરણનું દુઃખ કાંઈ પુણ્યોદયથી દૂર થાય તેમ નથી. જ્યાં સુધી જન્મ અને મરણ છે, ત્યાં સુધી ઈષ્ટાનિષ્ટ સામગ્રીનો સંયોગ અને વિયોગ ચાલ્યા જ કરવાનો : એટલે કે પુણ્યના યોગે મળેલી સામગ્રી જીવને શાશ્વત સુખ આપી શકતી નથી. પુણ્યોદયે પ્રાપ્ત થએલી સામગ્રીના સુખમાં આત્મા મુંઝાય તો ઉલ્ટો પાપથી ભારે બને છે અને પોતાને માટે દુઃખો વધારે છે. આથી અનન્તઉપકારી-અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવ્યું છે કે-સાચું સુખ જડ પદાર્થોના યોગમાં નથી, પરન્તુ આત્મા જ્યારે કર્મ રૂપ જડના યોગથી સર્વથા મુકત બને છે, ત્યારે જ સાચું, શાશ્વત અને અનન્ત સુખ પ્રાપ્ત કરી શકે છે.

**તીર્થયાત્રા શા માટે ?**

પાપ-પુણ્યાદિ કર્મના યોગવાળો આત્મા સંસારી કહેવાય છે અને પાપ-પુણ્યાદિ કર્મના યોગથી રહિત આત્મા સિદ્ધ કહેવાય છે. એ દષ્ટિએ આપણે બધા સંસારી આત્માઓ છીએ. સંસારી મટી સિદ્ધ થવું હોય, તેને માટે તીર્થયાત્રા એ પણ એક પ્રબળ આલંબન છે અને તીર્થયાત્રા વસ્તુતઃ એ જ હેતુથી કરવાની છે.

**જે જેમ છે તેને તેનાથી વિપરીત માનવું-એનું નામ મિથ્યાત્વ છે :**

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ-એ ચાર સંસારના કારણો છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

અને સમ્યક્ચારિત્રની આરાધના, એ મોક્ષનું કારણ છે. મિથ્યાત્વ એટલે શું ? જે જેમ છે તેને તેનાથી વિપરીત રૂપે માનવું, તેનું નામ મિથ્યાત્વ છે. કોઈ પણ પદાર્થને વિપરીત સ્વરૂપે માનવો એ મિથ્યાત્વ છે અને સઘળાય પદાર્થોને તેના વાસ્તવિક સ્વરૂપે માનવા તે સમ્યક્ત્વ છે. આ સંસારમાં જેટલા પૌદ્ગલિક પદાર્થો છે, તેમાંના કોઈ પણ, પદાર્થને પોતાનો માનવો તે પણ મિથ્યાત્વ છે. આપણું શું ? આપણું તે જ, કે જે આપણાથી કોઈ પણ કાળે વિખુટું પડી શકે તેવું હોય જ નહિ. દુનિયાનો એવો કયો પદાર્થ છે, કે જે આત્માની સાથે જ સદાકાળ ને માટે ટકી રહેતો હોય ?

સ૦ પરભવમાં જડ કર્મ તો સાથે જ આવે છે, તો એને શું આત્માની વસ્તુ કહી શકાય ?

નહિ જ. પરભવમાં કર્મ સાથે આવે છે તે બરાબર છે, પણ કર્મમાં ફેરફાર થયા જ કરે છે. કર્મનો આશ્રવ અને કર્મની નિર્જરા ચાલુ જ છે. આત્મા સદાકાળ એકસરખી રીતિએ જ કર્મથી બંધાએલો રહેતો નથી. વધુમાં એવો પણ સમય આવી શકે છે, કે જે સમયે આત્મા કર્મથી સર્વથા રહિત પણ થઈ જાય. હવે જો કર્મને આત્માની જ વસ્તુ માનીએ, તો તો કોઈ પણ આત્મા તેનાથી કોઈ પણ કાળે રહિત થઈ શકે એવું બનવું જ ન જોઈએ : પણ એવું બને છે અને એથી પણ એ સિદ્ધ જ છે કે-કર્મ એ આત્માની પોતાની વસ્તુ નથી પણ પર વસ્તુ છે. ખરો પ્રયત્ન તો કર્મ રૂપ જડથી મુકત બનવાને માટે જ કરવા જેવો છે. પરમાં સ્વપણાની બુદ્ધિ અગર તો સ્વમાં પરપણાની બુદ્ધિ, એય

મિથ્યાત્વ છે. મિથ્યાત્વ જાય તો પૌદ્‌ગલિક પદાર્થોમાં મારાપણાની બુદ્ધિ રહે નહિ : એટલું જ નહિ, પણ આત્માના ગુણોને ખીલવવાનો પ્રયત્ન એ જ કલ્યાણકારી પ્રયત્ન છે એમ લાગે. સમ્યક્ત્વના યોગે પરથી મુકત બનવાનો અને સ્વભાવને પામવાનો અભિલાષ પ્રગટે. આપણે કહી ગયા છીએ કે-પૌદ્‌ગલિક પદાર્થોની ઈચ્છા એ પણ પાપનું કારણ છે : કારણ કે-વસ્તુની વસ્તુગતે માન્યતા હોય, તો સ્વભાવપ્રાપ્તિ એ જ ધ્યેય બને છે. સ્વભાવપ્રાપ્તિની ઈચ્છા એ જ કલ્યાણકારી ઈચ્છા છે અને એથી જ સ્વભાવપ્રાપ્તિને માટે સહાયક સામગ્રીની ઈચ્છા એ પણ કલ્યાણકારી ઈચ્છા છે. આત્મામિથ્યાત્વથી રહિત બને, અર્થાત્ મિથ્યાત્વના ક્ષયોપશમાદિવાળો બને, એટલે સાચો વિવેકી બન્યો કહેવાય. પછી એને અવિરતિ ખટકે, કષાયોથી તે મુકત બનવાને ઈચ્છે અને યોગો પણ પાપના કારણ રૂપ બનતા કયારે અટકે, એવી તેનામાં અભિલાષા પ્રગટે.

## અવિરતિનો ત્યાગ એટલે ?

અવિરતિ એટલે શું ? પાપનાં કારણોને વિષે મન-વચન-કાયાથી કરવા, કરાવવા કે અનુમોદવા રૂપે પણ પ્રવૃત્તિ નહિ કરવી એ વિરતિ છે અને એનાથી વિપરીત કોટિની જે દશા તે અવિરતિ છે. હિંસાદિને વિષે પ્રવર્તવું એ અવિરતિ છે અને હિંસાદિનો ત્યાગ એ વિરતિ છે. આત્માને જ્યારે જડનો યોગ બરાબર ખટકે છે, ત્યારે જ લઘુકર્મી આત્માઓ સાચા વિરતિધર બની શકે છે. એવા આત્માઓના

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

કષાય પણ પ્રશસ્ત બની જતા હોઈને, સંસારના કારણ રૂપ રહેતા નથી : તેમજ એવા આત્માઓના મન-વચન-કાયાના યોગો પણ સત્પ્રવૃત્તિમાં યોજાએલા હોય છે, એટલે તે યોગો પણ સંસારના કારણ રૂપ બનતા નથી.

**પરિણામે જેના યોગે હિંસાદિક પાપો વધે, તે વિરતિ વસ્તુતઃ ધર્મ રૂપ છે જ નહિ :**

તીર્થયાત્રાના યોગે મિથ્યાત્વનો ક્ષયોપશમાદિ થઈ જાય, અવિરતિ ભાગી જાય અને વિરતિ આવી જાય. મિથ્યાત્વનો ક્ષયોપશમાદિ થવાની સાથે કષોયોમાં પણ મન્દતા આવી જ જાય છે અને અવિરતિ જવા સાથે કષાયોમાં એથી ય વિશેષ મન્દતા આવે છે. કષાયોની અમૂક અમૂક પ્રમાણમાં મન્દતા થાય છે. ત્યારે જ આત્મામાં.સમ્યગ્દર્શનાદિ ગુણો પ્રગટે છે. નૈસર્ગિક રીતિએ અથવા તો અધિગમના યોગે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ આત્માને થઈ શકે છે. સમ્યગ્દર્શનના યોગે આત્મામાં એવી લાયકાત પ્રગટે છે કે-ઉત્તમમાં ઉત્તમ કોટિનાં દૈવી કે માનુષિક સુખો પણ આત્માને દુઃખ રૂપ લાગે છે અને એક શિવસુખની વાંછના પ્રગટે છે. પૌદ્ગલિક સુખો નાશવન્ત છે માટે જ ખરાબ છે, એમ પણ નથી. પૌદ્ગલિક સુખો નાશવન્ત હોવા સાથે આત્માને કર્મથી વધુ લેપાવનારાં છે. એમાં આત્મા જો ભાન ભૂલે, તો આત્મામાં પ્રગટેલા પણ ગુણોને આવરાઈ જતાં વાર લાગે નહિ. એ સુખોનો અર્થી આત્મા શિવસુખના ઉપાય રૂપ ધર્મનું વાસ્તવિક રીતિએ સેવન કરી શકતો નથી. શિવસુખનો ઉપાય સમ્યગ્દર્શન,

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

સમ્યગ્યજ્ઞાન અને સમ્યક્ચારિત્રની આરાધના છે. પૌદ્ગલિક સુખોનો અર્થી આત્મા સમ્યક્ચારિત્ર કેમ પાળી શકે ? કદાચ આ ભવમાં બાહ્ય ક્રિયા રૂપ ચારિત્ર પૌદ્ગલિક ઈરાદે પાળે, પણ એ વિરતિ પરિણામે તો અવિરતિની વૃદ્ધિનું જ કારણ બને ને ? એ વિરતિ શા કામની ? પરિણામે જેના યોગે હિંસાદિક પાપો વધે, એવી વિરતિ વસ્તુતઃ ધર્મ રૂપ છે જ નહિ. આથી જ ઉપકારીઓ ફરમાવે છે કે-પૌદ્ગલિક સુખોનું અર્થિપણું એ જ દુઃખની જડ છે. અર્થિપણું શિવસુખનું આવી જવું જોઈએ. શિવસુખનું અર્થિપણું આવે, તો આત્મા પૌદ્ગલિક અનુકૂળતાઓનો ઈચ્છાપૂર્વક ત્યાગ કરી શકે અને પૌદ્ગલિક પ્રતિકૂળતાઓને સમભાવપૂર્વક સહી શકે. એના યોગે આત્મા વિપુલ કર્મનિર્જરા દ્વારા મોક્ષને સાધી શકે.

**તીર્થયાત્રા કર્યા પછીથી આત્મા પૂર્વવત્ ગુણહીન નહિ રહેવો જોઈએ :**

તીર્થની છાયાને પામીને તો આ વિચારો હૈયામાં બરાબર વ્યવસ્થિત કરી લેવા જોઈએ. અહીં આવીને તો અર્થ અને કામનું અર્થિપણું સર્વથા નાશ પામી જવું જોઈએ. આત્માને જડ કર્મોના યોગથી મુકત બનાવવાની સાચી ઈચ્છા અહીં પ્રગટવી જોઈએ. તીર્થયાત્રાની સફળતા સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ અને પ્રાપ્ત થયેલા તે ગુણોની નિર્મલતા ઉપર આધાર રાખે છે. આત્મા પહેલાં જેવો ગુણહીન હતો, તેવો ને તેવો ગુણહીન તે તીર્થયાત્રા કર્યા બાદ પણ રહી જાય, તો તીર્થયાત્રાનું જે ફળ શાસ્ત્રોમાં

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

બતાવ્યું છે, તે તેને માટે તો પ્રાયઃ શાસ્ત્રોમાં જ રહી જાય ને ? તીર્થ એટલે શું ? તરવાનું સાધન. આત્માને સંસાર રૂપ સાગરથી નિસ્તાર પમાડવામાં સહાયક થવાની લાયકાત ધરાવનાર સ્થાન કે વ્યકિત આદિને આપણે તીર્થ કહીએ છીએ. એવા તારક સ્થાન કે વ્યકિત આદિનો યોગ થઈ ગયા બાદ પણ, આત્મનિસ્તારના માર્ગમાં જો કાંઈ પણ પગરણ ન મંડાય, તો તેવાઓએ પોતાના આત્માને બહુ કમનશિબ માનવો જોઈએ.

**દુર્ભાવગ્રસ્ત આત્માઓને માટે તીર્થ પણ મહા પાપનું કારણ બની જાય છે :**

તીર્થ તારક છે, પણ તે કાંઈ કોઈને ઉચકીને મોક્ષે લઈ જતું નથી. મોક્ષે તો તે જ આત્માઓ જાય છે, કે જે આત્માઓ સર્વ કર્મથી સર્વથા રહિત બની જાય છે અને જે આત્માઓના સ્વાભાવિક ગુણો સંપૂર્ણપણે પ્રગટે છે. તીર્થ એ ગુણોના પ્રકાશનમાં નિમિત્ત બની શકે છે અને એ રીતિએ નિમિત્ત બનવાની જે લાયકાત તે જ તીર્થનું તારકપણું છે. તીર્થે આવ્યા એટલે કોઈ ઉચકીને મોક્ષે લઈ જાય એવું નથી. તીર્થના યોગે આત્માના સ્વાભાવિક ગુણોને આવરનારાં કર્મોની નિર્જરા ઘણી થઈ શકે છે અને એથી આત્માના ગુણો પ્રગટે છે. એ કર્મનિર્જરા તીર્થયાત્રા કરનારના શુભ ભાવ આદિને આધીન છે. તીર્થયાત્રા કરનારમાં સદ્‌ભાવના ન હોય, તો તેનાં કર્મોની નિર્જરા થાય શી રીતિએ ? અને કર્મોની નિર્જરા ન થાય તો કર્મોથી આવરાએલા આત્મગુણો પ્રગટે પણ શી રીતિએ ? ગુણપ્રાપ્તિનો વિચાર

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

પણ ન હોય ,તો એવા આત્માઓ પોતાને માટે તીર્થસ્થાનને એક મામુલી સ્થાન બનાવી દે છે. સદ્દભાવશીલ આત્માઓને માટે તીર્થ એ જેમ તરવાનું મોટું નિમિત્ત છે,તેમ દુર્ભાવગ્રસ્ત આત્માઓને માટે તે મહાપાપનું કારણ પણ બની જાય છે. દુર્ભાવગ્રસ્ત આત્માઓનો દુર્ભાવ, તારક એવા પણ સ્થાનને તેમના માટે ડૂબવાના કારણ રૂપ બનાવી દે છે. સારા સ્થાનને પણ પોતાને માટે ખરાબ સ્થાન રૂપ બનાવનારા આત્માની અધમતા ઘણી વધી જાય છે. એટલા માટે કહ્યું છે કે-તીર્થસ્થાનમાં કરેલું પાપ વજ્રલેપ સમાન બને છે.

### આત્માના ઉદ્ધારનો ઈરાદો જોઈએ :

સારા પણ સ્થાનના યોગે ફાયદો તેને થાય છે,કે જે નાલાયક હોતો નથી. લાયક આત્મા જ સારા પણ સ્થાનનો સુન્દર પ્રકારે લાભ ઉઠાવી શકે છે. શ્રી તીર્થંકરદેવની સાથે રહેવા છતાં પણ, પોતાની મનોવૃત્તિમાં મલિનતા આદિ હોવાથી ગોશાળાને ઘણું નુકશાન થયું. સારી પણ વસ્તુનો જે આત્માના ઉદ્ધારને માટે જ ઉપયોગ કરે,એને જ સારી વસ્તુના યોગથી લાભ થાય છે. અન્યથા, સારી વસ્તુનો યોગ નિષ્ફળ જાય અગર તો નુકસાન કરનારોય થઈ જાય. આથી સ્પષ્ટ છે કે-તીર્થયાત્રાના યોગને પામેલા સૌએ નુકસાન ન થાય અને લાભથી વંચિત ન રહી જવાય, એની તકેદારી પણ જરૂર રાખવી જોઈએ. સઘળાય પૌદ્‌ગલિક ઈરાદાઓને તજી દઈને, આત્માના ઉદ્ધારનો જ એક ઈરાદો સૌએ

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

કેળવવો જોઈએ. એ ઈરાદાપૂર્વક જ્ઞાનિઓની આજ્ઞા મુજબ તીર્થયાત્રા થઈ જાય, તો આ જીંદગીમાં જે લાભ કદી પણ ન મળ્યો હોય તે કદાચ અહીં પ્રાપ્ત થઈ જાય.

**લાયક યાત્રિક અને તારક તીર્થ-બેનો યોગ થઈ જાય તો કલ્યાણ નિયમા સધાય :**

આત્માના ઉદ્ધારની અભિલાષાના યોગે આત્મામાં તીર્થયાત્રાની વાસ્તવિક ઈચ્છા પ્રગટતાંની સાથે જ કર્મની નિર્જરા થવા માંડે છે અને એથી એમ કહી શકાય કે એ ઈચ્છા પણ ગુણ પેદા કરવાનું કારણ છે. તીર્થયાત્રાની સાચી ઈચ્છા થાય, એ ઈચ્છાના યોગે તીર્થ તરફ પગલાં પડે અને તીર્થે પહોંચાય ત્યાં સુધીમાં તો ઘણી કર્મનિર્જરા થઈ જાય. એ આત્માને તીર્થયાત્રામાં અપૂર્વ ઉલ્લાસ આવે અને એ ઉલ્લાસ ઘણાં કઠિન પણ કર્મોને ચૂરી આત્મામાં ગુણાધિકતા પ્રગટાવે. હૃદયમાં સાચો ભાવ આવવો જોઈએ. ભાવના યોગે જ દાન, શીલ અને તપની સિદ્ધિ છે. ઉંચી કોટિનો ભાવ, એ દાનાદિ ધર્મોને ઘણા સુન્દર પ્રકારે સફળ બનાવનાર છે. ભાવ વિનાનાં દાનાદિ પણ જેવાં જોઈએ તેવાં સફળ નિવડતાં નથી. આત્માએ કડવી તુંબડી જેવા નહિ બનવું જોઈએ. દુનિયામાં કહેવાય છે કે-કડવી તુંબડી ગમે તેટલાં તીર્થો કરે પણ તેવી ને તેવી રહે. એની કડવાશ જાય નહિ. એ જ રીતે એ મલિન મનોવૃત્તિવાળો આત્મા પણ તીર્થના યોગે લાભ પામી શકતો નથી : કદાચ ગેરલાભ પામી જાય છે. મનઃશુદ્ધિ, એ તીર્થયાત્રાની સફળતા સાધવામાં અગત્યની વસ્તુ છે. એના યોગે આત્મામાં ગુણોનું પ્રગટીકરણ બહુ સહેલું બની જાય છે. લાયક યાત્રિક અને તારક તીર્થ-બેનો યોગ થઈ જાય, તો કલ્યાણ

સધાયા વિના રહે જ ાહિ. તમે કેવા છો ? લાયક યાત્રિક હો તો સારી વાત છે અને ન હો તો લાયક યાત્રિક બની કલ્યાણ સાધો, એ માટેની આ પ્રેરણા છે.

### પૌદ્‌ગલિક ઈચ્છા અને આત્મિક ઈચ્છા :

મહાપુરૂષોએ ણોની પ્રશંસા કરી છે અને એનું ફળ પણ બતાવ્યું છે, પણ પોતાનામાં તે ગુણોનો અભાવ હોવાના કારણે અનુભવમાં ન આવે, એટલે કેટલાકોમાં અશ્રદ્ધા ઉત્પન્ન થઈ જાય છે. 'દેવ, ગુરૂ અને ધર્મનો સેવક જે ઈચ્છે તે મળે'-એમ શાસ્ત્રમાં લખ્યું છે તે યાદ રાખ્યું, પણ 'એ શું ઈચ્છે ?'-એ યાદ ન રાખ્યું. 'જે ચાહે, જે ઈચ્છે તે મળે'-એ વાત સત્ય હોવા છતાં, દેવ-ગુરૂનો કે તીર્થનો સેવક કયી ચીજ ઈચ્છે, એ માલુમ નહિ હોવાથી પણ કેટલાકોને અશ્રદ્ધા થાય છે. ધર્મિની ઈચ્છા ેવી હોય જ નહિ, કે જે કદી પૂર્ણ ન થાય : જ્યારે જગતની કોંઈ ઈચ્છા એવી નથી, કે જેની વસ્તુતઃ પૂર્તિ થઈ શકે : કારણ કે-થોડી ઈચ્છા પૂરી થતાં થતાંમાં તો તે ઘણી વધી જાય છે. જગતની ઈચ્છા અને ધર્મિની ઈચ્છા ભિન્ન ભિન્ન છે. જગતની ઈચ્છા હોય છે પૌદ્‌ગલિક અને ધર્મિની ઈચ્છા હોય છે આત્મિક. પૌદ્‌ગલિક ઈચ્છાની સીમા હોતી નથી અને આત્મિક ઈચ્છાની અતૃપ્તિ રહેતી નથી. આત્માની ઈચ્છાનો ગુણ જ એવો હોય છે કે-ઈચ્છા થાય એની સાથે ફળ મળવા માંડે. દાહ જ્વરવાળાને ઠંડું હીમ જેવું પણ પાણી તૃષા છીપાવે નહિ પણ વધારે. એને પાણી આપવાથી ઉલટી તૃષા વધે છે. પૌદ્‌ગલિક ઈચ્છા એના જેવી છે. જેમ એની પૂર્તિ કરો એમ અશાંતિ વધે છે. શાંતિનો

થાય છે લોપ અને તૃષ્ણાની થાય છે વૃદ્ધિ. ઈચ્છા સાથે ફળનો અનુભવ થવા માંડે તેવી એક માત્ર આત્મિક ઈચ્છા જ છે. ધર્મિને ઈચ્છા કર્યા બાદ એ કેમ મળશે અને શું થશે-એવી મુંઝવણભરી ચિંતા કદી કરવી પડતી જ નથી : કારણ કે-એની કોઈ પણ ઈચ્છા એવી હોતી નથી, કે જે સફળ, ન થાય. ઈચ્છા થવાની સાથે જ ધર્મી આત્માને શાંતિ મળે છે. જે ઈચ્છે તે ન મળે તો તે ધર્મી નહિ.

**નાલાયકોને શાસ્ત્ર નહિ દેવામાં તેમના પ્રત્યે પણ ઉપકારભાવના રહેલી છે :**

થોડું કરીને અધિકની ઈચ્છા કરવી, એ ધર્મિનું સ્વરૂપ જ નથી. ઈચ્છા થઈ કે તુરત લાભ થવાની શરૂઆત, એ ધર્મિની ઈચ્છાનું સ્વરૂપ છે. ધર્મિપણાના અભાવે એનો અનુભવ થતો નથી,એટલે વિના લાયકાતે પોતાને ધર્મી કે બીજાને ધર્મી માની બેઠેલા કેટલાકોને શાસ્ત્રની વાતો ગપ્પાં જેવી લાગે છે : એટલા માટે જેવા-તેવાના હાથમાં શાસ્ત્ર આપવાની પણ ના પાડી છે. સર્વના હાથમાં શાસ્ત્ર આપવું, તે અયોગ્ય આત્માઓના હિતનું ખૂન કરવા બરાબર છે. તીજોરીની ચાવી સઘળા નોકરોને આપો છો ? એક નોકરને તીજોરીની ચાવી અને એકના હાથમાં ઝાડું, આટલો ભેદ કેમ રાખો છો ? શાસ્ત્ર કિંમતી છે, લાયકને જ ફળે છે, બીનલાયક ને માટે તે નુકશાનનું કારણ બને છે,માટે શાસ્ત્ર બધાને ન અપાય પણ લાયકને જ અપાય એ નિયમ. જ્ઞાન લાયકને અપાય એ શાસ્ત્રનિયમ છે અને એવો નિયમ બાંધવામાં પણ નાલાયક આત્માઓ પ્રત્યે ઉપકારદૃષ્ટિ રહેલી છે. અનન્ત

ઉપકારીઓનું આ શાસન છે. એ તારકોના શાસનમાં કોઈનેય ગેરલાભ થાય એવો નિયમ હોય જ નહિ. અનન્ત ઉપકારીઓના શાસનમાં તો સૌને લાભ થાય એવા જ નિયમો હોય અને છે પણ એમ જ. વર્તમાન જમાનાનો એ વાયુ છે કે-'શાસ્ત્ર બધાને અપાય.' પણ એવું માનનારાઓ અજ્ઞાન છે. દુનિયામાં પણ લાયકને જ લાયકાત મુજબ વસ્તુ અપાય છે. બીનલાયકને મળેલું સારૂં પણ સ્થાન, તેના અને બીજાઓના નુકશાનનું કારણ બને છે. એ રીતિએ શાસ્ત્ર પણ યોગ્યને અપાય તો સ્વપરનું હિત થાય અને અયોગ્યને અપાય તો સ્વપરનું અહિત થાય. શાસ્ત્ર સારૂં છતાં ફલપ્રદ લાયકને માટે બને છે અને નાલાયકને માટે તો શાસ્ત્ર દુર્ગતિનું કારણ પણ બને છે. નાલાયકના હાથમાં શાસ્ત્ર આવે તો એ ડૂબે અને બીજા પણ ઘણા આત્માઓને એ ડૂબાવનારો બને. આવો ભયંકર અનર્થ થતો અટકાવવાને માટે જ જ્ઞાનિઓએ શાસ્ત્ર લાયકને દેવાનો નિયમ કર્યો. આજે બધાને ગુણવાન તરીકે પંકાવું છે, પણ લાયક બનવું નથી. લાયકાતની ઉપેક્ષા, એ વસ્તુતઃ ગુણની જ ઉપેક્ષા છે. લાયકાત વિના ગુણ આવતા નથી. 'શાસ્ત્ર જેવી ચીજમાં આટલો પક્ષપાત કેમ ? આમ પૂછનારને કહેવું જોઈએ કે આ પક્ષપાત નથી, પણ કેવળ કલ્યાણની ઈચ્છાથી જ કરેલું વિધાન છે. સોનાની છરી પણ બચ્ચાને રમવા માટે અપાય ? નહિ જ, તેમ સારી પણ ચીજ લાયકાત જોઈને જ અપાય છે. સંસારના પ્રાણિઓ પ્રત્યે, માતાની જેવી ભાવના હોય છે તેવી ભાવનાવાળા ઉપકારીઓ પણ હોય છે. દૂધપાક સારો હોવા છતાં પણ માતા બાળકને આપતી નથી, પણ મોળા દૂધનું સ્તનપાન આદિ કરાવે છે. બાળક

માતાને માતા માને છે. તમે ઉપકારી મહર્ષિઓને માતા માનતા નથી, તેથી આ બધી ફરીયાદો ઉભી થાય છે. બાળકને મા ઉપર વિશ્વાસ છે, એ રીતિએ માને પણ વિશ્વાસ છે કે-અમૂક ઉમ્મર સુધી મારૂં કહ્યું માનવાનો જ છે. આથી તે એ જ જાુએ છે કે-જે ચીજ આપવી તે લાયકાતને અનુસાર આપવી, કે જેથી લાભ થાય પણ નુકશાન ન થાય.

**સાપે પીધેલું દુધ ઝેર બને અને ગાયે ખાધેલું ઘાસ દુધ બને. એ શું છે ?**

બીનલાયકને આપેલું શાસ્ત્ર પણ તેનામાં મિથ્યાત્વાદિને વધારનારૂં નિવડે, તો તેમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી. જે આત્મામાં લાયકાત આવી નથી, તે આત્માને સારી પણ વસ્તુ પચી શકતી નથી. જે ખોરાક માટે હોજરી નાલાયક હોય, તે ખોરાક ખાવામાં આવે તો શું થાય ? અપચો થાય, એટલું જ નહિ પણ હોજરી હોય તેથી વધારે ખરાબ થાય અને હલકો પણ ખોરાક પચાવવાની લાયકાત તે ગુમાવી બેસે. એ જ રીતિએ જ્ઞાન પણ તેને જ ફળે છે, કે જેનામાં લાયકાત હોય છે. દુનિયામાં કોઈ પણ વસ્તુ એવી નથી, કે જે લાયકાત વિના ફળતી હોય અને તે છતાં શાસ્ત્ર જેવી અનુપમ વસ્તુ માટે લાયકાત જોવાની વાતનો ઈનકાર કરવામાં આવે છે, એ ઓછી મૂઢતા છે ? આજે દરેકના હાથમાં તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો મૂકવાની હિમાયત થાય છે અને એથી ધર્મનો ઉદ્યોત થશે એમ કહેવાય છે, પણ જો નાલાયકોના હાથમાં તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો મૂકાયાં તો પરિણામ એ જ આવશે કે-ભકિત નાશ પામશે અને ઠેકડી વધી જશે. સારી ચીજ બધાના હૈયામાં સારા રૂપે પરિણમે, એ બને

જ નહિ. ખરાબ હૈયાવાળાને તો સારી પણ ચીજ વિપરીત રૂપે પરિણામ પામે. સાપે પીધેલું દુધ ઝેર બની જાય અને ગાયે ખાધેલું ઘાસ પણ દુધ બની જાય, એમ કહેનારા અને માનનારા માણસો શાસ્ત્રની વાતમાં આટલો પણ વિચાર નથી કરતા, એ ઓછા ખેદની બીના છે ? જેની દર્શનમોહનીયનો ક્ષયોપશમ થયો હશે અગર થવા જેવી લાયકાત હશે એને સારી વસ્તુની રૂચિ થશે. ક્ષયોપશમ, એ એક આત્માનો ગુણ છે. વાદળથી આવરિત સૂર્ય વાદળ દૂર થવાથી પ્રકાશિત થાય, તેમ મિથ્યાત્વમોહનીય આદિ કર્મ દૂર થવાથી એ ગુણ પ્રાપ્ત થાય છે. એ ગુણના યોગે આત્માને વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ દર્શાવાય, તો તે ઝટ ગળે ઉતરે છે. અને બીનલાયકને જેમ કહો તેમ અશ્રદ્ધા વધતી જાય છે. સારી પણ ચીજ રૂચિકર થવા માટે આત્મામાં યોગ્યતા જોઈએ. યોગ્યતા પ્રગટયા વિના ગુણની પ્રાપ્તિ થવી એ શકય જ નથી.

## ધર્મિમાં અર્થિપણું મોક્ષનું હોય :

ધર્મિની ઈચ્છા કયી હોય ? આત્મિક કે પૌદ્ગલિક ? સાચો ધર્મી તે જ છે, કે જે કર્મ રૂપ પુદ્ગલના યોગથી પોતાના આત્માને મુકત બનાવવાને ઈચ્છે છે. ધર્મિપણું એ કાંઈ રસ્તામાં રખડતી વસ્તુ નથી. ધર્મિપણું પામવું, એ બહુ મુશ્કેલ વસ્તુ છે. આત્મા ધર્મિપણાને પામે, પછી એની ઈચ્છા નિષ્ફળ જાય એ બને કેમ ? કહે છે કે-'ધર્મ કરીએ છીએ પણ ઈચ્છા ફળતી નથી.' આવું કહેનારાઓ શું સાચેસાચ ધર્મ કરે છે ? ધર્મનું ધ્યેય શું ? ધર્મ એ મોક્ષનું સાધન છે, એટલે ધર્મને સેવનારનું ધ્યેય

પણ મોક્ષની પ્રાપ્તિનું જ હોવું જોઈએ.ધર્મ આત્મામાં આવે એટલે સ્વભાવનો અનુભવ થવા માંડે. બહારના ગમે તેવા સંયોગો વચ્ચે પણ ધર્મી ઘણી શાન્તિ જાળવી શકે. જીવતાં કે મરતાં, એ સમાધિ ન ગુમાવે. આવો આત્મા ઈચ્છે શું ? ધર્મિની ઈચ્છા શી હોય ? ઈચ્છા ન હોય તો સારૂં, પણ કદી થઈ જાય તો કયી થાય ? ધર્મિમાં અર્થિપણું હોય તો તે મોક્ષનું હોય, એટલે ધર્મિની ઈચ્છા શી હોય તે સમજી શકાય તેમ છે.

**ધર્મી દુઃખી હોય પણ દીન ન હોય :**

આ સંસારમાં સાચા ધર્મીઓ, આમ તો, સદાસુખી હોય છે એમ કહી શકાય : ધર્મી દરિદ્રી હોય એ બને, પણ ધર્મી દીન ન હોય. દરિદ્રી હોવું એ સંસારમાં સહજ છે,.જ્યારે દીન બનવું એ ધર્મિને માટે કલંક છે. ધર્માત્મા દરિદ્રી હોય તેથી તે ઉપાલંભને પાત્ર નથી, પણ 'દીન કેમ બન્યો ?'-એવું અવસરે ધર્મિને જરૂર પૂછી શકાય. દીનતા એ કલંક છે, પણ દરિદ્રતા એ કલંક નથી. દરિદ્રી નહિ બનવું એ હાથની વાત નથી. જ્યારે દીન નહિ બનવું એ હાથની વાત છે. કર્મના યોગવાળા આત્માઓને દરિદ્રપણું કે શ્રીમંતપણું, રાજાપણું કે રંકપણું, નિરોગીપણું કે રોગીપણું અગર તો જન્મ કે મરણ એ વિગેરે મળવું એ કાંઈ આશ્ચર્ય રૂપ નથી. એ બધી અવસ્થાઓ કર્મના યોગે સહજ છે. ધર્મિનેય કર્મોના યોગે એવી સ્થિતિ પ્રાપ્ત થવી એ સહજ છે : પણ ધર્મી એવી કોઈ પણ હાલતમાં

મુંઝાતો નથી. દુષ્કર્મનો ઉદય એને દીન બનાવી શકતો નથી. એવા વખતે પણ જે દીન ન બને તે ધર્મિની ઈચ્છા કેવી હોય ? દીનતા, એ શું ચીજ છે ? સાધનના અભાવમાં એ મને કયારે મળે, રોગની અવસ્થામાં-હું નિરોગી કયારે થાઉં, અસહાય અવસ્થામાં સહાય કયારે મળે ? ન મળે એટલે ચિત્ત ખિન્ન થાય, પામરતા આવે, ચિંતામાં ને ચિંતામાં સત્ત્વાદિનું શોષણ થાય, એ બધી દીનતા છે. ધર્મિમાં એવી દીનતા નહિ હોવી જોઈએ. રોગ, તકલીફ, દરિદ્રતા, તિરસ્કાર વિગેરે બધું દુનિયામાં થાય, પણ એ પ્રસન્ન હોય. એનું દિલ ઠેકાણે હોય. 'ઉદયભાવ એવો વર્તે છે'-એમ એ માને, પણ એના ચિત્તમાં શાંતિ હોય. મટવાનો સંભવ નથી એમ જાણે, તો નક્કી કરે કે-'ભોગવી લઈશું. મટશે તો ઠીક છે, નહિ મટે તો હરકત નથી.' એવી માન્યતાવાળો ધર્મી અવસરે વૈદ્યને શરીરની માહિતી આપે, પરંતુ એનું મોઢું ન ફરે. પારકાની માંદગી માટે જેમ રહે છે, તેમ આપણા માટે થઈ જવું જોઈએ. આ તો સંસાર છે. ચાહે તેટલી આપત્તિ આવે. ટક્કર મારવા માત્રથી કાંઈ આપત્તિ ચાલી જવાની છે ? ગમે તેટલી બળતરા કરો, પણ તેથી આપત્તિ ચાલી જાય એ બનવાનું નથી. આથી આવેલી આપત્તિને સમભાવે સહતાં શીખવું જોઈએ. જેનામાં સમભાવ હોય, તેનામાં દીનતા ન હોય. માત્ર સામગ્રીહીન આત્માઓ અગર આપત્તિમગ્ન આત્માઓ જ દીન હોય છે એમ ન માનતા. સામગ્રીસંપન્ન આત્માઓ પણ દીન હોઈ શકે છે. શહેનશાહ પણ દીન હોઈ શકે છે. કદાચ શહેનશાહત ચાલી જશે તો ?, અમારૂં કોઈ નહિ માને તો ?-એ વિગેરે પણ દીનતા છે.

## ધર્મબુદ્ધિથીં ધર્મ કરાવવો છે :

મરજીમાં આવે એવી ઈચ્છા કરવી અને તે સફલ ન થાય એટલે શાસ્ત્રોને કલંક દેવું, એ કાંઈ ચાલે ? ધર્મી પણ પાપના ઉદયથી દુઃખી હોઈ શકે છે. અનેક પ્રકારની આપત્તિઓથી ધર્મી આત્મા પણ ઘેરાએલો હોય એ બનવા જોગ છે. મહાપુરુષોને પણ પૂર્વના અશુભ કર્મના ઉદય વખતે આપત્તિ આવે છે. એક-બે નહિ, પણ સેંકડો. દુઃખમય સંસારમાં દુઃખ આવવું, એ કાંઈ આશ્ચર્ય છે ? દુઃખમય સંસારમાં કોઈ સુખી હોય એ આશ્ચર્ય છે. જગતમાં સાચો સુખી તો એક ધર્મી જ છે, કારણ કે-તે આપત્તિગ્રસ્ત દશામાં પણ મુંઝાતો નથી. એ શાંતિ અનુપમ છે, સૌને મેળવવી ગમે તેવી છે, પણ એ શાંતિ કયારે આવવાની ? હૃદયમાં ધર્મ હશે તો ! એની પ્રાપ્તિ આદિને માટે તીર્થસ્થાન છે. એ પ્રાપ્ત ન થાય તો આંટો નિષ્ફળ જાય એમેય બને અને મોજશોખ આદિના પ્રતાપે નુકશાનકારક પણ થાય એય બને. લસણ કસ્તુરીની સુગંધને પણ મારી નાખે છે. કસ્તુરી બહુ સુગંધીદાર હોય છે, પણ લસણ કે ડુંગળીની પાસે રાખો તો ? અધર્મ રૂપ લસણની ગંધથી ધર્મ રૂપ કસ્તુરીની સુવાસ આજે કેટલાક અંશે દબી ગઈ છે, એવા આદમીઓને તીર્થસ્થાનમાં પણ લાભને બદલે નુકશાન થાય, એમાં આશ્ચર્ય શું ? અહીં આવેલાઓની પણ લક્ષ્મીની મૂર્ચ્છા, શરીરની મૂર્ચ્છા અને વિષયોની આસકિત જેવી ને તેવી જ રહે, તે વસ્તુ દુઃખજનક નથી ? સંયમની ઈચ્છા ન થાય, તો એ શું ઓછા દુઃખની વાત

●



ગણાય ? ઘણો ધર્મ ચડસા-ચડસીથી થાય છે.આપણે ધર્મ કરાવવો છે ધર્મબુદ્ધિથી અને એ માટે જ આટલું કહેવાઈ રહ્યું છે. ધર્મબુદ્ધિ આવ્યા પછી ધર્માચરણ આપોઆપ થવા માંડશે અને ધર્મબુદ્ધિ નહિ હોય તેમજ પાપબુદ્ધિ હશે, તો ધર્માચરણના નિમિત્તે પણ આત્મા કદાચ ભયંકર પાપના યોગવાળો બની જશે.

## ઠપકો આપનાર કોઈ છે ?

તીર્થસ્થાનમાં આવ્યા પછી પણ આપણામાં ત્યાગબૃદ્ધિ ન પ્રગટે, તો આપણી મનોવૃત્તિ કેવી ભયંકર ગણાય ? મૂર્ચ્છાને ઉતારવાને માટે અહીં આવ્યા છો કે મૂર્ચ્છાને વધારવાને માટે ? લક્ષ્મીની મૂર્ચ્છા બૂરી છે, એ ઘેર તો નથી ઉતરતી, એને ઉતારવાને માટે તીર્થસ્થાનમાં આવ્યા છીએ, એવું ભાન ન આવ્યું હોય તો એ ભાન લાવો. એ બુદ્ધિ આવશે તો જ દાનમાં સાચી ઉદારતા આવશે. કમાવા જાઓ ત્યારે ઘેર આવતાંની સાથે મા-બાપ પૂછે છે કે-'શું કમાઈ લાવ્યા ?' પણ તીર્થયાત્રા કરીને ઘેર ગયા બાદ-'આત્માનો નિસ્તાર કેટલા પ્રમાણમાં સાધી આવ્યા ?'-એમ પૂછવાવાળું પ્રાયઃ કોઈ નથી. વહેપાર કરવા માટે ગયેલો દીકરો પેઢી ઉપર બેસતો નથી, નાટક-સીનેમા જોયા કરે છે, લોફર મિત્રોની સાથે ફર્યા કરે છે-એવી ખબર પડે, તો એને તમે શું લખો ? 'એ ઠીક નથી'-એમ લખો કે નહિ ? પણ અહીં તમે ગમે તેમ વર્તો, એની ઘેર ખબર પડે તોય કોઈ લખનાર છે ? કોઈ ઠપકો

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

આપનાર છે ? પ્રાયઃ કોઈ નથી. આ દશામાં જો સાધુઓ પણ તમારી શરમમાં અંજાઈને હિતકર વાત અવસરેય ન કહે, તો તમારૂં શું થાય ?

### તમારા યોગે વડાઈ માનનારો સાધુ તમારૂં શું ઉકાળે ?

સાધુ એનું નામ, કે જે સ્વયં આત્મકલ્યાણમાં રકત રહે અને બીજા જે કોઈ એના સહવાસમાં આવે એને આત્મકલ્યાણમાં રકત બનાવવાનો શકય એટલો પ્રયત્ન કરે. તમારામાંથી દુનિયાનો રંગરાગ, વિષયકષાયની આધીનતા અને પૌદ્‌ગલિક સુખની ઈચ્છા ઘટે, એમ સાચા સાધુઓ જરૂર ઈચ્છે. દુન્યવી પદાર્થોનો લોભ, એ માટે કરાતો પ્રપંચ, એનો ઘમંડ અને એમાં વાંધો પડતાં થતો ગુસ્સો-એની જડ કાઢવાને માટે સાધુઓનું આવાગમન હોય છે. અવસરે તમને એમ પણ લાગવાનો સંભવ છે કે-સાધુ માનમાં રહે છે : કારણ કે કોઈ તેવા અવસરે સાધુ સ્પષ્ટ કહે કે-'તમારા ઉપર અમે જીવનારા નથી.' આત્મકલ્યાણ માટે આ ભાવના પણ જરૂરી છે. અમે અમારા સંયમ ઉપર જીવીએ છીએ, એવું સાધુ માને તો તે ખોટું છે ? સાધુ સંયમના યોગે કે શ્રાવકો માને એના યોગે ? કોઈ માને કે ન માને, પણ આજ્ઞાધીન સંયમી સાધુ જ છે. જે દિવસે અમારી દૃષ્ટિ તમારા પર જાય, તમારા વિના અમારાથી નહિ જીવાય એવી દીનતા અમારામાં આવે, તે દિવસથી જ અમારી પાયમાલી શરૂ થાય. સાધુની દૃષ્ટિ તો ભગવાનની આજ્ઞા ઉપર હોવી જોઈએ. આજ્ઞાધીનપણે વર્તવાનું જ સાધુનું

ધ્યેય હોવું જોઈએ. એ ધ્યેય હોય તો જ સાધુ અવસરે તમને સાચી હિતકર વાત કહી શકે. તમારા યોગે પોતાની વડાઈ માને, તે સાધુ તમારૂં શું ઉકાળે ? અવસરે એ તો તમને પાપમાં ન જોડે તો તમારૂં ભાગ્ય. સાચા સાધુ તો તમારા આત્માના કલ્યાણની જ દષ્ટિવાળા હોય, એટલે કોઈ વાર તમને કડવું લાગે એવુંયે હિતકર સત્ય કહે : પણ કહો ને કે-તેથી શું ? ઘેર કોઈ પૂછવાવાળુ નથી અને સાધુ પૂછે તો ગભરાવાની જરૂર નથી ! 'સાધુ મને અયોગ્ય કહી દે એ ઠીક નહિ'-એવોય ભય છે ? સ્કુલ, પેઢી કે ઘરમાંથી કાઢી મૂકવામાં આવે તો દુઃખ થાય, પણ અહીંથી કોઈ કાઢી મૂકે તેમ નથી અને અહીં નાલાયક ગણાઓ તો તેનું દુઃખ પણ નથી. આ દશામાં અવગુણ ટળે નહિ અને ગુણો પ્રગટે નહિ તો નવાઈ પામવા જેવું શું છે ?

### પૌદ્ગલિક ઈરાદો ધર્મને પણ અધર્મ રૂપ બનાવી દે છે :

સાચા સાધુઓનો યોગ પણ લાયક આત્માઓને જ ફળે છે મોક્ષના અર્થી આત્માઓ જ સાચા સાધુઓના યોગનો લાભ ઉઠાવી શકે છે. લઘુકર્મિતા આવ્યા વિના સાચા સાધુઓ હિતકર વાત કહેશે તોયે ગુસ્સો આવશે. સાધુઓ ત્યાગવૃત્તિની વાત કરે, ત્યારે હસવું કોને આવે ? ત્યાગ જેને અરૂચિકર હોય તેને ! સાધુઓ સ્વયં મોક્ષસાધક ત્યાગને સેવનારા છે અને જગતના જીવોના કલ્યાણને માટે મોક્ષસાધક માર્ગને પ્રચારનારા છે. જે સાધુને ત્યાગ ન ગમે તે સાધુ પણ સાધુ નથી અને મોક્ષ

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

સિવાયના ઈરાદે, પૌદ્‌ગલિક ઈરાદે ત્યાગ કરવાનું ઉપદેશનારા તથા પૌદ્‌ગલિક ઈરાદાની નુકશાનકારકતાને નહિ બતાવનારા પણ વસ્તુતઃ ત્યાગી નથી. દુનિયાદારીની ઈચ્છા માટેનો સંયમ એ સંયમ નથી પણ કાયકષ્ટ છે. પૌદ્‌ગલિક પદાર્થોની પ્રાપ્તિ માટે ધર્માનુષ્ઠાનોનું સેવન, એ ઈચ્છવાજોગ વસ્તુ જ નથી. એક આદમી તપ તપે છે પણ બીજાનું પડાવી લેવા માટે, તો તે વખતે બીજાને શું થાય છે ? એના તપમાં અગ્નિ મૂકો એમ બીજાને થાય ને ? દુનિયાના પદાર્થોની પ્રાપ્તિ માટેનો તપ, એ માટેનો સંયમ કે એ માટેની અહિંસા એ વસ્તુતઃ તપ, સંયમ કે અહિંસા નથી. અહિંસા, સંયમ અને તપ એ ધર્મ છે, પણ એ ત્રણનું દુન્યવી લાલસાથી સેવન કરનારને માટે તે ધર્મ રૂપ નહિ રહેતાં અધર્મ રૂપ બની જાય છે. તેજ ધર્મ વાસ્તવિક ધર્મ છે કે જે સીધી કે આડકતરી રીતિએ પણ મોક્ષનું કારણ બને. આ રીતિએ આપણે ધર્મ કરવાનો નિષેધ કરતાં નથી, પણ પૌદ્‌ગલિક ઈરાદાનો નિષેધ કરીએ છીએ : કારણ કે-એ ઈરાદો અમૃત રૂપ ક્રિયાને પણ વિષ કે ગરલ રૂપ બનાવી દે છે. દુનિયાના પદાર્થોની પ્રાપ્તિને માટે ધર્મ નથી, પણ એનો સંગ ઘટાડવાને માટે છે 'સર્વ સંગ છૂટી જાય અને આત્માનો નિસ્તાર થઈ જાય.' -એ ભાવના અમારા આત્મામાં આવી જાય તો જ અમારૂં કલ્યાણ થઈ જાય, દુનિયાનો સંગ એ જ સર્વ આત્માઓનું બંધન છે, એ છૂટે નહિ ત્યાં સુધી કલ્યાણ થાય નહિ, -આવી માન્યતા તીર્થના પ્રત્યેક યાત્રિકની હોવી જોઈએ અથવા તીર્થના પ્રત્યેક યાત્રિકે આવી ભાવનાને

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

પ્રગટાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. મોક્ષના હેતુથી દુનિયાદારીના પદાર્થોને છોડવાની ઈચ્છા એ પણ ધર્મ છે અને ઈચ્છાના યોગે દુનિયાદારી જેમ જેમ છૂટે તેમ તેમ ધર્મ વધે. ભાવરોગ અને ભવરોગને નાબૂદ કરનારી આ દવા છે. આટલી દવા તમારી પાસે આવી જાય, એક વાર બરાબર ગળે ઉતરી જાય, તો રાગ અવશ્ય નાશ પામશે એ નક્કી થઈ જાય, આટલું અહીં થઈ જાય તો અહીંથી ઘેર ગયા પછી પણ દેવ, ગુરૂ ધર્મ અને શાસ્ત્ર બધું સાથે આવે.

**જેને છોડ્યા વિના ચાલે નહિ તેને માટે પાપ કરાય ? :**

તીર્થભૂમિમાં આવવા છતાં ભવનિસ્તારની વૃત્તિ ન પ્રગટે, તો તીર્થયાત્રાના યોગે થવો જોઈતો લાભ ન થયો, એમ જરૂર કહી શકાય. લાયક આત્મામાં આટલું પણ પરિવર્તન ન થાય, એમ બને નહિ. તમને શું એવો ભય રહે છે કે-આ વાસના બહુ લાગી જશે તો આ બધું છૂટી જ જશે ? કેદી ૨૦-૨૫-૩૦ સાલ સુધી જેલમાં રહે તો પછી એને એવી ઈચ્છા પણ થઈ જવી સંભવિત છે કે-હવે તો અહીંથી ન કાઢવામાં આવે તો સારૂં. જન્મકેદીઓને ત્યાં જ રસ આવી જાય છે. કેટલાક કેદીઓને જેલમાં જવાનો શોખ પણ થઈ જાય છે. મજુરી કરવા છતાં બહાર મળતું નથી અને ત્યાં મળવાનું નિશ્ચિત છે. એ રીતિએ સંસારનો એટલો રસ થઈ ગયો છે કે-એ ન છૂટી જાય એની કાળજી બહુ રહે પણ એ ભય નિરર્થક છે. છૂટી જાય તો નુકશાન શું છે ? છૂટ્યા વિના સાચું સુખ મળવાનું જ

નથી. ક્યારે છૂટે ? -એ ભાવના અહીં આવવી જોઈએ. તમે નહિ ઈચ્છો એટલા માત્રથી આ જીંદગીમાં તમને મળેલા દુન્યવી પદાર્થો નહિ છૂટે એમ પણ ન માનતા. ઈચ્છા હોય કે ન હોય, એને છોડીને જવાનું છે. જેને છોડીને ગયા વિના ચાલે તેમ નથી, એના માટે તો પાપ નહિ જ કરવું, એટલી પણ જો સાચી ઈચ્છા થઈ જાય, તો પણ એ ઓછો લાભ નથી. ઘર મોટું બંધાવી લીધું, પૈસા ઘણા મેળવી લીધા, પણ એનું છેવટ શું ? એક દિવસ મરવાનું નક્કી છે અને મર્યા પછી ઘર કે પૈસા સાથે આવે તેમ નથી.. આટલું સમજીને નિર્ણય તો એ કરવો જોઈએ કે- 'હવેથી એવો વર્તાવ કરવો કે પરલોક બગડે નહિ પણ સારો જ બને !' આટલી ભાવના લઈને ઘેર જવું છે ? અહીંની કરણીને અનુસાર પરલોક થનાર છે. 'અહીંની કાર્યવાહી જગતના પદાર્થો ઉપરની મમતાથી ખરાબ થાય છે અને એ ખરાબ કાર્યવાહીથી પરલોક જરૂર બગડનાર છે' -એવા ખ્યાલવાળાને દુનિયાના પદાર્થોની મમતા ખોટી લાગવી જોઈએ કે નહિ ? 'પરલોક ન બગડે તો સારૂં' -એટલું જ નહિ ચાલે, પણ 'મમતા ઘટે તો જ પરલોક ન બગડે.' - એ પણ યાદ રાખવું પડશે. મૂળ વસ્તુ તો મુક્તિ છે. એનું સાધન છે સંયમ. સંયમ ત્યારે ગમે, કે જ્યારે દુનિયાદારી બૂરી છે એમ લાગે.

**મોક્ષનું અર્થિપણું જેનામાં પ્રગટ્યું હોય, તે શક્ય હોય તો સાધુ ધર્મ જ સ્વીકારે :**

જે કોઈ આત્મા ધર્મને સાચા સ્વરૂપમાં સમજે, તેને પહેલી ઈચ્છા સાધુ બનવાની હોય. જેટલી



**તીર્થ-યાત્રાંનો વાસ્તવિક હેતુ**

તકલીફ દુનિયાદારીના આદમી દુનિયાદારીના પદાર્થોને માટે ભોગવે છે, એટલી તકલીફ વસ્તુતઃ સંયમમાં નથી. સાધુઓને માનસિક તકલીફ બીલકુલ નથી. કોઈ ગામ, ઘર કે પેઢીની ચિંતા સાધુઓને નહિ. અહીં રહેવાની ઈચ્છા થઈ જાય અને સંયમનો નિર્વાહ થાય તેમ હોય તો કોઈ રોકી શકતું નથી. તીર્થ છે, સાધુનો યોગ છે, એમ સમજીને છ મહિના તમે અહીં રહેવા ધારો તો રહી શકશો ? કદાચ રહી જાઓ તો પણ કેટલી ચિંતા ? નાણાંની તંગી નડે કે નહિ ? નડે, અને અમારે ? નાણાંની તંગી અમારે કદી પણ ભોગવવાની નહિ : કારણ કે-અમારે નાણું રાખવાનું નહિ ! સાચો સાધુ ચક્રવર્તી કરતાં પણ વધારે સુખ અનુભવી શકે છે. બાહ્ય પદાર્થોના અનુકૂળ યોગમાં જ સુખ છે -એમ માની રહેલા આત્મિક સુખશાન્તિની કલ્પના પણ નહિ કરી શકનારા, આ વસ્તુને નહિ સમજી શકે. મોટરોમાં ફરનારાઓને ભલે એ સુખ હોય, પણ તેમને સ્વાસ્થ્યપૂર્ણ શાન્તિ નથી તેમજ તેમનું સુખ નિર્દોષ પણ નથી. સાધુઓનું સુખ નિર્દોષ છે અને એથી સાધુઓનું સુખ પરિણામે મોક્ષનું કારણ બને છે. સંસારિઓનું દુન્યવી સુખ સદોષ છે અને એથી પરિણામે તે સુખ સંસારદુઃખનું કારણ બને છે. આમ છતાં પણ, દુનિયાદારીની મમતા છૂટી જવી એ અધિક કઠિન કામ છે. એ છૂટે તો જ સાધુપણાનું સુખ અનુભવવામાં આવે. અમે સંઘ વિના પણ તીર્થયાત્રા કરી શકીએ છીએ. અમારે માટે તો સંયમ એ સદાનું તીર્થ છે. સમુદાયમાં સાથે એટલા માટે આવ્યા છીએ કે-શ્રી વીતરાગ પરમાત્માનો સંદેશો ઘણાને

પહોંચાડી શકાય. 'સંઘમાં જેમ ધ્વની, વાવટા, તંબુડીઓ જોઈએ તેમ સાધુ પણ જોઈએ.'-એવી શોભા માટે તો અમને લાવ્યા નથી ને ?'સાધુઓનો સહવાસ સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ આદિમાં પરમ નિમિત્તભૂત બની શકે છે, માટે સંઘમાં એ હોય એ જરૂરી છે.'-એમ માનીને અમને લાવ્યા હો તો જ લાભ છે. અમારે આપવાનો સંદેશ શો છે, એ તો અમે રોજ કહીએ છીએ. એ સંદેશ અમારા ઘરનો નથી, પણ શ્રી જિનેશ્વરદેવોનો છે. અમે તો એ તારકોએ કહેલું કહેનારા છીએ. અમારો ધંધો જ એ કે- શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબ વર્તવાને પ્રયત્નશીલ રહેવું. એમાં ગફલત થાય તો અમારી ભૂલ. ખરેખર, સાધુ સાધુ બન્યો રહે તો આ જગતમાં તે પરમ સુખને અનુભવવાની સાથે સ્વપરનો ઘણો ઉપકાર સાધી શકે. આથી જેના આત્મામાં મોક્ષનું અર્થિપણું પ્રગટ્યું હોય તે શક્ય હોય તો સાધુધર્મને જ સેવવાને ઈચ્છે. અર્થી તે કહેવાય, કે જે શક્ય કરવાને માટે ઉદ્યમશીલ બનવા તરફ બેદરકાર ન રહે અને અશક્ય પણ કરણીય મારે માટે શક્ય ક્યારે બને, એમ ઈચ્છ્યા કરે. શક્યની જેઓ ઈરાદાપૂર્વક બેદરકારી રાખે છે, તેઓના તો અર્થિપણામાં ખામી જ છે.

### સાધુધર્મ જ ઉંચામાં ઉંચી કોટિનો ધર્મ :

જગતમાં નિર્દોષમાં નિર્દોષ છતાં પણ ઉંચામાં ઉંચી કોટિનું સુખ ભોગવવા સાથે સ્વપરનું આત્મકલ્યાણ સાધનારા કોઈ હોય, તો તે સાચા સાધુઓ જ છે. સાધુ એટલે અધર્મના લેશ વિનાના

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

ધર્મી. જગતમાં કોઈ પણ જીવને સંતાપનું કારણ ન બનવું, એવી સાધુઓની મુરાદ હોય છે. પોતાના સુખ માટે બીજાને દુ:ખી કરવા, એ તો પરિણામે પોતાને જ દુ:ખી બનાવવાની તૈયારી છે. સાધુઓ કોઈને દુ:ખી બનાવવાને ઈચ્છે નહિ, પણ સૌને સુખી બનાવવાને જ ઈચ્છે છે : એટલું જ નહિ, પણ એ ઈચ્છાનો શક્યતા મુજબ અમલ પણ કરે. સાધુધર્મ, એ ઉંચામાં ઉંચી કોટિનો ધર્મ છે. સાધુધર્મના યોગે મોક્ષસાધ્ય ઘણી ત્વરાથી સધાય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો જેના જીવનમાં સુમેળ હોય તે સાધુ છે. હિંસાદિ પાપો કરવા, કરાવવા અને અનુમોદવા રૂપે પણ નહિ કરવાં અને રત્નત્રયીની શક્ય આરાધના કરવામાં મશ્ગુલ રહેવું, એ જ શ્રી જૈનશાસનની સાધુતા છે. હવે વિચાર કરો કે- આત્મસ્વભાવ પ્રગટાવવો એ જ જેનું ધ્યેય છે, તે પોતાનાથી શક્ય હોય તો આવા સાધુધર્મના પાલનને માટે ઉદ્યત થાય કે નહિ ? જેનાથી આ ધર્મનું પાલન થઈ શકે તેમ ન હોય, તે પણ આત્મસ્વભાવને પ્રગટાવવાને ઈચ્છતો હોય તો - 'ક્યારે આ ધર્મ હું પામું' -એવી ભાવનાથી રહિત હોય જ નહિ. આથી જ ધર્મના નવા અર્થિને આ ધર્મ પહેલો બતાવવાનું વિધાન છે.

### શ્રાવકની વ્યાપારપ્રવૃત્તિ અને ઈચ્છા :

મોક્ષનું અર્થિપણું આવ્યું હોય પરન્તુ સાધુધર્મનું પાલન કરવાની તેવડ ન હોય, તો તેવાને માટે શ્રાવકપણું છે. શ્રાવકપણું એટલે દેશથી ત્યાગ. સાધુપણામાં સર્વથી ત્યાગ અને શ્રાવકપણામાં દેશથી

ત્યાગ, પણ ત્યાગ તો ખરો જ. ત્યાગની ભાવના વિના ધર્મ છે ક્યાં ? શ્રાવકને અર્થસાધના કરવી પડે તોય તે કેટલી કરે ? ચાર ઘડી રાત્રિ પહેલાં જાગ્યા બાદ રાત્રિએ સુઈ જાય ત્યાં સુધીમાં માત્ર ચાર કલાકને માટે, શ્રાવક જરૂર હોય તો વ્યાપારાદિની પ્રવૃત્તિ કરે અને તે પણ તેને હેય કોટિની માનીને જ કરે, એટલે એને એની રસિકતા તો હોય જ નહિ. શ્રાવકની ધન સંબંધી ઈચ્છા હોય તો કેટલી હોય, એ જાણો છો ? અતિ ઉષ્ણ ઘીથી ચોપડેલી રસોઈ અને ફાટ્યા વિનાના વસ્ત્રથી અધિક ઈચ્છાનો શ્રાવકે ત્યાગ કરવો જોઈએ. વધુ મળી જાય તો સદુપયોગ કરવો એ વાત જુદી છે, પણ ઈચ્છા એટલાથી વધુની નહિ રાખવી જોઈએ. શ્રાવકની ઈચ્છા આટલી મામુલી હોય અને તેમ છતાં પણ પૂર્વના અશુભ કર્મના યોગે એટલી ય સામગ્રી ન મળે એ બનવાજોગ છે. તેવો કોઈ અશુભ કર્મનો ઉદય હોય તો પેટ ભરવાની પણ મુશ્કેલી નડે. એવો પ્રસંગ સાંપડે તોય શ્રદ્ધાલુ શ્રાવક મુંઝાય નહિ, પણ અશુભનો ઉદય ચિન્તવીને સમાધિપૂર્વક રહે.

### અર્થની લાલસાને મર્યાદા ક્યાં છે ?

અતિ ઉષ્ણ ઘીથી ચોપડેલી રસોઈ અને ફાટ્યા વિનાનું વસ્ત્ર, એટલું તમને મળે છે કે નહિ ? નીતિને જરા પણ આંચ આવવા દીધા વિના આટલું મેળવી શકાય કે નહિ ? એટલું મળી જાય પછી અધિકની ઈચ્છા નહિ કરતાં ધર્મની ક્રિયાઓમાં જોડાઈ જવાય કે નહિ ? તમારા હૃદયમાં મોક્ષનું સાચું

●

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

અર્થિપણું પ્રગટે, તો આ કાંઈ બહુ મોટી વાત નથી : પણ વાંધો જૂદો છે પેટપૂરતું મળવા છતાં રાત-દિવસ વ્યાપાર અને તેય પ્રાયઃ અનીતિથી ભરેલો, એ કેમ કરો છો ?

સ૦ લોભથી.

લોભ, એ શ્રાવકનો આચાર કે મોહનો ? આજે જોઈએ તે કરતાં ઘણું વધારે મળે છે, છતાં વધારે મેળવવાની ધમાલ શા માટે ? જરૂર નથી છતાં દુઃખ શા માટે ઉભું કરો છો ? સુખપૂર્વક રોટી-દાલ જેને મળે છે, એ બધા ધર્મની આરાધનાને માટે તૈયાર થઈ જાય, તો કેટલી શાંતિ થઈ જાય ? પણ આજે એવાને પણ ક્ષણભર શાંતિ નથી. જેટલું સાધન હોય તેનો સદુપયોગ કરતા રહેશો તો હજારોને માટે આત્મકલ્યાણમાં સહાયક બની જશો, પણ આજે અર્થની લાલસાને મર્યાદા ક્યાં છે ? આજે તો મોટા ભાગે એ દશા છે કે - જેટલા સુખી એટલા વહેપારમાં અને જેટલા દુઃખી એટલા દીનતામાં પડ્યા છે. દુનિયાદારીના પદાર્થો મળવા કે જવા એમાં નશિબ એ મૂળ છે. દુનિયાદારીના પદાર્થોનો મોહ ન ઘટે, ત્યાં સુધી સમ્યગ્દર્શન ક્યાં છે ? અને એ વિના સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર પણ ક્યાં છે ? તીર્થયાત્રા સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ અને નિર્મળતા માટે છે, પણ અર્થકામની લોલુપતા ગયા વિના તીર્થયાત્રાના યોગે પણ, એ ગુણોની પ્રાપ્તિ થવી એ શક્ય જ નથી.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## ત્યાગવૃત્તિ આવવી જોઈએ :

મોક્ષના અર્થિપણાની સિદ્ધિને માટે સાધુધર્મનું પાલન એ જ ઉત્તમોત્તમ ઉપાય છે, પરન્તુ બધાથી એ શક્ય નથી : આથી જેઓ સાધુધર્મનું પાલન કરવાને અશક્ત હોય, તેઓ પણ મોક્ષમાર્ગના પોતાના અર્થિપણાને સાધક પ્રવૃત્તિ કરી શકે, એ માટે દેશવિરતિ રૂપ ગૃહસ્થધર્મ છે. દેશવરતિ-ધર્મમાં પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોનું પાલન કરવાનું છે. જેનાથી જેટલા પ્રમાણમાં બને તેટલા પ્રમાણમાં તે વ્રતોનું પાલન કરે અને વધુમાં વધુ અથવા તો એકાન્તે ધર્મપાલક બનવાની ભાવના રાખે. દેશવિરતિધર દુનિયાદારીમાં રહેલો હોવાથી તેનાં કાર્યો ન છૂટકે દુઃખિત મને કરે ખરો, પણ એનું હૃદય તો એકાન્ત ધર્મી બનવાની ભાવનાવાળું જ હોય. ભીખ માગીને જીવનનિર્વાહ કરવો ન પડે એ માટે જીવનનિર્વાહ પૂરતું સાધન મેળવવાનો એ પ્રયત્ન કરે, પણ એમાંય એ લુખ્ખો હોય. દુનિયાદારી ક્યારે છૂટે, એ ભાવના એનામાં જરૂર હોય. તીર્થયાત્રાએ આવ્યા છો તો કોઈ રીતિએ તમારામાં ત્યાગવૃત્તિ આવી જાય તો સારૂં. ત્યાગ કરતા પણ ત્યાગવૃત્તિની પ્રધાનતા છે, એમ અમૂક અપેક્ષાએ જરૂર કહી શકાય : કારણ કે-સાચી વૃત્તિ પ્રગટે એટલે એને અનુરૂપ શક્ય કાર્ય થયા વિના રહે જ નહિ.

## અવિરતિધર પણ સમયગ્દષ્ટિ કેવો હોય ?

આ જગતમાં એવા પણ અશુભ કર્મના તીવ્ર ઉદયવાળા આત્માઓ હોય છે, કે જેઓ મોક્ષના અર્થી

હોવા છતાં પણ અવિરતિથી અળગા થઈ શકે નહિ. આવા આત્માઓને પણ અવિરતિ તો ડંખ્યા જ કરે. સાધુ, દેશવિરતિધર શ્રાવક અને તે પછી ત્રીજી કક્ષા સમ્યગ્દષ્ટિની છે, સાધુધર્મ ન લેવાય, શ્રાવકનો દેશવિરતિધર્મ પણ ન લેવાય, પણ સાચી માન્યતાવાળા તો બની શકાય ને ? જો કે -એય સહેલું નથી. લઘુકર્મી આત્માઓ જ સાચી માન્યતાવાળા બની શકે છે. શુદ્ધ દેવાદિમાં શ્રદ્ધાળુ બનવું, તે સમ્યગ્દષ્ટિપણું છે. મોક્ષનું વાસ્તવિક અર્થિપણું એય સમ્યગ્દષ્ટિપણું છે. સમ્યગ્દષ્ટિ આત્મા તીવ્ર કર્મના ઉદયે વિરતિધર ન પણ બની શકે, પણ તેની વિચારણા કેવી હોય ? -"સુરનરસુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક." -એ સમ્યગ્દષ્ટિ આત્માની દશા હોય. પૌદ્ગલિક સુખો તો એને દુઃખ રૂપ જ લાગે. ન છૂટે માટે ન છોડયાં હોય, પણ તેની રૂચી ન હોય. રૂચિ તો શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલાં તત્વોમાં જ હોય. સંસારથી નિસ્તાર પામવાની ભાવના એની તીવ્ર હોય. અર્થ અને કામ હેય, મોક્ષ ઉપાદેય અને શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલો ધર્મ મોક્ષનું સાધન-એવી દઢ માન્યતા સમ્યગ્દષ્ટિ આત્માની હોય. આને જ મોક્ષનું વાસ્તવિક કોટીનું અર્થિપણું કહેવાય.

### માર્ગાનુસારિપણું :

આ ત્રણ કક્ષાઓમાંથી તમારે કયી કક્ષામાં રહેવું છે ? જ્યાં સુધી અર્થ અને કામ હેય અને મોક્ષ ઉપાદેય નહિ લાગે, ત્યાં સુધી કોઈ કક્ષામાં આવી શકાશે નહિ. એથી પણ નીચી કક્ષા માર્ગાનુસારિપણાની

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

છે. માર્ગાનુસારી આત્મા તે કહેવાય છે, કે જે અર્થ-કામને હેય નથી માનતો, પણ અર્થ-કામ કરતાં ધર્મને પ્રધાન જરૂર માને છે. અવસરે ધર્મ માટે અર્થ-કામનો ત્યાગ કરવો એ સારૂં, પણ અર્થ-કામ માટે ધર્મનો ત્યાગ કરવો એ ખરાબ, એવી માર્ગાનુસારી આત્માની માન્યતા હોય છે. ધર્મ પ્રત્યે તેનામાં દ્વેષ નથી હોતો, પણ સદ્ભાવ હોય છે. જ્યાં જ્યાં ધર્મ ભાળે ત્યાં ત્યાં એનું અન્તર સ્વાભાવિક રીતિએ પ્રફુલ્લ બને. સદ્ધર્મને વિષે એનામાં નિઃસન્દેહાત્મક બુદ્ધિ નથી આવી હોતી, પણ એ બુદ્ધિ આવે એવી લાયકાતથી એ પર હોતો નથી. એવા આત્મા ન્યાયનીતિ આદિને જાળવીને વર્તનારા હોય છે. આ સ્થિતિ પણ અર્થ-કામના અતિ રસિક આત્માઓની અપેક્ષાએ સામાન્ય નથી. આ બધામાંથી તમે તમારી જાતને કયી કક્ષામાં મૂકી શકો તેમ છો, તે તમે જાતે જ વિચારી લેજો ! અમે તો એ જ ઈચ્છીએ છીએ કે-તમે શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા મુકિતમાર્ગના રસીયા બનો અને આ જીવનમાં શકય એટલો મોક્ષમાર્ગનો અમલ કરનારા પણ બનો, કે જેથી તમને અલ્પકાળમાં મુકતાવસ્થાનું શાશ્વત અને સંપૂર્ણ સુખ પ્રાપ્ત થાય.

### ધર્મની વાત કેમ રૂચતી નથી ?

સ૦ એકદમ ત્યાગનો માર્ગ બતાવવાથી લોક ઉભગી જાય છે.

એકદમ ત્યાગનો માર્ગ બતાવાતો જ નથી. મોક્ષ માટે પ્રયત્ન કરવો કેટલો આવશ્યક છે, એનું

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

સૂચન કર્યા બાદ જ ત્યાગ તેના ઉપાય રૂપે બતાવાય છે. મોક્ષની પ્રાપ્તિ આવશ્યક છે-એમ સમજાઈ જાય, તો ત્યાગનો ઉપદેશ રૂચિકર નીવડયા વિના રહે નહિ. મોક્ષની પ્રાપ્તિ જેને આવશ્યક નથી લાગી, તેને તો દેશવિરતિધર્મ કે સમ્યક્ત્વધર્મ પણ વાસ્તવિક રીતિએ રૂચશે નહિ. ત્યાગની વાત સાંભળીને ગભરાઈ જનારાઓ જો અર્થી હોય, તો પોતાની શંકાઓનું રૂબરૂ આવીને પણ નિરાકરણ કરી શકે છે. આજે વસ્તુતઃ અર્થ-કામની લાલસા ખૂબ જ વધી ગઈ છે અને એથી ધર્મની વાત મોટા ભાગને રૂચતી નથી. કીર્તિધર્મ વગેરે બતાવાય તો તે ગમે છે. અધર્મિને ધર્મી કહી ફુલાવીએ તો પૈસા ખર્ચનારાઓનો તોટો નથી, પણ એવું અધમ કૃત્ય તો તેઓ જ કરે, કે જેમને પોતાના અને સામાના હિતની દરકાર ન હોય. મોક્ષમાર્ગ યોગ્ય આત્માઓને રૂચે એવી રીતિએ કહેવાનો ખ્યાલ સાધુને જરૂર હોય, પણ લોકને જે રૂચે તે જ કહેવું એ વૃત્તિ સાધુની ન હોય. આજે કેટલાક ધર્મદ્વેષિઓએ ખોટો પ્રચાર કરીને ઘણાઓને ઉભગાવી દીધા છે એ વાત સાચી છે. બાકી ત્યાગધર્મના ઉપદેશ માત્રથી જ કોઈ લાયક આત્મા ઉભગ્યો હોય અગર ઉભગે એ શક્ય નથી.

સ૦ ત્યાગ ખોટો છે એમ કોને લાગે છે ?

ખોટો કોઈને લાગતો નથી એવું મોઢેથી તો બધા કહે છે : પરંતુ એને સૌથી પ્રથમ બતાવવો એવી ઈચ્છા થતી નથી અને કોઈ બતાવે તો અરૂચિ થાય છે, એ જ ખોટો લાગવાની નિશાની છે. આજે

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

દુન્યવી પ્રગતિની વાતોથી આત્માઓમાં નવો ઉત્સાહ પેદા થાય છે. દુનિયાની સારી વસ્તુઓને આગળ કરવાથી દુનિયાને લોભી બનાવી શકાય છે. પૈસાની ઈચ્છા પણ ક્યારે વધે છે ? ઘી, ઘેબર વગેરે સારા સારા પદાર્થો અગર એના યોગે પ્રાપ્ત થતું માનપાન વગેરે જોવાથી જ એ વધે છે. પૈસા જરૂરી છે એમ લાગ્યું છે, માટે દુનિયાએ એની ખાતર કેટલી ધાંધલ ઉભી કરી દીધી છે ? તેમ, ત્યાગમાં સર્વત્યાગ એ સૌથી સુંદર છે, અનુપમ ફળને આપનાર છે, તેથી તેની સુંદરતા પ્રથમ જ બતાવવાથી યોગ્ય આત્માઓમાં અનેરો ઉત્સાહ પ્રગટે છે. એને ઢાંકી દેવાથી યોગ્ય આત્માઓમાં પ્રગટેલો ઉત્સાહ પણ દબી જાય છે. તીર્થ સ્થાવર અને જંગમ એમ બે પ્રકારે છે. દુનિયાનો લોભ મીટાવવો અને ધર્મનો લોભ જગાડવો, એ તીર્થનું કામ છે. એ ગુણ લઈને જશો તો યાત્રાની સફળતા છે. ધર્મી માટે તીર્થ છે. ધર્મી ન હોય પણ ધર્મી બનવાની જેની ઈચ્છા હોય, તેના માટે પણ તીર્થ છે. સંસારના રસિયાઓ પણ અહીં આવીને સંસારના રસિક મટે અને ધર્મના રસિક બને, તો જ તેમને તીર્થ તીર્થ રૂપે ફળે છે. તીર્થમાં તારકગુણ છે, પણ એનો લાભ લાયક આત્માઓને જ મળે છે. નાલાયકને તીર્થનો લાભ મળતો નથી. નાલાયક આત્માઓ તો તીર્થ જેવા સ્થાનને પણ પોતાના મહા પાપનું સાધન ન બનાવી દે તોય ઘણું છે. આથી લાયકાત કેળવો અને તીર્થના યોગે આત્માનો ઉદ્ધાર સાધો, એ જ એક શુભાભિલાષા.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

## (૨૧)

### વિભાવદશા એ જ દુઃખ છે અને સ્વભાવદશા એ જ સુખ છે :

આપણે જોઈ ગયા છીએ કે-આત્માને સ્વસ્વરૂપમાં સ્થિર કરવાનો પ્રયત્ન કરવો, એ જ સાચા સુખની પ્રાપ્તિનો વાસ્તવિક ઉપાય છે. સુખની અર્થી હોવા છતાં પણ દુઃખમાં રીબાતી જનતા સમક્ષ, અનન્તઉપકારી અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ એક માત્ર મોક્ષમાર્ગ જ રજૂ કર્યો, તેનો આ જ હેતુ છે. દુઃખનો સર્વથા અભાવ કેવળ આત્માની મુક્તાવસ્થામાં જ સંભવિત હોવાના કારણે, સારાય વિશ્વના પ્રાણિઓનું એકાન્તે કલ્યાણ ઈચ્છનારા મહાપુરૂષોએ, જગતના જીવોને સદાકાળ એક જ પ્રેરણા કરી છે અને તે એ જ કે-'તમારા આત્માને કર્મ રૂપ જડના યોગથી સર્વથા મુક્ત બનાવવાને માટે પ્રયત્નશીલ બનો !' વર્તમાનમાં આત્મા જડ કર્મોના યોગે વિભાવમય દશાને અનુભવી રહ્યો છે. આત્માના સ્વભાવને આવરનાર જડ કર્મોનો યોગ છે. એ યોગ દૂર થઈ જાય એટલે આત્મા સ્વભાવસ્થ દશાને પામે. વિભાવદશા એ જ દુઃખ છે અને સ્વભાવદશા એ જ સુખ છે. વિભાવ ટળે અને સ્વભાવ પ્રગટે, એટલે દુઃખ ટળે અને સુખ અનુભવાય. અનંતઉપકારી અનંત જ્ઞાનિઓએ દર્શાવેલો માર્ગ વિભાવને ટાળવાને માટે અને સ્વભાવને પ્રગટાવવાને માટે છે. જડ કર્મોના યોગમાં ફસેલા આત્માને જડ કર્મોના યોગથી મુક્ત બનાવવાને માટે જ મોક્ષમાર્ગનું નિરૂપણ છે અને તેની આરાધના કરવાનો

ઉપદેશ છે. આત્મા એક વાર જડ કર્મોના યોગથી સર્વથા મુક્ત બની જાય, પછી કોઈ પણ કાળે તે જડ કર્મોના યોગમાં ફસાતો નથી.

**મુક્તાત્મા કદી પણ જડના યોગમાં ફસાતો નથી :**

ચેતન અને જડના યોગને ખાસ સમજવાની જરૂર છે. આપણે કહી આવ્યા હતા કે-એ યોગ અગ્નિ અને લોહ અથવા તો સુવર્ણ અને માટીના યોગ જેવો છે. જડ કર્મોની સાથેના યોગથી સર્વથા રહિત બનવું, એનું જ નામ મુક્તિ છે. મુક્તિને પામ્યા બાદ, ચેતન, આવા જડના યોગવાળો, ફેર કદી પણ બનતો નથી. શ્રી સિદ્ધશિલાના નામે જે સ્થાનને ઓળખાવાય છે, તે સ્થાનમાં જડ કાર્મણ વર્ગણાઓ નથી હોતી એમ નહિ : પણ એનો આત્માની સાથે લોહ-અગ્નિ આદિના જેવો યોગ હોતો જ નથી. આત્માના સ્વભાવને તે જડ વર્ગણાઓ આવરી શકતી નથી. જડનો યોગ તો તે કહેવાય, કે જે આત્માના સ્વભાવને આવરી શકે. મુક્તદશાની પ્રાપ્તિ એક વાર થઈ ગયા બાદ, કોઈ પણ કાળે, આત્મા જડના યોગમાં ફસાતો જ નથી, કે જેથી મુક્તાત્માનો સ્વભાવ આવરાય. મુક્તાત્મા પણ જો જડના યોગમાં ફસાઈ શકતો હોય અને મુક્તાત્માનો સ્વભાવ પણ જો આવરાતો હોય, તો તો મુક્તિને ધ્યેય રૂપે સ્વીકારવાનો કાંઈ વિશેષ અર્થ નથી : પણ તેમ બનતું નથી. મુક્તદશાને પામેલો આત્મા સદાકાળને માટે મુક્ત જ રહે છે. એ આત્માની એ શાશ્વત દશા જ હોય છે આથી જ પરમ

ઉપકારી જ્ઞાની મહાપુરૂષો મુક્તદશાને પામવાને માટે જ પ્રયત્નશીલ બનવાની ભારપૂર્વક ભલામણ કરે છે.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

● **તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ**

### તીર્થયાત્રા કરનારનું ધ્યેય :

આત્માને પોતાના સ્વરૂપમાં સ્થિત કરવા માટે સાધન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. એની પ્રાપ્તિ અને શુદ્ધિ આદિને માટે જે જે સાધનોનું ઉપકારી મહાપુરૂષોએ નિરૂપણ કર્યું છે, તેમાં એક 'તીર્થયાત્રા'નું પણ નિરૂપણ છે. તીર્થયાત્રા કરનારા આત્માનો હેતુ પણ આ જ હોવો જોઈએ. સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ અને પ્રાપ્ત થયેલા તે આત્મગુણોની નિર્મલતા, એ જ તીર્થયાત્રાથી થતો મોટામાં મોટો લાભ છે. તીર્થયાત્રાની સફલતાનો આધાર સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ અને નિર્મલતાને અંગે છે. તીર્થની યાત્રાએ આવનારને આવતાં પહેલાં કે આવ્યા પછી પણ આ વસ્તુનો ખ્યાલ જ ન આવે, તો તીર્થયાત્રાના યોગે આત્માને જે લાભ થવો જોઈએ તે ન જ થાય : તેમજ જો વિપરીત ભાવના હોય તો હાનિ પણ થઈ જાય. તમારો શ્રમ અસફલ ન બની જાય કે તમને નુકશાન કરનારો ન બની જાય, એટલા માટે જ આ વસ્તુ વારંવાર સૂચવાયા કરે છે. આત્મગુણોનું પ્રગટીકરણ અને એ ગુણોની નિર્મળતા, એ જ તીર્થયાત્રા કરનારનું ધ્યેય હોવું જોઈએ. આ ધ્યેય હોય તો એક પણ તીર્થયાત્રા યોગ્ય આત્માને માટે મહાલાભનું કારણ બન્યા વિના રહે નહિ.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

### સાધ્ય અને સાધન :

જે આત્મા તીર્થયાત્રાનો વાસ્તવિક રાગી હોય છે, તેની ભાવના એ જ હોય છે કે-'મારે મારૂં આત્મસ્વરૂપ પ્રગટાવવું છે.' આ ભાવનાની સાથે તે આત્મા એવી પણ માન્યતાવાળો હોય છે કે-'તીર્થની સેવા એ પણ આત્મસ્વરૂપના પ્રકાશનનું સાધન છે. અને એથી જ હું તેની ઉપાસના કરૂં છું.' સાધ્યની સિદ્ધિ માટે સાધન આવશ્યક છે. આજે સાધ્યને યાદ રાખી સાધનને મહત્ત્વ નહિ આપવું, એવો પણ પ્રચાર ચાલી રહ્યો છે. વસ્તુતઃ સાધ્ય અને સાધન એક-બીજાની સાથે સંકળાએલ છે. સાધ્યને યાદ રાખીને પણ જો સાધનની દરકાર ન કરાય, તો કદી પણ સિદ્ધિ થાય નહિ.

સ૦ સાધ્ય અને સાધનનું સ્વરૂપ જરા વિસ્તારથી સમજાવો !

પરિણામે જે વસ્તુની પ્રાપ્તિ કરવી છે તે સાધ્ય કહેવાય અને એની પ્રાપ્તિ માટેના પ્રયત્નમાં સહાયક થવાનો ગુણ ધરાવનારને સાધન કહેવાય. આત્માનું સાધ્ય મુક્તિ છે. સમ્યગ્દર્શનાદિ રત્નત્રયી એનું સાધન છે. અપેક્ષાએ રત્નત્રયી એ સાધ્ય છે અને એને પમાડનાર તથા નિર્મલ બનાવનાર તીર્થયાત્રા આદિ સાધન છે.

### સાધન પણ લાયકાતવાળું જોઈએ :

સાધ્યની સિદ્ધિ સાધનના યોગે થાય છે. માટે સાધનને જાણવા-સેવવા બાબત બેદરકારી રાખવી

એ યોગ્ય નથી. સાધ્ય ઉપરથી સાધનની યોગ્યાયોગ્યતા નિશ્ચિત થઈ શકે છે. સાધ્યની સાધનામાં સહાયક બનવાની લાયકાત હોય, તેને જ વાસ્તવિક રીતિએ સાધન માની શકાય. આવાં સાધનો ક્યાં ક્યાં છે, તેનું ઉપકારી પરમર્ષિઓએ સ્થળે સ્થળે નિરૂપણ કર્યું છે. એ બધાં સાધનો એવાં છે કે-એના યોગે યોગ્ય આત્માઓ સમ્યગ્દર્શનાદિ ગુણોને પામી શકે અને ખીલવી શકે. સાધન સાધન રૂપે ત્યારે જ મનાય, કે જ્યારે તે સાધનમાં આ પ્રકારની લાયકાત હોય. આથી સ્પષ્ટ છે કે-આપણે ગમે તે વસ્તુને સાધન રૂપે સ્વીકારનારા નથી, પરન્તુ તેવી લાયકાતવાળા સાધનને જ સાધન તરીકે સ્વીકારનારા છીએ : અને એ જ કારણે સાધનોના વિષયમાં પણ જ્ઞાની પુરૂષોનાં વચનોને જ અનુસરવાનું હોય, પણ સ્વચ્છન્દપણે ગમે તે વસ્તુને સાધન રૂપે માનવાની કે સ્વીકારવાની હોય નહિ.

### ઝઘડા નહિ પણ આગ્રહ :

આજે કહે છે કે-'સાધનધર્મના ઝઘડા શા ?' વસ્તુતઃ ધર્મી આત્માઓ ઝઘડા કરતા નથી, પણ જ્ઞાની પુરૂષોના વચનોને અનુસરવાનો આગ્રહ તેઓ સેવે છે. એ આગ્રહને, કેટલાકો કે જેઓ અજ્ઞાની હોવા છતાં પણ જ્ઞાની હોવાનો ઘમંડ સેવે છે, તેઓ ઝઘડા તરીકે ઓળખાવે છે. 'ઝઘડા' જેવા શબ્દોનો પ્રયોગ કરીને, તેઓ વસ્તુસ્થિતિથી અજાણ લોકમાં, ધર્મી આત્માઓને હલકા પાડવાનું કામ કરે છે. સાધનને અંગે જો કોઈ પણ પ્રકારની લાયકાત જોવાની ન હોત, તો ધર્માત્માઓ સાધનધર્મને અંગે

આગ્રહ સેવત જ નહિ : પણ અસાધનને સાધન માનવું તથા સાધનને અસાધન માનવુ, એ પણ મિથ્યાત્વ છે. સાધનધર્મના વ્યાજબી આગ્રહનો વિરોધ કરનારાઓ પણ મિથ્યાત્વથી ઘેરાએલા છે.

### વિપરીત સાધનથી સિદ્ધિ થતી નથી :

દુનિયાનાં કાર્યોમાં તેઓ આવા મિથ્યાત્વને પેસવા દેતા નથી. કાયદાની સલાહ લેવાને માટે કોઈ ડૉકટરની પાસે જતું નથી અને શરીર બતાવવાને માટે કોઈ વકીલની પાસે જતું નથી. ભૂખ મીટાવવાને કોઈ પાણી પીતું નથી અને તૃષા છીપાવવાને કોઈ આહાર વાપરતું નથી. દુનિયામાં તો જે ઈચ્છા પાર પાડવી હોય કે કાર્ય સિદ્ધ કરવું હોય, તે ઈચ્છા પાર કેમ પડે અને તે કાર્ય સિદ્ધ કેમ થાય એનો વિચાર કરીને, તેવી લાયકાત ધરાવનાર સાધનનું જ અવલંબન ગ્રહણ કરવાનો આગ્રહ રખાય છે : કારણ કે-વિપરીત વસ્તુની સેવા કાર્યસાધક નીવડવાને બદલે કાર્યવિઘાતક પણ નીવડે છે.

### સાધનોની ઉપેક્ષા ન કરાય :

આ વસ્તુ મોક્ષ રૂપ સાધ્યની સિદ્ધિ માટે સમજવાની ખાસ જરૂર છે. વિશિષ્ટ કિંવા આપવાદિક પ્રસંગોનો, વિધાનોનો વિરોધ કરવા માટે ઉપયોગ થઈ શકે નહિ. એવો ઉપયોગ કરનારા તો સન્માર્ગથી ચૂકી જાય છે અને ઉન્માર્ગગામી બની સ્વપરના હિતને હણનારા બને છે, આથી સાધ્યની જ આપણને જરૂર છે.'-એટલું માનીને જ્ઞાનિઓએ મોક્ષસાધ્યની સિદ્ધિ માટે દર્શાવેલાં સાધનોની ઉપેક્ષા કરવાની હોય જ નહિ, એ સ્પષ્ટ વાત છે.

**પુણ્ય અને પાપના ક્ષય વિના મુક્તિ મળતી નથી, છતાં પાપની જેમ પુણ્ય હેય નથી :**

હવે વિચાર કરો કે સાધન મળે અને ફળે ક્યારે ? સુન્દર ભવિતવ્યતાવાળા આત્માઓને જ મુક્તિ પમાડનારાં સાધનો પ્રાપ્ત થાય છે અને ફળે છે. સુન્દર ભવિતવ્યતા વિનાના આત્માઓને કાં તો સાધનો મળતાં નથી અને મળી જાય છે તો તે ફળતાં નથી. ઘણી અસુન્દર ભવિતવ્યતાવાળા આત્માઓને તો ઉત્તમ સાધનોની પ્રાપ્તિ પણ તેમના અનર્થના કારણ રૂપ બની જાય છે. સાધનોની પ્રાપ્તિ તેને થાય છે, કે જેની પુણ્યપ્રકૃતિ તેજ હોય છે. પાપ અને પુણ્ય-એ બન્નેના ક્ષય વિના આત્માને મુક્તિ મળતી નથી. મોક્ષે પહોંચવાને માટે પાપ અને પુણ્ય બન્નેનો ક્ષય આવશ્યક છે, છતાં એવું પણ એક પુણ્ય હોય છે, કે જે ઉપાદેય ગણાય છે. પુણ્ય અને પાપ-બન્ને કર્મ છે અને જ્યાં સુધી કર્મનો સર્વથા વિયોગ ન થાય ત્યાં સુધી મુક્તિ મળતી નથી : બેમાંથી એક પણ રહે અને મુક્તિ મળે, એ વાત યુક્તિ સંગત નથી અને એથી એ વાત શ્રી જૈનશાસનને માન્ય નથી : પરન્તુ, એ બન્નેના ક્ષય દ્વારા મુક્તિ મેળવવાને માટે જે સામગ્રી જોઈએ તે વિના પુણ્યે મળતી નથી. કર્મક્ષયની સાધનામાં સહાયક થનારી સામગ્રી જે પુણ્યથી મળે તે પુણ્ય જરૂરી છે અને એ જ અપેક્ષાએ પાપની જેમ પુણ્યને જ્ઞાનિઓએ કેવળ હેય તરીકે વર્ણવ્યું નથી.

### પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હાનિકારક નિવડતો નથી :

પુણ્ય બે પ્રકારનાં હોય છે. એક પાપાનુબંધી અને બીજું પુણ્યાનુબંધી. જે પુણ્ય પાપના અનુબંધવાળું હોય તે પાપાનુબંધી પુણ્ય કહેવાય છે અને જે પુણ્ય પુણ્યના અનુબંધવાળું હોય તે પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે. પુણ્યકર્મના ભોગવટાને પરિણામે થતા પુણ્ય અને પાપના બંધની અપેક્ષાએ પુણ્યના આ બે ભેદો પાડવામાં આવ્યા છે. આથી જ, પાપાનુબંધી પુણ્ય વખાણવાં જેવું નથી. એ પુણ્યનો ઉદય આત્માને માટે લાભકારક નહિ બનતાં હાનિકારક બને છે : કારણ કે-તેનું પરિણામ પાપના મોટા સંચયમાં આવી રહે છે. પુણ્યાનુબંધી પુણ્યની એ વિશિષ્ટતા છે કે-એનો ઉદય આત્માને માટે હાનિકારક નીવડતો નથી. એ પુણ્યના યોગે મળેલી સામગ્રી આત્માને પાપ કરવાને પ્રેરતી નથી, પણ પુણ્યમાર્ગે જવામાં સહાયક થાય છે. એ પુણ્યને ભોગવનારા આત્માઓ, ભોગોમાં પડેલા હોય તો પણ ભોગોને રોગો તરીકે ચિન્તવવાની તેમની બુદ્ધિ સારી રીતિએ ટકી રહી શકે છે. પુણ્યના અનુબંધની લાયકાતવાળું પુણ્ય એક વખત બદ્ધ થઈ જાય અને આત્મા બરાબર સાવધ બન્યો રહે, તો એ પુણ્ય ઠેઠ સુધી એવી ને એવી સામગ્રી જ મેળવી આપે છે, કે-જે સામગ્રીના યોગમાં આત્માની વિરક્તિમાં વધારો થયા કરે. ઉત્તમ સામગ્રી અધિક અધિક મળતી જાય અને તે છતાં પણ આત્માની વિરક્તિ વધતી જ જાય. આ રીતિએ તે આત્મા મુક્તિની નિકટતાને સાધતો જાય છે અને

એ પુણ્યનો ક્ષય કરવાને માટે તેને મહેનત કરવી પડતી નથી. અવસરે તે આપોઆપ ક્ષીણ થઈ જાય છે. આવા પ્રકારનું પુણ્ય, એ પણ એક પ્રકારનું કર્મ હોવા છતાંય, આત્માની પાયમાલી કરનાર નીવડતું નથી પણ આત્માની વિરક્તિને વધારનારૂં નીવડે છે, માટે ઉપાદેય ગણાય છે.

**શ્રી જિનના સેવકને સંસારમાં રૂલાવનારો બંધ થતો નથી :**

'શ્રી જિનેશ્વરદેવનાં ચરણોની સેવા મળ્યા બાદ આત્માને કર્મનો બંધ થતો નથી.'-એમ કવિઓ ગાય છે, જ્યારે અબંધક અવસ્થા તો ચૌદમા ગુણસ્થાનકે જ હોય છે. તેરમા ગુણસ્થાનકે પણ અબંધક અવસ્થા હોતી નથી. સંસારના અનન્તાકાળમાં આત્માને અબંધક અવસ્થા પ્રાપ્ત થાય તો તે માત્ર પાંચ હ્રસ્વાક્ષર જેટલો કાળ જ પ્રાપ્ત થાય છે. અને અબંધકઅવસ્થા પ્રાપ્ત થયા બાદ કદી પણ બંધક અવસ્થા પ્રાપ્ત થતી નથી. એ દૃષ્ટિએ તો શ્રી જિનેશ્વરદેવના આત્માઓ પણ બંધક અવસ્થાવાળા હોય છે, કારણ કે-તે તારકોના આત્માઓની અબંધક અવસ્થા પણ અન્તકાળે પાંચ હ્રસ્વાક્ષર જેટલા સમયને માટે જ હોય છે. આમ છતાં, બંધક અવસ્થામાં ભેદ ઘણા હોય છે. તેરમા ગુણસ્થાનકે વર્તતા આત્માની બંધક અવસ્થા પણ અબંધક અવસ્થા જેવી જ હોય છે, એમ કહીએ તો ચાલે : કારણ કે-એ બંધ સમયથી વધુ કાળ ટકી રહેતો નથી. કેટલીક બંધક અવસ્થા એવી પણ હોય છે, કે જે બંધક અવસ્થા પણ આત્મહિતની સાધનામાં બાધક ન હોય. નિર્જરા પુષ્કળ થતી હોય, બન્ધ અલ્પ થતો હોય અને

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

જે બંધ થતો હોય તે પણ સંસારવર્ધક અશુભ કર્મનો બંધ ન હોય ! 'શ્રી જિનેશ્વરદેવનાં ચરણોની સેવા મળ્યા બાદ તેવા આત્માને કર્મનો બંધ થતો નથી.'-એ કથનનો અર્થ આવી આવી અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને કરાય, તો જ તે બંધબેસતો થઈ શકે. 'કર્મનો બંધ થતો નથી.'-એટલે સંસારવર્ધક 'અશુભ કર્મનો બંધ થતો નથી.'-એમ સમજવું જોઈએ. એ કથનનો એવો જ અર્થ કરવો પડે તેમ છે કે-ચૌદમા ગુણસ્થાનકે પ્રાપ્ત થતી અબંધક અવસ્થા પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી શ્રી જિનના સેવકને એવો બંધ થતો નથી, કે જે બંધ સંસારમાં રૂલાવનાર હોય. શ્રી જિનચરણોની સેવાની આ મહત્તા છે : કારણ કે-એ સેવાના યોગે કર્મનો બંધ થાય તોય પુણ્યાનુબંધી રૂપ કર્મનો જ બંધ થાય, પણ સંસારવર્ધક અશુભ કર્મનો બંધ થાય નહિ. કોઈ આત્માની ભવિતવ્યતા અસુન્દર હોય અને એથી કોઈ તેવા નિમિત્તને પામીને શ્રી જિનચરણની સેવાને પામેલો તે આત્મા સેવાથી ચૂકી જાય, તો તે પૂરતો સંસારમાં વિશેષ ભમનારો બને એ શક્ય છે : પણ એવોય આત્મા થોડા કાળમાં ફેર માર્ગને પામી, આરાધક બની, મુક્તિને સાધનારો અવશ્ય બને છે.

### પુણ્યાનુબંધી પુણ્યને મેળવવાની સારા માણસને ઈચ્છા થવી એ સહજ છે :

મનુષ્યજન્મ, આર્યદેશ, આર્યકુળ, આર્યજાતિ, પંચેન્દ્રિયપૂર્ણતા, આરોગ્ય, સારા સાથીદારો અને શ્રીદેવગુરૂ-ધર્મની જોગવાઈ,-એ વિગેરે પુણ્ય વિના મળતું નથી. મનુષ્યભવમાં બુદ્ધિ આદિ સામગ્રી

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

મળે, પણ જો મુક્તિની સાધના માટે બીજી જરૂરી સામગ્રી ન મળે, તો તે સામગ્રી નિષ્ફળ નિવડે છે અગર તો હાનિકારક બને છે. વિના નિમિત્ત સમ્યગ્દર્શનાદિ થતાં નથી અને ઉત્તમ નિમિત્તોની પ્રાપ્તિ સત્પુણ્યના યોગ વિના થતી નથી. પુણ્યાનુબંધી પુણ્ય, એ એવા પ્રકારનું પુણ્ય છે કે-એ મળે એવી ઈચ્છા સારા માણસને પણ થઈ જાય એ સહજ છે. ભવાન્તરમાં ધર્મની સામગ્રી બહુ મળો, માતા-પિતાદિ જે મળો તે ધર્મસહાયક જ મળો, એવી એવી ઈચ્છા થઈ જાય તો તે ઈચ્છા ખોટી નથી. જો કે-આ ભવને શ્રી જિનાજ્ઞાની આરાધનામાં જ ગાળનાર આત્મા ન ઈચ્છે તો પણ ભવિષ્યમાં નિયમા આરાધનાના ઉત્તમ યોગને પામે જ છે; અને એથી તેવી ઈચ્છા સાધુઓને ન થાય એ સહજ છે. છતાં આરાધનાના અભિલાષી આત્માઓને આવા પુણ્યની ઈચ્છા થાય, તો તે કલંક રૂપ નથી. 'ક્ષયોપશમાદિ પામવા માટે જે સામગ્રી જોઈએ તે મળી જાય તો સારૂં, કે જેથી મુક્તિ નિકટ આવે.'-આવી ઈચ્છા ધર્મવૃત્તિવાળા આત્માને થઈ જાય તે સહજ છે. પુણ્યની ઈચ્છા થાય તો પણ એ ઈચ્છા પૌદ્ગલિક અનુકૂળતા મેળવવાના ઈરાદાથી નહિ થવી જોઈએ, પણ મુક્તિ રૂપી સાધ્યને સિદ્ધ કરવાના ઈરાદાથી થવી જોઈએ, એ ખ્યાલમાં રાખજો : કારણ કે-સાંસારિક ધ્યેયથી થતા ધર્મયોગે પુણ્ય બંધાય તોય તે પાપાનુબંધી જ બંધાય અને પાપાનુબંધી પુણ્ય તો તેના ઉદયના પરિણામે આત્માને માટે લાભકારક બનવાને બદલે હાનિકારક બને છે.

### પુણ્યાનુબંધી પુણ્યને અને પાપાનુબંધી પુણ્યને જાણવાનું એક માપકયંત્ર :

આ બધી વસ્તુઓ જાણીને કરવાનું શું ? ખાસ કરવાનું તો એ જ કે-પોતાની દશાનો વિચાર કરવો ! આપણને જે કાંઈ સામગ્રી પ્રાપ્ત થઈ છે, તેનો ઉપયોગ ક્યાં થાય છે અને કેમ થાય છે, એ વિગેરે જોવું જોઈએ. 'આપણને મળેલી સામગ્રી આપણને મુંઝવે છે કે નહિ ? આપણને જે સામગ્રી મળી છે, તે દુન્યવી પદાર્થો આદિની આપણી મમતાને વધારે છે કે નહિ ? એ સામગ્રી ક્યાં વપરાય તે ગમે છે અને ક્યાં વપરાય તે ગમતી નથી ?'-આ વગેરે વિચારવું જોઈએ અને એ દ્વારા નિશ્ચિત કરવું જોઈએ કે-આ બધી સામગ્રી આપણને પાપાનુબંધી પુણ્યથી મળી છે કે પુણ્યાનુબંધી પુણ્યથી મળી છે ? દાખલા તરીકે- શરીર. શરીરને ભોગનું સાધન પણ બનાવી શકાય છે અને ત્યાગનું સાધન પણ બનાવી શકાય છે. શરીરને ભોગનું સાધન બનાવવાની ઈચ્છા થાય તો જાણવું કે એ પાપાનુબંધી પુણ્યથી મળ્યું છે, અને ત્યાગનું સાધન બનાવવાની ઈચ્છા થાય તો જાણવું કે-એ પુણ્યાનુબંધી પુણ્યથી મળ્યું છે, લક્ષ્મીને દુન્યવી ઈચ્છાઓને પૂરી કરવામાં જ ખર્ચવાનું મન થાય તો સમજો કે-એ પાપાનુબંધી પુણ્યે મળી છે અને મોક્ષપ્રાપ્તિના માર્ગે ખર્ચવાનું મન થાય તો સમજો કે-એ પુણ્યાનુબંધી પુણ્યથી મળી છે. પાપાનુબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પુણ્ય માટેનું આ માપકયંત્ર ખાસ સમજી લેવા જેવું છે. આ માપકયંત્રના સ્વરૂપને સમજીને પણ જે કરવાનું છે, તે તો એ જ છે કે-આત્માને કર્મના યોગથી

સર્વથા રહિત બનાવવા તત્પર બનવું ! ઉપકારી પરમર્ષિઓ જ્ઞાનના ફલ તરીકે વિરતિને જણાવે છે, એ તો જાણો છો ને ?

**શ્રી જિનાજ્ઞાની આરાધના કરવાને તત્પર બનવું :**

સ૦ પાપાનુબંધી પુણ્યવાળાનો ઉદ્ધાર નહિ જ ?

એમ તો ન જ કહેવાય. પાપાનુબંધી પુણ્યના યોગે પ્રાપ્ત થતી સામગ્રી આત્માને સ્વતઃ ધર્મપ્રેરક બનતી નથી પણ પાપપ્રેરક બને છે : પરન્તુ ગુર્વાદિકના સમાગમ અને ઉપદેશથી તેવો આત્મા ધર્મમાર્ગે ન જ વળી શકે એમ ન કહેવાય. પાપાનુબંધી પુણ્યનો તીવ્ર ઉદય ન હોય અને ભવિતવ્યતા સુન્દર હોય, તો સારાં નિમિત્તો આદિના યોગે આત્માની દશામાં સુન્દર પ્રકારનો પલટો આવી જવો, એ કોઈ અશક્ય નથી. આથી પોતાના પુણ્યના પ્રકારને જાણ્યા બાદ પણ આત્માએ તો શાસનને સમર્પિત બનીને ધર્મની આરાધના કરવાને માટે સજ્જ બનવું, એ જ એકાન્તે હિતાવહ છે. આત્માને વિભાવસ્થ નહિ રહેવા દેતાં સ્વભાવસ્થ બનાવવાનું ધ્યેય નક્કી કરી, સ્વભાવ પ્રગટાવવાના જ્ઞાનિઓએ દર્શાવ્યા મુજબના પ્રયત્નમાં લાગી જાઓ, તો ક્રમે કરીને એવીય દશા આવી લાગે કે-અશુભ કર્મનો ઉદય પણ કર્મક્ષયના કારણ રૂપ બની જાય. અશુભના ઉદયને પણ સમભાવે વેદવામા આવે, તો એથી આત્મા ઘણી ઘણી કર્મ નિર્જરા કરી શકે છે : માટે મુંઝવણમાં નહિ પડતાં શ્રી જિનાજ્ઞાની આરાધના કરવાને તત્પર બનવું, એ જ ડહાપણનું કામ છે.

### પુણ્ય ખર્ચીને પાપની ખરીદી કરનારાઓ મહા દયાપાત્ર છે :

આર્યદેશ આદિ સામગ્રીએ સહિત મનુષ્યભવ તમને મળ્યો છે. પુણ્યના ઉદય વિના આવો ભવ અને આવી સામગ્રી મળે નહિ. હવે પુણ્યના બદલામાં મેળવવું છે શું ? તમારી પુણ્યની મુડી તો ખર્ચાયે જ જાય છે, એટલે એ ઉધારખાતું તો ચાલુ જ છે : પણ જમાખાતાની કયી દશા છે ? જમાખાતામાં પાપની જ નોંધણી થયે જાય છે કે પુણ્યની નોંધણી થયે જાય છે ? પુણ્યની નોંધણી થતી હોય તોય તે પાપાનુબંધી પુણ્યની નોંધણી થયે જાય છે કે પુણ્યાનુબંધી પુણ્યની નોંધણી થયે જાય છે ? કેવલ નોંધણી થયે જ જાય છે કે તેમાં કાપ પણ પડતો જાય છે ? આપણે તો કર્મનો ચોપડો જ ન રહે, એ દશા જોઈએ છે. પૂર્વના પુણ્યને ખર્ચીને પાપની ખરીદી કરનારાઓ મહા દયાપાત્ર છે અને પુણ્યના ભોગવટાની દરકાર કર્યા વિના કર્મક્ષયનો જ પ્રયત્ન કરનારાઓ એકાન્તે પ્રશંસાપાત્ર અને પૂજનીય છે. આ દૃષ્ટિ આવે તો આજે કેટલાકોને સાધુઓ દયાપાત્ર લાગે છે તે ન લાગે, પણ પોતે જ સાચા દયાપાત્ર છે એમ લાગી જાય.

### ઉદાસીનભાવ :

આ વસ્તુનો ખ્યાલ કરવા જેવો છે. આ વસ્તુ ખ્યાલમાં આવી જાય, તો સંસારમાં જે રસ આવે છે તે આવે      આ વસ્તુ સમજાય તો ઉદાસીનભાવ આવ્યા વિના રહે નહિ. ઉદાસીનભાવ આવે

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

તો પાપકાર્યના યોગે બંધાતા પાપકર્મનો પડતો બંધ તેવો તીવ્ર ન પડે. ઉદાસીનભાવ જેમ જેમ ખીલે, તેમ તેમ આત્મા મોક્ષના માર્ગે વળે. સાચો ઉદાસીનભાવ પ્રગટ્યા પછી સંસાર નહિ છૂટે, તોય સંસાર તેવા પાપનું કારણ નહિ બને. મળેલી સામગ્રીનો ઉપયોગ સંસારની સાધનામાં થશે તો એ ડંખશે અને મુક્તિની સાધનામાં જ મળેલી સામગ્રીનો ઉપયોગ કરવાની અભિલાષા થયા કરશે. તમે તમારી સામગ્રીનો ઉપયોગ કયે માર્ગે થાય તો રાજી થાવ છો, એ વિચારી જુઓ ! સૌથી પહેલી સાક્ષી આત્માની હોવી જોઈએ.

**ધર્મવ્યવહાર પણ પડતા આત્માને બચાવી શકે છે :**

સ૦ આત્મસાક્ષી હોય પછી અરિહંતાદિની સાક્ષીની શી જરૂર છે ?

શ્રી અરિહંતાદિકની સાક્ષી પણ જરૂરી છે. આત્માને ઉત્સાહિત બનાવવાને માટે અને પડતો બચાવવાને માટે એ વ્યવહાર પણ જરૂરી છે. નિશ્ચયદષ્ટિને હૃદયમાં ધારણ કરીને ધર્મપ્રવૃત્તિ રૂપ શુદ્ધ વ્યવહારના પાલનમાં તત્પર બનવું, એ કલ્યાણકામી આત્માઓનું પરમ કર્તવ્ય છે. આ રીતિએ વ્યવહારનું પાલન કરનાર શુદ્ધ ધ્યેયવાળાને નિશ્ચયદશા પ્રાપ્ત થાય છે. એ વિના નિશ્ચયદશાની વાત દંભ માત્ર છે  ખાવું, પીવું, બોલવું, ચાલવું-એ સર્વ વ્યવહાર કરવો અને ધર્મના વિષયમાં ધર્મવ્યવહારની અવગણના કરીને નિશ્ચયદશાની વાતો કરવી, એ ખૂલ્લો દંભ છે. એવા દંભિઓને શ્રી વીતરાગદેવના

શાસનમાં સ્થાન નથી. ધર્મવ્યવહારમાં અજબ તાકાત છે. ધર્મવ્યવહારનું પાલન અવસરે આત્માની બગડેલી પણ ભાવનાને સુધારનાર છે. પાઘડી અને ટોપી પહેરવામાં પણ કેટલો ફેર પડે છે ? ટોપીવાળા રસ્તે ચાલતાં લડી પડશે, પણ પાઘડીવાળાથી એકદમ તેમ નહિ થાય. વાત સામાન્ય પણ ભેદ કેટલો ? શુદ્ધ વ્યવહારના પાલનમાં રક્ત બનેલ આત્મા, આવેલા ખોટા ગુસ્સાને પણ શમાવી શકે છે અને ફેર પોતાના સ્થાનને શોભતા ભાવમાં લીન બની શકે છે. યોગ્ય સ્થાન અને યોગ્ય વ્યવહાર પણ આત્માને પાપથી બચાવવામાં મહા સહાયકારક બની શકે છે. શું આ વેષ માત્રમાં જ સાધુતા રહેલી છે ? નહિ જ. આવો વેષ પહેરી લેવા માત્રથી જ સાધુતા આવતી નથી, પણ આ વેષ આવેલી સાધુતાના પરિપાલનમાં અને તેને ટકાવવા તથા ખીલવવામાં સારી રીતિએ સહાયક બની શકે છે, માટે વેષની પણ કિંમત છે એ ભૂલવું જોઈએ નહિં.

**શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ :**

શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ એક નિમિત્તને પામીને દુર્ધ્યાને ચઢી ગયા હતા અને પોતાના શ્રામણ્યને પણ વિસરી ગયા હતા. તે વખતે દુર્ધ્યાનમાંથી શુકલધ્યાન ઉપર આરૂઢ થવામાં નીમિત્ત તેમનું લુંચિત મસ્તક બન્યું હતું.

શ્રી પ્રસન્નચન્દ્ર રાજા પોતાના નાના ભાઈ શ્રી વલ્કલચીરીને જ્યારે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું,

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

ત્યારે ત્યાં હાજર હતા અને કેવલજ્ઞાની પરમર્ષિ શ્રી વલ્કલચીરીએ આપેલા ઉપદેશને પરિણામે તીવ્ર વિરાગી બન્યા હતા.

વિરક્તાત્મા શ્રી પ્રસન્નચન્દ્ર રાજાનો પુત્ર બહુ જ નાની ઉંમરનો હતો, પરન્તુ શ્રી પ્રસન્નચન્દ્ર રાજાને ત્યાગી બનવાની તાલાવેલી લાગી હતી : આથી તેમણે પોતાની નાની ઉંમરના પણ પુત્રને રાજગાદી ઉપર પ્રતિષ્ઠિત કર્યો અને સાર-સંભાલનો બોજો પોતાના વિશ્વાસુ મન્ત્રિઓને સોંપીને શ્રી પ્રસન્નચન્દ્ર રાજાએ દીક્ષા ગ્રહણ કરી.

શ્રી જૈન શાસનને આવી દીક્ષાઓ અમાન્ય નથી. નાની ઉંમરના પુત્રને મૂકીને દીક્ષા ન જ લેવાય, એવું શ્રી જૈન શાસન માનતું નથી. ઔચિત્યને નહિ ચૂકવું એ વાત શ્રી જૈનશાસનને સ્વીકાર્ય છે, પરન્તુ વિરક્તાત્માએ છતી શક્તિએ પણ સંતાનની બાળવય કે પત્નીની યુવાનવય ખાતર દીક્ષિત નહિ બનવું, એવું કોઈ વિધાન કરે તો તે વિધાન શ્રી જૈનશાસનને સ્વીકાર્ય નથી જ !

બાળવયસ્ક પુત્રને રાજગાદી ઉપર પ્રતિષ્ઠિત કરીને શ્રી પ્રસન્નચન્દ્ર રાજા ત્યાગી બન્યા, એથી તે છોકરાના હિતમાં ઘણું નુકસાન થયું છે-એમ દુન્યવી દૃષ્ટિવાળાઓને લાગી જાય અને એથી તેવા અજ્ઞાનો ધર્મની નિન્દા કરે એ પણ બનવાજોગ વસ્તુ છે. શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિને અંગે એવો પ્રસંગ પણ બની ગયો છે : પરન્તુ શ્રી જૈનશાસને શ્રી પ્રસન્નચન્દ્ર રાજાના ત્યાગને વખોડ્યો નથી. એ પુણ્યાત્માએ ભૂલ કરી એમ શ્રી જૈનશાસનના કોઈ પણ મહાપુરૂષે કહ્યું નથી.

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ દીક્ષિત બન્યા બાદ સિદ્ધિસાધનામાં એકતાન બન્યા છે. ખરેખર, અતિઉત્તમ આત્માઓની દૃષ્ટિ નિરન્તર સાધ્યસિદ્ધિ તરફ જ હોય છે અને એથી તે પુણ્યપુરૂષો સિદ્ધિસાધનામાં શરીરને સહન કરવાં પડતાં કષ્ટો આદિની પરવા કર્યા વિના જ અપ્રમત્તભાવને ભજનારા બની જાય છે. શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ પણ દીક્ષિત બન્યા બાદ સિદ્ધિ સાધનાના હેતુથી ઘોર તપ તપી રહ્યા છે.

એ મહાત્મા એક સ્થાને સૂર્યની સામે નેત્રોને સ્થિર કરીને અને પોતાની બન્ને ભૂજાઓને ઉંચી કરીને એક પગે ખડા રહી એકાગ્ર મને ધ્યાન ધરી રહ્યા છે. સૂર્યના તાપથી એ મહાત્માનું શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું છે. એ વખતે એ મહાત્મા જાણે કે-શાન્તરસની સાક્ષાત્ મૂર્તિ હોય એવા લાગે છે.

હવે એ વખતે બને છે એવું કે-જે સ્થાને આ મહાત્મા આ પ્રકારે તપ તપી રહ્યા છે, તે સ્થાનની પાસેના રસ્તે થઈને શ્રી શ્રેણિકરાજા ભગવાન શ્રી મહાવીર પરમાત્માને સમવસરેલા સાંભળીને તે પરમ તારકને વન્દન કરવાને માટે જઈ રહ્યા છે. શ્રી શ્રેણિકરાજાના જે સૈનિકો આગળ ચાલે છે, તેમાંના બે સૈનિકો શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિને એકાગ્ર મને ધ્યાન ધરતાં જુએ છે. એ જોઈને એક સૈનિકને એ મહાત્માની અનુમોદના કરવાનું મન થઈ જાય છે. તેના હૃદયમાં શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ પ્રત્યે અત્યન્ત પૂજ્યભાવ પ્રગટે છે અને હૃદયમાં પ્રગટેલા તે પૂજ્યભાવને તે સૈનિક સહજ રીતિએ

મુખેથી પ્રકાશિત કરે છે. એ કહે છે કે-"અહો, મુનિઓમાં મતંગજ સમાન આ મહાત્મા વન્દનીય છે, કે જે મહાત્મા આવા પ્રકારે તપને તપે છે ! બે ઘડીને માટે પણ કોણ આમ એક પગે ઉભો રહી શકે અને સૂર્યમણ્ડલને જોઈ શકે ? ખરેખર, આ ઘણું જ દુષ્કર કાર્ય છે ! ધન્ય છે, આ મહાત્માને !"

આત્મામાં થોડી પણ લાયકાત આવી હોય, તો આવા અવસરે આવા ઉદ્ગારો નીકળવા એ સહજ છે. ઉત્તમ આત્માઓની ઉત્તમતા જોવાને માટે પણ લાયકાત જોઈએ છે. નાલાયક આત્માઓ તો ઉત્તમતાને પણ અધમતા રૂપે ઓળખવા અને ઓળખાવવા તત્પર બને છે. પેલો સૈનિક તો શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિની તપોમય ઉત્કૃષ્ટ સાધનાને જોઈને, અનુમોદના કરતાં કરતાં કહે છે કે-"આવા મહાત્માઓને શું સ્વર્ગ કે શું મોક્ષ, એ દૂર નથી : કારણ કે-ઘણા એવા તપથી કયું કયું અસાધ્ય પણ:સધાતું નથી ?" આટલી બધી પ્રશંસા, હૃદયમાં કેટલો ઉલ્લાસભાવ પ્રગટ્યો હશે, ત્યારે થઈ હશે ? પણ તેની સાથેનો સૈનિક આ સાંભળી બળી જાય છે. એને એમ થાય છે કે-'આને કાંઈ ગમ જ નથી.'

આથી તે બીજો સૈનિક કહે છે કે-"હે મિત્ર ! તું શું જાણતો નથી કે-આ રાજા પ્રસન્નચન્દ્ર છે ? આ જે કરે છે તે ધર્મ નથી. આનો તપ ફોગટ છે. આ તો પોતાની નાની વયના છોકરાને રાજ્યગાદી ઉપર પ્રતિષ્ઠિત કરીને નીકળ્યો છે, પણ મન્ત્રિઓ તો પેલાને આંબા ઉપરથી કાચી કેરીને પાડી

નાંખવાની જેમ-પરાભવ પમાડી રહ્યા છે. આ પ્રસન્નચન્દ્ર રાજાએ પોતાનું રાજ્ય મન્ત્રિઓને રક્ષણ કરવા માટે સોંપ્યું, પણ મન્ત્રિઓ દુષ્ટ નીકળ્યા એટલે બીલાડાઓને સાચવવા માટે દૂધ સોંપવા જેવું થયું. હવે તે બાળકનો નાશ થયા બાદ આના વશંનો સર્વથા નાશ થઈ જશે અને એથી આ પોતાના પૂર્વજોના નામનો નાશ કરનાર પાપી છે. વળી દીક્ષા લેવાની ઈચ્છાવાળા આણે પોતાની જે પ્રિયાઓને તજી દીધી છે, તે અનાથ અબળાઓની પણ કોણ જાણે શીએ ગતિ થઈ હશે ?”

જૂઓ, બેયની દૃષ્ટિ સરખાવી જૂઓ ! વંશનાશને પાપ માનવું એ ડહાપણ છે ? વંશ ચલાવવાની મહેનત એ પાપ છે કે આત્મકલ્યાણ સાધતાં વંશનું નામ જતું હોય તો જવા દેવું એ પાપ છે ? વંશનું નામ રહે તો આત્માનું કલ્યાણ થાય, એમ ? વંશ તો કૂતરા-બીલાડાના પણ ક્યાં નથી રહેતા ? વંશની નામના રાખવા માટે ધર્મને દૂર રાખવાની ઈચ્છા, એ તો પાપેચ્છા છે. આત્માનું કલ્યાણ એ જ વાસ્તવિક વસ્તુ છે. વંશનું નામ રહી જાય તેથી વડિલોના આત્માને લેશ પણ લાભ થાય છે અને વંશનું નામ જાય તેથી વડિલોના આત્માને લેશ પણ હાનિ થાય છે, એમ માનવું એ કોરૂં અજ્ઞાન જ છે.

પણ અહીં તો એવું બન્યું કે-પેલા બીજા સૈનિકે ઉચ્ચારેલી વાતો શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિના કર્ણ રૂપી કોટરમાં પ્રવેશી ગઈ અને એ કારમી વાતોએ તે મહાત્માના સમાધિરૂપી વૃક્ષને ભાંગી નાંખ્યું. ખરેખર, સામાન્ય પણ નિમિત્ત કેટલીક વાર મહાત્માઓના પણ ભયંકર અધઃપાતનું કારણ બની જાય છે.

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ વિચાર કરે છે કે-"અહો, તે કુમન્ત્રિઓનું મેં જે કાંઈ સન્માન કર્યું, તે અગ્નિમાં ઘી હોમવા જેવું થયું ! પાપકર્મ કરનારા તે લુચ્ચાઓએ મારા દૂધપીતા બાળકના રાજ્યનો ઉચ્છેદ કરવાનો પ્રયત્ન આરંભ્યો ? ધિક્કાર છે, તે વિશ્વાસઘાતિઓને ! જો હું ત્યાં હોત, તો તે દુષ્ટોને નવા નવા નિગ્રહો દ્વારા અનુશાસન કરવાને ચૂકત જ નહિ ! ખરેખર, પોતાના પુત્રના પરાભવની વાત કાને આવી એટલે આ જીવિતથી પણ શુ અને આ ઘણા તપથી પણ શું ?"

આ રીતિએ શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ અધિકાધિક દુર્ધ્યાન ઉપર જ આરૂઢ થતા ગયા અને ક્રોધ રૂપી ભૂત વડે આવિષ્ટ બનેલા તે મહાત્મા પોતાની શ્રમણપણાની સ્થિતિને પણ ભૂલી ગયા. શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ ક્રોધમાં એટલા બધા અન્ધ બની ગયા કે-તેમને પોતાની અવસ્થાનું ભાન સરખુંય રહ્યું નહિ અને પેલા મન્ત્રિઓની સામે જાણે કે-યુદ્ધભૂમિમાં જ પોતે ઉભા હોય તેમ, તેમણે મનમાં ને મનમાં યુધ્ધ આરંભી દીધુ. છેદન, ભેદન આદિ દારૂણ દુષ્કર્મો પણ તે રાજર્ષિએ મનથી જ કરવા માંડયાં.

શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ આ પ્રકારે જે વખતે ઘોર દુર્ધ્યાનમાં લીન બન્યા છે, તે જ વખતે શ્રી શ્રેણિકરાજા જાતે ત્યા થઈ ને નીકળે છે શ્રી શ્રેણિકરાજા શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિને તપ તપતા ઉભેલા જુએ છે. મનમાં યુદ્ધ ચાલે છે, પણ બહારનો દેખાવ તો મહાતપસ્વિપણાનો સૂચક છે ને ?

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી

●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિને જોઈને શ્રી શ્રેણિકરાજા હાથી ઉપરથી નીચે ઉતરે છે અને ભાવપૂર્વક નમસ્કાર કરે છે. નમસ્કાર પણ એવી રીતિએ કરે છે કે-જાણે ભૂમિરેણુથી પોતાના ભાલને તિલક કરતા હોય !

પોતે રાજા છે, પણ શ્રી જિનશાસનના તો સેવક છે ને ? શ્રી જિનશાસનને પામેલો ચક્રવર્તી પણ, રંકપણામાંથી તેને તજીને સાધુ બનેલા મહાત્માનેય, આ રીતિએ નમસ્કાર કરે : કારણ કે-દુન્યવી સત્તા કે સાહ્યબીની સાચી વિરતિની પાસે તો કોડીની પણ કિંમત નથી.

શ્રી શ્રેણિકરાજા આ રીતિએ પ્રસન્નતાપૂર્વક નમસ્કાર કરે છે અને મહાત્માની તપઃશીલતાની અનુમોદના કરે છે. તે પછી.ભગવાનની પાસે જતાં જતાં પણ રસ્તામાં-'શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિનું તપઃસામર્થ્ય અદ્ભૂત છે.'-એમ વિચાર્યા કરે છે.

શ્રી શ્રેણિકરાજા અવિરતિના ઘોર ઉદયવાળા હતા, પણ શુદ્ધ સમ્યગ્દષ્ટિ હતા : એ પુણ્યાત્મા સ્વયં ભલે વિરતિથી પર હતા, પરન્તુ વિરતિધર પ્રત્યે તેમના અન્તરમાં પૂજ્યભાવ કમ નહોતો. વિરતિધરને જોતાંની સાથે જ એમના અન્તરમાં ઉલ્લાસ પ્રગટતો. વિરતિ ઉપરના રાગમાં કમીના નહોતી. આવો આત્મા ક્યારે વિરતિધર ન બને ? ત્યારે જ, કે જ્યારે વિરતિધર બનવું એ તે આત્માને માટે શક્ય ન હોય ! સમ્યગ્દષ્ટિ આત્મા શક્યમાં પ્રવૃત્તિવાળો અને અશક્યમાં સદ્દહણાવાળો

●

**તીર્થ-
યાત્રાનો
વાસ્તવિક
હેતુ**

હોય-એમ જે જ્ઞાનિઓએ કહ્યું છે તે યથાર્થ જ છે, એમ જો સમજાય તો શક્યની બેદરકારીનું મૂળ શોધવામાં ઘણી જ સરલતા થઈ પડે !

ભગવાનને પચાંગ પ્રણિપાત કરીને શ્રી શ્રેણિકરાજા વિનયપૂર્વક યથાસ્થાને બેઠા. પછી અવસરે શ્રી શ્રેણિકરાજાએ, ભગવાન શ્રી મહાવીર પરમાત્માને પૂછ્યું કે-"હે ભગવન્ ! જે સમયે મેં ધ્યાનસ્થ એવા શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિને જોયા, તે સમયે જ જો એ મહાત્માનું દેહાવસાન થાય, તો એ મહાત્માની ગતિ કયી થાય ?"

આ પ્રશ્ન શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ પ્રત્યે પ્રગટેલા અતિ ભક્તિભાવના યોગે ઉદ્ભવ્યો છે. શ્રી શ્રેણિક રાજાને એમ થઈ ગયું છે કે-આવા ઘોર તપનું કેવુંય સુન્દર ફલ પ્રાપ્ત થાય ! પણ ભગવાન જે ઉત્તર આપે છે, તે સાંભળીને શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિની મનોદશાથી અજ્ઞાત આત્મા સ્તબ્ધ જ થઈ જાય, એ તદ્દન સ્વાભાવિક વસ્તુ છે : કારણ કે-બહારથી મહા તપસ્વી દેખાતા તે, મનમાં ભયંકર યુદ્ધ ખેલી રહ્યા છે એની તેને ખબર હોતી નથી, એટલે તે તો બાહ્ય દેખાવ ઉપરથી જ ફલની કલ્પના કરે ને ?

શ્રી શ્રેણિકરાજાના પ્રશ્નનો ઉત્તર આપતાં, ભગવાન શ્રી મહાવીરપરમાત્મા ફરમાવે છે કે-"હે રાજન્ ! તે સમયે જો પ્રસન્નચન્દ્ર રાજર્ષિ કાલધર્મને પામે, તો સાતમી નરકે જાય !"

ભગવાનના આવા ઉત્તરને સાંભળીને સરલ બુદ્ધિને ધરનાર શ્રમણોપાસક શ્રી શ્રેણિકરાજા વિચારે છે કે-"ઉગ્ર તપસ્વી એવા પણ એ મહાત્માની આ ગતિ કેમ ?"

શ્રી શ્રેણિકરાજાની જિજ્ઞાસા વધી પડે છે અને એથી તેઓ ફરીથી ભગવાનને પૂછે છે કે-"હે ભગવન્ ! આ સમયે જ જો તે મહામુનિ કાલ કરે, તો કયી ગતિને પામે ?"

ભગવાન કહે છે કે-"હે રાજન્ ! મહાતપસ્વી એવા તે રાજર્ષિ વર્તમાનકાળે સર્વાર્થસિદ્ધમાં જવાને યોગ્ય છે."

આ સાંભળીને શ્રી શ્રેણિકરાજાનું આશ્ચર્ય વધી જવું, એ સ્વાભાવિક છે : પણ ભગવાનની વાણી અન્યથા હોય જ નહિ-એવી શ્રી શ્રેણિકરાજાને લેશ પણ શંકાદિથી રહિત ખાત્રી છે. આથી શ્રી શ્રેણિકરાજા ભગવાનને પૂછે છે કે -

"હે ભગવન્ ! સર્વજ્ઞની વાણી મિથ્યા હોતી જ નથી, પરન્તુ હું અજ્ઞાન છું તો કૃપા કરીને એ ફરમાવો કે-આવી દ્વિધા વ્યાકૃતિ થવાનું કારણ શું છે ?"

ભગવાને ફરમાવ્યું કે-"હે રાજન્ ! જે સમયે તે રાજર્ષિને તેં વન્દન કર્યું, તે સમયે તે રાજર્ષિ રૌદ્રધ્યાની હતા અને સામ્પ્રત કાલે તે રાજર્ષિ શુકલધ્યાની છે. તે વખતે રૌદ્રધ્યાનપરાયણ હોઈને નરકને યોગ્ય હતા અને વર્તમાનમાં શુકલધ્યાનપરાયણ હોઈને સર્વાર્થસિદ્ધને યોગ્ય છે."



●

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

'એવા પણ મહાતપસ્વી રૌદ્રધ્યાનપરાયણ કેમ હોઈ શકે ? અને થોડી જ વારમાં શુકલધ્યાનપરાયણ કેમ બની શકે ?'-આવા પ્રશ્નો સરલતાભરી જિજ્ઞાસાના યોગે પ્રગટવા તે સહજ છે. શ્રી શ્રેણિકરાજા પૂછે છે કે-"ભગવન્ ! તે વખતે તે રાજર્ષિ રૌદ્ર ધ્યાની શાથી બન્યા હતા અને ત્યારબાદ તે રાજર્ષિ શુકલધ્યાની શાથી બન્યા ?"

ભગવાન કહે છે કે-"હે રાજન્ ! તારા સૈનિકોમાં આગળ ચાલતા બે સૈનિકોની વાર્તા દ્વારા, પોતાના મન્ત્રિઓ જ દ્વારા પોતાના પુત્રના થયેલા પરાભવને સાંભળતા, પુત્રમમત્વથી તે રાંજર્ષિ સ્પર્શાયા અને એના યોગે તે રાજર્ષિએ પોતાના ક્રૂર મન્ત્રિઓની સાથે મનથી જ યુંદ્ધ આરંભ્યું. તે મન્ત્રિઓ પ્રત્યક્ષ હોય તેમ તેમની સાથે અધિકાધિક યુદ્ધ કરતાં કરતાં તે રાજર્ષિ શસ્ત્રરહિત થઈ જતાં ખેદને પામ્યા. આ વખતે તેઓ પોતાને વસ્ત્રશસ્ત્રાદિથી સુસજ્જિત માની રહ્યા હતા. એટલે તે રાજર્ષિએ વિચાર્યું કે મારા માથાના મુકૂટથી પણ આ લોકોને હણું !' આવો વિચાર કરીને માથાનો મુકૂટ લેવાને માટે તે રાજર્ષિએ માથા ઉપર હાથ નાંખ્યો. લોચ કરેલા માથે સ્પર્શ કરતાંની સાથે જ, પ્રસન્નચન્દ્ર રાજર્ષિને પોતાના વ્રતનો ખ્યાલ આવ્યો. ખ્યાલ આવતાંની સાથે જ તે રાજર્ષિએ વિચાર્યું કે-'રૌદ્રધ્યાને ચઢેલા મને ધિક્કાર હો ધિક્કાર હો ! નિર્મમ એવા મારે તે પુત્રની સાથે અગર તો મન્ત્રિઓની સાથે શો સંબંધ છે ?' આ રીતિએ ચિન્તવતા તે રાજર્ષિના મોહદુર્દિનનો વિલય થયો અને પુનઃ તેમનામાં વિવેક રૂપી ઝળહળતો સૂર્ય પ્રગટ્યો. આથી તે રાજર્ષિની પાસે જ હોઈએ તેમ અમને

ભક્તિથી વન્દન કરીને, તે રાજર્ષિ આલોચનાદિપૂર્વક પ્રશસ્ત ધ્યાનમાં સ્થિત બન્યા અને દુર્ધ્યાન રૂપી અરણ્યમાં ઉત્પન્ન થયેલાં કર્મ રૂપી લાકડાંને તે રાજર્ષિએ શુભ ધ્યાન રૂપ અગ્નિથી બાળીને ભસ્મિભૂત કરી નાંખ્યાં !"

ભગવાનના શ્રીમુખેથી આ ખુલાસો સાંભળતાં, શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિનું જીવન જાણવાની શ્રી શ્રેણિકરાજાને ઈચ્છા થઈ. રાજાએ પૂછયું અને ભગવાને કહ્યું. ભગવાન શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિનું જીવન વર્ણવીને વિરામ પામ્યા, તે જ વખતે શ્રી શ્રેણિકરાજાએ આકાશમાં દેવસમ્પાત જોયો. એ વિષે ભગવાનને રાજાએ પૂછતાં, ભગવાને ફરમાવ્યું કે-"પ્રસન્નચન્દ્ર રાજર્ષિ કેવલજ્ઞાન પામ્યા છે અને તેનો મહિમા કરવાને માટે દેવતાઓ જઈ રહ્યા છે."

વેષનું પણ કેટલું મહત્ત્વ છે ? કેટલી પતિત દશામાંથી શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિનો એ નિમિત્તે ઉદ્ધાર થાય છે ? વેષથી આત્મા પાપમાં શંકિત રહે છે. એને પાપ થઈ જાય તો દુઃખ થાય છે. નામનો અને આબરૂનો ભય પણ આદમીને માટે ઓછો નથી. પ્રતિષ્ઠા પણ આદમીને પાપથી રોકે છે. તો વેષ ન રોકે ? આથી સમજવું જોઈએ કે-ધર્મવ્યવહાર એ જરાય નિરર્થક વસ્તુ નથી પણ પરમ આવશ્યક વસ્તુ છે.

**પાપથી ગ્રસ્ત દશા :**

વ્યવહાર એટલે પ્રવૃત્તિ છે અને નિશ્ચય એટલે ધ્યેય છે. શુદ્ધ ધ્યેયપૂર્વક શુભ પ્રવૃત્તિ એ જ સાચો

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી પ્રત-૩જી ● **તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

માર્ગ છે. 'મમતા બૂરી છે.'-એ ભાવના રોજની રોજ રહેશે, તો મરતાં સમાધિ રહી જશે અને એ ભાવનાપૂર્વક સમાધિ રહી જશે તો આગામી ભવમાં શુભ સામગ્રી મળી જવાની ! સમ્યગ્દષ્ટિ આત્મા સંસારમાં પ્રવૃત્તિ કરતી વખતે અલ્પ કર્મબંધ કરે છે, તે એટલા માટે કે-પ્રવૃત્તિ કરતી વખતે પણ એનો આત્મા પાપથી ત્રસ્ત રહ્યા કરે છે. હરણીયું જેમ મારનારા તરફથી ત્રસ્ત રહ્યા કરે છે, તેમ અહીં પણ મારવાવાળા બહુ છે. વિષયનો પ્રેમ, કુટુંબની મમતા, પુત્રાદિકનો મોહ, સંસારનો રસ-એ બધા મારવાવાળા છે. એનો કંપ ચાલુ રહે એ માટે સમ્યગ્દર્શનાદિ ગુણોની આવશ્યકતા છે. એ ગુણોની પ્રાપ્તિ આદિ માટે તીર્થાદિ નિમિત્ત છે. એકલા તીર્થ પર આવે એના કરતાં અનેકની સાથે આવે, એથી ભાવના વધારે વિશુદ્ધ થાય છે.

**તીર્થનો મહિમા :**

મૂર્તિ બધે એની એ છતાં એમ કેમ ? નિવૃત્તિ ગામમાં કેટલી અને તીર્થસ્થાન પર કેટલી ? પહેલી વાત તો નિવૃત્તિનું સાધન એ છે અને બીજી વાત સ્થાનની વિશિષ્ટતા ! તીર્થમાં કેવળ ધર્મનો જ વ્યાપાર હોય. તીર્થયાત્રાની સાચી ભાવનાથી તીર્થમાં મળેલા સઘળા ધર્મની જ વાતો કરનારા હોય છે. કલ્પિત શાંતિ-અશાંતિની વાત છોડી દો. અહીં અશાંતિ કે ઘોંઘાટમાં પણ ધર્મનો જ ઘોંઘાટ રહેવાનો. સામાન્ય રીતિએ એમ કહેવાય કે-કૃપણ પણ તીર્થના યોગે ઉદાર બની જાય છે અને નાસ્તિક પણ આસ્તિક બની જાય છે. તીર્થની હવાની પણ અસર પડે છે. એ સ્થાનનો પણ ગુણ છે. શાંતિ

શબ્દ માત્રની ન જોઈએ, વાસ્તવિક જોઈએ. જેટલી શાંતિપૂર્વક અહીં વ્યાખ્યાન સાંભળી શકો છો, એટલી શાંતિ તમારા ગામમાં તમને રહેવાની નથી : કારણ કે-અહીં બીજું કામ નથી. તીર્થભૂમિનો મહિમા તો કોઈ અપૂર્વ છે. અહીં કોઈ વહેપારની વાત નથી કરતું : એટલા માટે તો તમારા પૂર્વજોએ પહાડની ભૂમિ પસંદ કરી છે. અનેક ભવ્યજીવોનું આકર્ષણ કરીને આટલે સુધી ખેંચવાનો એમાં હેતુ છે. એક આત્માને બોધિબીજની પ્રાપ્તિ થઈ જાય તોય અબ્જોનો વ્યય સફળ છે. બોધિબીજની કિંમત જાણો છો ? એની કિંમત આંકી શકાય તેમ નથી. બોધિબીજ એ મોક્ષતરૂનું બીજ છે એમ કહીએ તો ચાલે. એ બીજ જેના આત્મામાં નખાઈ જાય, તે આત્મા નિયમા અલ્પકાળમાં મુક્તિ પામે ! બોધિબીજ એવું અમોઘ છે. 'સર્વ આત્માઓ અહીં આવીને સંસારના પારગામી થઈ જાઓ.'-એવી બુદ્ધિથી તીર્થ ઉપર વ્યય કરનાર પોતાના આત્માને તો જરૂર અલ્પસંસારી બનાવી દે છે. ધર્મના કામ સંસારની ઈચ્છાથી કરવાં, એ ચંદનને જલાવી રાખ મેળવવા જેવું છે. એકલા આવે અને ઘણાના સાથમાં આવે, એમાં પણ મોટો તફાવત છે. દુઃખની વાત એટલી જ છે કે-આજે સાથમાં આવવાવાળા મોટા ભાગે તત્ત્વજ્ઞ હોતાં નથી, તત્ત્વબોધના અર્થી હોતા નથી અને એથી ફુરસદ મળે તો આડાં-અવળાં ગપ્પાં મારવામાં પડી જાય છે. તત્ત્વના જાણ કે જિજ્ઞાસુ હોય તો કેટલોય લાભ મેળવી લે.

**જીવનસફલતા :**

જ્ઞાનિઓ કહે છે કે-'આ સંસારમાં શુદ્ધ દેવની સેવા, સદ્ગુરૂની ભક્તિ અને સાધર્મિકની ભક્તિ,

**તીર્થ-યાત્રાનો વાસ્તવિક હેતુ**

એ મુકિતનું પરમ સાધન બને છે. દેવ પાસે સંસાર ભૂલે, ગુરૂ પાસે તત્ત્વજ્ઞાન સાંભળે અને સાધર્મિક સાથે તત્ત્વજ્ઞાનની ચર્ચા કરે, એ મુક્તિમાર્ગની આરાધના સિવાય બીજું શું છે ? કેટલાકનો તપ, કેટલાકનું દાન અને કેટલાકનો ત્યાગ જોઈને પણ એક-બીજાની ભાવના વધે છે. વિષમતાનું સંગ્રહસ્થાન સંસાર છે. બીજાને જોઈને પોતાનું સ્વરૂપ ન ભૂલવું. અને પોતાનો લાભ મેળવવો, એ જ વિચારકનું કર્ત્તવ્ય છે. પહાડ ઉપર મંદિર બનાવવાવાળા તમારા પૂર્વજો મૂર્ખ નહોતા પણ તત્ત્વજ્ઞ હતા. એ દેખતા હતા કે-"રત્નત્રયીની પ્રાપ્તિ માટે જેવું સાધન તીર્થ છે એવું બીજું કોઈ નથી. એ સાધનની પ્રાપ્તિથી સિદ્ધિ પણ નિકટ થઈ જાય છે." જે કોઈ એ રીતિએ સાધન અને સામગ્રી ઉભી કરવા માટે પોતાની શક્તિનો ઉપયોગ કરશે, તેમની જીંદગી પણ સફળ થશે તમે તમારી જીંદગીને સફળ બનાવો, એ જ સઘળા ઉપદેશનો સાર છે. તીર્થ એ શી વસ્તુ છે અને તીર્થસેવા શા માટે કરવાની છે, એ વગેરે વાતો આપણે આજ સુધીમાં કરી છે. સંસારથી તરવા માટે અને કર્મક્ષય દ્વારા મુક્તિ સાધવાને માટે તીર્થ છે. તીર્થે આવો તે એ જ હેતુથી આવો અને તીર્થની આરાધના જો એ જ હેતુથી કરનારા બનો, તો તમારૂં સંપૂર્ણ કલ્યાણ દૂર નથી. સૌ કોઈ આ રીતિએ આરાધકભાવને પામો, સુન્દર પ્રકારે આરાધના કરનારા બનો અને પોતાના આત્મસ્વભાવને સંપૂર્ણપણે પ્રગટાવી અનન્ત અને અક્ષય સુખના ભોક્તા બનો, એ જ એક શુભાભિલાષા.

सूरिरामनी वाणी : ज्ञानरत्नोनी खाणी प्रत-उजी

●

तीर्थ-यात्रानो वास्तविक हेतु

# પ્રાપ્તિ સ્થાનો

**પદાર્થ દર્શન ટ્રસ્ટ**
C/o. ભરતભાઈ બી. શાહ
એ/સરિતા દર્શન
જયહિંદ પ્રેસ સામે, આશ્રમ રોડ
અમદાવાદ-૩૮૦૦૦૯
ટે. નં. - ૬૫૮૨૩૩૭

**અશ્વિનભાઈ એસ. શાહ**
C/o. નવિનચંદ્ર નગીનદાસ
ઠે. પાંચકુવા દરવાજા બહાર
અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં. - ૨૧૪૪૧૨૧

**જયંતિલાલ પી. શાહ**
ઠે. ૬૯૬, નવા દરવાજા રોડ,
મયાભાઈની બારી પાસે
ડી. -વાડીલાલ એન્ડ કું ના મેડા ઉપર
ખાડીયા ચાર રસ્તા,અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં. - ૩૮૦૩૧૫

**સુરેશભાઈ એચ. વખારીયા**
ઠે. ડી/૫૩, - સર્વોદયનગર
૫ મે માળે-પાંજરાપોળ રોડ
મુંબઈ-નં.-૪૦૦૦૦૪
ટે. નં.- ૩૭૫૩૮૪૮

**અશોકભાઈ એમ. મહેતા**
૩૦૪/એ, શ્રીપાળનગર
૧૨, હાર્કનેસ રોડ,
મુંબઈ-નં. -૪૦૦૦૦૬
ટે. નં. - ૩૬૭૪૬૧૪

**રવીન્દ્રભાઈ સી. શાહ**
બી-આઈ-ટી ચાલ,
પહેલા માળે, રૂમ નં. ૫૭
લવલેન-ભાયખલા, મુંબઈ.
ટે. નં. - ૩૭૪૮૦૨૦

**સુનીલભાઈ કે. શાહ**
૧૦૩, વિમલવિલા, પહેલે માળે
દીપા કોમ્પલેક્ષ, અડાજણ રોડ,
સુરત-૩૯૫૦૦૯